પ્રાસ્તાવિક

લોકજીવનના સંસ્કાર વચ્ચે જ જીવ્યો ને ઊછર્યો હોવા છતાં એને અંગે લખવાની તો કલ્પના જ ન હતી. ખબર ન પડે એવી મેઘાણીભાઈની પ્રેરણા અને પ્રોત્સાહનથી સાપ્તાહિક કુલછાબમાં સંશોધન વિભાગ શરૂ કર્યો ને લોકજીવનને સ્પર્શતા એવા વિવિધ વિષયોના ૪૦—૫૦ લેખો આપ્યા. 'ગગનને ગોખે' જેવા આકાશવિજ્ઞાનના અને 'આપણે આંગણે કિલનારાં' જેવાં પક્ષીવિજ્ઞાનનાં પુસ્તકો લખાયાં એ લોકજીવનના સંસ્કારનાં ફલસ્વરૂપ જ હતાં. 'દેશદેશની લોકકથાઓ,' 'પરીકથા' અને 'રૂપકથા'ની પચ્યાસેક જેટલી લોકવાર્તાઓ આપી એ પણ લોકજીવનના સંસ્કારનો જ પરિપાક છે.

એ પછી વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે સાનુકૂળ સંજોગો ન મળતાં અંધલેખનનું કામ અટકી ગયેલું પણ લોકસાહિત્યમાં સક્રિય રસ, સંશોધન, સંપર્ક અને અભ્યાસ તો ચાલુ જ રહેલાં. જૂનાગઢ સૌરાષ્ટ્ર રાજ્યના ગ્રામપંચાયત, ગ્રામોદ્યોગ, પછાતવર્ગ અને વિકાસ ખાતાના પ્રધાન માનનીય શ્રી. રતુભાઈ અદાણીની પ્રેરણા અને પ્રોત્સાહનથી સૌરાષ્ટ્ર લોકસાહિત્ય સભા અને લોકસાહિત્ય વિદ્યાલયની સ્થાપના થઈ. એ દિવસોમાં એક જ્યોતિષાચાર્ય ભાઈ સાથે લોકસાહિત્ય વિદ્યાલયના અભ્યાસક્રમ અંગે એક પછી એક વિષયની ચર્ચા કરતો હતો. પાસે જ બેઠેલા સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડના યોજના અધિકારી શ્રી ત્રિવેદીભાઈ છાપાંએ આકસ્મિક સૂચન કરતાં પૂછ્યું કે 'આ બધું લખેલું છે?' એમના અણધાર્યા પ્રશ્નના ઔચિત્યનું માનીતું સ્વીકારીને આ પુસ્તક

થયું તેટલું ઓછું. એ માટે શ્રી. ત્રિભોવનદાસ ત્રયીનો અંતરથી આભાર માનું છું.

અમિતાચાર્યના કર્તાર શ્રી ગોપાલદાસ બહાદિયાસપના વિદ્વાન આચાર્ય મુ. શ્રી. કેશવલાલ મોદીએ સમયની અપ્રાપ્તિ વચ્ચે જે સમભાવ અને જે ધીરતાથી આમુખ લખી આપેલ છે તે માટે એમનો કેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આ પુસ્તકમાં કયાંય સંકલનાદોષ ન રહે, સુવ્યવસ્થિત અને સુંદર છપાઈ આપે એ માટે નાના ભાઈ ભાગ શ્રી. સુરેન્દ્ર કાપડિયાએ આદિથી અંત સુધી જે અંગત રુચિ લીધી છે એ માટે તો હું એમનો આભારવશ થયો છું.

મુદ્રણદોષ ન સમજી શકાયથી કે અન્યોના ઉતારવામાં પ્રુફોની અનુભવાયથી કેટલી કેટલી અશુદ્ધિઓ દોષ રહી ગયા પામેલ હશે. પાન ૨૭૮ થી 'પરમાર્થાલંકાર અને કૃપા' નામનું પ્રકરણ રહી ગયું હતું તે પૈકી કેટલુંક તરફિ મુદ્રાદિ થયેલ છે. અનુક્રમમાં એ સુધારી લીધેલ છે.

શુભેચ્છક
તા. ૧-૪-૫૩

—યુધમલ્લ પરમાર

આમુખ

સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, કેટલાક અંશોમાં વિશિષ્ટ છે એમ તો સહુ કહે છે, પણ એ સંસ્કૃતિ કઈ રીતે વિશિષ્ટ છે તેનો અમુક ખ્યાલ આપણને શ્રી મેઘાણીએ આપ્યો. સૌરાષ્ટ્રની તળપદી સંસ્કૃતિના વિશિષ્ટ અંશો મૂર્ત કરતું લોક સાહિત્ય એમણે આપણી પાસે પહેલી વાર મૂકયું અને એમના વિશે કેટલાક અભ્યાસલેખો પણ એમણે આપણને આપ્યા છે. પણ, મેઘાણી પછી, મન જોવાય એવો અભ્યાસલેખ, બાદનો વર્ષો, એમના શિષ્ય જેવા જયમલ્લભાઈ નો લખેલો આ પહેલો મળે છે. મેઘાણીએ સ્પષ્ટ નથી કર્યા એવા કેટલાક અંશોનો બહોળી પદ્ધતિસર અભ્યાસ થયો છે. આજે જ્યારે ગુજરાતની સંસ્કૃતિનો અભ્યાસ આપણી મહાવિદ્યાલયોમાં થાય છે, ત્યારે સૌરાષ્ટ્રની આ સંસ્કૃતિના અભ્યાસ વગર એ અભ્યાસ જેટલો અધૂરો જ રહે, એટલે એ ખોટ પૂરી પાડતાં આ પુસ્તકને આવકાર આપતાં આનંદ થાય છે.

ગ્રન્થના પહેલા પ્રકરણમાં એમણે આ પ્રદેશની સંસ્કૃતિની પશ્ચાદ્‌ભૂરૂપે એનો ઇતિહાસ આપ્યો છે. એમાં એમણે કેટલીક વાતો ખાસ પ્રતિપાદિત કરી છે અને એને સિંધુ સંસ્કૃતિ સાથે સાંકળી છે. સિંધુ સંસ્કૃતિ અસુર સંસ્કૃતિ હોવાનો ઘણો સંભવ છે એવું મેં ઋગ્વેદના આધારે બતાવ્યું છે.[1] અહીં એમણે સિંધુ સંસ્કૃતિના વિશિષ્ટ ધર્મો,

---

૧. લુપ્તો મારો લોખ, અનંદ ઓફ ઓરીએન્ટલ સ્ટડિઝ્‌ડ્યૂટ, બરોડા, વોલ્યુમ ૧. અંક ૨.

કૃષ્ણાસરકાર, નોબ્રુહા અને ગ્રહનસહનનું સૌરાષ્ટ્રમાં કેવું સ્થાન મળે છે તે બતાવ્યું છે. (પૃ. ૧૮–૨૦). દાઢીમૂછ ને ચોટલિયા, ઉપરણો, ધોળા વાળ, શંકુ આકારની ટોપી વગેરેનું સામ્ય તેમણે બતાવ્યું છે. ઘરેણાંનું સામ્ય પણ બતાવ્યું છે. એ બધીમાં એક બહુ મહત્ત્વ બાબત તરફ તેમણે લક્ષ દોર્યું છે સિંધુ સંસ્કૃતિમાં અમુક મુદ્રામાં એક—unicorn—એક શીંગડાવાળા આખલાની દેવ તરીકેની પ્રતિમા મળે છે આ એકશૃંગનો ઉલ્લેખ અહીંના લોકકાવ્યમાં મળે છે એમ તેમણે બતાવ્યું છે (પૃ ૨૦) તે બહુ જ મહત્ત્વનું છે.

આવી રીતે અહીંની આ સંસ્કૃતિને તેમણે અસુર સંસ્કૃતિ કહી છે તે મને સંભવિત લાગે છે : જોકે એને અનાર્ય કહેવાનું મને હજી મન થતું નથી ? તે પછી તેમણે ઋગ્વેદ કાળથી કે કુમળી સુધીના સૌરાષ્ટ્રના ઇતિહાસ ઉપર ઝડપથી નજર ફેરવી છે. તેમાં અમુક બાબતો નોંધપાત્ર છે. વસિષ્ઠઋષિનો આશ્રમ જૂનાગઢ પાસેના ગુજરડા ગામે (પૃ ૨૬) અને સૌભરિઋષિનો આશ્રમ અમરેલી હતો (પૃ ૩૦૮) એમ લોકવાયકા છે આ બન્ને ઋષિનાં સ્થળો સાથે ઋગ્વેદમાં મળે છે. કૃષ્ણના કુળના અસુરો સાથેના સંબંધો તેમણે બતાવ્યા છે (પૃ. ૨૭–૮). યાદવ પછી અને મૌર્યો સુધીના કાળને એમણે અંધકાર યુગ કહ્યો છે તે બરોબર લાગે છે. પુરાણોમાં પણ એ અંધકાર યુગ તરીકે જ મળે છે. શ્રીકૃષ્ણના અવસાન પછી એક તો પેઢીની ગેરહાજરી ઉપરાંત

છે અને પછી કૃષ્ણથી પાંડવો કેવી રીતે છે. વંશવૃક્ષોનો ઇતિહાસ ઘણા અંધારામાં જ છે. તે પછી એમણે મૌર્યકાળથી ઇક્ષ્વાકુના ઇતિહાસ ચૂંથી કાઢ્યો છે.[1] તેમાં એમણે ગ્રીક અક્ષર વગેરેની વાત કરી છે. આમ આ પ્રકરણમાં એમણે સૌરાષ્ટ્રના ઇતિહાસની કેટલીક મહત્ત્વની વિગત તરફ ધ્યાન દોર્યું છે તે નોંધપાત્ર છે.

તે પછીનાં બે પ્રકરણો પણ મહત્ત્વનાં છે. આજે જ્યારે રાસ વગેરેનો પ્રચાર વધતો જાય છે ત્યારે ઓછેવત્તે વર્ષોમાં રાસ, રાસડા, ગરબી, ગરબા વગેરે વચ્ચેનો ભેદ જળવાતો નથી. લેખકે અહીં બતાવ્યું છે કે આ ચારે જુદાં છે. રાસનાં (પૃ ૮૬), રાસડાનાં (પૃ ૮૭), ગરબીનાં (પૃ. ૮૭) અને ગરબાનાં (પૃ. ૮૮) લક્ષણો જુદાં જુદાં હોય છે તેમ તેમણે પહેલી વાર જ બતાવ્યું છે દરેકના વિષયમાં ભેદ હોય છે અને દરેકને લેવાની વિગતમાં પણ ભેદ હોય છે.

રાસનો, ગરબાનો ઐતિહાસિક વિકાસ આપતાં એમણે એકમે મહત્ત્વની અને રસપ્રદ અને તેવી વાતો લખી છે. તેમણે કહ્યું છે કે 'આમ કૃષ્ણના હલ્લીસકમાં ઉષાનું લાસ્ય, ઉત્તરાનું મંથર નાનર્તન અને અર્જુનના પ્રખર નાન સાથે મણિપુરી નૃત્યનો સુમેળ સધાય છે.' અર્જુન ઇન્દ્રના સન્માર્ગ ઓઢલે હિમાલયમાં પાંચ વર્ષ રહ્યો અને ત્યાં ગીત, વાદન, નર્તન શીખ્યો. પછી એ મણિપુરમાં ત્રણ વર્ષ રહ્યો. આમ ઉત્તરના મંથર નૃત્ય અને મણિપુરના નૃત્ય અર્જુને ઉત્તમને શીખવ્યાં. અને ઉત્તરા અભિમન્યુના મૃત્યુ પછી દ્વારકા આવીને રહી એટલે આ કળાઓ સૌરાષ્ટ્રમાં આવી. એમાં ઉષાનું રાસનૃત્ય ઘણું બળવું.

---

૧. પૃ ૬૫ ઉપર મારા એક મતની નોંધ છે. તેમાં થોડી ગેરસમજ રહે છે. મારી સમયગણતરી મુજબ મૌર્યોનો સમય આજ ગણાય છે તેના કરતાં હજારેક વર્ષ અગાઉનો ગણ છે, પણ મૌર્ય-પૂર્વ વંશોનું પૌર્વાપર્ય તો જેમ છે તેમ જ રહે છે. (જુઓ આનું 'Puranic Chronology, chapter IV')

આમ સૌરાષ્ટ્રનાં આ કલારત્નોમાં વિવિધ લોકકથાનો સમન્વય છે. લેખકનું આ સૂચન જાણવા જેવું છે. 1

તે પછી એમણે આપણા જુદા જુદા લોકવૃંદોની વિગતો આપી છે પઢારોના રાસ, કોળીઓના જરવાડોના આયરોના રાસ, ટિપ્પણી, રાસ અને ટપકા, સીદીઓની ધમાલ વગેરે આજે જે રીતે પ્રયોજાય છે તેનું વિગતવાર વર્ણન એમણે આપ્યું છે તે પણ કૂંક ધાતુ છે. આટલી વિગતમાં આવી રીતે પહેલી જ વાર અપાયું છે. અને ગોપસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ અને ક્ષાત્રસંસ્કૃતિ પ્રમાણે આ કલાઓના ઘડતરમાં કેવું વૈવિધ્ય આવ્યું છે તે પણ એમણે બતાવ્યું છે આ બધું અભ્યાસપૂર્ણ છે

વળી મેતવાણીમાં સૌરાષ્ટ્રના કેટલાક તળપદી સંતોની ગુરુશિષ્ય પરંપરા એમણે આપી છે અને બેત્રણ વિશિષ્ટ પ્રકારોની એમણે આપણને પહેલી જ વાર ભાળ કરી છે એમાં બકુલો અને ઉકાદરણો પણ આપ્યાં છે તેમાં પ્યાસો (પૃ. ૧૪૯–), આગમ કે આગમવાણી (પૃ ૧૬૨–), સાખીઓ (પૃ ૧૩૭–) વગેરે નોંધપાત્ર છે

જુદા જુદા પ્રકારના ફાગુઓ નૃત્યો વગેરેનો પરિચય લેખકે આપ્યો છે એટલું જ નથી, પણ લોકજીવનમાં સાહજિક બની ગયેલ કપડાંની ભરતની કલા, ગૃહસુશોભનની કલા, જુદીજુદી જાતિઓના પહેરવેશનું વૈવિધ્ય તેમજ આભૂષણોનું વૈવિધ્ય એમણે સારી પેઠે ઝીણવટથી વર્ણવ્યું છે અને આ બધી કલા વગેરે પાછળ જે સંસ્કૃતિની ભૂમિકા છે તેને એમણે પ્રકૃતિપ્રભાવકતાની ભૂમિકા ગણી છે લોકજીવન પ્રકૃતિપ્રભાવક છે અને સહજસૌમ્ય વૈવિધ્યવાળી પ્રકૃતિને ખોળે રમતા લોકપ્રાણોને જન્મથી જ પ્રકૃતિમાતાની સાથે ઓતપ્રોત રહેવાનું છે એટલે એમનાં જીવનમાં અને જીવનના આવિષ્કારોમાં પ્રકૃતિનાં અનેકવિધ તત્ત્વો રમમાણ હોય જ. અને આવી રીતે જન્મેલું અને ઉછરેલું જે જીવન છે તેમાં ભક્તિ, શક્તિ અને સૌન્દર્યનો અનુપમ સમન્વય થયો છે એવું લેખકે ઠીક ઠીક વિગતોમાં ઊતરી બતાવ્યું છે

લેખકનો લોકસાહિત્યનો અને લોકકલાનો પરિચય પુસ્તકિયો નથી લોકસાહિત્ય અને લોકકલા જીવનમાં ઓતપ્રોત થઈ ગયા એવું એમનું પોતાનું જીવન છે એટલે લોકસંસ્કૃતિના જે ચિરંજીવ અંશો છે તેનું રહસ્ય એ પકડી શક્યા છે અને અધિકારથી એનું વિવરણ કરી શક્યા છે આથી આજની લોકસંસ્કૃતિનાં કેટલાંક અંગોનું અદ્યતન સુભગ નિરૂપણ થયું છે તેની સાથે એમાં અભ્યાસ પણ ભળ્યો છે પહેલાં જણ પ્રકરણોમાં એમની વિદ્વત્તા પણ ડોકાઈ રહે છે ઇતિહાસનો એમનો અભ્યાસ, એમના દામ પૂરતો, તલસ્પર્શી છે લોકસંસ્કૃતિના અભ્યાસમાં જે જે કોઈ એ તે બધાની સેવા એમણે સહૃદય પ્રયત્ન કર્યો છે સામગ્રીની તો એમને સારી ચિંતા છે આથી લોકસંસ્કૃતિ અને લોકકલાના સહઅસહ અંશોની તારવણી એ સહેલાઈથી કરી શકે છે અને આ બધાને લીધે આ ગ્રન્થ ખૂબ સંપૂર્ણ બન્યો છે આવો આ ગ્રન્થ ખરેખર આવકારને પાત્ર છે

—ડોલરરાય રંગીલદાસ માંકડ

અનુક્રમ

૧ મૂંઝવણોનું પોકળપણું ૧ થી ૬૪

અમુક મુનશી સ્વરાજ્યપ્રાપ્તિ સુધીના ગૌરવપૂર્ણ અને બીજો આનુષંગિક ઇતિહાસની સાંસ્કૃતિક રૂપરેખા.

૨ વાસ, ગામડાં, ખોરડાં અને ગરાસી ૬૫ થી ૯૨

વાસ, ગામડાં, ખોરડાં અને ગરાસીની ઉત્પત્તિ, ક્રમિક વિકાસ, બારોટીય કવિઓ તે ગરાસિયા પ્રકાર, પ્રભાવોદ અને પ્રભાવપ્રદેશ.

૩ આપણાં લોકનૃત્યો ૯૩ થી ૧૩૬

ગરબારૂપાન, રાસોપરાન, ફાગરૂપાન અને ગિરિપ્રદેશનું નૃત્યવૈવિધ્ય, એવા પ્રકારભેદો અને વર્ગીકરણ.

૪ ગ્રંથ સંશોધનપદ્ધતિ ૧૩૭ થી ૧૬૬

સંશોધક અને વાચક વચ્ચી અંતરો વચ્ચે ગ્રંથકારોનો ભૌતિકવાદ, કવીશ્વર પછી ગ્રંથ પરંપરા, પદ્ધતિ, તત્ત્વપર્યંત, વિચારપ્રકાર અને રીતભાત.

૫ ગ્રંથસંશોધનના વિવિધ પ્રકારો ૧૬૭ થી ૧૯૮

ગ્રંથોનાં પ્રત્યય લૌકિક સ્વરૂપ અને વાચનો, ગ્રંથોનાં સાહજિકો વિશિષ્ટ પ્રકારો, અનુસંધાન અને પ્રકાર, મુદ્રિત્વ અને ટીપણી વાચુ, ગ્રંથોપ અને વાચુ.

૬ મુદ્રિતગ્રંથોનું ભાષાપદ અને વર્ણવિન્યાસ ૧૯૯ થી ૨૧૬

મુદ્રિતગ્રંથોનું અદ્યતન ગૌરવપર્વ, ભાષિયા, ભાષાવ પ્રકરણના પ્રકાર, ગ્રંથોના, અનુસંધાન દ્વારા હિત અને વિષયપદ્ધતિ.

૭ આપણું લોકસંગીત ૨૨૭ થી ૨૪૬

લોકસંગીતનું આદિસ્થાન, માર્મિ, દેશી અને લોકસંગીતના પ્રકારભેદ, લોકસંગીતના આસ્વાદીય પ્રકારો, લોકસંગીતના ઢાળ, તાલો, લાવ, અવ-કથનો, પ્રેરણા અને નવસર્જકતા

૮ પ્રકૃતિપરાયણ લોકજીવન ૨૪૭ થી ૨૮૮

ઋતુઓનું વૈવિધ્ય અને એમનાં રૂપ, લોકજીવન ને પ્રકૃતિ, પશુપંખી અને વૃક્ષો સાથેનો આત્મલાવ અને પ્રાકૃતિક સંસ્કારો

૯ અગ્નિ, કામિનિ અને સૌંદર્ય ૨૮૯ થી ૩૩૮

પહાડો, ડુંગરાળો, ચોકળા, વાવડિ ને ઘરાળ સાથે અજબેય આત્મ લાવ, અભ્યાત્મલાવ, વહેમ, અજ્ઞાન અને પ્રકૃતિપ્રકોપ; સતી ને લક્ષ્મીનાં સ્થાનક, ગામ ગરાનો સરકાર, નદીઓની રૂપમયા, પાણીનો સરકાર, અગ્નિનાં શોલ અને સરકાર, નારીત્વ, નર-નારીઓનાં રૂપ, શીલ અને સૌંદર્ય

૧૦ વસ્ત્રાલંકાર અને કળા ૩૩૮ થી ૩૬૬

નારીજીવનની શોભા, વસ્ત્રો, અલંકારો અને રંગનો સરકાર, પુરુષોનો વિવિધ પહેરવેશ અને કલાત્મકતા, ઘરબોરડાના સ્વરૂપ, આભૂષણો, બોરડાના સાધનો, લીર-આભલાંનો બરડ સરકાર, મોતીગૂંથણ, પશુ-સાધનો ને ગૃહસાધનો

આપણી લોકસંસ્કૃતિ

●

રમણલાલ પરમાર

સંસ્કૃતિનું ઘડતર

ઇતિહાસ એક અજબ ચીજ છે. ગઈકાલના દિવસોના બનાવોના તિથિવાર માટે આપણે સ્વાભાવિક રીતે ખૂબ ખૂબ આગ્રહી હોઈએ છીએ. સહેજ જ દૂર જતાં કયારેક પૂરતા પુરાવાના અભાવે બનેલા બનાવોના સમયનિર્ણય માટે જુદાં જુદાં દૃષ્ટિબિંદુ ધરાવતા પક્ષો હોઈએ. મધ્યયુગ સુધીના ઇતિહાસ બાબતે સમયનિર્ણય કે નામરૂપ બાબતે ભિન્નભિન્ન આધારોને કારણે કે પૂરતા પુરાવાના અભાવે તદ્દન વિરુદ્ધ મતમતાંતર દેખા દે છે. ઇતિહાસના મૂળ સુધી જતાં તો ઘણે છેટે કાલગણનામાં પગ ને વિષયના આગ્રહી આપણે પુરાણકાલની ગણનામાં કાલવ્યતિક્રમ કરીને પણ અધૂરા આધારોથી અનુમાનોના આધારે આગળ વધીએ છીએ. જ્યારે પુરાતત્ત્વકાળની કાલગણનામાં હજાર બે હજાર વર્ષનું અંતર સહેજે અટકળીએ છીએ પછીના ઐતિહાસકાળની કાલગણનામાં વર્ષોનું દુઃખ ત્યાં સુધી બે હજાર વર્ષોના અંતરને વધારીને લાખો વર્ષોનું બને છે. જ્યારે અશ્મોપકાળની ગણના તો અનવધિ કાળની બને છે. અત્યે તો વૈજ્ઞાનિક સાધનો, પુરાતત્ત્વ અને ઉપલબ્ધ સાહિત્યના આધારે જ આપણે આગળ વધવું રહે છે.

કથાની રાજકુંવરી ને કથાનો ઘાયલ વીર!

એમ જોઈએ તો ભારતનો ઇતિહાસકાળ એટલે આર્યોના આગમનથી અટકળ કરીએ તો ચારથી પાંચેક હજાર વર્ષનો ગણી શકાય. જ્યારે આર્યોના આગમન પહેલાં નહિ નહિ તો પાંચેક હજાર વર્ષમાં કેટલીયે સંસ્કૃતિઓ આ પુરાણા-પૂર્વજ દેશમાં ઉદય-અસ્ત

પામી હોવાનું ઠાંપ્યા સંસ્કૃતિના સંશોધન બાદ આપણને જણાયા એ છે તે દિવસે આર્યોનાં ભારત કુળ આ ભૂમિ ઉપર નહિ ઉતરેલાં અથવા આર્યકુળોનો ઓટલો રાજ્યવિસ્તાર નહિ થયો હોય એટલે આ દેશનું નામ ભારતવર્ષ પણ ન હતું જંબુદ્વીપ, કાપુખંડ કે અજનાભ પણ ન હતું છતાં એ દ્વિપ-ભરત પામેલ અનાર્યો-દ્રવિડ કે દ્રવીડોની સંસ્કૃતિ એના ઇતિહાસને આપણે ભારતનો ઇતિહાસ કહીએ છીએ અને અનાર્યોની ગણાતી એ સંસ્કૃતિઓનું પણ આજનો આર્ય મનાતો પરિવાર ભારતીય સંસ્કૃતિએ ગૌરવ લેતો થયો છે ભૂમિ સાથેનું મમત્વ માનવીને ત્યાં વધુ વિશાળ બનાવે છે એ ઔદાર્ય બ્રાહ્મણકાલ સુધી તો સારસ્વત્ય વિશાળ હતું

સંસ્કૃતિનો બાતીબ્બ્ય દાસ

આર્ય નામ કયાંથી આવ્યું, આર્યો આ દેશમાં જ હતા કે બહારથી આવ્યા, બહારથી આવ્યા તો ઉત્તર ધ્રુવ તરફથી આવ્યા, ધ્રુવપ્રદેશ તરફથી આવ્યા કે ઓક્સિયા આર્ડનોર તરફથી આવ્યા એ વિવાદાસ્પદ રહ્યું છે તો પણ આર્યોના હોવા કે આવ્યા બાદ આ દેશમાં કેટલ પ્રજાઓ ઊતરી આવ્યાનું ઇતિહાસ આપણને કહે છે તે પહેલાં આર્યો અને અનાર્યોના વેદકાલીન ઝઘડા શમી ગયા હોય છે, ને આજનુંક આકરમક જાતિઓ પણ ભારતીય સંસ્કૃતિના મહાસાગરમાં નદ નદીઓની જેમ ભળીને ઓકરૂપ બને છે

અનેક જાતિઓના સંસ્કાર-સમન્વય અને રક્ત-સંમિશ્રણમાંથી ઉદ્ભવેલી એ ઉદાર અને અજેય નીવડેલી સંસ્કૃતિનો વિચાર કરતા કોઈ એક કુળ કે કોઈ એક દેશનું કે ધર્મનું અભિમાન કરવાપણું રહેતું નથી આજે તો રાષ્ટ્રાભિમાન પણ વિશ્વમૈત્રી અને વિશ્વકલ્યાણની ભાવનાને અવરોધરૂપ નીવડી રહ્યું મનાય છે ખોટ આજ વિચાર અને વર્તન વચ્ચે રહેલા અંતરને પૂરવાની જ રહે છે

અનેકતા એક રૂપનો અભિગમ

આજે તો આ દેશમાં રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રીય એકતા

બીલવવાની જ રહે છે. વિશ્વકલ્યાણ એ ભારતીય સંસ્કૃતિની જ દેન છે. વિશ્વકલ્યાણની ભાવનાથી પ્રેરાઈને બાહ્મણો, શ્રમણો, ભિક્ષુઓ અને સંતો સાગરપારના પ્રવાસો ખેડતા. એમાં કોઈ રાષ્ટ્રીય સંકુચિતતા ન હતી. તેમ એ વિશ્વકલ્યાણની ભાવના રાષ્ટ્રીય કલ્યાણની વિરોધી પણ ન હતી. એ જ રીતે ભારતીય રાષ્ટ્રીયતા પ્રાદેશિક સંસ્કૃતિઓના વિશિષ્ટ સ્વરૂપની વિરોધી ન હતી. રાજકીય ઊથલપાથલ અને ધાર્મિક ક્રાંતિઓ સાથે અનેક યુદ્ધો અને સંઘર્ષો વચ્ચે વિશ્વકલ્યાણના ઉચ્ચતમ આદર્શની ભાવના સાથે વિવિધ સંસ્કૃતિઓના સુમેળમાંથી જ ભારતીય સંસ્કૃતિનું સર્જન થયું છે. પ્રદેશે પ્રદેશે સંસ્કૃતિના વિશિષ્ટ સ્વરૂપો સર્જાયા છતાં એ વિભિન્ન ન હતા, પણ એકના અનેકરૂપ હતા.

સંસ્કૃતિ અને રાજકારણ

રાજકીય ફેરફારો જેમ સંસ્કૃતિઓનો નાશ કરી શકતા નથી તેમ સર્જન પણ કરી શકતા નથી. સંસ્કૃતિઓ માત્ર રાજ્યશાસન કે રાજ્યો વચ્ચેના વહેવારથી નથી ઘડાતી પણ પ્રજાઓ વચ્ચેના લોકવ્યવહારમાંથી વિશેષે ઘડાય છે. રાજ્યો કે રાજકર્તાઓ જ્યારે એને જાળવી શકતા નથી ત્યારે લોકો વચ્ચે નિરાળા સ્વરૂપે એ જળવાઈ રહે છે. રાજ્ય અને પ્રજા વચ્ચેનું અંતર વધે છે અથવા તો ધર્મ, વિદ્યા કે સાહિત્યનું ઉચ્ચાભિમાન ધરાવતો વર્ગ પ્રપાતમતિ બને છે અથવા તો કોઈ ને કોઈ પ્રકારનું આક્રમણ થાય છે ત્યારે આત્મઘાતમાંથી-આપો-આપ લોકસંસ્કૃતિનું સર્જન થાય છે. લોકોના સમૂળગા નાશ સિવાય આ લોકસંસ્કૃતિનો ઉચ્છેદ કરી શકાતો નથી.

ઈરાન ઉપરના આરબોના ઐકપ્રહારે બસો વર્ષના ભાષા, સાહિત્ય, ધર્મ, રાજકારણ, અર્થકારણ અને સામાજિક રીતરિવાજો ઉપરના આક્રમણ છતાં ઈરાની લોકોના લોહી-માંસમાંથી એમની સંસ્કૃતિને આરબો ઉખેડી ન શકયા. એક ફિનિક્સ જેવો કવિ જાગ્યો. એણે ઝૂપડે ઝૂંપડે ફરીને દૈયેદૈયાના આગળા ઉઘાડ્યા અને ઈરાની સંસ્કૃતિના એ મહાન ઉપાસક કવિ ફીરદોશીએ ઈરાની સંસ્કૃતિનો મોભો

સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ થાય છે તેમ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ગુજરાતના મોટા ભાગના ઇતિહાસનો સમાવેશ થયો હોત.

સૌરાષ્ટ્રમાં ગુજરાત ને ગુજરાતમાં સૌરાષ્ટ્ર

આજ બેત્રીસે ૧૨ મી સદીનું જે ગુજરાત આલેખ્યું છે એ તો આબુની ઉત્તરે ભિન્નમાલ કે ભિલ્લમાલ અને એની આસપાસનો ગુર્જરોનો પ્રદેશ હતો. મૈત્રકકાલ પહેલાં ગુપ્તકાલ અને ક્ષત્રપકાલમાં ઇતિહાસ લખાયો હોત તો સંભવ છે કે એ અપરાંતનો ઇતિહાસ કહેવાત. જેમાં આજનું દક્ષિણ ગુજરાત, ખાનદેશ, જિલ્લાથી ઉત્તરનો મરુ પ્રદેશ, તેની પશ્ચિમે કચ્છ, દક્ષિણે આવેલો સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત નીચેનો ભાગ અને મહારાષ્ટ્ર સુધીના લાટનો એમાં સમાવેશ થયો હોત.

ભાષાની દૃષ્ટિએ જોઈએ, આજના સમગ્ર ગુજરાતમાં પહેલાં સંસ્કૃત, પછી પ્રાકૃત, ત્યારબાદ ઈ. સ. ૬૦૦ થી ૧૨૦૦ સુધીનો અપભ્રંશ કાળ, તે પછી ૧૨૦૦ થી ૧૫૦૦ સુધી મારુ ગુર્જર અને ૧૫૦૦ પછી આજની ગુજરાતીનું પ્રભુત્વ આવે છે ગુજરાતનો લેખિત ઉલ્લેખ પહેલવહેલો વિ. સં. ૧૩૭૧ માં રચાયેલા સમરા રાસુમાં મળે છે. હેમચંદ્રાચાર્યે ગુજરાતના સીમાડા સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી વિસ્તરેલા બતાવ્યા છે ત્યારે કચ્છમાં સિંધી-આજની જાડેજા અને સૌરાષ્ટ્રમાં સિંધી મિશ્રિત મારુ-ગુર્જર ભાષા બોલાતી હોવાનો સંભવ વિશેષ છે. મારુ-ગુર્જર તો આજસુધી સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં જળવાઈ રહેલ છે.

નામરૂપ બદલ્યાં, અંતે તો જેમનું તેમ

ઇતિહાસના અંધકાર યુગને જવા દઈને પુરાણ યુગમાં ચાલ્યા જઈએ તો યયાતિનું આ ગુર્જર ભૂમિ ઉપર ઉતરાણ થયું. ત્યારબાદ સૌરાષ્ટ્રનું-કુશાવર્તનું કુશસ્થળી અને પાછળથી દ્વારિકા જે એની રાજધાની રહેલ. આ દેશ રાજા આનર્ત ઉપરથી આનર્ત કહેવાતો થયો. ત્યારબાદ યાદવો આવ્યા અને દ્વારિકા એમની રાજધાની બની. પણ ગુજરાતની પ્રબળ રાજધાની તો ભિન્નમાલ જ. એ ધ્યાનમાં ઇતિહાસ લખાયો હોત તો સંભવ છે કે ન ગુજરાત, ન સૌરાષ્ટ્ર, ન સૌરાષ્ટ્ર,

કુરઝાની ફરી એને ઝળહળતી કરી એ જ રીતે આર્યો, દ્રવિડો કે સ્ત્રીઓની સંસ્કૃતિના પ્રજ્ઞાકીય સ્વરૂપને દાબ્યા પછી પણ આર્યો નાશ ન કરી શક્યા અનાર્યોની મધ્યાતી સંસ્કૃતિના શુદ્ધ સ્વરૂપને પોતાનું કરીને જ પાર પાગી શક્યા, ભૂંસી ન શક્યા

આમ રાજકીય ચાકમણ, આવમણના કે વિડંબનાથી સંસ્કૃતિઓ સર્જાતી પણ નથી અને નાશ પણ પામતી નથી રાજ્યપ્રકોપ નાશ પામે છે સંપ્રદાયો કે ધર્મો પણ કોઈ એક પ્રદેશ કે દેશમાંથી નાશ પામતા જણાય છે પણ એનાં સારભૂત તત્ત્વો તો પ્રજા સાથસતી જ રહે છે નિ:સત્ત્વ બનેલી ક્રિયાઓ, પ્રથાઓ, પ્રણાલિકાઓ ઝેડી દે છે. નીરસ પણ ઝેડી દે છે ને સાત્ત્વકીને સાથસતી જાય છે ને લોકજીવનમાં એ ચણાતી જાય છે સંસ્કૃતિને સમજવા વપરતા રાજકીય ફેરફારોને પણ ફરી ફરીને ત્યાં જ આવવું પડે છે. એ જ રીતે પ્રદેશોની સીમારેખા લંબાવાથી કે વિસ્તારવાથી સંસ્કૃતિઓ નથી સંકોચાતી, નથી વિસ્તરતી કારણકે એ તો લોકજીવનની સદીઓની રાગાત્મક ક્રિયાનો પરિપાક છે ઘડીક તુકસાન પામતી લાગે, ઘડીક અસ્ત બનતી જણાય પણ નાશ નથી પામતી સિવાય કે અણુ કે હાઈડ્રોજન બૉમ્બ જેવા યુદ્ધથી સર્વનાશ વહોરાય.

ઇતિહાસમાં પડખાં ભરેલી ભૂગોળ

જેમ ઇતિહાસ, તેમ ભૂગોળ પણ અક્ષર ચિત્ર છે ભૂમિના સ્તરોની રચના તો આવશ્ય છે જ પણ એની ભૌગોલિકતા પણ સંસ્કૃતિઓના આકાર ઘડવામાં ઘાટ સર્જે છે એકની એક સંસ્કૃતિ એ પ્રદેશોને વિવિધ સ્વરૂપે વિકસે છે દાખલા તરીકે ગુજરાતની જેમ ગુજરાતના ઇતિહાસ અને ગુજરાતની સંસ્કૃતિનું પણ ભારતના ઇતિહાસ અને ભારતની સંસ્કૃતિ જેવું જ બન્યું છે ઈસ્વીસનની આઠમી સદી સુધી તો સૌરાષ્ટ્ર-ગુજરાતનો ઇતિહાસ એ ગુજરાતનો ઇતિહાસ છે વલભીના મૈત્રકવંશની આખર સુધીમાં કોઈએ ઇતિહાસ લખ્યો હોત તો આજે જેમ ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતના ઇતિહાસમાં

સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ થાય છે તેમ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ગુજરાતના મોટા ભાગના ઇતિહાસનો સમાવેશ થયો હોત.

સૌરાષ્ટ્રમાં ગુજરાત ને ગુજરાતમાં સૌરાષ્ટ્ર

આજ બેઠકીએ ૧૧ મી સદીનું જે ગુજરાત આલેખ્યું છે એ તો આબુની ઉત્તરે ભિનમાલ કે જિલ્લમાલ અને એની આસપાસનો ગુર્જરોનો પ્રદેશ હતો. ઐતિહાસિક પહેલાં ગુપ્તકાલ અને ક્ષત્રપકાલમાં ઇતિહાસ લખાયો હોત તો સંભવ છે કે એ અપરાંતનો ઇતિહાસ કહેવાત. જેમાં આજનું દક્ષિણ ગુજરાત, આનર્ત, ભિનમાલથી ઉત્તરનો મરુ પ્રદેશ, તેની પશ્ચિમે કચ્છ, દક્ષિણે આવેલો સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત નીચેનો ખેડ અને મહારાષ્ટ્ર સુધીનો લાટનો એમાં સમાવેશ થયો હોત

ભાષાની દૃષ્ટિએ જોઈએ, આજના સમગ્ર ગુજરાતમાં પહેલાં સંસ્કૃત, પછી પ્રાકૃત, ત્યારબાદ ઈ. સ. ૬૦૦ થી ૧૨૦૦ સુધીનો અપભ્રંશ દોર, તે પછી ૧૨૦૦ થી ૧૫૦૦ સુધી મારુ ગુર્જર અને ૧૫૦૦ પછી આજની ગુજરાતીનું પ્રભુત્વ આવે છે. ગુજરાતનો સૌપ્રથમ ઉલ્લેખ પહેલવહેલો વિ. સં. ૧૩૦૧ માં રચાયેલા સમરા રાસુમાં મળે છે. હેમચંદ્રાચાર્યે ગુજરાતના સીમાડા સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી વિસ્તરેલા જણાવ્યા છે ત્યારે કચ્છમાં સિંધી–આજની કચ્છી અને સૌરાષ્ટ્રમાં સિંધી મિશ્રિત મારુ-ગુર્જર બોલાતી હોવાનો સંભવ વિશેષ છે. મારુ–ગુર્જર તો આજસુધી સૌરાષ્ટ્રની લોકગિરામાં જળવાઈ રહેલ છે.

નામરૂપ બદલ્યાં, અંતે તો હેમનું હેમ

ઇતિહાસના અધિકાર યુગને જવા દઈને પુરાણ યુગમાં આવ્યા જઈએ તો ક્ષત્રપોનું આ ગુર્જર ભૂમિ ઉપર ઉતરાણ થયું. ત્યારબાદ સૌરાષ્ટ્રનું-કુશાવર્તનું પુરપટણ અને પાછળથી ગિરિનગર જ એની રાજધાની રહેલ. આ દેશ રાજા આનર્ત ઉપરથી આનર્ત કહેવાતો થયો. ત્યારબાદ યાદવો આવ્યા અને દ્વારિકા એમની રાજધાની બની. પણ ગુજરાતની પ્રથમ રાજધાની તો ગિરિનગર જ. જો એ સમયે ઇતિહાસ લખાયો હોત તો સંભવ છે કે ન ગુજરાત, ન સુરાષ્ટ્ર, ન સૌરાષ્ટ્ર,

ને આપરાંત પણ ઉર્જયન્ત, ઉજ્જયન્ત, આનર્ત, કુશદ્વીપ કે કુશાવર્તને નામે લખાયો હોત. જોકે આ બધાં નામો ફરતાં રહ્યાં છે. કયારેક સમગ્ર સૌરાષ્ટ્રના વિભાગીકરણે પણ રહ્યાં છે ને કયારેક સમસ્ત ગુજરાત ઉપરાંત મરુભૂમિ ને માલવદેશ માટે પણ વપરાયાં છે. આંતરે આંતરે અલગ અલગ પ્રદેશને પણ એ નામો અપાયાં છે. જેમ કે કચ્છને પણ આભીર કહેવાય છે ને સૌરાષ્ટ્રને પણ કહેવાય છે. સૌરાષ્ટ્રને અનુપ દેશ પણ કહેલ છે પણ નિર્ણયાત્મક રીતે તો આનર્ત પછી સુરાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર નામ જ રહ્યાં છે.

સંસ્કૃતિનાં ઘડતરી બીબાં

બલભીના વિનાશ પછી આઠમી સદી બાદ ચાવડાઓનું પ્રાબલ્ય વધ્યું, અને દસમી સદીમાં સોલંકીઓ આવ્યા ત્યાં સુધી ગુજરાતના સીમાડા કચ્છ કે સૌરાષ્ટ્ર સુધી આગળ નહોતા વધ્યા. સોલંકીઓએ સૌરાષ્ટ્રને એકથી વધુવાર સર કર્યું, પણ એ તો સતત વિગ્રહનો કાળ હતો. સોલંકીઓ અને મુસ્લિમોનો એ વિગ્રહ સતત દોઢસો વર્ષ સુધી ચાલેલો. સૌરાષ્ટ્રનો સામંતવિનાશ અને ભૂતાગઢ સર થાય, મંત્રીઓ નિમાય, બાકરાઓ વસ્તુપાલ થાય અને પાછો વિગ્રહ મંડાય. સૌરાષ્ટ્ર સંપૂર્ણપણે તો કદી સોલંકીઓને કે વાઘેલાને હાથ નથી પડ્યું કે ગોકથારૂ કદી હાથ નથી રહ્યું. એવું જ મુસ્લિમ સૂબાઓના કાળમાં બન્યું છે પહેલાં મુસ્લિમ સૂબાગીરી અને પછીની નવાબી ઉપર સોરઠ પૂરતી જ અર્ધાંતિ રહેલી માત્ર રા' નવઘણના સમયમાં એક વખત સૌરાષ્ટ્ર એકચક્રી થયેલું કહેવાય છે

૧૧ મી સદીમાં ગુજરાતને જેવી સુદૃઢ રાજવ્યવસ્થા મળી એવી સૌરાષ્ટ્રને ન મળી એથી વિદ્યા, વેપાર અને સાહિત્યમાં ગોરવવાળાં મરાઠાઓ અને પછી અંગ્રેજો આવ્યા ત્યાં સુધી સૌરાષ્ટ્ર અરાજકતા વહેંચાતું જ રહ્યું પણ એ વિગ્રહકાળ અને અથડામણ દરમિયાન આત્મરક્ષણને કારણે સૌરાષ્ટ્રની આકીબ્રમ પ્રજાનો સમાન કારભાર તો અવિચળ જ રહ્યો ઈ સ. પૂર્વે ૩૨૫ થી ઓછામાં ઓછા ૧૫૦૦ વર્ષના

માંડીને ઈ. સ. ૭૮૯ સુધીના મૈત્રક કાલના આખર સુધી સૌરાષ્ટ્રે અંધાધૂંધી ઓછી અનુભવી છે. પણ વિગ્રહોમાંથી તો સતત પસાર થયેલું છતાં એ કાળે પ્રમાણમાં ઠીક ઠીક શાંતિ હોવાને કારણે જૈન અને જૈન ધર્મનું સ્થાપન થઈ શક્યું.

ભૌગોલિકતાએ સર્જેલી વિશિષ્ટ લોકસંસ્કૃતિ

આમ એકલા સૌરાષ્ટ્રનો ઇતિહાસ એ ગુજરાતનો ઇતિહાસ હતો, એ પછી રાજકીય કે પ્રાદેશિક દૃષ્ટિએ સૌરાષ્ટ્ર ગુજરાતમાં ઓછું રહ્યું હોવા છતાં સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છ નજીક આવતાં ગયાં. એમ ગણીએ તો કચ્છ, સૌરાષ્ટ્ર અને ઘાટ સુધીનું ગુજરાત, મરુદેશ અને માલવા સમાન સંસ્કૃતિના છોડવા છે. પણ આગળ કહ્યું તેમ ભૌગોલિકતા સંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સર્જતી હોય છે. સૌરાષ્ટ્ર અને ગુજરાત આજે સાંસ્કૃતિક દૃષ્ટિએ એક હોવા છતાં ભૌગોલિકતાને કારણે સૌરાષ્ટ્રમાં સાંસ્કૃતિક વિશિષ્ટતા નજરે પડે છે. એનું ઊંડામાં ઊંડું કારણ એ છે કે ગુજરાતના છસોથી સાતસો વર્ષના ગાળા દરમિયાન મુદ્દલ રાજ્ય વ્યવસ્થાને કારણે જે વિરાટ સંસ્કૃતિનું નિર્માણ થઈ શક્યું તે સૌરાષ્ટ્રમાં શક્ય ન બન્યું, પણ અનાર્ય સંસ્કૃતિ, યાદવ સંસ્કૃતિ, મૌર્યથી માંડીને મૈત્રકકાલની સંસ્કૃતિના મૂળભૂત વારસા સાથે સતત જીવનવિગ્રહથી ઘડાયેલ સૌરાષ્ટ્રનું પ્રજાસ્વરૂપ લોકસંસ્કૃતિ-રૂપે વિકસતું જ રહ્યું. સૌરાષ્ટ્રમાં ગુજરાત કે ભારતથી ભિન્ન નહિ પણ વિશિષ્ટ એવું સાંસ્કૃતિક સ્વરૂપ સર્જાયું અને તે લોકસંસ્કૃતિ સ્વરૂપે. એ લોકસંસ્કૃતિ વિભિન્ન સ્વરૂપે સૌરાષ્ટ્રની, એક સ્વરૂપે સમસ્ત ગુજરાતની, અનેકના એક સ્વરૂપે સમસ્ત ભારતની.

લોકસંસ્કૃતિનાં તારતમ્ય અને મૂલ્યાંકન

જોઈ પારીને જોઈએ તો વિરાટસંસ્કૃતિ ને લોકસંસ્કૃતિને શહેરની સંસ્કૃતિ અને ગ્રામસંસ્કૃતિ કહી શકીએ. ભારતમાં જ નહિ પણ વિશ્વ-ભરમાં આ જોડ આપણે જાતનો નજરે પડે છે. ઐતિહાસિક કારણોને પરિણામે કયાંક ગ્રામસંસ્કૃતિ વિશેષ વિકસી છે અને કયાંક શહેરમાં

સંસ્કૃતિનું મહત્ત્વ રહેવાનું છે. આ લોકસંસ્કૃતિ કયારેક ઉપેક્ષાઈ હશે, અવગણાઈ હશે, અકિંચિત્ કે આમીજ ગણાઈ હશે પણ છેવટે તો બધે સંસ્કૃતિ પરંપરાવર્ધની કોઈ ને કોઈ સંસ્કૃતિનાં જુદાં જુદાં સ્વરૂપે સ્થાન પામી છે.

ઇતિહાસનાં અવરોધિત અરિષ્ઠો વચ્ચે જો પ્રજા જીવનનાં સ્વરૂપ ઉપરથી જ સંસ્કૃતિનાં મૂલ્યાંકન કરવાનાં હોય તો એનામાં પ્રાકૃજન જેવા અધ્યાત્મભાવ, માનવભાવ, ભક્તિ, શક્તિ, સૌંદર્ય અને કલાના સંસ્કારોથી એનું દોહન કરવું જોઈએ ત્યારે સૌરાષ્ટ્રમાં આ લોકસંસ્કૃતિનું સ્વરૂપ શૌર્ય, સૌંદર્ય, સંતપરંપરા, સાંપ્રદાયિક ભેળતા, ગ્રામસિદ્ધતા જે જિન જિન જાતિઓના સાંસ્કારિક સમન્વયથી ઘડાયેલ છે. એનું પ્રતિનિધ્ય લોકોના આચાર, વ્યવહાર, અતિથિ-આતિથ્ય, ધર્મ, માન્યતાઓ, પશુપ્રેમ, ગૃહકળા, ગૃહસ્થના વ્યવહારો, બાળગીતો, કથા, વાર્તા, રાસ, રાસડા, ગીત, સંગીત, ક્રિયાઓ, આખ્યાનિકાઓ, વગેરેમાં પડેલું જોઈ શકાય છે.

આલેખનમાંથી ભૂલોદ્ઘાટન

સંસ્કૃતિના મૂળ પ્રવાહને જોવા માટે પુરાતત્ત્વકાળ સુધી જ પહોંચવું કરી લાઈએ. ભૂસ્તરકાળમાં ન જઈએ તો પણ ભોમિયાજીએ બતાવ્યા એવા પીરમ બેટમાંથી ચકમકની બનેલી બરછીઓ મળી આવી. તેના અસ્તીભૂત અવશેષો—ફોસીલ્સ મળ્યાં છે. જે આ ભૂમિની પ્રાચીનતા પુરવાર કરે છે. પીરમનું સંશોધન તો હજી કરવાનું રહે છે પ્રભાસ અને નવાબંદર વચ્ચે નવાબંદર પુલને છોડીને આગળ વધીએ તો સુકભાદર નદીને કિનારે કિનારે રાજપુર ગામના ટીંબાના ખોદકામે સૌરાષ્ટ્રની પાંચથી છ હજાર વર્ષ પૂર્વેની સિંધુ સંસ્કૃતિ સાથે તો સાકળી દીધું છે એટલે કે આર્યોના આગમન પહેલાં સૌરાષ્ટ્ર એક સુવિકસિત સંસ્કૃતિથી ભોગવાયેલું હતું.

ઇતિહાસ અટકે ત્યાંથી વેદો અને પુરાણોના આધારે અનુમાનો કરવાં રહે છે અને પુરાતત્ત્વના અવશેષોથી આગળ વધવા પણ ઘણું

માન અને તકનીક આધાર લેવો પડે છે. તેમ છતાં પુરાતત્વને આધારે એવા નિર્ણય ઉપર આવી શકાયું છે કે નર્મદાના તીરથી સિંધુ અને રાવીતટ સુધી હડપ્પા સંસ્કૃતિ વિલસતી હતી. આધારો વિશેષ હડપ્પા સંસ્કૃતિના મળ્યા હોવાને કારણે પુરાતત્વ એથી આગળ નથી વધતું. ઝુકાર કે અઝાર સંસ્કૃતિ એની અનુકાલીન અવસ્થામાં આવે છે પણ સૌરાષ્ટ્ર – ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી તો ઝાલાવાડમાં જેમ રંગપુર તેમ હાલારમાં આણિયાળાડા, વસઈ, મોડપર વગેરેના ખોદકામ ઉપરથી એવા નિર્ણય ઉપર અવાય છે કે કેટલાક થરો હડપ્પા સંસ્કૃતિ પહેલાંના છે બાજ સુધીમાં ૩૩ સ્થળોએ અને કુલ ૩૬ થરોનું ખોદકામ થયું છે. જેમાં નીચેના થરો સૂક્ષ્મ પાષાણયુગના અને એની ઉપર હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. અવશેષોમાં મુખ્યત્વે માટીનાં વાસણો, તાંબા અને કાંસાનાં ઓજારો અને છીપની બંગડીઓ વગેરે મળી આવેલ છે.

મધ્યતર અને નવપ્રસ્તર યુગ

રંગપુરના ખોદકામમાંથી જણાયું છે કે છેક નીચેના બોડાક થર મધ્ય પાષાણયુગના છે. એ થરોમાંથી પાષાણનાં સૂક્ષ્મ ઓજારો મળી આવેલ છે. એ થરો ઉપરના બોડાક થરો કોરા છે. એ ઉપરથી એવું અનુમાન થાય છે કે મધ્ય પાષાણયુગની સંસ્કૃતિ પછી બોડાક સમય માટે આ સ્થળ વેરાન બનું હોય. એ પછી સિંધુ સંસ્કૃતિના કેટલાય થરો પથરાયેલા મળે છે.

રંગપુરના ખોદકામથી એવાં અનુમાન તારવાય છે કે સંસ્કૃતિનું આકસ્મિક વિસર્જન ત્યાં થયું નથી. પ્રાચીન અવશેષોની ક્રમિક અવનતિ અને ક્રમિક અંશે બીજા પ્રાચીન એવા અવશેષોની વધારે થતી જતી વપરાશ ત્યાં દેખાઈ આવે છે. ધીમે ધીમે પ્રાચીન સંસ્કૃતિ અદૃશ્ય બને છે ને નવી સંસ્કૃતિ પૂર્ણપણે સ્થાપિત બને છે. એટલે કે ક્રમિક અવનતિના એ ચિહ્નો જણાય છે. કોઈ ઓચિંતો વિનાશ થયો લાગતો નથી.

વેદકાળનો સૌરાષ્ટ્ર બેટ

રંગપુરના ખોદકામથી એટલું પુરવાર થાય છે કે હડપ્પાની સિંધુ સંસ્કૃતિ કરતાં વિશેષ પ્રાચીન એવી સંસ્કૃતિ સૌરાષ્ટ્રમાં હતી. એ વખતે સૌરાષ્ટ્રના જળ-સ્થળની સ્થિતિ શી હતી એ જાણવા માટે વેદો, પુરાણો અને કેટલાક ઐતિહાસિક આધારો ઉપરથી અનુમાનો કરતાં જે સામાન્ય તારણ કાઢી શકાય તે એટલું કે વેદમાં સૌરાષ્ટ્રને ઉદ્દેશીને કહ્યું છે એટલે કે પાણીથી ઘેરાયેલો આજનો દ્વીપકલ્પ સૌરાષ્ટ્ર એક દિવસ બેટ-દ્વીપ હતો એ કાંઈ બહુ જૂનાકાળની વાત નથી એક હજાર વર્ષ પહેલાંની સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને કચ્છની ભૂગોળ એની સાક્ષી પૂરે છે

વૈદિક સરસ્વતી સૌરાષ્ટ્રમાં

એ પછી સૌરાષ્ટ્રનો ઉર્જયન્ત, ઉજ્જયન્ત એવો ઉલ્લેખ મળે છે ત્યારબાદ કુશદ્વીપ ને કુશાવર્ત નામ મળે છે સૌરાષ્ટ્ર બેટ સાથે ગુજરાત રાજસ્થાનનો ભૂમિ સબંધ કયારે સંકળાયો એનું સમય નિર્ણય કરી શકાયું નથી પણ પૌરાણિક અને તે પહેલાંના ભારતની ભૂગોળ જલપ્રલયમુખી, ધરતીકંપ અતિવૃષ્ટિ વગેરે મારફે ફરતી રહી છે આજની સિંધુ એની શાખાઓ સાથે કચ્છનું ત્યાં આજે રણ છે ત્યાં (સપ્તસિંધુ કે સપ્તસરમાં) ઠલવાતી હતી. વૈદિક વિપાશા અને આજની નિશાસ નદી પણ કચ્છના રણમાં એ વખતના સરોવર કે સમુદ્રમાં-ઠલવાતી હતી વૈદિક સરસ્વતી વિષે બધા જુદા જુદા મત છે પણ સામાન્ય તારણ એવું કાઢી શકાય કે ઉત્તરે હિમાલયમાંથી નીકળી, પ્લક્ષાવર્ત એટલે કે આજના પતિયાળા-પંજાબમાંથી પસાર થઈ, રાજસ્થાનને વીંધીને, અર્બુદારણ્યને ચીરીને સૌરાષ્ટ્રમાં પ્રભાસ ક્ષેત્રે ઠલવાતી હતી વૈદિક સરસ્વતીનું માહાત્મ્ય આજની ભાગીરથી—ગંગા કરતાં વિશેષ હતું નદીઓને કાંઠે સંસ્કૃતિઓનો ઉદ્ગમ થયો છે લોકો ત્યાં અને, ભૂપ્રકૃતિ જમીન બદલવાને કારણે માનવી પલાયન ત્યાં જ થઈ જાય અને પલાયનને કારણે ત્યાં સંસ્કૃતિનો ઉદય થાય.

પ્રદેશ એમાંથી બાકર બાદ કરતાં બાકી તો સિંધુ અને સરસ્વતીનો પેટાળનો ભાગ ઉપર હતો. પરિણામે ઐતિહાસિક રીતે કે ભૂસ્તરીય રચનાની દૃષ્ટિએ આ પ્રદેશ ખૂબ જ મહત્ત્વનો ગણાય. ત્યારે સૌરાષ્ટ્રને કુદરતે જ પ્રાચીન સંસ્કૃતિનો સંગમ સ્થાને મૂકી દીધેલું સૌરાષ્ટ્ર એ બાબતનું પ્રભુદત્ત ભાગ્ય હતું.

એક બાજુ ભારતની બે પ્રમુખ નદીઓના મુખ અને બીજી બાજુ સાવ દક્ષિણ મહાસાગર એટલે આજનો હિંદી મહાસાગર એમાંથી અનુમાનો તારવવામાં બહારથી આવતિજાતિઓ કયાં વસવા કેવી રીતે આવી તે સૌરાષ્ટ્ર એ બાબતે પશ્ચિમ ભારતનું ઐતિહાસિક સંસ્કૃતિ સંગમ હતું.

સૌરાષ્ટ્રમાં આવનારોની સુવિકસિત સંસ્કૃતિ

આજના ગુજરાત અને સિંધની ભૂમિ ઉપરના આર્યોના વસવાટ પહેલાં નર્મદાતીરથી એશિયામાઈનોર સુધી અનાર્યો કે અસુરો વસતાં હતા એવી એક મજબૂત માન્યતા છે કે આર્યો પંજાબ અને ઉત્તર હિંદમાં વસ્યા બાદ કયા બહારથી નહોતા આવ્યા અને આર્યોની જે જે શાખાઓ આજના યુરોપ અને ઓસ્ટ્રિયા તરફ ગઈ તે બધી આર્યાવર્તમાંથી જ ગઈ છે બીજી બાજુ એથી એ વધુ મજબૂત માન્યતા પ્રમાણે ઉત્તર ધ્રુવ કે એશિયામાઈનોર તરફથી જે આર્યોનું વિજયમાં કેટલાક તેમાંથી એક શાખા કેટલોક વખત હરિયાળા રહેલી પણ કોઈક માનવે કે વરતીના વધારાને કારણે ત્યાંથી બે બાજુ ગયા જેમાંથી એક બાજુ આર્યાવર્ત ઉતરી આવ્યા પ્રમાણે દ્રવિડ અને આર્યાવર્તથી પ્રાગૈતિહાસિક અને કલરવેલ્લારિયલ સંસ્કૃતિ એક હતી પણ બન્ને વચ્ચે એવો ઝઘડા પડી ગયેલો કે પુરાણમાં દેવતાઓને દેવ કે અસુર કહે બાકીને સુરનો દેવ અસુર દેવતા વસવાના માને બાકી આર્યાવર્તમાં સુરને દેવ અને અસુરને દેવતરીકે માને એથી આર્યાવર્તમાં અસુર એ ધીમે ધીમે ધિક્કારવાચક શબ્દ બની ગયો. આને જે આર્યો નહિ આર્યોના ધર્મને ન માને તે બધાને અસુર તરીકે ઓળખવા લાગ્યા પછી પુરાણકારોએ તો આ અસુરોને બાવકર, જાની અને રાક્ષસ તરીકે ઠેરવી દીધા. લોકો રાક્ષસ શબ્દનું પણ ઊંધું જ અર્થઘટન કરે છે.

રક્ષણ કરે તે રક્ષક એટલે રાક્ષસ એવો અર્થ હતો તે ક્ષીણ થઈને અક્ષણ કરે તે રાક્ષસ એમ ઠરી ગયું એની પાછળ જાતિદ્વેષ અને વંશદ્વેષે ઘણું કામ કર્યું હશે એ જ અસુરો ઉપર આર્ય બનતી દેવોથી પણ ઊંચી કોટિએ પ્રતિષ્ઠિત થયા છે એ બધા પછી પણ ઈરાન સાથેનો આર્યજાતિનો સંબંધ મહાભારતકાળ સુધી તો ઓછોવત્તો રહ્યો જણાય છે. ત્યારપછી ઈરાન પાસેના શક, શક, વગેરે જાતિઓના આગમનથી સંબંધ પાછો સંકોચાય છે. એવા અસુર એટલે ઈંગિત-પૂજકવાળા ને ઋગ્વેદ માનવી કેવા માનવી સિંધુ અને સરસ્વતીના મુખ ઉપર એટલે કે એક બાજુ પંજાબથી ગાંધાર નર્મદાતીર સુધી અને બીજી બાજુ એશિયામાઇનોરથી માંડીને સૌરાષ્ટ્રથી નર્મદાતીર સુધી જેની સંસ્કૃતિ વિકસેલી હતી એવા અસુરો વાણિજ્ય, વહાણવટું, જ્યોતિષ, વેદ્ય અને રસાયનમાં ભારે પ્રવીણ હતા સિંધુ અને સરસ્વતીના મુખથી માંડી ઉપર સુધી બન્ને કાંઠે એમનો વસવાટ હતો સુંદર નગરરચના બંધાતા હોવાને કારણે શહેરો વસાવી કિલ્લાઓ બાંધીને તેઓ રહેતા હતા, સમૃદ્ધ અને સુખી હતા

બનાવેનાં પેટાકુળ

અસુરોની પેટા જાતિમાં દાનવો, રાક્ષસો, દૈત્ય, નાગ વગેરે અનેક પેટાકુળો હતાં નાગ અસુરોમાં પણ નવ કુળ હતાં એમાંથી એક ભાગ પહાડવાસી અને બીજો ભાગ જલવાસી પહાડવાસી નાગકુળ તે તક્ષકકુલ. બીજું નાગકુળ તે કરકોટકકુળ આ નાગ લોકો પશ્ચિમ હિંદના સાગર કિનારે અને સાગરમાં આવેલા દ્વીપો ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. નાગ જાતિ નૌયાન માટે પ્રસિદ્ધ છે એક માન્યતા અનુસાર, યદુઓ, પુરુઓ, દ્રુહ્યુઓ, તુર્વસુ અને અનુ વગેરે કુળો પણ અસુરો હતા. અને ભૃગુ-ઓના સહાયક હતા એ માન્યતા મુજબ આ કુળો પણ આર્ય ન હતા અહીં આપણને સંબંધ છે તે એટલો જ કે સૌરાષ્ટ્રમાં અસુરોની સુવિકસિત સંસ્કૃતિ હતી એમાં નગરો હતાં, વેપાર હતો, વાણિજ્ય હતું અને નવખંડો ઉપરાંતના પ્રદેશો સાથે વહાણવટા દ્વારા એમનો

વ્યાપાર-વહેવાર ચાલતો હતો. અસુરોનું આ નૌકાખાતું નાગજાતિના હાથમાં હતું અને એમનો એક રાજા વાસુકિ નામે પ્રસિદ્ધ હતો. ભારતનો સમુદ્ર દ્વારા સાથેનો સાગર-વ્યવહાર, અને ભારતનો આંતરિક જળપથવહાર અને જમીન-વ્યવહાર સૌરાષ્ટ્ર મારફત થતો.

આ ભૂમિના મૂળ વતની દાસ-દસ્યુઓ

આ અસુરો પહેલાં દાસ અથવા દસ્યુઓ આ ભૂમિના મૂળ વતની અનાર્ય છે. અસુરો અને આર્યો વચ્ચે વિગ્રહ ફાટ્યો ત્યારે આ દસ્યુઓ બન્ને પક્ષે રહીને લડેલા આજે તો અસુરોની નગરરચના રહી નથી. પોરકામમાંથી મળતા અવશેષો સિવાય નક્કર આધારો નથી. પણ એમણે બાંધેલું વહાણવટું તો સૌરાષ્ટ્રને કિનારે બંદરોના આગમન સુધી ઝળકતું હતું.

સૌરાષ્ટ્રમાં દૈત્યો અને નાગકુળ

આ અસુરો કે દૈત્યોનાં પ્રાચીન નામો પુરાણોને આધારે કલ્પી શકાય છે, જેમકે મધુવા — જેનું પ્રાચીન નામ મધુમતીપુરી હતું મધુ નામના દૈત્યનું એ થાણું હતું. યાદવોનો એ સગો થતો. કૃષ્ણે એ મધુને માર્યો તેથી તે મધુસૂદન — નામવાળું કહેવાયું. બીજું થાણું તાલધ્વજપુરી તે આજનું તળાજા. કહેવાય છે, જે ગુજરાતમાં હોવાનું કહેવાય છે અને સૌરાષ્ટ્રમાં પણ સંભવે છે. જેમાં ધ્રુવિંભ નામના દૈત્યનો વાસ હતો. સરસ્વતીને સામે કિનારે માહિષ્મતી વગેરે બધાં દૈત્ય કે નાગોનાં સ્થાનો હતાં

નાગ જાતિના અવશેષો એક યા બીજા રૂપે જળવાઈ રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર નાગપૂજા થાય છે. નાગબંધિયા એ તો સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ ઉત્સવ છે. નાગલોક દુનિયાના પાતાલમાં ગણાય છે. જેમ નવ ખંડ ગણાય છે તેમ સપ્ત પાતાળ ગણાય છે. આ પાતાલ શિવ મુખે બોલેલું મનાય છે. (શિવના મુખ આગળ હતું અને સૌરાષ્ટ્ર વચ્ચે પાતાલનગર હતું એવા ઘણા પુરાવા છે). એટલે સૌરાષ્ટ્રને કિનારે

અથવા એની આસપાસ હોવું જોઈએ. જેમ નવકુળ નાગ તેમ નવ પ્રકારનાં સિદ્ધ અનુપ છે. એમાંના એક વિશેનું નામ છે સૌરાષ્ટ્રક. આ નામ સિદ્ધ કરે છે કે પાતાલ પાતાલમાંહેનો નાગલોક નાગપુજ્ય અને સૌરાષ્ટ્રને ઘનિષ્ઠ સબધ હતો. સિદ્ધ નાગાર્જુને રસસિદ્ધિ માટે પાતાલમાં વાસ કરેલો અને વાસુકિ નાગે એને ભણવા આપેલી એવી કથા છે. આ નાગાર્જુન આજના પાલીતાણા – પાદલિપ્તપુરના પાદલિપ્તાચાર્ય પાસે રહેલો. એટલે સંભવ છે કે રસસિદ્ધિ માટે શત્રુજયમાં રહેલો હોય. એથી એમ અનુમાન છે કે સૌરાષ્ટ્રને અમર સૌરાષ્ટ્રના સાગરકિનારે કે સૌરાષ્ટ્ર પાસેના સાગરમાં પાતાલ કહેવાતો. એ કાળે કચ્છનો પણ સૌરાષ્ટ્રમાં જ સમાવેશ થતો.

સૌરાષ્ટ્રમાં નાગકુળના સંસ્કાર

અસુરો અને આર્યોના યુદ્ધમાં અસુરો સાગરયુદ્ધમાં પ્રવીણ, અને સાગરકાંઠામાં વસતી રહેતા આર્યો વહાણવટિયામાં તદ્દન અજ્ઞાન હતા. એથી પશ્ચિમ હિંદના આ પ્રદેશમાં આર્યો સદૈવ્યાઈથી નહિ ફાવતા આ પ્રદેશને અધ, નીચ, અંધકારમય પ્રદેશ ગણીને અસુરોના–નાગલોકોના વાસ તરીકે વર્ણવેલ છે.

સૌરાષ્ટ્રના લોકજીવનમાં નાગપૂજાનો વધારો થયેલો એક ઉત્સવ તે 'ઘોઘા બાપજી'નો. આજે બચાતો જતો એ ઉત્સવ દરેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રને ગામડે ગામડે અને ઘેર ઘેર ઊજવાતો. નવરાત્રિના દિવસો પહેલાં સર્પાકારની ભેડાઘાટની માટીની પ્રતિમા છોકરાં બનાવે. એની ફેણ નીચે માટીનું કોડિયું મૂકે. એમાં દીવો કરે અને પહેલા નોરતાની સધ્યાથી એ પ્રતિમા લઈ ઘેર ઘેર ફરે. ગાતા જાય કે :

"ઘોઘા ઘોઘા ઘોઘ સલામ
નાથી બાઈનો વીર સલામ
પડે પટોળાં ઓઢે ચીર
ગોદડિયાની ગોળી લાગી

દોકરી ના ટમકાર
ઘૂઘરી ના ઘમકાર
આગળ ના ઝબૂકદાર
પાછળ ના ઝીણી દાર
તેલ દે ધૂપ દે
બાપાને અડાબ દે
તેરા બેટા હુતા રે"

અમલ કાબરો તો છે

"ઘોઘા ઘોઘા ઘોઘ ચવાણુ
લાખી બાઈના વીર ચવાણુ"

કોઈ લાખીબાઈ બોલે છે તો કોક લોક-ગીતમાં રાસલબાઈ આવે છે આ ઉત્સવ દરમ્યાન ઘોઘા બાપજીનો દીવો ઘેર ઘેર થાય કોઈ કહે છે કે આ ગોગા ચવાણુ—ગોગા ચૌહાણ વાગડના હતા તો કોઈ એને રાજસ્થાનના મોહરી જિલ્લાના દરિયાના આમના માને છે એની સમાધિ અહીં જ્યાં છે પણ ખુલ્લામાં પડી ગયેલ આ ઘોઘાવીર મંદિરને નામ સર્જાયું છે ને ઠેર ઠેર પૂજાય છે ઉત્તર ગુજરાતમાં ગોગા નારાયણનું મંદિર છે ત્યાં સર્પપૂજા થાય છે ગોગાવીર પાંચ પીર ભાઈના એક પીર કહેવાય છે

"પાબૂ, હડબૂ, રામદે ગોગાદે જેહડા
પાબૂ પીર પધારજ્યો આગલિયા જેહડા"

આ ગોગા પીરની પલ્લમ ચૂંદી પૂજા થાય છે ને મુસલમાનો પણ એને ગુગા પીર તરીકે પૂજે છે લોકમાનસમાં આવા વીરો મરીને નામ સર્જે છે એની અસલ્ય કથાઓ આવે છે દયા અને વીરત્વ સાથે નામનો મહિમા એ લોકજીવનનો પરમ ચમત્કાર બની રહેલ

સૌરાષ્ટ્રનો પાતાળ પ્રદેશ અને નાગપૂજાનાં સ્થાન

નાગનાં થાનક સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર છે. એમાં ચૂડા પાસેના ચોકડી ગામના સારમાલીઆળનું અને તલસાણામાં 'તલસાણીઆ નાગ'નું થાનક મુખ્ય છે એવું જ એક થાનક થાન ગામે છે. જોરાવરનગરનું આજનું નામધરીવાળા એક દિવસનું નામધન્વન, એક કાળે નાગપત્તન (નાગખાટણ) નામે મોટી નગરીરૂપે હતું. એ નગર પણ નાગજાતિ સાથે સંબંધ ધરાવે છે. સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં નાગબાઈ અને નાગરાજ નામો સામાન્ય છે. કચ્છની રાજધાની ભુજ તો ભુજના નાગ ઉપરથી જ વસેલ છે. મૈત્રકકાલ સુધી કચ્છ સૌરાષ્ટ્રના ભાગરૂપે અને એક પા બીજા સ્વરૂપે જોડાયેલું જ રહેલું.

જો સૌરાષ્ટ્ર અગર એની આસપાસના કોઈ પ્રદેશને પાતાલ કે નાગદ્વીપ જે નાગદ્વીપમાં નાગલોકની રાજધાની ગણીએ તો પુરાણો કહે છે તેમ પાતાલમાં ભોગવતી નામે નદીને કાંઠે ભોગવતી નામે નગરી હતી અને વાસુકિ નામે એનો રાજા હતો. પ્રભાસક્ષેત્ર પાસે સાગરમાં કલવાતી વૈદિક સરસ્વતીનું એક નામ ભોગવતી હતું. આ સરસ્વતી ધરતીકંપ, અતિવૃષ્ટિ કે ભૂસ્તરની અંદરના કોઈ ફેરફારને કારણે ક્યાંક લુપ્ત બની, ક્યાંક પ્રવાહ બદલી બેઠી, ક્યાંક એના ફુવારા થયા આજની ભોગાવો નદીનું બીજું નામ પણ ભોગવતી હોઈ શકે, અને એ વૈદિક સરસ્વતીનો એક ભાગ પણ હોઈ શકે. તો આ ભોગાવો-ભોગવતીને કાંઠે નાગલોકોની ભોગવતી નગરી કાં ન હોય? સૌરાષ્ટ્રમાં આ વાસુકિ વાસણજીને નામે પૂજાય છે

જેમ દાસ-દસ્યુ લોકોને અસુરોએ હાંકી કાઢ્યા અને દસ્યુઓ કેટલાક અસુરોમાં તો કેટલાક આર્યોમાં ભળી ગયા, કેટલાક વેરવિખેર થયા, દાસ બન્યા તે બાકીના દક્ષિણ તરફ ચાલતી ગયા એ જ રીતે અસુરો અને આર્યોના મોટા યુદ્ધ પછી બાકીના અસુરો પણ દક્ષિણ બાજુ ચાલતા થયા. નાગલોકો અસુરોની જ એક પેટા જાતિ હતી. આજે સૌરાષ્ટ્ર ને ગુજરાત કરતાં દક્ષિણમાં નાગપૂજા વિશેષરૂપે દેખાય છે.

સૌરાષ્ટ્રમાં અસુરોના ધર્મ અને કળાસંસ્કાર

અસુરોનો બીજો અવશેષ તે શિવપૂજા. એ તો સિદ્ધ થયેલી વિગત છે કે અસુરો શિવપૂજક–લિંગપૂજક હતા. આર્યોએ અસુરો પાસેથી શિવપૂજા અપનાવી છે. અસુરોનો એક અવશેષ તે દેવી–શક્તિપૂજા. હડપ્પા સંસ્કૃતિના અવશેષોથી પણ એ સિદ્ધ થયેલું છે કે અસુરો દેવીઉપાસક અને શિવોપાસક હતા. આ દેવીપૂજા અને શિવપૂજા પણ આર્યોએ અસુરો પાસેથી અપનાવી છે. સૌરાષ્ટ્રમાં અનેક અનાર્યોનું આદિસ્થાન થયું છે. સૌરાષ્ટ્રમાં મોપંકાળથી માંડી નૈસર્ગકાળ સુધી બૌદ્ધ અને જૈન ધર્મની આંધી ત્રણ સદી પર્યંત ચાલી. અનેક સંપ્રદાયોનો સંગમ થયો, ખંડનો ચાલ્યા અને નામશેષ પણ થયા. છતાં આજે હિંદુ ધર્મના મનાતા એવા પાંચ ફાંટાઓનું આધિપત્ય જોવું ને તેવું છે: દેવી–માતાની પૂજા–માનતા ઘરઘરમાં ઘેર ઘેર છે. શંકરના દહેરા વગરનું ભાગ્યે જ કોઈ ગામડું બાકી હશે. જીવ્યું અને જોયું, ગામડે ગામડે અને ચોરે ચોરે રામજીનું મંદિર અને રામ–સીતા ને લક્ષ્મણની મૂર્તિ અને લોકજીવનમાં આત્મસાત બની ગયેલ રાધા–કૃષ્ણની મૂર્તિ કે કૃષ્ણનો સંસ્કાર. દેવીપૂજા અને શિવપૂજા તો બારી જ. બાકીના જૈન સિદ્ધાયતન લોકસંપ્રદાય એક યા બીજા સ્વરૂપે વિષ્ણુ–ભાગવતનાં જ રૂપરૂપો છે. કૃષ્ણ એ વિષ્ણુના અવતાર મનાયા તે પહેલાંથી ભાગવત ધર્મ અસ્તિત્વમાં હતો. અસુર સંસ્કૃતિનો એક પરમ સંસ્કાર-વારસો નૃત્યનો હુંફાળો પ્રેમ કરવો જ રહ્યો. એવો કહેવાય છે કે સુખી અને સમૃદ્ધ અસુરો નાચગાનનાં પણ પ્રેમીઓ હતા, એનો સૌથી મોટો પુરાવો ઉષાનું હરણ છે. બાણાસુરિયાનાં શોણિતપુર કે શાંતિપુરનો અસુર રાજા બેનીબાણ કે બાણાસુર શિવભક્ત હતો. ઉષા એ પુત્રી. શિવદ્વારા ઉષાને બાણ હાથમાં નૃત્યનો પ્રસાદ મળ્યો. અનિરુદ્ધ પરપ્રાંત બાદ ઉષાએ સૌરાષ્ટ્રમાં રહી સૌરાષ્ટ્રની સ્ત્રીઓને એ નૃત્ય શીખવ્યું. અને સૌરાષ્ટ્રદ્વારા એ નૃત્ય ભારતનાં જનપદોમાં પહોંચ્યું: વિદ્વાનમાં કોઈ પુરાવો કે સંગીત શાસ્ત્ર એમાં નથી પણ એટલું તો સૌરાષ્ટ્રદ્વારા ભારતને મળેલો આ અનુપમ વારસો પણ અસુર સંસ્કૃતિનો

જ દેન છે

આ રીતે અસુર સંસ્કૃતિના અવશેષરૂપે સૌરાષ્ટ્રને પદ્મોપવડ, ત્યાગ ને વીરત્વનો સંસ્કાર આપતી નાગપૂજા, દેવીપૂજા અને શિવપૂજા, વિષ્ણુપૂજા અને જ્યોતિર્લિંગોનો વારસો મળેલ છે જ્યોતિષ, પૈડુ કે રથાપત્ય વિષે ચોક્કસપણે કંઈ સંકલન લેવા પુરાવા કે આધારો હજી નથી મળ્યા, પણ જ્યારે જ્ઞાન મળ્યું ત્યારે યાન અને વાહન અવશ્ય મળ્યાં હશે.

વેષભૂષા ને કેશભાષાનું સામ્રાજ્ય

મોહે જો દડોની આસપાસ સંસ્કૃતિના અવશેષો ઉપરથી પણ પહેર વેશ, પોષાક અને રહેણીકરણીનું કેટલુંક સામ્ય મળી આવે છે પંચાલીના સૌંદર્યોના ગુમમાં જે દાઢીમૂછ અદૃશ્ય થયેલાં દેખાય છે, જ્યારે સૌરાષ્ટ્રમાં દાઢીમૂછ, ચોકિયા રાખવાં એ એક કુદરતી સામાન્યસંસ્કાર નજરે પડે છે મોહે જો દડોના કેટલાક સાથે બરાબર એવાં દાઢીમૂછ ને ચોકિયાં મોહે જો દડોમાંથી મળી આવેલ પ્રતિમાઓ ઉપર નજરે પડે છે ઉત્તરીય-ઉપવસ્ત્ર તે પોષાકનું અંગ દેખાય છે સૌરાષ્ટ્રમાં બેસતરૂપે પોષાકનો એ સંસ્કાર કાયમ થયો છે પુરુષોને માથે લાંબા વાળ મોહે જો દડોના અવશેષોમાં દેખાય છે સૌરાષ્ટ્રમાં પણ લાંબા વાળ રાખવાની જૂની પ્રથા છે દેવીઓઓમાં આલેખ કરીને ઓળિયાં એ એનો સુપરેખો પ્રકાર છે મોહે જો દડોમાંથી મળી આવેલ કેટલાક પૂતળાં ઉપર કંકુ આકારની ટોપી પહેરેલી દેખાય છે એવી ટોપી સૌરાષ્ટ્રમાં હનુમાનજી કે બાલાજીની જગ્યાના રેલિયા પહેરતા હોય છે આજે પ સૌરાષ્ટ્રમાં કામણગારાં બેસવાની પ્રથામાં બે દોરાવાળું કોરા કાપડ એની આસપાસ બે હાથ વીંટાળીને કે પનિયું કે બેસ બોરલીને બેસાય છે લગભગ એવી જ પ્રથા મોહે જો દડોના કેટલાંક પૂતળામાં પણ દેખાય છે

અસુરોનો એકલક્ષી ને સૌરાષ્ટ્રનો એકલક્ષી

સ્ત્રીઓનાં ચરણોમાં કાંપ, રેલિયા, લોલિયા, લટકણિયાં વગેરે મોહે જો દડોની સ્ત્રીઓની પૂતળીઓ ઉપર દેખાય છે લગભગ એના જ સુધરેલા પ્રકારો સૌરાષ્ટ્રની ગ્રામ પ્રદેશની સ્ત્રીઓનાં આભૂષણોમાં નજરે

પડે છે એટલે કે દેવની એક પ્રતિમાના ઉત્તરીય ઉપર ત્રિદલની આકૃતિનું ભરતકામ દેખાય છે હવે ભરતનું કામ એ તો સૌરાષ્ટ્રની સ્ત્રીઓનો સુપ્રસિદ્ધ વારસો છે એ ઉત્તરીય ઉપરનું ભરતકામ જોતાં એમ કહી શકાય કે ભરતકામની કલા લગભગ ૭૦ સાત હજાર વર્ષ પુરાણી છે. સિંધ, કચ્છ અને સૌરાષ્ટ્ર ભરતકામ માટે આજે પણ એટલાં જ વિખ્યાત છે અને આ અસુર સંસ્કૃતિ એ બધા પ્રદેશોના નદીમુખ અને સાગરકિનારે વિશેષ વિકસી હતી એક પ્રતિમા જોને એટલે દેવના પ્રતીક તરીકે લેખવામાં આવે છે તે ફૂલના જેવા એકપડ્યુગની બની છે આકાર થોડો બહાર ને થોડો અંદર જેવો છે અને કમાળ ઉપર માથાના ભાગમાં એક ફોગટ છે એની આગળ ધૂપદાની છે આ એકપડ્યુગની પ્રતિમા સિંધુ સંસ્કૃતિના કુળમાં બેક શેર પૂજનની માલૂમ પડી છે લિપિ ન ઉકેલવાને કારણે એ એકપડ્યુગ દેવનું નામ નથી જાણી શકાયું પણ બીજાને કોઈ ઉકેલ ન મળવાને કારણે એ ને બદલે એક રીતિ દેખાડવું હોય એવો સહજ દોષનું કહેવાપણ છે સૌરાષ્ટ્રમાં એને મળતી કોઈ પ્રતિમા નજરે નથી પડતો પણ સૌરાષ્ટ્ર–કચ્છમાં મળતા આત્મના એક ભજનમાં એવો ઉલ્લેખ છે કે સાયબાને–પ્રભુને ઓળખવામાં રખે ભૂલ કરતો એ માટેની એકપડ્યુગ રૂપે એ એ બાબતી રખે ચૂકતો ભજનની એ કડી નીચે મુજબ છે

" અવર દેવોને દો દો શીંગાં
સાયબાને એકલ શીંગ.....
ઓરે એ ધાણીએ સાયબો આવશે. "

એકપડ્યુગ અને રેવત એટલે ઋતુનું પણ આવું જોતાં ભજનના દોહે ને દેવોના દેવપદની સાથે ઠીક ઠીક મળતું આવે છે

સૌરાષ્ટ્રને અસુર સંસ્કૃતિની અનુપમ દેન

આમ આ ભૂમિ ઉપર આર્યોના વસવાટ પહેલાં એક સુવિકસિત સંસ્કૃતિ વિલસતી હતી સૌરાષ્ટ્ર નર્યા જંગલો, ચોર અને ડાકુઓનો

એકાદ પ્રદેશ ન હતો, પણ આખી દુનિયા સાથે વ્યાપારવણજનો સંબંધ ધરાવતો, વેપારવાણિજ્યથી ધમધમતો, સુંદર નગરો ધરાવતો ધર્મ અને કળાથી વિભૂષિત થયેલો સંસ્કૃત દેશ હતો. અસુરો સાથે ધર્મ અને રોટીના સંબંધો આપણાં પહેલાં આર્યોએ દાસ અને અસુરોને ખૂબ નીકટના કે. ઘરકુટ મધપડા છે. અને એમનો નાશ કરવા વિશ્વકો આંકયા છે. દાખલા તરીકે આર્ય–અનાર્યનો એ વિશ્વ વેદ મશહૂર છે. છેવટ આર્યોનો વિજય રક્તપાતથી નહિ પણ સંસ્કૃતિના સમન્વયથી જ થયો. ત્યારે ઘણા દસ્યુ–અસુરો નાશ પામ્યા હતા, ઘણા દક્ષિણમાં ચાલ્યા ગયા અને ઘણા આર્યો સાથે ભેળભેળ થઈ ગયા. ઘણાને ગુલામ બનાવવામાં આવ્યા. આજે કોણ આર્ય અને કોણ અનાર્ય એવા ભેદ પાડી શકાય તેવું રહ્યું નથી.

અસુર સંસ્કૃતિ એ જ સિંધુ સંસ્કૃતિ !

એ પછી પણ અતિ ક્રૂરમાં ક્રૂરતા મદ, પૂર અને ભૂકંપો જેવાં કુળો પણ અસુરોનાં હતાં, આર્યોનાં નહિ, એવી એક માન્યતા છે અને એ માન્યતાને કેટલાક આધારો પણ છે એટલું જણાવે છે કે સૌરાષ્ટ્રમાં આર્યો આવ્યા તે પહેલાં ત્યાં આર્યેતર પ્રજાઓ રહેતી હતી. આ આર્યેતર એટલે અસુરો અને એનાં વિવિધ કુળોની વસાહતો, નગરો વગેરે કઈ રીતે નાશ પામ્યાં એના વિશે એમત પ્રવર્તે છે. એક તો નદીઓના પ્રચંડ પ્રલયપ્રવાહથી કે નદીનાં પૂરોથી અથવા તો ધરતીકંપથી કે જળપ્રલયથી. અને બીજો કીકરીક આધારભૂત એવો મત છે તે એ કે આર્યોએ આ અસુરોનાં નગરો અને કિલ્લાઓનો નાશ કર્યો. ધરતીનાં પડો વચ્ચે દટાયેલી રહી હોય એ સિવાય આજે તો એ માટે બહુ સાબિતીઓ નથી. એ આર્યેતર પ્રજા પાસે સુંદર મરોડદાર લિપિ પણ હતી, જે ઉકેલી શકાઈ નથી. ગોખા અને ઘઉં, ઘી, દૂધ, માખણ અને મધનો ઉપયોગ તેઓ કરતા. આભૂષણોમાં વસ્ત્રો ઉપરાંત સુવર્ણ, હાથીદાંત અને કિંમતી પથ્થરોનો પણ ઉપયોગ કરતા. સુંદર કોતરણીવાળાં કંકણો પણ પહેરતાં. વાળબૂંથનની સુંદર કળા ધરાવતા. વિશાળ

રાજમાર્ગો, ચોરાનાપૂર્વકની નગરરચના, કલા-પ્રકારની સમૃદ્ધિવાળાં અને ઘણા પાણીનો નિર્ઝર ગામ જેવાં સુંદર મકાનોમાં રહેતા, ઉદ્યાનો અને રમતગમતનાં મેદાનો. પણ હતાં એમ સિંધુ સંસ્કૃતિના અવશેષો પરથી એમના નગરોના ઘોરકામ ઉપરથી આપણને જાણવા મળે છે.

સૌરાષ્ટ્રના સુદામ બાબાએ મુળની સંસ્કૃતિ વિષે જાણવાનાં સાધનો હજી નથી મળ્યાં ત્યાં સુધી એમ કહી શકીએ કે સૌરાષ્ટ્રમાં સંસ્કૃતિનું જે પહેલું પગરણ જોવા તે સાગર સંસ્કૃતિનું હતું. વેદો કહે છે કે આર્યો સૌરાષ્ટ્રમાં સાગરમાર્ગે આવેલા. સંભવ છે કે સિંધુ કે સરસ્વતીના માર્ગે ઊતર્યા હોય મોટી નદીઓને સાગર કહેતા આજે ય સિંધમાં નદીને દરિયા કહે છે

સૌરાષ્ટ્રનો પહેલો આર્ય રાજવી રાયતિ

કથાનક એવું છે કે દુર્વાસા ઋષિ પોતાની પુત્રી સાથે ગોતમી નદીને તીરે અકપાણિ તીર્થની યાત્રાએ આવેલા. નાહવા ગયા ત્યારે એમની કોપીન સુકવા દરભુઓ ઉઠાવી લીધા. આથી ક્રોધે ભરાઈને દુર્વાસા ઋષિએ પોતાના શિષ્ય બલિરાજાને પાતાળ-વામનસ્થળીમાંથી બોલાવી દરભુઓનો નાશ કર્યો. આ કથાનકને કેટલે અંશે સત્ય માનવું તે પ્રશ્ન છે પણ વામનસ્થળી, પાતાળ ને બલિરાજાનો એક મેળ બાપ છે પુરાણોમાં ટીકડીકે કાલવ્યતિક્રમ દેખાય છે કેટલીક વાર એક યુગનાં માનવી બીજા યુગમાં પણ રજૂ કરેલ છે. પણ સૌથી પહેલો સૌરાષ્ટ્રનો આર્ય રાજા તે મનુ વૈવસ્વતનો પુત્ર શર્યાતિ હોવાના વિશેષ આધારો મળે છે સૌથી પહેલાં શર્યાતિ આવ્યા કે ભૃગુઓ તે પણ એક પ્રશ્ન છે. એમ કહેવાય છે કે ભૃગુઓએ આવીને ભૃગુકચ્છ વસાવ્યું. એના વિષે પણ એ મત છે. કારણ કે આજના ભરૂચનું એક નામ ભૃગુકચ્છ કહેવાય છે તેમ એક માન્યતા પ્રમાણે ભરૂચનું નામ ભૃગુકચ્છ નહિ પણ ભરૂકચ્છ કે ભરુમચ્છ હતું. ભૃગુઓ સાથે એ નામને સંબંધ નથી. પણ ભૃગુઓનો વસવાટ સરસ્વતી અને નર્મદા તીરે હતો ભૃગુઓ પણ સાગરમાર્ગે– (સંભવ છે કે સરસ્વતી નદીદ્વારા) સૌરાષ્ટ્રમાં ઊતરીને પછી આગળ

વધ્યા હોવાનો કેટલાક આધારો છે. ચૂડા પાસેનું આજનું ભૂપુર ભાર્ગવોનો પ્રથમ વસવાટનું ગામ ગણાય છે.

ભૃગુ-ચ્યવનનો આશ્રમ ગુજરડા કે ઘેલાને

ભૃગુઓના મુખ્ય આગેવાન ચ્યવન ઋષિ ગણાય છે. ચ્યવન ઋષિનો આશ્રમ જૂનાગઢ પાસેના ગુજરડા ગામે હોવાનું મનાય છે. સરસ્વતી નદી પ્રભાસક્ષેત્રે દેખાતી હતી અને એના તીરે તીરે અનેક ઋષિ આશ્રમો અને તીર્થો હતાં. ચ્યવન ઋષિનો આશ્રમ પણ સરસ્વતીના મુખ્ય પ્રવાહના તીરે હોવાનું કહે છે. એથી તો સિદ્ધ થાય કે એ આજના ગુજરડા ગામે હોઈ શકે. ચાર પાંચ હજાર વર્ષમાં સૌરાષ્ટ્રની જ નહિ પણ ભારતની ભૂગોળના પણ ઠીકઠીક પલટાઓ થઈ છે. હમણાં પણ નાની મોટી નદીઓએ પ્રવાહો બદલ્યા છે. તે દિવસોમાં સૌરાષ્ટ્ર અને સરસ્વતીના તીરપ્રદેશની કલ્પના કર કરવાની રહે છે બીજું સરસ્વતીતીરે એક સોમતીર્થ હોવાનો ઉલ્લેખ છે એ સોમતીર્થ તે આજનું સોમનાથનું તીર્થ કે ગુજરાતનું સોમતીર્થ તે પણ વિવાદનો પ્રશ્ન રહે છે. આજનું સિદ્ધપુર તે બુદ્ધકાલીન સિદ્ધપુર ગણાતું, પણ એનું પૌરાણિક નામ છે શ્રીસ્થલપુર આ નામ પણ વૈદિક સરસ્વતીના સંબંધે પકડ્યું ગણાય છે. એ શ્રીસ્થલપુરમાં પણ ઋષિ-આશ્રમો હોવાના ઉલ્લેખો છે.

વેદકાલીન સૌરાષ્ટ્ર

આમ અસુર યુગ પછીના સૌરાષ્ટ્રના વેદકાલીન સંબંધો બહુ સ્પષ્ટ છે. ભૃગુઓને જો અસુર ગણવામાં આવે તો ભાર્ગવ ચ્યવન ઋષિ સાથેનો ઇન્દ્રનો અશ્વિનીનાથ પક્ષ નોંધપાત્ર બને એક મત પ્રમાણે ચ્યવન પોતે જ ભૃગુ હતા. અને ભૃગુઓનો જે ગ્રંથ તે અથર્વ, એ ગ્રંથના અથર્વાંગિરસ કહેવાયા. અથર્વવેદ ભાર્ગવોએ રચેલો મનાય છે અથર્વ વેદ ઘણો જૂનો વેદ છે, અથર્વવેદ પોતે કહે છે તેમ એ વેદોમાં સહુથી પુરાણો છે આમ ચ્યવન પોતે ભૃગુ હોય અને અથર્વવેદ ભાર્ગવોએ રચેલો હોય તો આ સૌરાષ્ટ્રના કિનારેથી એક વિશ્વ ધાર્મિક સંસ્કૃતિની

પરંપરા પૌરાણિક ભારતના નવ નવ અંકોમાં ગાજતી થઈ હશે

અથર્વવેદનો સ્રોત અહીંથી મળશે ?

ભૃગુ અથર્વા અને અંગિરસ એક જ વ્યક્તિ માટે વપરાતું પણ મનાય છે અંગિરસ વેદ એ ઈરાનનો અદ્ ઝથરતા-ઝરથોસ્તી ધર્મ મઝદાપ છે આ અસુર મઝદાયેન ઈરાનીઓના કુળગુરુ આર્ય વૃષાકપિ હતા આથી એવી માન્યતા ઉપર આવાય છે કે આ અથર્વવેદ ધાર્મિક સંસ્કૃતિના પ્રથમ ભિન્ન સ્વરૂપે પ્રસર્યો એક તો ઝરથોસ્તી ધર્મરૂપે પશ્ચિમ એશિયા સુધી, બીજો બૌદ્ધધર્મ રૂપે લગભગ જગતભરમાં તો એ ધર્મગ્રંથોની પરંપરા એ કાળના આંતર્ દ્વીપ અંતર્વેદ એટલે આજના સૌરાષ્ટ્રમાંથી વહેતી થયેલી કહી શકાય તો પશ્ચિમ હિંદુ આ ધર્મ અને સંસ્કૃતિનું પરમ ધામ વિશ્વસંસ્કૃતિ અને વિશ્વધર્મનું પારણું બન્યું હોવાનું કહી શકાય

આદ્યતન પશ્ચિમ હિંદુ દ્વારકા સૌરાષ્ટ્ર

આમ અસુરોની સંસ્કૃતિના વિનાશ કે વિનય પછી વૈદિક સંસ્કૃતિ સાથે સૌરાષ્ટ્ર ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે સૌરાષ્ટ્રના સાગર અને સરિતાના કિનારે સંસ્કાર વેપાર ભાષિજન્ય અને વિજયપ્રસ્થાનથી તે દિવસે આજના કહો સૌરાષ્ટ્રને અને રાજધાની દ્વારિકાને પસંદ કરવા પાછળ પણ કૃષ્ણની રાજનીતિ રહેલી કહેવાય છે સૌરાષ્ટ્ર એની ભૌગોલિક સ્થિતિને કારણે નવખંડોનું સહજ રક્ષણ ગણેલું હશે અસુર કુળના દાનવો, દૈત્યો વગેરે સાગર અને નદી મુખોદ્વારા ભારતમાં પ્રવેશ કરીને અને ભારતમાં રહ્યા રહ્યા રાજ્યોની ઊથલપાથલ મચાવતા હતા જરાસંધ આસિરિયાનો એર્બપાલ (બાબુલાસુર), કાલયવન વગેરે કૃષ્ણને મહાત કરવા પાછળ પડેલા ત્યારે સૌરાષ્ટ્ર જ ભારતનું એવું પ્રભુદત્ત બાહુ હતું કે જ્યાં સંપૂર્ણ સંરક્ષણ લઈને કૃષ્ણમંડળનો પરાજય કરી શકાય, સરિતા તથા સાગરકિનારાઓનું રક્ષણ કરી શકાય વાદળો જળો સુધી વરસીને આવ્યા હોય તોપણ ભૌગોલિક દૃષ્ટિએ હજુ મહત્ત્વનું થાણું પડતું કહી શકાય પુરાણો કહે છે કે આ વાદળો

દરિયામાર્ગે સૌરાષ્ટ્રમાં ઊતરેલા.

સૌરાષ્ટ્રનું પ્રાચીન યાદવકાલીન કુશસ્થળી

યાદવો સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સૌરાષ્ટ્ર દ્વીપ હતો. એને કુશદ્વીપ અને કુશસ્થળી પણ કહેતા. વાસ્તવાસની વિપુલતાને કારણે કુશદ્વીપ કહેવાતો હોય કે પછી કુશ નામના દૈત્યનું ત્યાં રાજ્ય હોવાને કારણે કહેવાતો હોય. આ કુશદ્વીપમાં રૈવત નામનો આર્ય રાજા રાજ કરતો હતો. મનુ વૈવસ્વતના પુત્ર શર્યાતિએ આ રાજધાની વસાવેલી. શર્યાતિનો પુત્ર આનર્ત થયો. આનર્ત ઉપરથી આ દેશનું નામ આનર્ત પડ્યું. આનર્ત નામ પડવા પાછળ મતમતાંતરો છે પણ રાજાના નામથી દેશનું નામ પડે એની પરાપૂર્વની પ્રથાને સ્વીકારીને જ આગળ વધીએ રેવતની સાથે યાદવોને યુદ્ધ થયું. રેવત હાર્યો. એણે એની પુત્રી કૃષ્ણના મોટાભાઈ બલરામને પરણાવી અને પોતે હિમાલયમાં તપ કરવા ચાલ્યો ગયો. ગિરનાર પહેલાં જે ઉજ્જયન્ત કે ઊર્જયન્ત કહેવાતો તે રેવત ઉપરથી રૈવતગિરિ અને રેવતાચળ કહેવાતો થયો. ગિરનાર ચોરાસી સિદ્ધોનું મનાતું રહ્યો છે. સિદ્ધો, તપસ્વીઓ અને ઋષિઓનું પરાપૂર્વનું તે ધામ હતું. કૃષ્ણના પિતરાઈ નેમીનાથ ભગવાનથી તે જૈનો માટે પણ પવિત્ર યાત્રાધામ બન્યો, જેમ શત્રુંજય આદિનાથ ભગવાનની તપશ્ચર્યાથી પવિત્ર બન્યો તેમ.

યાદવો માટે કૃષ્ણે રાજધાની તરીકે દ્વારિકા વસાવ્યું. આ દ્વારિકા વિષે ઘણા મતમતાંતરો છે. સંભવ છે કે વૈદિક સરસ્વતી એ કાળે જૂનાગઢ આસપાસ થઈને પ્રભાસ ક્ષેત્રે દખવાતી હોય. કુશસ્થળી જે ગિરનાર આસપાસ હતું તે સરસ્વતીના કિનારે હોય, જો આજના શુજરાતમાં આવેલ ચ્યવન ઋષિનો આશ્રમ સાચો હોય, તો એ આશ્રમ સરસ્વતી-તીરે હતો એવો પૌરાણિક ઉલ્લેખ છે. તો કુશસ્થળી પણ શા માટે સરસ્વતી તીરે ન હોય ? કોને ખબર જૂનું જિર્ણોદ્ધાર ગિરનારની જેમ નવેસરમાં હતું.

યાદવકુળો અને દ્વારિકા

એક મત કુશસ્થળીને જ દ્વારિકા માને છે, ને તે જૂનાગઢ આસ-

પાસ જ હોવાનું કહે છે એ મતનો સ્વીકાર કરીએ તો પણ એ દ્વારિકા યદુવંશનો અવશેષ માંડ રહે એવો વિશાળ સરિતાને તીરે જ હોવાનો વધુ સંભવ લાગે છે એક મત પ્રમાણે સરસ્વતી સૌરાષ્ટ્ર પ્રદેશને પ્રભાસ ક્ષેત્રે સાગરને મળતી હોવાનું કહે છે બીજા મત પ્રમાણે મૂળ દ્વારિકા તે જ પાંડવોની રાજધાની દ્વારિકા હોવાનું કહે છે ત્રીજો મત એ સુવર્ણ દ્વારિકા સાગરમાં દૂબી ગઈ હોવાનું માને છે દ્વારિકા એટલે દ્વાર, દ્વાર એટલે બાર, દક્ષિણાર્ધ ભારતમાં આપણે જેને બારું કહીએ છીએ તે એટલે દ્વારિકા કૃષ્ણ તો સાગરતરિ ચમત્કાર તો સાગર જેવી સરિતાને તીરે હતી એટલું તો ઐતિહાસિક સંભવ છે કે પુરાતત્ત્વમાં ફેરફાર થતાં જ દરિયો સૌરાષ્ટ્રથી જેમ દૂર ખસતો ગયો છે તેમ એક કાળે સિંધિનગર–જૂનાગઢ કે ગિરનારના પાદપ્રક્ષાલન કરતો હોય પછી જેમ જેમ દરિયો દૂર જતો ગયો તેમ તેમ પ્રભાસ ક્ષેત્રનો વિસ્તાર પણ વધતો ગયો હોય કે કેવાતો ગયો હોય સાડાત્રણ કે ચાર હજાર વર્ષ પહેલાં પ્રભાસ અને દરિયો આજની સ્થિતિમાં હોઈ શકે જ નહિ

મૂળ દ્વારિકા વિષે મતભેદ હોય તો પણ પાંડવોના જમાનામાં ભારતમાં એ સૌથી સમૃદ્ધ નગરી હતી એટલું તો સૌ કોઈ સ્વીકારે છે જેમ એ સુવર્ણ દ્વારિકા હતી તેમ વિદ્યાકળામાં પણ શ્રેષ્ઠ હતી પાંડવો જેટલા યુદ્ધપ્રિય હતા એટલા જ કળાપ્રિય હતા એ કાળે ભારતની રાજધાની તો હસ્તિનાપુર–ઇન્દ્રપ્રસ્થ એટલે આજની દિલ્હી હતી પણ રાજનીતિ અને ધર્મનીતિનાં સૂત્રો તો દ્વારિકામાંથી જ અપાતાં

પાંડવોનું અજુનકલ્પ અને લોકસંસ્કૃતિ

પાંડવોએ દ્વારિકાને રાજધાની તો બનાવી પણ અજુનકલ્પની પ્રથા પાંડવોમાં પ્રથમથી હતી પાંડવોના આરાધ્યદેવ શ્રીકૃષ્ણ હતા છતાં રાજા દ્વિપસેનના નામથી ચાલતું હતું અને તમામ પાંડવો રાજ્યના સરખા હિસ્સેદાર ગણાતા અજુનક–ગણરોકલ્પના એટલે કે આજની લોકશાહીના પાઠ તો સૌરાષ્ટ્રને સૌ પ્રથમ લોકનાયક શ્રીકૃષ્ણે પઢાવેલા લોકશાહીની પદ્ધતિ અનાદિ કાળથી પાંડવો લોપાનક હતા એની પણ કરી જાણવા

પણ બધા યાદવો ગોપ ગણાતા. શ્રીકૃષ્ણનું બાલપણ પણ ગોપ તરીકે જ વીતેલું. યાદવોનું ગોપજીવન એ સૌરાષ્ટ્રનું ગોપજીવન બન્યું એટલા પરથી આપો પ્રથમથી જ ગોપ્રેમી ને પશુપાલક હતા. પણ શ્રીકૃષ્ણના આ ગોપ્રેમ અને ગોપ સંસ્કારે તો ભારતભરમાં ગોપસંસ્કૃતિનું સર્જન કર્યું. ગોપાલન એ ગૃહસ્થ ધર્મ બન્યો, રાષ્ટ્રધર્મ બન્યો. સૌરાષ્ટ્ર એને માટે સુગવડભર્યો દેશ હતો. એની નદીઓ, એનાં વન જંગલ, એનો વિશાળ ઘાસચારો ને મોચરો જેમ કૃષ્ણને મોરલી વિનાના, મોરમુકુટ વિનાના, પીતાંબર વિનાના ન કલ્પી શકાય તેમ ગાય વગરના-ગોધન વગરના પણ ન કલ્પી શકાય. એ સંસ્કાર આજે ત્રણ ચાર હજાર વર્ષ પછી પણ સૌરાષ્ટ્રમાં ઓછોવત્તો જ હકીકત છે. આજે બેની પછી બીજા નંબરનો સૌરાષ્ટ્રમાં જે કોઈ ઉદ્યોગ ગણી શકાય તો એ ઘી દૂધનો-પશુપાલનનો. વાડાબુચડાની બાદ કરતાં સૌરાષ્ટ્રનું અતિરિક્ત જીવન એ ગોપજીવન જ હતું. બેનોનું સ્થાન એના પછી આવતું.

સૌરાષ્ટ્રના હાડમાં પડેલી ગોપસંસ્કૃતિ

આ ગોપસંસ્કૃતિએ જડબુદ્ધતાના ધાર્મિક ઉત્સવો આપ્યા, સમૃદ્ધિ આપી, આદર, આતિથ્ય ને ઔદાર્ય આપ્યાં, ગીત-સંગીત આપ્યાં, લોકજીવનને એક ઊંચા સંસ્કાર આપ્યો. સૌરાષ્ટ્રના મોટા ભાગના ઉત્સવો તે ગોપ સંસ્કૃતિમાંથી ઊતરી આવ્યા છે. આ ગોપ સંસ્કારે સૌરાષ્ટ્રના હાડમાં એટલો ઊંડો ઊતરી ગયો કે ગાયોના રક્ષણ માટે માથાં અપાવાં શરૂ થયાં. પોતાના વિરોધીને કે વેરીને બેબાકળો કરવો હોય કે નાક દાબવું હોય તો એ ગામની ગાયો વાળી જવી. આ ગાય કે ગાયો વાળી જવા માટે કાલ સુધી રાજપૂતો અને કાઠીઓ મીંદણ-બંધા નીકળી પડતા. ગાયો મેસીને પણ ગાય કે ગાયોને પાછી વાળી આવતા. ગાયો માટે સૌરાષ્ટ્રમાં અસંખ્ય નાની મોટી લડાઈઓ ખેલાઈ છે. એટલી કદાચ બારતભરમાં ગાયો માટે નહિ ખેલાઈ હોય. કૃષ્ણ એ જેમ બળનું પ્રતીક તેમ ગાય એ ગોપસંસ્કૃતિ અને કૃષિસંસ્કૃતિનું ધાર્મિક પ્રતીક રહેલ છે.

કાઠિયાવાડમાં કયે જગ્યાએ એમણે પુરુષોને ગરબા લેતા નિહાળ્યા હશે ? એક માત્ર નવરાત્રીના ઉત્સવો દરમિયાન કાઠિયાવાડમાં પુરુષો ગરબી જ લે છે જે ગરબા તો સ્ત્રીઓ આપે છે પણ રાસ અને ગરબાનો એમણે ભોટાળો કર્યો જણાય છે આવો ભોટાળો ગુજરાત સૌરાષ્ટ્રમાં વ્યાપક બન્યો છે એટલે રાસ-ગરબાનો ભેદ સમજવા આપણે એના મૂળ સુધી જઈ પડશે રાસના પ્રકાર એકલા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જ છે કે ભારતના અન્ય પ્રદેશોમાં પણ છે ? એકલા ભારતમાં જ આ કલા વિકસી છે કે વિશ્વના અન્ય દેશોમાં પણ વિકસિત થયેલી છે ?

લોકનૃત્યો

રાસ અને પ્રકારે લોકનૃત્ય જ છે. દેશે વળાંકે લેવાતા રાસ, ગરબા, ગરબી કે લોકરાસ જેવા ચતુર્ભાગાકાર નૃત્ય-પ્રકારો તો દુનિયાભરના દેશોમાંથી મળી આવે છે યુરોપનાં 'બૉલડ' અને અમેરિકાના 'બીગ સ્કેર ડેરી' જેવા જ પ્રકારનાં ગોળાકારે લેવાતાં સમૂહ નૃત્યો જ છે પ્રાદેશિક ભાષિયતો અને સામાજિક વિકાસ તથા પ્રણાલિકાઓની ભિન્નતા તો એમાં હોય જ.

ગોળાકારે નૃત્યનું એ આદિમાનવ કૌશલ્ય ખૂબ જ જણાય છે. આદિમાનવે પોતાના ઊર્મિભાવોને વ્યક્ત કરવા નાદ અને ધ્વનિ-પછી તાલ

શરદના ચાંદનીમાં મુક્ત હાસ્યવદનોનો આસ્વાદ લીધો. એ પછી સલામતી મુક્ત ગણો રમાયા. એ સંપત્તિવન ભાવ અને વસાહતે પોષાયું તો બીજા આનુષંગિક આનંદ અને ઉત્તેજનાના આવેગો અનુભવ કરવા બોલા મળીને સંવત્સર અને સંઘજીવનરૂપે વિકસવા માંડ્યું. શરૂઆતમાં એ આદિમાનવના શિકાર પછીના જંગલી ચાળાઓરૂપે હશે. આજે પ આદિમાનવો શિકાર પછી શિકારની આસપાસ ટોળે વળીને કૌતુક માણતા, કોકારો કે વિવિધારી પાડતા, શિકાર ઉપર પ્રહારો કરતા અને એમાંથી કુદકાઓમાં તોડી ખાતાપાતા એવાં સમૂહ ગીત-નૃત્ય કરતા હશાયા છે. દક્ષણીઓનું જંગલી પૂજ્ય કર્યું એ પ્રકારનું જ છે. સૌરાષ્ટ્રના જંગલ આપના સીદીઓની વસાહતમાં આ પ્રકારના ઉમંગ, આવેશમય અને જંગલી પ્રીતનૃત્યના અવશેષ સ્વરૂપ થયું છે

ગરબા-કુંડાળું એ આદિમાનવનું સામાજિક અને સાંસ્કૃતિક બાબે પ્રતીક રહ્યું છે. પ્રીતનૃત્ય જોયે છે કે આર્ય શોધખોળો સાથે એમનાં ગીતો, એમનાં નગરો કે ભાષા અને એમનાં પ્રીતનૃત્યો ઓછે છેડે આર્યાવર્તમાં તો બીજે છેડે દક્ષિણ અને કેરળમાં પહોંચ્યાં. ઓછે છેડે કોનામાં તો બીજે છેડે ગ્રીસ અને જર્મનીમાં પહોંચ્યાં. આ આર્ય સિપાહીઓનાં ટોળાં જ્યાં જ્યાં પડાવ કરી રહ્યાં ત્યાં ત્યાં એમની કથા પણ સાથે લેવાં ગયાં. બાકીનાં અંશનો આપણને બોકલોકકાના નામમાંથી કેમ મળે ? જો સામૂહિક આનંદ મેળવે, રચના સમાન હિલોળા ઉઠાવે, એવા સોપકલ્પનમાંથી આ સમૂહ ગીતનૃત્યોનો આવિર્ભાવ થયો કહી શકાય. આમજાતીય જાતિઓ દ્વારા જોયો ધરતી અને સમુદ્રની બહુરંગી ભાતીગળ-પ્રાદેશિક સ્વરૂપ ધારણ કર્યું. સામાજિક સ્વરૂપાંતર સાથે આ ગીતનૃત્યોનું પણ રૂપાંતર થતું ગયું

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ક્યાંથી આવ્યા ?

પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ ગરબા આવ્યા ક્યાંથી ? ગરબો એટલે સર્જનદીપ-અર્ઘ એટલો ઘડો. એ ઘડાને કોરાવીને, જળીયા મેલાવીને એમાં દીપ મૂકી દેવાની પ્રથાઓમાંથી ગરબાની આ

સુંદરીઓનાં સુકુમાર અને કોમળતા ચૂંથો વિકૃત્યા કઈ રીતે ?

આપણે જોઈ ગયા કે નાદ અને નર્તન આદિમાનવના આંતરિક આવેગ અને ઊર્મિઓની અભિવ્યક્તિ છે બસ અને રહ્યાભાવમાંથી આદિમાનવ પૂજ્ય કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે રહ્યાભાવ એણે બલિદાન, નાદ અને નર્તનરૂપે જ વ્યક્ત કર્યા જણાય એ સર્વાંશે ધર્મનું જ પ્રતીક છે અરસા સાથે શક્તિની પૂજા, શક્તિનું માહાત્મ્ય જોડાયેલું છે નવરાત્રિનો ગરબા ઉત્સવ એ આ શક્તિપૂજનનો જ ઉત્સવ છે

આજથી છએક હજાર વર્ષ પહેલાંની મનાતી મોહે જો દડોની સંસ્કૃતિના અવશેષોમાંથી મળેલા શિવલિંગ અને દેવીની મૂર્તિઓ ઉપરથી એમ મનાયું થયું છે કે શિવપૂજનની સાથોસાથ અનાર્યો શક્તિના પણ ઉપાસક હતા આર્યોના આગમન પહેલાં મધ્યપૂર્વના દેશોથી માંડીને ભૂમધ્ય સમુદ્રના કિનારાની માનવ-વસાહતોમાં આ શક્તિપૂજા જુદા જુદા સ્વરૂપે વિદ્યમાન હતી આર્યોના આગમન સાથે અનાર્યો સાથે વિગ્રહ મચાવ્યો કિલ્લા, નગરરચના અને સમુદ્રયાનમાં પ્રવીણ એવા અનાર્યોના સો સો કિલ્લાઓનો આર્યોએ ધ્વંસ કર્યો

અનાર્યોની રહ્યા સંપત્તિનો નાશ કરવા છતાં અનાર્યોની વિદ્યાનો આર્યો નાશ કરી શકયા નહિ અનાર્યો સાથેના વિગ્રહમાં આર્યોની શક્તિ ખરચાવા લાગી કાળક્રમે અનાર્યોને પોતાના કરી લેવામાં જ આર્યોએ ડહાપણ જોયું અનાર્યોની પુત્રીઓના અંગીકાર સાથે અનાર્યોની કળા અને શિવપૂજા, શક્તિપૂજા તથા વિષ્ણુપૂજાને પણ અંગીકાર કરી લોહીના સબંધ સાથે ધાર્મિક અને સામાજિક સમન્વય પણ સધાતો ગયો

આદ્યશક્તિનો મહિમા

શક્તિપૂજાનું પ્રાબલ્ય વેદકાળમાં બહુ જોવામાં આવે છે, પછી તો એ આદ્યશક્તિનો મહિમા પૌરાણિક બને છે ભારતના એક એક પ્રદેશે આ આદ્યશક્તિ જુદે જુદે સ્વરૂપે પૂજાય છે આ આદ્યશક્તિને જ સ્વયંભૂ સૃષ્ટિની સર્જક, પોષક, પાલક અને સંહારક કલ્પનામાં આવે છે અખંડ-અખંડ જ્યોતિને એનું પ્રતીક માનવામાં આવે છે શક્તિ-

પૂજનવિધિ જ જોઈએ. શાક્તપંથમાં પણ નવરાત્રિને જ અષ્ટશક્તિ મહામાયાનું સ્વરૂપ ગણવામાં આવે છે. આ નવરાત્ર આપોઆપ બને છે. શાક્તપંથમાં એવી માન્યતા છે કે મહામાયાની ઉપાસનાથી નવરાત્ર આપોઆપ જેવા થાય, તો જ એનો સાક્ષાત્કાર થયો કહી શકાય. એ નવરાત્ર ઉજવવા માટે શાક્તપંથમાં ચાર બ્રાહ્મણ બોલાવવામાં આવે છે ને કહેવાય છે કે એવી સાચી આરાધના જોઈ એ નવરાત્ર આપોઆપ બને છે. આ વિધિ શાક્તપંથના અધિકારીઓ પૂરતો અતિ ગુપ્ત રીતે કરવામાં આવે છે.

નવરાત્રિનો-શક્તિપૂજનનો ઉત્સવ એ શાક્તોનો જ ઉત્સવ છે. એક નવરાત્રથી અનેક નવરાત્ર બને છે એવો આદ્યશક્તિ-મહામાયાનો મહિમા દેખાડવા શાક્તો આને છે. એમના ગુપ્ત પૂજનવિધિમાં પણ એ જ્યાંત્યાં પ્રકાશ છે. એ શક્તિનો મહિમા આજે જગત, પ્રાંત કે સંપ્રદાયના જેવો નથી સર્વવ્યાપક બન્યો છે. જેમ શિવરાત્રિની પૂજા કરનારાઓ આખા કે ઉપવાસનો બધાજ કંઈ પૂજકો નથી આપતા, તેમ નવરાત્રિનો ઉત્સવ ઉજવનારાઓને બધાજ પણ નથી હોતા કે આખાયે આખોને આપેક્ષા અને એ જેવી શાક્તોથી ઉપાસાયેલા અને ચિલાયેલા એક શાક્તપંથના ઉત્સવની આસપાસ ઉજવણી કરી રહ્યા છીએ. પુરાણોએ આ આદ્યશક્તિના અનેક અર્થો બતાવ્યા છે. પણ નવરાત્રિમાં જે પૂજા થાય છે તે તો આ આદ્યશક્તિ-મહામાયાની જ. અને એનું પ્રતીક છે નવોત્ત. એક નવોત્તમાંથી અનેક નવોત્ત પ્રગટે છે એ કલ્પના આ સર્વવ્યાપકતાના પટે ચિત્રિત થાય છે.

દશા, સ્વરૂપવર્ધન અને છેવટે મરણ આમના રહેલી હોય છે.

આના વિશે એક માન્યતા એવી છે કે, વેદકાળથી સૂર્યપૂજા પ્રથા ચાલી આવે છે પુરાણકાળમાં ગુજરાતમાં ઠેર ઠેર સૂર્યમંદિરો હોવાના ઉલ્લેખો મળે છે. એટલે ચલાડને ગરમાળુ રૂપ આપી દીપને સૂર્યનું રૂપ આપી સૂર્યપૂજા કરવાની પ્રથા પ્રાચિકાળમાંથી ચાલ્યા આવતી હોય. પણ આ માન્યતાને બહુ આધાર નથી.

સૌરાષ્ટ્રને લાગેવળગે છે ત્યાં સુધી સૂર્યપૂજક કાઠીઓ તો ૧૧મીથી ૧૮મી સદી સુધીમાં આવ્યા. પણ પ્રભાસપાટણનું સૂર્યમંદિર સદીઓ જૂનું છે. રાઠો આવ્યા ત્યારે પણ સૂર્યપૂજા સાથે લેતા આવેલા. એ સૂર્યપૂજા સૌરાષ્ટ્ર-ગુજરાતથી કારમોર સુધી તો કાંઈ જરૂર વિસ્તરેલી. પણ એ સૂર્યપૂજક સંસ્કૃતિનો એક પણ અવશેષ મૂર્તીય-ગરમાળુ સરખામણ નથી. કરવાનો. આપણે જે ગીત જોડાયેલાં છે તેમાં પણ સૂર્યનો કર્યાપિ-ઉલ્લેખ નથી. સૌરાષ્ટ્રે ઓખો, રાઠો, કૂબો, હાલરો અને મુર્જાદાના અવશેષો, એક યા બીજે સ્વરૂપે જળવાઈ રહ્યા છે. એમાં સૂર્યપૂજા અને ગરમાનો સંબંધ કયાંય મળતો નથી. એટલે સૂર્યપૂજા કાઠીથી ઘણી પુરાણી છે.

સૂર્યપૂજા અને શક્તિપૂજા

જ્યારે શક્તિપૂજાનું પ્રાબલ્ય સોરાષ્ટ્રમાં સ્વરૂપાંતર સાથે પણ આજે પ ણ જોવામાં આવે છે. સૂર્યપૂજા કાઠીઓમાં પ્રચલિત છે કાઠી એ સૂર્યનો પોતાનો સંપ્રદાય છે પણ ગરમાનો સંબંધ જણાતો નથી. સૂર્ય-પૂજાનો એક પ્રકાર આપણી વખતે રોહિસમાની પૂજા. રોહિણ એટલે પુત્ર દેનારી સૂર્યપત્ની રન્નાદે. આ રન્નાદે-રોહિણના ગીતોમાં પણ ગરમાનો રજાન નથી જોવા જો એમાં જે ગીતો ગવાય છે તે 'રોહિણનો ઘોડો ખૂંદ્યો' કહેવાય છે ઘોડાની જેમ બહેનો બન્ને પગે કૂદતી કૂદતી અને હાથના તાળોટા પાડતી ગાય છે. જેને 'ઠમચી' ખૂંદવી પણ કહેવામાં આવે છે.

" હરખથી ખૂંદું છું ઘારી ઘારી, આઈને ઘરે રોનીડા આવે,
રૂડા ભાલોડિયા ઘડી લાવે, આરી રોહિણમાને કાજે. "

આવાં ગીતો અનાદિ છે. એટલે ગરબા સાથે મહાપૂજાને સંબંધ હોવાની માન્યતા સાચી નથી. માતાની અભ્યર્થના પછી ગુજરાતમાં ગરબા વિશે અતિશયોક્તિપૂર્ણ અનેકવિધ કલ્પનાઓ કરવામાં આવી છે. વસ્તુતઃ એવા પ્રકારે ગરબાને વિષે આવી ગરબાવૈવ છે પણ એ કલ્પના પાછળથી રૂઢ થઈ છે ગરબાની ઉત્પત્તિ સાથે એને સંબંધ નથી. ગરબો એ સાર્વત્રિક ચીજ છે, પણ આદ્યશક્તિ-માતૃભાવાત્મક. આમ ગરબો એ પ્રાગૈતિહાસિક કાળથી શક્તિપૂજાના ગીતનર્તનરૂપે ચાલ્યો આવતો હોવાને સંભવ સંભવે. મહાદોષ સાથેનો ગરબો એ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો જ લોકપ્રકાર છે. એ પ્રકાર જરા જુદો છે.

ચારણકુળ કેટલું પ્રાચીન

ગરબાને આજે મુખ્યત્વે એક પ્રકારરૂપે જ આપણે જોઈએ છીએ એટલે ગરબો કહેવામાં આવે છે ને ગરબાને રાસ કહેવામાં આવે છે. સૌરાષ્ટ્રની દૃષ્ટિએ વિચારતાં રાસ, રાસડા, ગરબા અને ગરબી એ ભિન્ન-ભિન્ન પ્રકારો છે. એનાં ગીતો પણ જુદાં જુદાં છે. આ રાસની પરંપરા ચારણકુળથી સૌરાષ્ટ્રમાં ચાલી આવે છે

૨૬૦૦ થી ૨૭૦૦ વર્ષ પૂર્વેના ઐતરેય આરણ્યકમાં આ પ્રમાણે ઉલ્લેખ થયો છે :

> ગ્રેવ્યાઃ [ગ્રામ્યાસ્ત્રિય] પૂર્વેકુટ્યામાસ્તિકોરવા ધનુસ્તમાઃ
> દમ વિષ્વદમુદકુમ્ભ ક ત્રિ. મધ્યેકિમ પરિનયાય
> દક્ષિણે પાણિમિઃ દક્ષિણાવ્ તદ્વત્ આત્મનો ગૃહ
> ઇદા ઇદ મધુ ઇદ મધુ ઇતિ વદત્ય ॥
>
> (ઐતરેય આરણ્યક)

" જ્યારે સ્ત્રીઓ કુંભારણી દાસીઓ-જેવી હોય તો ચાલે, પણ તેની સંખ્યા હોય તો વધારે સારું'—એવો ટોળો

આ દાસીઓ ' આવો આવો, અમ મધુ છે, અમ મધુ છે ' એવા પ્રમાણે બોલવાની જગ્યાએ જગ્યાએ સાથળ પર થાપા મારતી મારતી

શ્લોકો અને વિવિધ વર્ણો પણ સાંભળવાં. દંડરાસક અને તાલરાસક બન્ને પ્રકારો ગોળાકારે સમૂહગત ગીતનર્તનના છે એનું પ્રતીક છે દંડ-દાંડિયા અને બીજાનું પ્રતીક છે કરતાલ એટલે કે હાથતાળી. એકમાં શ્રીકૃષ્ણ વચ્ચે ઊભેલ છે ને ગોપીઓ ગીતનૃત્ય કરે છે, બીજામાં સ્ત્રીઓ અને પુરુષો સામૂહિક નૃત્ય કરે છે. ત્રીજા પ્રકારમાં એક એક પુરુષ અને એક એક સ્ત્રી હોય છે. આવી મંડળી આઠથી સોળ સુધીની હોય છે. એમાં હાથમાં હાથ મેળવીને કે એકબીજાની કેડે હાથ ભરાવીને પણ ગોળાકાર ગીતનર્તન કરે છે.

આ ગોળાકાર ગીતનર્તન વખતે કૃષ્ણલીલાનાં ગીતો ગવાતાં હતાં. આથી જ રાસની રચનાઓમાં રાસ-ક્રીડાનો ઉલ્લેખ મળે છે. હલ્લીસક એ ગોપનૃત્યોની ક્રીડા જ છે. એના ગીત, નર્તન અને સંગીત પણ કૃષ્ણલીલાને જ ગાય છે. એમાં ક્યાંય ભક્તિપૂજા કે ભક્તિનો મહિમા કે ભક્તિની આરાધના નથી. એટલે ભગવાન કૃષ્ણે આપેલ હલ્લીસક એ આર્યોની ગીતનર્તન પરંપરા હોવાનું માની શકાય.

હલ્લીસક અને રાસક

દંડરાસક અને તાલરાસકને હલ્લીસકના જ પ્રકારો માનીએ તો ભેદ રહેતો નથી. પણ આગમ ગ્રંથો હલ્લીસક અને રાસકના બે ભેદ પાડે છે અને રાસકને લાસક અથવા લાસ્ય સ્વરૂપમાં આવે છે ત્યારે એટલે કે મધ્યયુગથી એ બેઉને સ્વીકારીએ તો દંડરાસક અને તાલરાસકના ભેદે દંડરાસક એટલે હલ્લીસક ગણવું રહ્યું અને તાલરાસકને લાસ્ય ગણવું. કોઈએ મધ્યયુગ સુધીમાં એમાં નાટ્યાત્મક સ્વરૂપમાં કથા, આખ્યાન, ઇતિહાસવર્ણન વગેરે ગીતસંગીત સાથેના મિશ્રરૂપે વિકસે છે ને એના પ્રકારો રચતા જાય છે.

તો પછી આ રાસ કે નાટ્યરાસક શાસ્ત્ર આવ્યું ક્યાંથી? અને કેવી રીતે તથા ધારણાના આધારે ગવાતા ભિન્ન પ્રકારો વચ્ચે સંમિશ્રણ કર્યું હશે? ભરતમુનિના સમકાલીન કે પૂર્વેના ગણાતા નંદિકેશ્વરના ભારત-

ચૂર્ણિ અને અભિનવદર્પણમાં પણ પ્રથમ આ લાસ્ય પ્રકારનો ઉલ્લેખ મળે છે :

पार्वती त्वतुगाद्रिज इमं लास्य बाणासजामुषाम् ।
सखा द्वारवतीवीप्सुस्तागि सौराष्ट्रयोषित ॥
लासिप्सु शिक्षिता नार्यो नानाजनपदात्सदा ।
एव परपरप्राप्तामेतल्लोके प्रतिष्ठिताम् ॥

(અભિનયદર્પણ)

'પાર્વતીએ બાણાસુરની દીકરી ઉષાને એ લાસ્ય શીખવ્યું ઉષાએ દ્વારિકાની ગોપીઓને શીખવ્યું અને દ્વારિકાની ગોપીઓએ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવ્યું

સૌરાષ્ટ્રની સ્ત્રીઓએ વિવિધ દેશોમાં વસનારી નારિકાઓને એ શિખવાડયું અને એવી રીતે પરંપરાએ ચાલી રહેલું લાસ્યનૃત્ય જનસમૂહમાં પ્રતિષ્ઠિત બની રહ્યું"

ઉષાનો અનાર્ય પ્રકાર

તેરમી સદીના સારંગદેવના સમીતરત્નાકર અથવા આ લાસ્ય પરંપરાનું ચિત્ર પણ સ્પષ્ટ બોધાય છે એના આરંભમાં નર્તનારંભમાં વર્ણન આવે છે કે, શિવજીએ ભરતમુનિ આદિ લાસ્યનર્તનનો પ્રકાર વર્ણવ્યો પાર્વતીજીને કહ્યું પાર્વતીજીએ બાણાસુરની પુત્રી ઉષાને એ શીખવ્યું ઉષાએ દ્વારિકાની ગોપીઓને શીખવ્યું એમાંથી સૌરાષ્ટ્રની સ્ત્રીઓમાં એ પ્રચાર પામ્યું સૌરાષ્ટ્રમાંથી એ ભારતનાં જનપદોમાં પ્રચાર પામ્યું

આ ઉષા તે અનાર્ય બાણાસુરની પુત્રી બાણાસુર શોણિતપુરનો રાજા હતો આ શોણિતપુર વિષે વિદ્વાનોમાં બે મત પ્રવર્તે છે એક મત આસામનિવાસી નીલમેઘનો રાજા મોનીપાલ તે જ બાણાસુર એમ માને છે, જ્યારે બીજા મત પ્રમાણે આસામમાં આવેલું તેજપુર તે જ બાણાસુરનું શોણિતપુર છે જો આસામનું માનીએ તો આસામ અને સૌરાષ્ટ્રના દ્વારકાના લાસ્ય વચ્ચે ઘણું મળતાપણું આવે છે

યાદવોના ગણ દરમિયાન આર્યો અનાર્યોની પુત્રીઓ અપનાવતા થઈ ગયેલા એમના ધર્મ અને કુળને પણ અપનાવતા થઈ ગયેલા. કૃષ્ણના મામા કંસ અનાર્ય હતા એમણે સ્વધર્મ આર્યો અને અનાર્યોનું રાજકારણ ખારે સમતલનો ખ્યાલ બાજવું હતું શ્રીકૃષ્ણે એવા જ કોઈ કારણસર પોતાના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધનું લગ્ન ઉષા સાથે કર્યું હોય એમ સંભવ છે. પુરાણોના કથન મુજબ તો ઉષાની સખી ચિત્રલેખાએ અનિરુદ્ધનું હરણ કરેલું એ પછી ઉષાની ખાતર અનિરુદ્ધ અને કૃષ્ણ યુદ્ધે ચડેલા અને બાણાસુરને હરાવીને ઉષાને મેળવેલી. આ ઉષાની સાથે લારપ્રકાર સૌરાષ્ટ્રમાં આવ્યો અને વિસ્તાર પામ્યો.

અર્જુનનો મણિપુરી સત્કાર

કૃષ્ણના કુલવૃત્તાન્તમાં ઉષાનું સ્થાન જેમ એક બીજે પ્રકારે પણ એમાં આવી ગયું છે તે ગોપીનર્તનનો વિષેથી સંભવ રહ્યો છે મહાભારતમાં કથા છે કે અર્જુન બાપુબાબ્રામાં ચક્કર લેવા ગયો ત્યાં યુધિષ્ઠિર અને દ્રૌપદી એકાંતવાસમાં જોઈતા એકાંતવાસનો એ ભંગ કરવા બદલના પ્રાયશ્ચિત્ત તરીકે અર્જુનને બાર વર્ષના તીર્થાટને નીકળવું પડ્યું. ફરતો ફરતો અર્જુન મણિપુર રાજ્યમાં ગયો. ત્યાંના રાજાની પુત્રી ચિત્રાંગદાને પરણ્યો. એનાથી બભ્રુવાહન નામે એક પુત્ર પણ થયો. જેનું પરાક્રમ મહાભારતમાં વર્ણવેલ છે

મણિપુરમાં અર્જુન ત્રણ વર્ષ રહ્યો એ દરમિયાન એના જેવી સંગીતનર્તનની સરકારી વ્યક્તિ ઉપર 'મણિપુરી નૃત્ય'ની પહેલ પડ્યા સિવાય ન રહે. આગળ જતાં અર્જુન સમુદ્રમાર્ગે પ્રભાસ ક્ષેત્ર છે ત્યાં કૃષ્ણને મળે છે દ્વારકાનું રક્ષણ કરવાનું કૃષ્ણ સાથે નક્કી થાય છે ને રૈવતક એટલે કે ગિરનારના મેળામાં સપત્નીકરૂપે આવે છે ને છેવટ સુભદ્રાનું હરણ કરે છે એનાથી અભિમન્યુનો જન્મ થાય છે.

સ્વયંવરમાં અર્જુન દ્રૌપદીનું જીતવું

તીર્થાટનના સમય દરમિયાન અર્જુન ઇન્દ્ર પાસે જાય છે પાંડવોના મતે ઇન્દ્રનું રાજ્ય વિમાનમાં આવેલું આજે પણ ફિરનારો

અને અપ્સરાઓની નગરિકો હિમાલયમાં છે. ઇન્દ્ર પાસે રહીને અર્જુન ચિત્રરથ ગંધર્વ પાસેથી ગીત, વાદન અને નૃત્યની કળાઓનું પાંચ વર્ષ સુધી શિક્ષણ લે છે. અપ્સરા ઉર્વશી અર્જુન ઉપર મોહાંધ થાય છે. અર્જુન ઇન્દ્રના પુત્ર તરીકે વિવેક બતાવીને ઉર્વશીની માગણીનો અસ્વીકાર કરે છે ત્યારે ઉર્વશી શાપ આપે છે કે 'બૃ, તુ પંઢ થઈશ.' અર્જુનને હજી અજ્ઞાત વાસ માણવાનો હતો. એટલે એક વર્ષ સુધી વિરાટ રાજાને ત્યાં બૃહન્નલા નામથી એ પંઢના વેશમાં રહે છે ને વિરાટ રાજાની પુત્રી ઉત્તરાને ગીત, વાદન ને નર્તન શીખવે છે આ અજ્ઞાતવાસમાંથી અર્જુનને બહાર લાવવા કૌરવો કપટ રચે છે ને વિરાટ રાજાનું ગોધન હરી જાય છે. અર્જુન પરાક્રમ બતાવી ગોધન પાછું વાળે છે. વિરાટ રાજા પ્રસન્ન થઈને પોતાની પુત્રી ઉત્તરાનો સ્વીકાર કરવા કહે છે પણ ઉત્તરાના ગુરુ અર્જુન ઉત્તરાને પુત્રીસમ માની પોતાના પુત્ર અને કૃષ્ણના દૌહિત્ર અભિમન્યુ સાથે એને પરણાવવાનું સૂચવે છે.

ઉત્તરા દ્વારિકામાં આવે છે. અભિમન્યુના દફનાવ્યા પછી ઉત્તરા ગર્ભ આયુષ્ય દ્વારિકામાં જ માગે છે. આમ કૃષ્ણના કલ્પનાસૃષ્ટિમાં ઊભાનું સાસ્ય, ઉત્તરાનું ગાંધર્વ બૃહન્નર્તન અને અર્જુનના ગાંધર્વ ગાન સાથે મણિપુરી નૃત્યનો સુમેળ સધાય છે. સૌરાષ્ટ્રમાં ગીત, વાદન અને નર્તન બારટલા પૌરાણિક અંશકારોથી સમૃદ્ધ બનેલાં. પ્રશ્ન એ થાય છે કે બારટલા કલ્પનાસૃષ્ટિ, રાસાદ, ગાંધર્વગાન અને મણિપુરીના ગીત, વાદન અને નર્તનમાં કૃષ્ણાંક અરબાનું કે કાંકિતનું નામ કાં નથી આવતું ?

સૌરાષ્ટ્ર ને મણિપુરીનું સાદૃશ્ય

ભરતમુનિએ નર્તન શૈલીના જે ચાર પ્રકાર આપ્યા છે એમાં એક સાત્વતી શૈલી તો સૌરાષ્ટ્રની, એ આપણે જોઈ ગયા છીએ. અર્જુન ગીતનાદનમાં પ્રવીણ હતો એવા ઉલ્લેખો ઠેર ઠેર મળે છે. ત્યારે સૌરાષ્ટ્રના લાસ્ય પ્રકાર જેવા જ પ્રકારો આજે ય આસામમાં છે. જેમાંનો એક તો કૃષ્ણલીલા અંગેનો કરતાલી. મણિપુરની પ્રાચીન વૈષ્ણવપરંપરામાં છે. એમના વસંતરાસ, મહારાસ વગેરેમાં વિદ્યાપતિ, જયદેવ, ચંડીદાસનાં ગીતો હોય

છે રાસલીલા અને મહાભારત ગ્રંથમાં ક્યાંક છે રાધા, લલિતા, વિશાખા, ચંપકલતા વગેરે સખીઓનાં નામો ગ્રંથમાં ક્યાંક છે રાખાલ રાસમાં કૃષ્ણ અને ગોવાળો ગોષ્ઠલીલા કરે છે મહારાસ અને વસંતરાસમાં કૃષ્ણનું નૃત્ય ઉદ્ધત-તાંડવ પ્રકારનું હોય છે મણિપુરી નૃત્યોમાં આંગિક અભિનય મુખ્ય હોય છે

એ જ રીતે ગોપી ગોપાનરાસ, દંડભરાસ અને બીજો ચોગા કારે નર્તન કરતા હાથની તાળીઓ વગાડીને જે ગીતનર્તન કરે છે એને 'ખુલ્લાઝિલ્લી' પણ કહે છે મણિપુરના આ બધા રાસ તાંડવ અને લાસ્ય પ્રકારના અને, પણ એ ક્રમશીય સ્વરૂપ પામેલા અને વિશેષ નાટ્યાત્મક છે એ જ નાટ્યતત્ત્વ ગુજરાતના રાસમાં પણ દેખાય છે ગુજરાતી રાસની નાગા આપણી કૃષ્ણલીલા સાથે સંકળાયેલ છે સૌરાષ્ટ્ર ગુજરાતના રાસોમાં આવું નાટ્યતત્ત્વ કોઈક અંશે ઓછાવત્તાં દેખાય છે

મણિપુરના રાખાલ અને ઉત્સવ રાસમાં તો દાંડિયા પણ હોય છે પણ સૌરાષ્ટ્રની જેમ દાંડિયાના સામસામા આઘાતો નથી હોતા બન્યારે ગોપી-ગોપાલરાસમાં સ્ત્રી-પુરુષોનાં યુગલ રચાય છે

'એક એક ગોપી ને એક એક કાન છે નાના' જેવા રાસો ગોકુળમાં ગોકુળ નરસિંહ મહેતાથી તો અતિ વિખ્યાત છે

દાંડિયા કયાંથી આવ્યા ?

આ રીતે મણિપુરના ત્રેટલાક રાસ અને સૌરાષ્ટ્રના રાસમાં ઘણું સામ્ય છે ખાસ કરીને હલ્લીસક અને રાસ એટલે કે દાંડિયારાસ અને તાલીરાસની સરખામણીમાં રાસમાં દાંડિયા કઈ રીતે સ્થાન પામ્યા એ પણ ઘણો રસિક વિષય છે સૌરાષ્ટ્રના બધા રાસોમાં નવરી આકારના ગોળી કરેલા કૃષ્ણવર્ણના નાના નાજુક દાંડિયા ઉપયોગમાં લેવાય છે, પણ એ ખાસ દેખાવના હોય છે બન્યારે લાકડાના ખાસ કરીને બોરડીના દાંડિયા લેવાય છે સવાલ એ છે કે કૃષ્ણની નવરી ઉપરથી પણ આ દાંડિયા રાસમાં સ્થાન પામ્યા હોય અથવા તો ગોપાનોના હાજર અને હરકમ

સાથેના લાકડી ઉપરથી લેવાયા હોય. ગારવાડના ભીલોમાં હજી આખી પરોણીનો રાસ લેવાય છે. એ જ પદ્ધતિ રાજપુરના મુસ્લિમમાન લોકોમાં પણ જોવા મળે છે. એટલે અહેવાલ એવી પરોણી કે પરોણીથી દંડ રાસ લેવાતા હોય અને સમય જતાં નૃત્ય અને સમયની દૃષ્ટિએ એમાં ફેરફાર થતાં નાના દાંડિયા સ્થાન પામ્યા હોય. ગારવાડના ભીલોમાં આખી લાકડીથી જે રાસ લેવાય છે તેને 'ગેર' કહેવામાં આવે છે આ 'ગેર' શબ્દ ઘેર આપણા ઘેરામાંથી પણ બન્યો હોય એવો સંભવ છે.

અન્ય પ્રદેશોમાં રાસના પ્રકારો

રાસના પ્રકારો તો જેમ સૌરાષ્ટ્રમાં, કચ્છમાં તેમ ગુજરાતના અન્ય પ્રદેશોમાં પણ છે. જેમકે માળવાના ભર્તૃ; રાજસ્થાનના ગેર; આદિવાસના હાથતાળી રાસ; બડોદરાજીલ્લામાં કાતબેલ, ટીપ્પણી અને ગોમ્બા; પૂર્વ ખાનદેશમાં ઘોમાડેલ; પીરબૂથમાં કાઠીઓ ગઢવાલના ચોકનેદ; દક્ષિણ ગુજરાતમાં કોલાહલમ અને કુમ્મી; ઉત્તર પ્રદેશમાં રાસલીલા વગેરે. પણ ગરબીના પ્રકાર સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા અને દક્ષિણ ગુજરાતમાં વિશેષ છે પણ ગરબાને આધે ધારીને ગીતનર્તન કરવાનો પ્રકાર તો એકલા ગુજરાત સૌરાષ્ટ્ર ને કચ્છમાં જ છે ગુજરાતના દરેક પ્રદેશો આ રાસ ભૌગોલિક, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ પ્રમાણે વિવિધ સ્વરૂપ ધારણ કરતા રહ્યા છે એમાં પ્રાદેશિક સંગીત, વિશિષ્ટતાઓ અને વેશ-પરિધાન પણ વિશિષ્ટપણે વિકસ્યાં છે. પણ સૌરાષ્ટ્ર રાસનું ઉદ્ગમ સ્થાન હોવાથી ત્યાં રાસ કર્યાંક એના મૂળ સ્વરૂપે તો કર્યાંક જુદી જુદી જાતિઓ, રીતરિવાજ અને આસ્થાઓ પ્રમાણે વિશેષ પ્રમાણમાં વિકસેલા છે

રાસના ભૌગોલિક પ્રકારો

આમ આપણે જોયું કે હલ્લીસક, રાસક, લાસ્યરંગ અને મણિ-પુરીની પરંપરાનો વારસો સૌરાષ્ટ્રને મળ્યો છે ને વિશેષ પ્રકાર પાણી લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયો છે આ આખી પરંપરા ભોગભૂમિ એમાં ફેલાઈને પહેલા સૌરાષ્ટ્રવ્યાપી અને ભારતવ્યાપી બની છે આ હલ્લીસક અને રાસકના પ્રકારોનો ઉલ્લેખ બલ્લીપુરાણ, વિષ્ણુપુરાણ,

અગ્નિપુરાણ અને ભાગવતમાં પણ થયેલ છે આઠમી સદીમાં રચાયેલા અગ્નિપુરાણમાં એ બન્ને પ્રકારો સાથે નાટ્યરાસકનો ઉલ્લેખ પણ આવે છે નવમી સદીમાં આદ્ય પંડિત 'શિશુપાલવધ'માં દુર્ઘટકનો ઉલ્લેખ કરે છે એ જ અરસામાં અભિનવગુપ્ત પોતાના 'અભિનવ ભારતી' ગ્રંથમાં હલ્લીસક અને રાસકના પ્રકારો અને લક્ષણો વર્ણવે છે એ જ સદીમાં રાજશેખરના 'કર્પૂરમંજરી' ગ્રંથમાં રાસનો એક નવો પ્રકાર 'અવંદી' ઉલ્લેખાય છે એમાં બે પંક્તિઓ ગાનારમાં બીજા સ્ત્રીઓ નર્તન કરનારા તાલાપદ્ધ ને લયબદ્ધ હાથિયારાસ જેવો છે

અગિયારમી અને બારમી સદીમાં આ દુર્ઘટક અને રાસક એક બીજાના પર્યાયરૂપે વપરાય છે, અને રૂપકરૂપક તથા રાસરૂપક તરીકે મિશ્રણ છે ને વર્ણવાય છે એમાં નાટ્યતત્ત્વ વિશેષ જણાય છે રાસ ગવાય છે ને જણાય પણ છે તાલરાસ અને લયબદ્ધારાસના શબ્દો યોજાય છે અને નર્તનની ચાલમાં પણ વૈવિધ્ય આવે છે

આકારિક વર્ગીકરણ પ્રકારભેદ

૧૩મી સદીમાં શારદાતનય પોતાના 'ભાવ પ્રકાશન'માં રાસનર્તનની વેગાઓ રચાતા ચાલવૈવિધ્યનો ઉલ્લેખ કરે છે રાસનર્તન કરતાં પિંડ જેવી આકૃતિ રચે તે પિંડીબંધ, અન્યોન્યનો હાથ પકડીને જે રચના કરે તે શૃંખલિકા, અન્યોન્યને હાથ વીંટાળીને નર્તન કરે તે લતા અને છૂટા પડીને વ્યક્તિગત નૃત્ય કરે તે એકક વિવિધ પ્રકારના વાદ્યો અને લયવાળા પિંડીબંધમાં પણ ચાલવૈવિધ્યના પ્રકારભેદ પડે છે જેમકે ઉર, જંઘા, પાદ અને કટિનું એક પાદથી સંચાલન તે ચારી, બે પાદથી સંચાલન થાય તે કરણ, ત્રણ કરણથી થાય તે અંગ અને ત્રણથી ચાર અંગનો સંયોગ તે અંગન નૃત્યભેદોની સંખ્યા દસથી વીસ સુધી પહોંચે છે

સાંકેતિકતા, વિવિધતા અને નાટ્યાત્મકતા ઉમેરાતાં જતાં નૃત્ય અને નૃત્તના ભેદ પાડવા પડે છે ભાવભાવ અને અંગઅંગ તે નૃત્ય અને

ગોળાકારે અંબામંડપ તે વૃત્ત. શિષ્ટ સમાજમાં નૃત્યના પ્રકારો પ્રેમવિહ્વલ થતા ગયા હતા. પણ લોકવૃત્તોમાં તો આ દંડરાસક, તાલરાસક અને લતારાસકનો પ્રચાર જ પ્રદેશ અને સમાજભેદે જનસમુદાયમાં પ્રચલિત રહ્યો હશે.

ગુજરાતનો રાસયુગ

તેરમી સદીથી અઢારમી સદી સુધીનો ગુજરાતનો યુગ તે રાસ-યુગ-ગણાય છે. આ રાસ આખ્યા રાસો પદ્યમાં જૈન કવિઓએ રચેલા છે. પણ સૌરાષ્ટ્રમાં એ પ્રચાર નથી પામ્યા, સિવાય કે જૈન દેવાલયો. પંદરમી સદીથી તો વસ્તિક મહોત્સવ રાસની એકધારી પરંપરા સૌરાષ્ટ્રમાં આજ સુધી ઊતરી આવી છે. સત્તરમી સદીમાં શ્રીહર્ષે કે ૧૬૮૦માં જગન્નાથરાય શ્રીકંઠ કવિ પોતાના 'રસકૌમુદી' અને 'નાટ્ય સર્વસ્વ દીપિકા'માં એના પુરોગામી વિદ્વાનોના મતને અનુસરતા લાસ્ય નર્તનનો ઉલ્લેખ સૌરાષ્ટ્રમાં થયાનું આલેખે છે. પણ આખ્યસમુદાય તો પરંપરાગત રાસ પ્રકારોને જીવતો ને જિવાડતો આવે છે.

સૌરાષ્ટ્રમાં શુદ્ધ કળારૂપે

સૌરાષ્ટ્રના રાસ કે રાસડા નાટ્યપ્રકારે નથી તેમ રાસમાં નૃત્યની જે શાસ્ત્રીયતા વિકસી છે તે પણ નથી. પણ પરંપરાગત શુદ્ધ કળા તરીકે જળવાઈ રહી છે. પ્રશ્ન જોનારા જ રહે છે કે આ ગરબાએ રાસમાં કયારે સ્થાન લીધું? એનો સ્પષ્ટ ઉલ્લેખ મધ્યયુગ પહેલાંના કોઈ પણ ગ્રંથ કે પુરાણમાંથી મળી આવતો નથી પણ ઐતરેય આરણ્યકમાં, રામાયણ-મહાભારતની ટીકામાં અને મહાભારતમાં આવે જળકુંભ ધારીને સુંદરીઓ યજ્ઞવેદીની આસપાસ ગોળાકારે નૃત્યગાન કરતી હોવા ઉલ્લેખ છે. એમાંથી શક્તિપૂજાની જયોતનો પ્રકાર વિકસ્યો હોય અને જળકુંભને સ્થાને દીપકુંભ આવ્યો હોય એવી એક માન્યતા છે. આ જળકુંભની પ્રણાલિકા ધાર્મિક અને શુભ પ્રસંગોએ સૌરાષ્ટ્રમાં આજ પણ રહી છે. દરેક પ્રકારના રાસમેળામાં માથે જળકુંભ ધારીને કન્યકાઓ આવતી માની. આજેય સૌરાષ્ટ્રમાં એ શુકનરૂપ મનાય છે. માથે કુંભધારીને રાસ અને

રાજકોટમાં પણ જોવાય છે. નટ, ભવાઈઓ અને ભવાયા સાત સાત બેડાં માથે મારીને નૃત્ય કરે છે. કુંભ એ ધાર્મિક વિધિનું અનિવાર્ય અંગ રહ્યું છે.

સૌરાષ્ટ્રનું 'અટકો' નૃત્ય

આવી ઘડા હાથમાં ઝુલાવીને બહેનો તથા ભાઈઓ રાસ લે છે. પાલીતાણા પાસેની ભાલાવાવની કોળીમંડળી આ ઘડા નર્તનમાં 'અટકો'માં આવે ચઢે છે. ઓધરત અને ફાગણના અજવાળી રાતે ઘડા કે પિત્તળની વાટકોઈ સાથે બહેનો રાસ રમાવે છે. એમાં મુસલમાન બહેનો આમણ પડતો ભાગ લે છે. લગ્નના દિવસોમાં ભરવાડ અને રબારી બહેનો હાથમાં માટી કે પિત્તળના ઘડા સાથે ઢોલની સાથે નાચતી આવે છે. હાથનાં આંગળીમાં પહેરેલા કરવાથી આ ઘડાને ઝુલાવવાની સાથે તાલ દેતી આવે છે. મારવાડ અને માલવાડી બીજો જે સૌરાષ્ટ્રમાં છે તે આ અટકો બહુ સરસ રમાવે છે. આ રીતે ઘડાનું પવિત્ર સ્થાન ધાર્મિક વિધિઓથી માંડીને રાસ-રાસડામાં રહ્યું જ છે. પણ ઘડાને કોરીને અંદર દીવો મૂકવાની ક્રિયા નવરાત્રિના દિવસો દરમિયાન જ થાય છે. આ ગરબો શબ્દ ગર્ભ—ગર્ભો છિદ્રથી જ યોજનયો છે તે આપણે જોયું. એટલે એવી પણ એક માન્યતા છે કે ઘડાને બદલે આ ગર્ભ શબ્દ પ્રચલિત હશે ત્યારથી આ ગર્ભદીપ—ગર્ભો—ગરબો પણ પ્રચલિત હશે. આ ગરબો અત્યારે તો રાસનો એક પ્રકાર જ બની રહ્યો છે. પણ સૌરાષ્ટ્રમાં વર્ષે એક વાર આવતા ધાર્મિક ઉલ્લાસ સાથે જ એ જોડાયેલો છે.

રાસ અને ગરબા જુદા છે

સૌરાષ્ટ્રમાં ગરબો એટલે રાસ પણ નહિ, રાસડા પણ નહિ. ગુજરાતમાં રાસને ગરબો કહેવામાં આવે છે ને ગરબાને રાસ કહેવામાં આવે છે. સૌરાષ્ટ્રના લોકોમાં પણ એ કારણે આજકાલ રાસ ગરબાનો ભેદ જળવાતો નથી, એટલે રાસગરબા કે ગરબારાસ એમ ગમે તે શબ્દ બોલાય છે.

નવરાત્રિના દિવસો દરમિયાન ગરબી જોતાં આવડું જે સ્થાનક

મૂકવામાં આવે છે તે સાકરનું બનેલું રાજકોટમાં ખાસ થાય છે. એને કયાંક ગઠ કહે છે, કયાંક ગાંઠવડી-(નાનો ગઠ-ગાંઠિયો) કહે છે અને મોટે ભાગે એને પણ ગરબી કહેવામાં આવે છે. એના ઉપર માંનો ગરબો મૂકવામાં આવે છે અથવા તો રામપાતર-મોટું પોલિયું (ઢાંકણી જેવું) મૂકવામાં આવે છે. એમાં કપાસિયા અને તેલ નાખી વાટમાં બળે છે, કારણ કે સામગ્રીમાં કપાસિયા તેલ સાથે લીંબો વપરાતો પ્રકાશ છે.

વિષય અને પ્રકારભેદ

સૌરાષ્ટ્રના ગરબા તે બધા નવરાત્રિના જ પણ એમાંથી રાસપ્રકાર પણ બધા ગરબીનાં ગીતો ઊતરેલાં દેખાય છે. નવરાત્રિના ગરબામાં આદ્યશક્તિની ઉપાસના, કૃષ્ણ અને વર્ષાનું તેમ છે. જ્યારે આ રાસપ્રકારમાં ઊતરેલા ગરબાનાં ગીતોમાં તો કૃષ્ણ રાધાજી આવે છે ગામની દીકરીઓ અને વહુવારુઓને ગરબાનું આમંત્રણ અપાય છે ને આમના એવો ધર્મના આવકારની એક સામાજિક સહજના રહ્યાં છે એના હાળી, તાપ અને લય પણ રાસડાના જ રહે છે જેમ કે—

રાધાજીનાં છોયાં મંદિર નીચા મોંય
ઝરૂખડે દીવા બળે રે લોલ
રાધા ગોરી ગરબે રમવા હાલ્યો
સાહેલિયું ટોળે મળે રે લોલ

આ બધાં ગરબાનાં ગીતોમાં મહાભારત ગીતનો ત્રિકોણિયા રાસડાનો જ છે. જો જ રીતે—

કહાનકાનુ આવે બેઉનું
મલકાતી આવે નાર રે
મારી સાહેલીનું બેઉનું—

મારા ગામના સુતારી રે
વીરા તમને વીનવું
મારી માડલડી ઘડી લાવો રે
મારી ઝાઝેરીનું બેડલું –

આ આખા ગીતનો વેગ, નેમ અને ઝમક રાસડાનાં જ છે છતાં એમાં ગીતર્યો છે મરમો. એમાં માતાજીના રતવન કરતા ગ્રામજીવનનો– સુંદર સમૃદ્ધજીવનનો જ ચિતાર વણાંવાતો આવે છે અને આ—

સૈયર મોરી ગરબા કોરયો થાક નો
ગરબડીએ રમે રે તેવ તેવડી રે હોલ
સૈયર મોરી શરદ પૂનમની રાત નો
ચમકવાળા પડે રે માથોડુક ચોકમા રે હોલ

આ શરદ પૂનમના મરમામાં ગરબો કોરાવવાની વાત પણ આવે છે એમાંય તે પોતાની મોરીને મરમે રમતી જોવાના સ્વામીના કોડ જ વ્યક્ત થતા આવે છે અને ઢાળ પણ રાસડાનો જ છે હવે જુઓ આપણુ આ મરમાનુ ગીત .—

મરબો કોઢ્યો રે કોરાવ્યો કે નદલ્લના લાલજી રે હોલ
મરબો ઈસ્વરે કોરાવ્યો કે નદલ્લના લાલજી રે હોલ

આખો મરબો કૃષ્ણને મરમે કટપીને મનાવે હોય એવો એનો ખ્યાલ છે એમાં કૃષ્ણને અનહદનો સહવાસ છે એટલા આ મરમાને સહભાવ છે એ આખા મરમાનુ ભાવવિશ્વ તો 'નદલ્લના લાલજી' જ છે મરમાનાં આવા બધાં ગીતો મૂળે રાસડા જ છે એ રાસડા ગાયા વગર જ ગવાય છે ને એમાં સૃષ્ટજીવન જ ધબકતું હોય છે આ પ્રકારનાં ગીતો બહુ ઓછાં મળે છે, જેમાં ગરબો ગીતર્યો હોય બાકીના મરબા તો મીઠા ભાતા–ભક્તિની ઉપાસના અને આદિમ ભાવના જ છે

ઓટલે સૌરાષ્ટ્રમાં ગરબા, રાસ અને રાસડાના પ્રકારો વિલક્ષિણ

છે એના વિષય પણ ભિન્નભિન્ન છે એ જ રીતે એના તાલ, લય, ગતિ અને ઢાળમાં પણ ફેર છે. હવે આપીએ રાસ ઉપર

રાસ અને રાસડાનો ભેદ

સૌરાષ્ટ્રમાં ભરવા સ્ત્રીઓ ગાય છે ને ગરબી પુરુષો ગાય છે રાસ અને રાસડા વચ્ચે પણ એવો જ તફાવત છે રાસ મોટે ભાગે પુરુષો લે છે. એ દંડરાસડાનો જ પ્રકાર છે, જેને દંડી કહીએ અને રાસડા એકલી સ્ત્રીઓ પણ લે છે ને સ્ત્રી-પુરુષ બેય ભેગાં મળીને પણ લે છે. આ પણ તાલીના મોટા ભાગના રાસડા એ રાસકના-લાસ્યના પ્રકાર છે. સૌરાષ્ટ્રમાં રાસ જેટલે સામાન્યપણે દાંડિયારાસ. પણ દાંડિયારાસ રમતાં પહેલાં અડધીઓ પણ તાલીના રાસ જેવા ખભેખભા રાસ પણ લે છે. ઓમાં કરતાલ જેવો દેખાવ થાય છે પણ તાળીઓ બાજ્યે જ પાકે છે, જ્યારે ભરવીમાં પુરુષો તાળીઓ પણ લે છે. આ દાંડિયા વગરના રાસ પણ પગના ઠેકા સાથે, હાથના હિલોળે અને અંગના મરોડ સાથે લે છે, અને ચલતીમાં આવે ત્યારે બેબાકળા અંગભંગ સાથે શરીર ફંગોળે છે, કૂદકીઓ લઈ છે, ગુચ્છના આકારો રચે છે, ને બોડક નાખે છે. ચલતી પૂરી થતાં ઢાલુ થયનમાં આવીને રાસ લે છે. દાંડિયા વગરના આ રાસમાં પણ અનેક પ્રકારનાં નર્તન રચે છે.

દાંડિયાના વિવિધ પ્રકાર

દંડરાસ-દાંડિયારાસ એ તો સૌરાષ્ટ્રનું સર્વોત્તમ લોકનૃત્ય છે. એના અનેક પ્રકારો વિકસ્યા છે. સોળમી સદીમાં ભાનદેવના પતિત પુંડરિકે વિકૃત બનાવેલ દાંડિયાના આકાર, માપ અને ફેરફાર પામ્યા છે પણ સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતાથી તો આ દાંડિયા લગભગ શાસ્ત્રીય સ્વરૂપ ધારણ કરતા આવ્યા છે પરોઢમાંથી તૈયાર કરેલ, સંધાડે ઉતારીને લાખના બનવટ રંગોથી સજાવેલા, મોતી બાંધેલા, ફૂમતાંવાળા, પીતળના અને રૂપાના ગોળકુંજ માપના ગોળકુંજ બનાવેલ દાંડિયા સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં ગામોમાં લેવાય છે

રાસના વિવિધ પ્રકાર

આ દાંડિયારાસમાં પણ દોઢિયા, પંચિયા, સાતિયા, આઠિયા અને બારિયા લેવાય છે નમન અને સલામી લેવાય છે ગોફગૂંથનમાં આડો ને સોળગો લેવાય છે ઝોબાં ચિંડીબંધ અને બારીના કમળ ખડ અને મડનના આકારો રચાય છે સ્વસ્તિક રચાય છે ને એક પાદ તથા દ્વીપાદનાં ચલનવૈચિત્ર્ય પણ થાય છે આ ચલન અને દાંડિયા લેવા કે અનેક આકારો રચાય છે એ દરેક નર્તન પ્રકાર માટે કોઈ લોકરાસ શબ્દો યોજેલા પણ મળતા નથી છતાં લિંગભેદ પ્રમાણે ઝોબાં માટેના સ્ત્રીલિંગ શબ્દો પણ મળી આવે છે દાંડિયારાસ મોટે ભાગે પુરુષો લે છે સ્ત્રીઓમાં પણ એ આજકાલ પ્રચલિત બન્યા છે પ્રાચીન પ્રથા પ્રમાણે સ્ત્રી પુરુષ સંયુક્ત રીતે પણ લે છે

રાસોડા

રાસ એ પ્રધાનત લોકતત્ત્વ છે જ્યારે રાસડામાં તત્ત્વ બદલે પણ પ્રધાનત એ લોકસંગીત છે રાસડા એ તાલ રાસકનો એક પ્રકાર છે એની રચનાં આપણે કરી ગયા બીજો ધીરે ધીરે આ તાલીરાસ સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે બે પ્રકારનો બની ગયો છે એક તો નવ તાલીનો અને બીજો એક તાલીનો રાસડામાં પદનાં પણ નવ નવ અને ચાર ચાર ઊપકડો આવે છે મુખ્યત્વે ખેતી અને પશુપાલનની વ્યવસાયી કોમોમાં રાસડા વિશેષ લેવાય છે છે તો સહિયારી મૂડી અને સ્વયં કોમો લે છે ઘડિ ઘડિ રાસડા એ રાજકર્તા કોમ અને એની આશ્રિત કોમોમાં પણ ઊતર્યા અને હરિજન સુદ્ધાં તમામ કોમોમાં આજે તો ગેયધારા રાસડાની રમઝટ બોલતી હોય છે

કોળી અને ભરવાડ કોમોમાં સ્ત્રી અને પુરુષો રાસડા સાથે લે છે પણ મુખ્યત્વે તો આ રાસડા સૌરાષ્ટ્રની આભનારીઓ માટે અજવાળી રાતનો અણમૂલો આનંદ બની ગયેલ છે કૃષ્ણનાં ગોતો ગવાતાં ગવાતાં આ રાસડાઓમાં નારીહૃદયના મનોભાવ અને મનોમંથન ઊતર્યાં, મુખ્ય-

દુઃખની સરિતાઓ ઠલવાતી, ઊર્મિઓના સંઘર્ષ ઝીલતી અને એમ કરતાં કરતાં સમગ્ર લોકજીવન આ રાસડે ઝિલાઈ રહ્યું. નારીહૃદયના આવેગોને મુક્તપણે, મોકળે મને વ્યક્ત કરવાનું એક જ સાધન આ રાસડા. બિભત્સ રસને બાદ કરતાં તમામ રસોનું લોકસંગીત આ રાસડાઓમાં ઝિલાયું છે.

કૃષિજીવન, ગોપજીવન, શ્રમજીવન, સાગરજીવન, સમાજજીવન અને કૌટુંબિક સુખદુઃખના કૈં કૈં ભાવોને ઝીલતા ઝોકના રાસડા લોકજીવનનું રામાયણ બની રહેલ છે. નજીકના કે દૂરના ઇતિહાસના વિશિષ્ટ અને વિરલ પ્રસંગો આ રાસડે શોભ્યા છે. લોકસમાજમાં લાગણીઓનું રસાયણ હૃદયમાં ઘોળાતાં ઘોળાતાં એમાંથી સ્વર અને શબ્દ સાથોસાથ જન્મ્યા છે. ગીત જોડીને એનું કમ્પોઝિશન નથી કરવું પડતું. પછી એ ગીતો ગોવાળિયાનાં હોય કે નાવિકોનાં, ખેડૂતોનાં હોય કે ક્ષાત્રવટનાં, આત્મ-[illegible]નાં હોય કે આત્મગૌરવનાં, શૂરાઓનાં હોય કે બલિદાનનાં, વીરરસનાં હોય કે શૃંગારનાં, આકાંક્ષાઓનાં હોય કે મસ્ત આનંદનાં.

રાસડાના શબ્દો સાદા, સરળ અને ભાવવાહી ખરા, પણ એના પ્રમત્ત ભાવનાં આહ્વાન ધ્વનિ સિવાય કોઈનાં જ નથી. ધ્વનિ એ જ એનો આત્મા છે. માત્ર શબ્દોથી રાસડાનું સ્વરૂપ ન સમજાય, એનો અર્થ કે ભાવ પણ ન ઊકલે. રાસડામાં રહેલા સંગીતને કારણે જ કરુણ, શૃંગાર, પ્રસન્ન અને આહ્લાદક એવાં ભાવનાં મોજાં ઊછળે છે તે રાસડા પૂરા થયા પછી પણ ત્રીસ ત્રીસ, ચાળીસ ચાળીસ કે પચાસ પચાસ કદમ સુધી જોશીલો ધ્વનિ વાતાવરણમાં ગુંજાર કરે છે. હૃદયના ઉદ્‌ગાર સાથે જ વહેતું આ સંગીત અનેક હૃદયોને ભીંજવી દે છે અને અનેકમાં એક જ લાગણીના પડઘા જગાડે છે.

એકના એક રાસડા જુદી જુદી કોમમાં જુદા જુદા ઢાળથી ગવાય છે. ક્યારેક એના શબ્દોમાં પણ ફેર હોય છે. ખેડુ કોમના રાસડા ભરતીઓટ જેવા એક સરખા નીચેથી ઊંચા હિલોળા લેતા વેગવંતા હોય છે. એ રાસડાનું સંગીત આદિવાસીઓના સંગીતને મળતું હોય છે

જ્યારે નાવિકોના રાસડામાં મસ્તી અને ફરફુલ્લતા વિશેષ હોય છે કાઠિયા વરસુની કોમોના રાસડા વિશેષ હુંકારદાર, સ્વરસ્થ ખુમારીભર્યા અને રસ મસ્તીનાં ઓજસ્વાર્યા આંદોલન જગાવે છે

જાતિગત સરકારો મુજબ કોમ કોમમાં લેવાતા રાસડાના સ્વર આંદોલનો અને ઝંકારસ્થાનમાં પણ ફરક પડે છે વિવિધ સરકારો પ્રમાણે એકનો એક રાસડો વિવિધ લાગણીનો પડઘો પાડે છે જુદી જુદી જાતિઓનાં જુદાં જુદાં ગીતો હોવા છતાં દરેક કોમમાં એ રાસડા અલ્પ છે એકના સરકાર અનેકના બને છે સરકારોનું આવું સુમિલન રાસડામાં સધાયું છે શબ્દની જેમ સંગીતનું વૈવિધ્ય પણ ઓકરૂપ ધારણ કરતું અનેક સ્વરૂપે વહેતું જ રહે છે એવી જ ઓકરૂપતા રાસડા લેતી બહેનોના પોશાકે પણ ધારણ કરી છે સૌરાષ્ટ્રમાં ઘણી પ્રાચીન જાતિઓ છે એમના પોશાકમાં પણ વિવિધતા છે પણ રાસડાએ જેમ ગીત સંગીત અને સરકારનો સુમેળ સાધ્યો છે તેમ છતાં ને પોશાકમાંથી ઘેરદાર ઘાઘરાનું કલાત્મક રૂપ ધારણ કર્યું છે અને વિવિધ પટોડામાંથી ઝૂલતી ઓઢણીનું રૂપ ધારણ કર્યું છે આ ઘેરદાર ઘાઘરા, ઝૂલતી ઓઢણી, ઝબૂકતી બુગડીઓ કે ઘૂઘરીવાળી કડીઓ અને રૂપાનાં ઝણકતાં કાંબી કડલાંએ સ્વરનાં આંદોલનને, ગીતના તાલને વિશેષ વેગ આપ્યો છે, ગતિ પૂરી છે અને તાન તથા લયની ભાવનાઓમાં ભાવ પૂર્યો છે

આ રાસ કે રાસડા પ્રેક્ષકોના કોઈ તમાશાનો વિષય ન હતો. ગોરીઓ, ચોટે કે આંગણાના વિશાળ પટમાં લેવાતા આ રાસ રાસડા તો નિજાનંદ માટેના જ હતા એની ઓકધારીતાથી પાંચ સાત પળમાં કંટાળી જતા પ્રેક્ષકોનું એ મનોરંજન ન હતું પણ એ તો ગતિએ ચડેલા મન-પ્રાણનું ગીત, સંગીત કે નૃત્ય હતું જેમાં સ્વર, શબ્દ અને નૃત્યના તાલે જીવન પણ ઘડીભર ઓકરૂપ બનીને સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરતું અને હજી જ્યાં લોકસમાજ આસ વસ્તીથી અડાબેડ નથી ત્યાં લેવાતા રાસ કે રાસડામાં એ જ આનંદ વિલસે છે

આપણા લોકનૃત્યો

રાસનૃત્યોનું વર્ગીકરણ કરીએ તો પણ એ આપણને સંસ્કૃતિ ઓના વિભિન્ન સ્વરૂપો તરફ દોરી જાય છે પઢારોનાં રાસનૃત્યો જોતાં તરત જ આપણે સંસ્કૃતિનો ખ્યાલ આવશે કોળીઓના રાસ પણ આ આપણી સંસ્કૃતિની નજીક આપણને લઈ જાય છે જોકે સાગરકાંઠાના કોળીઓનાં રાસનૃત્યોમાં અને જમીન ઉપરના કાપમી વસવાટી અનેના કોળીઓનાં રાસનૃત્યોમાં થોડો ફરક જરૂર પડે છે પણ મૂર્તિની દૃષ્ટિ તો તમામ કોળીઓનાં રાસનૃત્યોમાં એકસરખી દેખાય છે પઢારો પણ નળકાંઠા ઉપર જ રહે છે સૌરાષ્ટ્ર ઝોકવેળાએ બેટ હતો તે આપણે જોઈ ગયા દ્વિપકલ્પ થતાં નળ સરોવર રચાયું અને આ પઢારો નળ કાંઠાના કાયમી વસવાટી બન્યા આજે એ ખારવા નથી રહ્યા, પણ એમના રાસનૃત્યોમાં એ વેળાનો સંસ્કાર જોડો ઊતરી ગયો છે એમનો પહેરવેશ પાણાળી કોળી જેવો જ છે એમના શરીરનો બીજાંકિત વેશ આપણને આંચકો આપ્યા સિવાય રહેતો નથી, અને વિશેષ ચોંકાવનારી બની રહે છે પગની મૂર્તિ તો અજબ હોય છે થપ થપ થપ પગ ઊપડતા જાય છે ઝોકવેળા ભયંકર અને તાલબદ્ધ છતાં એ કર્ણપ્રિય આંચકો આતા નથી અને નૃત્યના વર્તુળાકારમાં સમાન સરખે રેખાઓ દોરતા આવે છે

પઢારોનું રાસનૃત્ય

રાસનૃત્યની એમની વિશેષ કલાય સૌરાષ્ટ્રની તમામ કોમોના રાસ નૃત્યથી જુદી એવી નૃત્યની આ સમાન વેશ, સમાન અવાજમ સમાન

નખાતો આવે એટલે કે જોય એક સરખી ક્રિયા એ માટે કેટલીક વાર ગોળાકારે અને કેટલીક વાર સામસામે બહેનો ઊભી રહી સરખા અંતરે ફ્રાળો ટીપતી જાય.

આ ફ્રાળો ઘણા દિવસ ટીપવો પડતો અને એકધારું દસ દસ દસ ટીપા જ કરવું એ કંટાળા ભરેલું થઈ પડે એ કારણે ફ્રાળો ટીપતી બહેનો કંટાળો દૂર કરવા ગીતોએ ગાતી તાલ તો ટિપ્પણીનો જળવા જ કરે, ગાવાની સાથે થાક ઓછો લાગે, કંટાળો ન આવે અને સમય બહેપણપણે પસાર થાય દિવસ દરમિયાન રાતે પણ ફ્રાળો નાખવો પડતો એટલે ઘેરિ ઘેરિ એમાં ઢોલ પણ આવ્યો ઢોલ આવતાં બહેનો ફ્રાળો નાખવામાં મગ્ન થઈ અને મગન મગન એકધારી ટિપ્પણીમાં જુદી જુદી ચાલ શરૂ થઈ એ જુદી જુદી ચાલમાંથી ગીત અને ઢોલ સાથે ટિપ્પણીનું રૂપ થઈ જતું

બીજા બહેનોના ટિપ્પણી

રાજકોટની બીજા બહેનો આ ટિપ્પણી બહુ સરસ લેતી પાળબંધી રમવામાં થોડો થોડો કારૂ પણ પાર્ટ જેથી થાક ન લાગે ને વધારે સારી ટિપ્પણી લેવે વળી કેટલી વાર 'ગાંઠિયે' (કેરી પદાર્થ) પણ ખવરાવતા, જેથી ગાંઠનો નશો રહે ત્યાં સુધી થાક વરતાય નહિ આવી ટિપ્પણીના વીસ જેટલા પ્રકાર રાજકોટની બીજા બહેનો હજી પણ લે છે ઢોલની દાંડી ઉપર અને તાલ ઉપર આ ટિપ્પણી લેવાતી હોઈને ચાર ચાર માત્રાનો ફ્રાળો પડે ત્યાં સુધી આવતની રીતે ટીપણીને ઝિલોળીને પછી જમીન પર ઘરનાવ છે આ ટીપણી ઝિલોળવાની ચાલ એટલી કલામય હોય છે કે દાંડિયાના એકધારા આઘાતો કરતાંયે વધારે મનોહર લાગે એ જ રીતે આગળપાછળ ટિપ્પણી નાખવાની ચાલમાં શરીરને સુંદર વળાંક આપાતો થયો, અને ચાર ચાર માત્રાનો ફ્રાળો આપવા જતાં ટિપ્પણી વતી જ દાંડિયારાસ લેવાતા બંધ ને પાછી ટિપ્પણી પડતી બંધ એવો ક્રમ ચાલતો થયો આ રીતે બહેનપણનો થાક ઉતારવામાંથી અને એકવિધતાનો કંટાળો દૂર કરવામાંથી આ મનોહર

દ્વિપથ્થી નૃત્ય જોવા મળ્યું છે.

કેટલી બહેનોની દ્વિપથ્થી

જૂનાગઢ પાસેનું ચોરવાડ એટલે સૌરાષ્ટ્રનો ફળદ્રુપ પ્રદેશ. લીલી નાઘેરનું કેંદ્ર એ ચોરવાડ નામની બહેનોની દ્વિપથ્થી જોવા જેવી. જૂનાગઢના નવાબે પણ પ્રોત્સાહન આપ્યું અને ચોરવાડની બહેનોની દ્વિપથ્થી વધુ કલામય બની એક તો લીલી નાઘેર, એમાં લીલા મોટા જેવાં દૃશ્યની વારિયાળી કાળાશ બહેનો. નમણું મુખ અને આછો વાન. નાકમાં સોનાની વાળિયું કાળા કે લાલ બેપાડા ઉપર સોનેરી રંગનો પટ્ટો, સોનેરી મોળિયાંવાળા લાંબા કામખા માથે કોરબંદરી જાતની લાલ ચૂંદડી અને ખમખાં રૂપાની કાંચિયું. ઓખાના ચોરસી જેવા કેટે દ્વિપથ્થાર રાસ કે બજાર છુપાડીને કેડાની પકડતી કાંડીએ દ્વિપથ્થી શરૂ કરે. ધીરે ધીરે ગીત ચગે, ઢોલ ધમકે, ગીત પકડ સુકાય ને દ્વિપથ્થીની ધમકારી બોલે પણ આમળાવાળી દ્વિપથ્થી ફેરવતાં, અને દ્વિપથ્થી નમીને પાછી ઉપાડતાં અંગના જેવા તો સુંદર વળોટ લેતી બાય કે એ ઘડી શારદીય પૂનમના આકાશના અંગમરોડ પણ ભૂલી જઈએ

એક દ્વિપથ્થી પૂરી કરીને બીજી ઉપાડે ત્યારે ફરી પાછું દ્વિપથ્થાર ગીત શરૂ થાય. પણ એક બપોરાયે તે બીજી બહેનો આવ ત્યારે ખખડાવી ખાંડણી બાજુએ મૂકીને બધી બહેનો ઢોલ જોવા આખો ચુંટીયો ભૂંડો કરે. બધાંનો ખભો બાજુએ સંધાડાઉતાર જેવી કોઈ કોયો ચાંપતી તાલાત અને બારે રકુમિ ઢોલ તો જાણે એટલા વેગથી પગના થંભ માથે કેમ ઉપન્યું હોય તેમ પૂર્વક દિલોજાનથી વળોટ આપી રહ્યા. જરાય નમણું શરીર ન ચાલે એક સરખી ઊંચાઈ અને એક સરખાં શરીર એ તો એમની એમનો જ બારમો છે અને એટલે 'જોટ' જોવાવાની તકલીફ એમને નથી પડતી.

પડારો અને ચોરવાડની કોળણ બહેનો સામાન્ય રીતે સૂક્ષ્મ ઉપરાંત કાનુડાનાં બજનોને પણ રાસમાં ઉતારે છે. રાસમાં કાનુડાનાં ગીતો તો બધાં લોકનૃત્યોમાં મળવાનાં છે પણ રાસમાં બજન ઉતારનારે તો એક પડારો અને બીજી ચોરવાડની કોળી બહેનો તાસમાં સામાન્ય રીતે

ઢીંચ અને ઠેરવો એ બે તાલ મોટે ભાગે વપરાય છે આ રીતે ગમને સૌંદર્યમાં પલટાવવું આ દિપ્પણીનું વિશેષ છે

ગાંજાની દિપ્પણી

આ દિપ્પણીની જેમ બીજા પણ ગમદારી નૃત્યો જુદી જુદી વેળાએ પ્રચલિત બન્યાં હતાં જ્યારે ગાંજાના ઉત્પાદનની છૂટ હતી ત્યારે ગાંજાને પગથી દબાવવાનું સંધગીત અને સામાન્ય સંધનૃત્ય ઢોલના તાલ સાથે લેવાતું આજે તો ગાંજાનું ઉત્પાદન બંધ થતાં એ પણ અદૃશ્ય થયું છે ગાંજો તૈયાર થઈ જાય ત્યારે એના ફૂલ-ડોડવા લીલા ને લીલા રહે અને ચોપટ થાય એ માટે એને સારી જમીન ઉપર પાથરવામાં આવતા. આ ગાંજાના જમીન સરસા પથારા ઉપર ૧૫, ૨૦ કે ૨૫ આદમી ગાંજાની કળી ભાંગે નહિ એ રીતે પગનાં પાડતા જાય ને દબાવતા જાય પણ એમ તો આખો દિવસ હળવે હળવે પોચાં પગલાં પાડવામાં દિવસ બધો પસાર થઈ જાય ને કામ જોતરે નહિ એટલે પગનાં ઉપર જાડું કપડું ઓઢે એવું કંઈક જેવું સાદા તાલનું નૃત્ય યોજાયું જોયાં એક બે, એક બે ત્રણ ચાર, એક, બે, ત્રણ ચાર, એવા પગલાંનો ઉપાડ શીખાયો ઢોલ વાગે, ગીત ગવાય અને પગલાં પહેલાં ધીમે અને પછી દ્રુત ગતિએ ઊપડતાં જાય ગાંજો દબાવવાનું આ નૃત્ય પણ મનોહારી દૃશ્ય ખડું કરે છે અકસ્માત કળીઓ હોય તે ગાંજારૂપે વેચાય ને બૂટો થયો તે બીડારૂપે વેચાય આજે આ ગાંજાનૃત્ય નથી રહ્યું

આરબોની અસ્સલ પરંપરાની દિપ્પણી

સાગર સંસ્કૃતિનાં રાષ્ટ્રનૃત્યોમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠાની આઠ વધુ બહેનો સાગર-ગીતો સાથે રાસડા લે છે એ ગીતો એમનાં સુખ દુઃખના પડઘા પાડતાં હોય છે આ આઠવધુ બહેનો પણ ખૂબ સરસ દિપ્પણી નામની અને દિપ્પણી સાથે એમનાં ગીતો ગાતી. પણ રબારાઓ બધી સાગરકોર પર ને કાંઠાના મથકો ઉપર જે બહેનો બોલાતા તે બધ થયા આજે તો એ બહેનોતો પણ ના ખાતી પડી છે અને

કરાણના વેપારીઓની મેડીઓ વાડી અને સિમેન્ટથી બનાવ છે એટલે દિપમાળાની કળા પણ નાશ પામી છે

ગોપ સંસ્કૃતિના વારસદાર

આજકાલ ભલે ગોપ સંસ્કૃતિને ભૂંસી રહ્યા છે તો આજે અમદાવાદ, રાજકોટ, જામનગર વગેરે કેટલાંક ઠેકાણે ઉપર પોતાનું મુકામ બનાવે છે એમાંથી ગામડાંનો રાસ નથી લેતા વ્યક્તિગત રીતે લે તે જુદી વાત પણ એમની કોમનો તો સરસ્વતીનો અણમોલ વારસો છે રબારી પણ ગોકુળ રાસ લે છે જ્યારે આમર અને બરવાળામાં એ સારકાર બનાવાઈ રહ્યો છે એમાં બે બરવાળામાં સવિશેષપણે આમ તો રાસ એ ગોપ સંસ્કૃતિનો જ વારસો છે પણ સૌરાષ્ટ્રમાં આ વારસો અલ્પ કોમોમાં જોવા મળવાઈ ગયો છે કે આજે માલધારીનો ઘણો ખરો કોમોમાં બારવાડ, આયર, કાઠિયે રબારી અને ભરવાડમાં જ એ રહ્યો છે એના રાસ વિષે આગળ ઉપર જોશું

બરવાડોના રાસસૂત્રમાં ગોપ-ગોપીઓના સામાન્ય ગીતો હોય છે પણ પુરુષોના રાસમાં લાકડી જ ગીતો ગવાય છે એમના રાસસૂત્રની સાક્ષાત્મિકતા રાસ લેતી વખતે ઘમ્મરની બહુ ઝટા અને તીવ્રતા પગ નાખવાની વિશિષ્ટતામાં રહેલી છે ઢોલના તાલ સાથે આખી પરોઢ્યુંથી રાસ લે છે જે ને દાંડિયાથી પણ રાસ લે છે પણ દાંડિયા કે પરોઢ્યુંના આઘાતોમાં મુખ્ય ન રહેતાં અવાજની મોહક કીરત એમાં મુખ્ય રહે છે કીરતની સાથે કુદરતી પણ મારે ને મોહક પણ કયારેક લે છે પણ મુખ્યત્વે તો ધનુષ્યની કામઠી જેમ તાનપદ પગ ફેંકીને, અમને માથું નાખી, માથું પણ તીરછું રાખીને દાંડિયા લે છે ત્યારે હુકલીસક કૃષ્ણના પ્રાચીન ચિત્રોનાં રૂપોને જીવતાં કરે છે બારવાડો આ રાસસૂત્રને 'ગોકા' કહે છે પણ એ બારપનો જ પ્રકાર છે

બરવાડોના રાસસૂત્ર

આ 'ગોકા' રાસની જેમ આમંત્રણોમાં બરવાડ અને બરવાડણો એક બીજા પ્રકારનો પણ રાસ લે છે એમાં એક બરવાડ અને એક

ગરબાવાળુ હોય છે. આવું વર્તુળ ત્રીસથી માંડીને સાઠ સુધીની સંખ્યામાં હોય છે એમાં પણ ગીત નથી ગવાતાં પણ દાંડિયાને બદલે પગના તાલ, અંગના આંચકા અને હાથના હિલોળ સાથે, બન્ને હાથે એક સ્ત્રી અને એક પુરુષ સામસામાં તાલ દેતાં નૃત્ય છે. આ રીતે તાલ દેવું, અંગ હિલોળાવું અને પગના ઠેકા દેવું વર્તુળ કૂર્મા કરે ને હોકની ગતિ પ્રમાણે રાસ લેવું જાય તાલારાસકનો આ એક સુંદર પ્રકાર છે

પોષાકનું વૈવિધ્ય તો એમાં આપોઆપ જળવાઈ રહે છે ચોખ્ખા અને દેડિયા તો ખરા જ, એમાં માથે ગરબાના લાલ કેસૂડાની પાઘડિયું, સ્ત્રીઓ તો શેવાડાં માથે છતની કાળી કામળીઓ જ ઓઢતી હોય છે; એટલે પુરુષનાં વસ્ત્રો સફેદ અને સ્ત્રીઓનાં કાળાં આમ રંગમ અને શુભ્ર વસ્ત્રોનો બહુ સુંદર મેળ થાય છે 'એક એક ગોપી ને એક એક ગોપ' નરસિંહ મહેતા રાસને સાદૃશ્ય કરે છે

૩. પોષાક ને ૩. પૌરુષ

ગરબાડો ગણ્યમાં પણ કલાત્મક પગલાં ઉપાડે છે પગના તાલ સાથે શરીર ઝૂલતું આવે અને હાથના હિલોળ પણ એ તાલ સાથે હિલોળાતા આવે કોળીઓના જેમ શરીર સરકતાં નૃત્ય છે એમ આ ગરબાડાનાં પગલાં સરકતાં ને ચપ ચપ ચોટતાં આવે છે કસબાના ગરબાડ જુવાનોમાં આ કલા વિશેષ દેખાય છે એમના પહેરવેશમાં પણ થોડો ફેર થયો છે ચોખ્ખાનો કલાત્મક ફેર, પિંડીયા ઢીંચણ સુધી ચપોચપ આકાર અને ફૂદે જતા ઘેરવો એમાં ફૂમતાંવાળી નાડીઓ લટકતી હોય કેડિયાં પણ બહુ કલાત્મક પહેરતા હોય છે અને મોટી વાર કેડિયાને બદલે ચોરણા, માથે બાંધુ વગરનો કેડ સુધીનો ફીટોફીટ લાલ અંગરખો સોનેરી કે રૂપેરી કોર મૂકેલો કલગી પહેરે છે, ને માથે ગરબાડો પહેરે છે એની ગોળ પાઘડીને બદલે બંડી છતની આડિયાળી પાઘડી નાખી હોય છે હાથમાં રૂપાનો દાંડ પહેર્યો હોય છે આ પોશાકમાં એમનાં સૌષ્ઠવ અને કસાયેલાં શરીરનું પૌરુષ ગરબા લેતી વખતે ઝળકતું આવે છે

સાતમ આઠમ અને એવા ઉત્સવો ટાણે ભરવાડ ને ભરવાડણો સાથે મળીને ત્રણ તાલી ને એક તાળીનો રાસ લે છે હુંમ્ય સાથે લેવાતા આ રાસમા નવ તાળી રાસ સાથે શરીર વળાંક લેતાં ફુંગોળાયે જતાં હોય છે ને ગજબની જૂસ્ત જોવે છે ભરવાડની જેમ કોળીઓમાં પણ સ્ત્રી અને પુરૂષ સાથે મળીને રાસ લે છે એમા સત્તરો ને વહુ પણ હોય, સ્ત્રી ને પુરૂષ પણ હોય, દેર ને ભોજ પણ હોય હાથ હાથના ઘૂમટા વાળ્યા હોય છતાં એક સરખી જૂસ્ત ની જોવાવતા હોય છે

આયરોના રાસ

પટેલ, કોળી અને ભરવાડને પોતાનાં રાસલૂલની કેવી વિશેષ તાસ્રો છે જેવી આયરોના રાસમા કોઈ વિશિષ્ટતા નથી, પણ એમના રાસ ક્ષત્રિય અને ગોપ સંસ્કૃતિના મિશ્રણ જેવા હોય છે એ મિશ્રણ પણ આયરોનાં રૂપ, પડછંદ શરીર અને ભર્યા ભર્યા પૌરૂષથી ખૂલ જોવે છે કોળી અને ભરવાડ રાસમા પ્રયુક્તિગત પદ્ધતિ જુદી તરી આવે છે ત્યારે આયરોએ રાસચૂલમાં નવી નવી ચાલ દાખલ કરી રાસમાં વૈવિધ્ય આપ્યું છે આપણે પણ પોતાને મુજબીયરના વારસ માને છે

કૃષિ સંસ્કૃતિને વારસો

કૃષિ એ આજે માત્ર ખેડૂતોનો વારસો નથી રહ્યો ભરવાડ, રબારી તો માલધારી જ રહ્યા છે ચારણો માલધારી હોવા છતાંત ખેતી પણ કરે છે આયરો માલ પણ રાખે છે ને ખેતી પણ કરે છે એટલું પણ ખરૂં એમ જ છે પટેલો ખિડાર અને ધોડી ખેતી તથા મજૂરી કરે છે કોળીઓ ખેતી અને ખરચૂકણ મજૂરી કરે છે જ્યારે ખેડૂતોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે ભરવાડ કે કોળી બીજા સંપ્રદાયોની અસ્પૃશ્યતા ઓછા અંશમા છે જ્યારે ખેડૂતની ખોબલે બરકટ પણ સૌમ્ય હોવાથી ખેતીનારૂપણ સંપ્રદાય ચુસ્તીની અસર નહિ આવા છે કૃષિને કારણે બન્ને કોમો કરતાં છે ધર્મમાં વિશેષ સહભાગ હોવાથી એમના રાસલૂલ પણ ધર્મ ભાવિભાવ ઊતર્યો છે સત્યવારા અને જેવી બીજી ખેતી સાથે સંકળાયેલી કોમોના રાસ પણ ખેડૂતોના રાસ જેવા જ હોય છે

લોકનૃત્યોને વિભાગવાર વહેંચીએ તો સાગર અને શિકારની અસલવાળા, ગોપ સંસ્કૃતિવાળાં, કૃષિ સંસ્કૃતિવાળાં અને છેલ્લે ક્ષત્રિય સંસ્કારવાળાં એમ ચાર વિભાગ પાડી શકાય. આમાં કૃષિ સંસ્કૃતિના પ્રાધાન્યને કારણે કચ્છની હોવાથી એમના રાસ બાકીની બધીય સંસ્કૃતિથી ભિન્ન સ્વરૂપના છે.

વ્યવસાયને કારણે હાકલા કરીને જ બોલવાની ટેવ એટલે કચ્છની ગોપી ગાતી ગાતી હોય છે ત્યારે પણ ખુલ્લે ગળે પૂરા શ્વાસથી ગાય છે એમનાં ગીતો પણ આમ તો સૌરાષ્ટ્રમાં ગવાતાં લોકગીતોથી જુદાં નથી હોતાં છતાં અભિવ્યક્તિમાં વિશેષ હોય છે તબલાં અને ઝાંઝ એમનાં મુખ્ય સાધનો ચોરણા ને કેડિયાં એમનો મુખ્ય પોષાક પણ પાઘડીઓ સૌરાષ્ટ્રના પ્રદેશે પ્રદેશે જુદા જુદા ઘાટની બંધાય છે રંગે ચડે ત્યારે પાઘડીને પકડતી પણ એને.

રાસ અને દેખાવ

બીજા કોમોના રાસની સરખામણીમાં કચ્છીના રાસમાં ઘણી વિવિધતા હોય છે એ સ્વસ્તિક રચે છે, ચક્રો રચે છે, ચોકડી કરે છે, ઝૂલા લે છે, ચપ્પે અવળાસવળાં ચલન પણ લે છે બેઠક મારવી કુદરતીઓ ભમારવી એ કચ્છીના રાસમાં સહજ હોય છે રાસ લેતાં જલદી તપે છે ને પ્રમત્ત થઈને ઘૂમે છે દાંડિયારાસમાં પચિયા ને બચિયા સ્વાભાવિક હોય છે પણ ગોફગૂંથન-સોળ આમાં કચ્છની ખૂબ ચાલે છે એમનાં રાસનૃત્યો અત્યંત ભાવવાહી હોય છે રાસમાં ચાલે ત્યારે શરીરની સહેજ પણ દરકાર ન કરે બેઠક અને કુદરતી એ કચ્છીનાં રાસનૃત્યોની લાક્ષણિકતા છે એ પહેલાં ગરબો લે છે ને પછી દાંડિયારાસ લે છે ઘણી વાર દાંડિયારાસમાં ચગ્યા પછી દાંડિયા પડતા મેલીને એ જ દ્રુત ગતિએ ગરબો લે છે અત્યારમાં એમનાં ઝૂલતાં શરીર વીજળિક ગતિએ ફરે છે અને રાસ લેતાં લેતાં જ દેખાવ દેતા જાય છે ગીત બદલાય છે ને દેખાવનું ગીત શરૂ થાય છે રાસ લેતા બાઈઓ ચમની મેસથી રમવાને બેસે છે અને બે જણ દેખાવ દેવા ઊભે છે કબાટિક અને બેસ

પણ ગુજરાતના બધા જ ટપ્પાની ફીરકનાં બોલ બાળક બીજો, બીજા બાળક પહેલો એમ હોડ-પકડ રમતા બધા જ છે ને શરીરના અંગવિક્ષેપ સાથે તાલબદ્ધ ગતિઓ થાય છે. ટપ્પા જુદા જુદા રમાને જુદી જુદી રીતે લેવાય છે.

કોળીઓની ગરબામાળામાં કંકુપીના ગાસમાં તલિયા ઓછી હોય છે અગર હિંચોળા વધારે હોય છે. આ રાસ પણ ખેલદારી રૂપ છે દિવસ આથમે એટલે હાથ કર્યા ઉતર્યા ગરબા એક વાગ્યા સુધી અરસ રોનાં ચાલે બધતો નથી પણ શરીર ને મન દુખવાં આમ છે, પ્રકૃતિ અને છે ઓછા ખાસ ઓ લોકોટ્રસનનું આગ ખાતી આવેલ છે ગ્રાફ બાર્મિંદ્ર ટહોર-કળા ઝીલવાની, ચાલવાની પાગલપણની સૂઝબૂઝ, પ્રકૃતિપરાયણની જેવા પ્રશ્નો ઊભા થાય છે ને ઓના વધોઘટા, પલટાઓ, ફેરફારો, સાંભળ્યા વગેરે પ્રશ્નો અંગેનો સારો એવો ઊંડા વગાડતાં નર્તન આવું જ હોય છે. કંકુપીઓનાં રાસનૃત્યોનું વૈવિધ્ય એ રીતે અપાર્થી જુદું તરી વળે છે.

વૈષ્ણવ સંપ્રદાયનાં રાસનૃત્યો

રાસ જીવનના ઉલ્લાસમાંથી જન્મ પામ્યો છે અને કમે કમે ઓનાં સ્વરૂપ પણ બદલાતાં રહ્યાં છે. પણ દરેક કાળમાં લોક રાસનૃત્યોમાં પણ રાસ લેનારા સમૂહોનો ઉત્સવસંસ્કાર ઊતરે છે. ઓ આજકાલ પડાતા, કોળીઓ, કંકુપી વગેરેના રાસમાં જોવું હલીસકનાં ઓ સ્વરૂપ બોટોમાં આવતાં તાંડવનું સ્વરૂપ પામ્યું કરે છે. પૌરાણિક લોક બલિષ્ઠોના ઓકારમાં, આમોરોના રાસમાં અને કૃષ્ણલીલાના પ્રસંગમાં પણ દેખાય છે, પણ બોટ લોકોનું બકાયદા ખમીર અને બાહુબળી રાસમાં નવું જ સ્વરૂપ ધારણ કરે છે.

બરબાદ અને કટારીની જેમ બોટોના લડિયારાસમાં ગીતો નથી ગવાતાં, પણ ઓકબીજી બધુ દોરા અને ઓક અથવા બોકથી વધુ રાસધારી ઓક વધારી હોય છે. આ રાસધારીઓ હાથમાં રાસલીલો જ ગાતી હોય છે. ઓક ગાય અને બીજા કંઠે ઓનું સમૂહગાન બોક

એ મેર લોકોના રાસની વિચક્ષણતા છે એ કરતા સવૈયે અવતરી છે ભેગણીઓમાં કાશ્મીરને ભગવાને છૂટે હાથે રૂપ દીધા, પણ સમભાવ નમણી દેહલતા ન દીધી ત્યારે ગેતણીઓને ભગવાને બે ય દીધા છે નમણી દેહલતા અને રૂપની ગરવાઈ જેનાં રૂપ એવા જ એના અલંકાર ને પહેરવેશ કરણી કીધી, લાંબા પેટનું કાપડું, માથે લાલ ઓઢણું, હાથમાં દોઢ વેતનું આદીનું ચૂડ, નાકમાં નથ અને કાનમાં ઝૂલતી પદ્મકળીના ઠોળિયા આ મેરાણિયુના રાસમા પણ આપણ ને હોય છે રૂપેરી ચાંદનીમાં જોવાના આ મેરાણિયુના રાસ અલૌકિક દર્શનો ખડા કરે છે

રાસ તો સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે લોવાય છે અને હવે તો શહેરની ગલીઓ સલીઓ લોવાય છે પણ પ્રણાલિગત રાસકૃતિઓ તો ઉપર કહ્યા તે જ ત્રણેની બીજી ગણાય રાસ એ છે તે સમજવા કોણી અને કબૂતરીના મિશ્રણ જેવા જ હોય છે કબૂતરીના રાસ પણ પ્રચલિત હોઈ તે એનું અનુકરણ કે અસર વિશેષ દેખાઈ રહે છે

અહીં આપણે માત્ર દડારાસ અને દોઢ તાલરાસની જ ચર્ચા કરી છે—બૂતેરા વિશેષ રહેલા હોય એવા જ રાસની વિચારણા કરી છે નીના નાનાવિધ બૂતેરાના પ્રકારો નથી અર્થાત્ દા ત હુમચી, ગરબો, તોપચી, ઝૂલર વગેરે એમાં હુમચી અને ટીપારો એ વધારે પ્રચલિત છે હુમચી રાસમા લેવાય ત્યારે પણ લે છે ને આડે દહાડે ઉત્સવમા પણ હુમચી લેવાય છે એને સૌરાષ્ટ્રમાં 'હુમચી ખૂંદની' પણ કહેવાય છે ટીપારો કોણી બહેનો વિશેષ પ્રમાણમાં લે છે એક એક પગ ત્રણમણ માત્રાએ લેતી જઈ, આજ્ઞાકારીઓની જેમ અદબ નમાવી, સપાટારે એક હાથ કેડે કરી, એની કોણી નીચે બીજો હાથ રોકીને, વારાફરતી હાથ પહલાવતી રહે છે—એવો જ પ્રકાર આ ટીપારોનો છે ઝૂલર એ અમારા અમરેલી તરફનો આગવો પ્રકાર છે, જે બહેનો લે છે

રાસ ન હોય એવું એક લોકનૃત્ય બાકી રહે છે તે સૌરાષ્ટ્રના રબારીઓની ખમાસ જાફરાબાદ પાસેના જ ગુર ગામે સીમ લોકોની ત્રણસો

એક વર્ગ જૂની વસાહત છે. બધે મુસલમાન, પીર-પેગમ્બરમાં જ માને. પણ હિંદુઓ સાથેના લાંબા વસવાટે એમની જ્ઞેયસૃષ્ટિકરણીમાં પણ આ બૂચિનો વધારો થયો છે. હિંદુઓનાં દેવદેવીઓમાં પણ માને છે. કેટલાક સીદીઓનાં શરીરમાં હજી હબસીઓનું અસલી તોખમ જાગતું રાખ્યું છે તો કેટલાકનાં શરીર મરીમોએ ઘસી નાખ્યાં છે વાળનો વાંક ભાંગી ગયો છે ને મુખપ્રદેશોમાં પણ ઠીકઠીક ફેર થઈ ગયો છે. સ્વરાજ આવતાં એમની જીવનમાં પણ તેજ આવ્યું લાગે છે. આ સીદી લોકોએ આફ્રિકાના જંગલનું રૂપ સ્વરૂપાંતરે પણ જાળવી રાખ્યું છે.

હાથમાં મરીરા (નાળિયેરની આખી સૂકી કાચલીઓમાં કેરીઓ ભરીને એના ઉપર લીલું કપડું વીંટાળી તાલબદ્ધ બજાવાય છે એને મરીરા કહે છે), મોરપિંછનો ઝુડ અને નાનાં નાનાં ઢોલકાં એ એમનાં સાધન છે. એમનું નૃત્ય પણ ગોળાકારનું જ છે ગોળ ગોળ ફરતા જાય, એક સરખા અવાજે ઢોલકાં વગાડતા જાય અને હોકારા કરતા માતા જાય સૌની આગળ સીદીનો મુખી ગાતો ચાલતો, ઠેક મારતો જતો, બધા સીદીઓના માથે મોરપિંછનો ઝુડ ફેરવતો જાય, બધા સીદી મીત છોડતા જાય ને ઢોલકાં વગાડતા જાય. સીદીઓના કંઠ પણ બોલકા હોય છે. એક સામટા માતા હોય ત્યારે બહારગામથી ઘેરા પડઘા જીલતા હોય એવા દૂરના આરોહઅવરોહનો 'હો' 'હો' નાદ ઘોરતો હોય છે. એક તો એમનાં શરીરનો વાન, બીજું એમનાં કપડાં, ત્રીજો એમનો નાદ અને ઘમાલમાં વાનનાં ઢોલકાં: આ બધું એક સાથે શરૂ થાય ત્યારે જોનારા ને સાંભળનારાનાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

હોકારાના માન સાથે નર્તુલમાંથી એક સીદી બહારમાં ઢોલકું ઘમાવતો, માથે સાપી બાંધતો ફરતી બાંધીને વચમાં કૂદે છે એક પગ ઊંચો અધ્ધર રાખે, શરીર નાચતી ફરતી બાંધો બાંધો હુમલાનું લાગે પડશે, હુમલાનું પડશે એવો દેખાવ કરતો, કૂદકો લઈને બરાબર ચોકમાં ઊભો રહી, ઠેક બંધ થાય, છાતી ઢાકી ને બરડા ઠેકાર રાખી મુખના વિચિત્રવિચિત્ર હાવભાવ કરતો આમથી તેમ જાય છે. ઢોલકાં ચાલતાં રહે છે,

સમુદ્રગાનના હોકારા સાથે મશીરા બંધાતા રહે છે ને વચમાં વિવિધ ભાવભાવ કે તો મીઠી ઠેક મારતો અને ફૂંદીઓ ખાતો જ રહે છે

ઓક થાકે, બને ટોલટ માથે બંતરે બંતરે વિવિધ મુખાકૃતિ સાથે ઠેક મારતો મારતો પાછો ફરે ત્યાં બીજો સીટી છનાગે છે આમ એક પછી એક સીટીઓ પોતાની તાકાત અને વિવિધતાનું દર્શન કરાવતા રહે છે એક તો એમની પ્રચંડ તાકાત ઘરીક ઉપરનો અસાધારણ કાનુ પશુઓ અને પંખીઓ જેવી એમની બાન અને વિવિધ મુખમુદ્રાઓ બબાનક રસ જોનો કરે છે ઘણી વાર આ સીટીઓના પથ્થર પર પડઘા પાડતા ઘોષ જેવા હોકારાથી નજીકા દિનનો પ્રેક્ષક ધૂણવા પણ માંડે છે

એ પછી એમનો મુખ્ય કે આગેવાન પણ ગેદાનમાં આવે છે હાથમાંનો મશીરો હોનકાના તાલ સાથે ઘમાડતો માતો બાય ને ગોળ ગોળ અને બામળપાળ્યો નાચતો બાય ઘમાલનાં એમનાં ગીત પણ તદ્દન કૂદકો, પ્રાથમિક ને એથી પણ સ્વરનાં હોય છે જેમકે એ, બધો બચરાવે કે—

લે લે લોંડી !'

બીજા બધા બાપની કહી બોને : 'લોંડી બા !'

પાછો મુખ્ય બાય 'પટેલનાં ચીભડાં !'

બીજો પૂરક કરે, 'બાંડી બા !'

પટેલના વાડામાં લોકડી ચીભડાં બાતા કયાંક બળવાઈ ગઈ હશે ને પછી લોંડીની જોવા જેવી દશા થઈ હશે (સોરઠમાં એને 'લોંકડી બમેડે પડી' કહે છે) બાની સ્થિતિમાંથી બાનદ લેવાનું ગીત ગીત્યું બધુ ને એમની ધમાલમાં ગીતનું ગીત ગીત્યું બામ ગીતની સાથે ધમાલને જોઈએ તો હાસ્યમિશ્રિત બબાનક લાગે. વિવિધ મુખમુદ્રાનાં પ્રયત્ન તો બધા 'ધબકી' જેવા હોય છે મુખના એક બો બવયવનું હલન ચીલીઓ કરે છે જેમ હલાવે, કોળા હલાવે, નાક ને કાન પણ હલાવે, બાવની ચેનીઓ અને હોઠ પણ હલાવે બને સાથે સાથે વિવિધ બવાજો પણ

કરે એમના શરીરની છટા, વસ્ત્રો અને હાવભાવની એકરૂપતા જંગલના જીવનની યાદ આપે છે. આ સમારંભમાં ચલન અને હાવભાવને જોડું કે સાતત્યનું સ્વરૂપ આપ્યું હોય તો કથકલીનું તાંડવ સ્વરૂપ સાર્થક. અલબત્ત, રૌદ્રભયાનક તો રહે જ.

કોઈ પણ કલાનું આદિ રહ્યાન તો આ લોકકલા જ છે; કારણ કે લોકકલા પ્રકૃતિનો વધુ નજીક છે જેવું આ લોકનૃત્યોનું આકૃતિક સૌંદર્ય છે એવાં જ એનાં સરળ ગીતો હોય છે. એવા જ આવર્તનો રચનો અને એને જ અનુરૂપ એવા તાલ એમાં હોય છે. માત્રો સંગીતના છ મુખ્ય રાગો એમાં નથી મળતાં પણ બીજા રાગો ને મિશ્રિત રાગરાગિણીઓ એમાં ગવાય છે. જેવા કે સારંગ, શ્રીજોરી, યાડ, કાફી, કાલીંગડા, દેશ, ગારા, ખમાચ વગેરે. એટલું જ નહિ પણ એમાં કયારેક ત્રિશ્રુતિઓ પણ લાગે છે. આલાપી જરૂર હોય જ છે. બે ત્રણ સ્વરની તાનો પણ ઘણી વાર લાગી જાય છે. ગમકના તો દસ પંદર પ્રકાર આ રાસ ગીતોમાંથી પકડી શકાય. ક્યારે મીંડ કંપ પણ એનો મધુર કલરમાં લાગે છે.

તાલમાં એકતાલ, દાદરા, દીપચંદી, કેરવા, ઝુમરાળી ને ત્રીજ વગેરે લેવાય છે. પખવાજ ત્રીજ અને કેરવા વિશેષ લેવાય છે. આ રાસ-ગીતોની ઝલક શબ્દોથી તો કેમ બતાવાય ? એ જ રીતે રાસની ગતિ અંગે અને કોમ પણ આસ્વાદનો જ વિષય છે. દાંડિયારાસમાં ગવાતાં ગીતો ઘણીખરી કૃષ્ણલીલાના રસે રસેલાં હોય છે પ્રમુખ રાસ નરસિંહ-મીરાંના હોય છે. એ પછી જેમાં લોકજીવનના જોમિંઆવેશ ઊતર્યા છે તેવા કૈક નાની અનામી લોકકવિઓનાં અદ્ભુત ગીતો ગવાય છે.

ગીતોના કાવ્યતત્ત્વની ચર્ચામાં ન ઊતરતાં એટલું જ કહીએ કે એની સરળતા, ભાવવાહિતા અને સંવેદનક્ષમતા રેલાવવાની અદ્ભુત શક્તિથી જ નટવર-કૈલાસના કલાવારસાને એણે ચિર ઝરતી બનાવ્યો છે.

દાંડિયારાસમાં ગોરજી, પાવા ને શરણાઈ જેવાં સુષિર વાદ્યો, કરતાલ, ઝાંઝ, ઘૂઘરા ને મંજીરાં જેવાં ઘન વાદ્યો અને ક્વચિત ઢોલ

અને રાવણહથ્થા જેવાં તંતુ વાદ્યો પણ ઉપયોગમાં લેવાય છે. જ્યારે ઢોલ, ઢોલક, ડફ અને મંજરી જેવાં સમૂહ વાદ્યોનો તો સર્વસાધારણ ઉપયોગ થાય છે.

પણ આજે જ્યારે રાસતૂલ્યોમાં ઉછાળો આવ્યો છે, સરકાર તેમજ પ્રજા તરફથી જેને ખૂબ ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું છે, ત્યારે એક તો રાસતૂલ્યની પ્રણાલિ અને રાસગીતોની સરળતા ને ભાવવાહિતા બન્ને ભયમાં મુકાયાં છે. નિત્ય નવા રાસ અને નિત્ય નવાં ગેય કાવ્યો રચાય છે પણ રાસને સંબંધ છે ત્યાં સુધી જેવાં ગીતોમાં કાવ્યતત્ત્વ પાંખાળું પડતું જાય છે. કાવ્યતત્ત્વ સુંદર હોય છે ત્યાં ગીતમાં નૃત્યસંગીતના અવરોધ હોતા નથી. સંધભાવને પોષક એવાં પ્રસન્ન ઊર્મિવાહક ગીતો બનતાં. બૌદ્ધિક કલ્પના કે અતિ અર્થઘનતાવાળાં ગીતો રાસ ઝીલી નથી શકતાં. એ જ રીતે માત્ર અંગત ઊર્મિઓનું જ રમાવેષ્ટન હોય એવાં ગીતો માત્ર ગ્રામ્ય શબ્દો વાપરવાથી નથી ભાવ પેદા કરતાં કે નથી લોકગીતો બનતાં.

ગીતોના શબ્દો કોઈ આપે, સ્વરરચના બીજાને કરે અને નૃત્યનો અવરોધ ત્રીજો આપે. આને પરિણામે શબ્દ, સ્વર અને નૃત્યની એકરૂપતા નથી સાધી શકાતી. સંઘજીવનની સંપત્તિ બનવા માટે હિસ્સા ભાવ, બાહ્ય કલ્પના અને શબ્દોનાં ચોકઠાં ચાલતાં નથી. લોકજીવન એ એવી કસોટી છે કે આવાં ગીતો આપોઆપ આવ્યા જેમાં ફેંકાઈ જાય છે. ઘણી અટપટું સંગીત અને નર્તનના વધુ પડતા ચાકચીક્ય અવરોધ પણ રાસતૂલ્યના ગતિપ્રાણને રૂંધે છે. અને એવાં રાસતૂલ્યો કયારેક વ્યાયામ-અભિનય જેવાં તો કયારેક કવાયતના ખેલ જેવાં બની જાય છે.

રાસનાં નવાં સ્વરૂપો સાધ્ય બને તો અનિવાર્ય છે. પણ એમાં ચિરંજીવિતા ન રહે, તો દરેક રાસ વખતે એક કવિ, એક સંગીતકાર અને એક નિષ્ણાત નર્તકની જરૂર જીવી રહે જ. આમ વૈવિધ્યથી પ્રાણ પેદા થતો નથી. એ માટે તો રાસમાં જીવંત હિલોલ તત્ત્વ જોઈએ.

એમાં નવા મંથનો ઊતારી શકાય, પ્રજાના મનોરથો ઊતારી

હશાય, અને અમુક સંવેદન પણ સાર્વજનિક બને એટલું પ્રમાણ હોય તો જરૂર ઊતારી શકાય. પણ રાસનૃત્યોની મધુર કલ્પના, પ્રેમ અને લાલિત્ય કલ્પનાના અંતરમાં ફુટાય તો આપોઆપ રાસમાં આવું પ્રેય થાય. દરેક કવિએ સંગીતકાર બનવું જ જોઈએ એવું નથી, પણ સ્વર અને નર્તનની સાદી સમજ હોવી તો જરૂરી છે. જેથી ગીતના ભાવને સ્વર કે નર્તન કયાં નડતરરૂપ બને છે તે સમજી શકાય.

સંતસરવાણી

સૌરાષ્ટ્રના સંતો અને ભક્તોની પરંપરા—નરસિંહ અને મીરાંથી આરંભીને આધુનિક સંતો ભક્તો સુધીની પરંપરા ભક્તિ, સમાજ, સાહિત્ય, ઇતિહાસ, સંશોધન અને વિવેચનનો ઘણો રસિક વિષય છે

એક મહત્ત્વનો વિવાદાસ્પદ મુદ્દો તે નાથ સંપ્રદાયનો. ઇસ્લામની અસર તળે આવેલો મનાતો અને જેના દ્વારા ઇસ્લામનો પ્રચાર થતો હોવાનું મનાતા આ નાથ સંપ્રદાયની સૌરાષ્ટ્રના સંતો અને ભક્તો ઉપર ઘેરી અસર છે છતાં એમાંથી નથી મૂર્તિપૂજાનો વિરોધ જોડતો કે નથી હઠયોગ કે કુંડલિનીયોગની ઊર્ધ્વાકુંડલિનીની તપશ્ચર્યાની સિદ્ધિ ઉપર જ ભાર મુકાતો. સંત જ્ઞાનેશ્વર પણ નાથ સંપ્રદાયના ગોરખનાથના શિષ્ય ગહિનિનાથના શિષ્ય હતા સૌરાષ્ટ્રમાં જતી નાથવાણી કે ગોરખવાણીએ મુક્તાબાઈને કદી મહત્ત્વ નથી આપ્યું ઉત્તરપૂર્વની સ્થિતિ જુદી હોવાનો સંભવ ખરો. નાથસંતને જ્ઞાનદીપના બેઉ સામે નાથ સંપ્રદાયે જે બળવો પોકારેલો એવો જ પ્રખર વિરોધ રામાનુજના અનુયાયી પયોઝીએ પણ કર્યો છે મહાપંથે—માર્ગીપંથે શોકું અનિષ્ટ જરૂર દેખાયું છે. તે છતાં ત્રીજો પંથનો વિવેકી સંગમ સૌરાષ્ટ્રમાં થયો છે અને એમાંથી નિર્ગુણ નિરાકાર સાથે સગુણ સાકારની તમામ અવસ્થાઓમાંથી પસાર થતા સૌરાષ્ટ્રના સંતો ભક્તોએ પ્રભુભાવે વેદો અને ઉપનિષદોની જ વાણીને પોતાની સમાન સહજ બોલવાણીમાં કુંવરબાઈની જેઠી બાઈ સુધી પહોંચાડેલ છે નિરક્ષરો વચ્ચે જ્ઞાન અને અક્ષરનો બોધ આપ્યો

છે. અનીતિ અને અનાચારો સામે પ્રહારો કરીને લોકસંસ્કારમાં સત્ય ધર્મનું જતન કર્યું છે.

મહાપંથ, નાથપંથ અને કબીરપંથની ભજન નિરૂપણી સૌરાષ્ટ્ર ઉપર સૌથી ઘેરી અસર કબીરપંથની પડી છે સંતકવિઓની પરંપરામાં સૌથી વધુ લોકપ્રિય પરંપરા આ કબીરપંથમાં ચાલી છે.

ભારતીય સંસ્કૃતિના જે ત્રણે પ્રવાહો સીમાબંધે અટકયા નથી, અવરોધાયા નથી, તેમ નથી એ સંસ્કૃતિ પ્રવાહે કોઈ કાળના ભેદને ક્યારેય અભેદની ઉપાસના, જ્ઞાન, ભક્તિ અને પ્રેમના એ પ્રવાહો દક્ષિણ હિંદમાંથી ઉત્તર હિંદમાં વહેતા સૌરાષ્ટ્રના સાગરકાંઠા સુધી એકધારા વહેતા રહ્યા છે. નહિ તો કયાં દક્ષિણ ભારતના વૈષ્ણવાચાર્ય રામાનુજ અને કયાં સૌરાષ્ટ્રના સમાજ જીવન દાસી જીવણ અને કયાં મુસ્લમાન સૂફીસંત જીવન હોથી તે નવાઈ!

તાત્ત્વિકભેદોથી બંધાયેલા દક્ષિણ ભારતમાં પ્રભુ ઉપાસનાનો સમાન અધિકાર સ્થાપ્યો વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક રામાનુજે. આ રામાનુજની પાંચમી પેઢીએ સ્વામી રામાનંદે વર્ણાશ્રમનો ક્રાંતિ વિરોધ પોકાર્યો, જન્મથી નહિ પણ કર્મથી માનવીનાં મૂલ્યાંકનો કરવા આદેશ આપ્યો. ગુરુ સાથે મતભેદ પડયો અને રામાનંદસ્વામી ઉત્તર હિંદમાં આવી વસ્યા રામાનંદે ભક્તિમાર્ગના મધ્યયુગના આદિ સંત જોવા મળ્યા છે. કબીરથી ધાનબાઈ સુધી અને રાયથી મોરી સુધી રામતારાનો મહિમા ફેલાવ્યો આ સ્વામી રામાનંદે મધ્યકાલીન ભક્તિવાદનું ભીન્ન-ભેદ્ય સ્વામી રામાનંદે કર્યું. ભક્તિમાર્ગ એવો પણ અભેદનો ઉપાસક.

રામાનંદની કેડી બાંધી મહાત્મા કબીરે દક્ષિણની વૈષ્ણવ ભક્તિ સાથે પૂર્વ ભારતના નાથ સંપ્રદાયની વિચારધારા પણ કબીરપંથે અપનાવી.

વિનોબાજી કહે છે તેમ જ્યારથી માનવતાનો ઉદય થયો ત્યારથી સંતોનો આવિર્ભાવ થયો છે. ઋગ્વેદના થોડાં સૂકતો છોડી દઈએ તો બાકીનું બધું સંતોની વાણીમય જ છે. સામવેદ ઋગ્વેદનાં ઋચાઓ-માંથી ગીતરૂપ છે, જેમાં સ્વરની સાધના વિશેષ હોય છે

ઉપાસના એકની સત્ નામની એ ઉપાસના માટે જુદાં જુદાં સ્વરૂપો કલ્પાયા છે ઉપાસકને પોતામા જે ગુણનો અનુભવ થાય એ ગુણવાળા ભગવાનની એ ઉપાસના કરે

વેદવાણી પણ એ જ્ઞાનની લોકવાણી છે ભગવાન જુદે પણ લોકવાણીમાં જ લખ્યુ વૈષ્ણવવાણી પણ લોકવાણીમાં જ વિસ્તરી. મધ્ય યુગની સતવાણીનું મૂળ આ બેયવાણી, શુદ્ધવાણી અને વૈષ્ણવવાણીની મૂલવણીમાં પડ્યુ છે

રામાનુજે ભક્તિમાર્ગ લોકવાણીમાં જ ઉપાડ્યો કબીરજીની વાણીમાં આ મૂલવણીનો સુંદર સમાગમ થયો જ્ઞાન, ભક્તિ અને કર્મયોગનો સુમેળ સધાયો

એમણે નિર્ગુણ નિરાકારને ઉપાડવા પણ સગુણ સાકારના ઝગડામાં ન પડ્યા

" જાતિ ન પૂછો સાધુકી પૂછ લિજિયો જ્ઞાન,
મોલ કરો તલવારકા પડા રહેને દો મ્યાન "

કબીરજીના રહસ્યવાદમાં કૃદ્રિમ પ્રણાલિ ઉપર કઠોર પ્રહારો રહેલા છે તો બીજી બાજુ શુદ્ધ નીતિ અને શુદ્ધ આચારનો બોધ રહેલો છે એમની ભક્તિ પાછી અકર્મણ્ય પણ નથી શરીરને ભક્તિ જુને કર્તવ્ય કર્મનું એક સાધન માનીને પરોપકારને જીવનનો ક્રમ અને ધર્મ માનનારમાં આવેલ છે પરોપકાર કરવાથી પુણ્ય મળે છે એમ નહિ પણ ન કરવાથી જીવન પાપભાગી બને છે, કારણ કે પરોપકાર એ નિષ્કામ અનાયેલ છે

સહજમ ભેદ સમજાવે છે. આવા ભક્તિમાર્ગે રૂઢ ધર્મના કર્મકાંડ, ચિંતનવાદ, પરોક્ષ, કૃત્રિમ, બનાવટના ભેદ, અનાચાર અને વહુમિથ્યી વિકારોથી પ્રજાને એકદમ આકર્ષી લીધી.

આ કબીરપંથને સૌરાષ્ટ્રમાં કોણ લઈ આવ્યું એની ખાસ કશી સૂચી નથી મળી. અકબરકવિ નરસિંહ અને મીરાં પહેલાં બસો-અઢીસો વર્ષ સુધીના—એટલે કે બાવા સાહેબના સૌરાષ્ટ્રના આગમન સુધીના સંતો, ભક્તો અને ભક્તનિકાની પરંપરા એ સંશોધનનો રસિક વિષય છે. પણ રામકબીરીઓ પંથની કંઠી બાંધીને બાવા સાહેબ સૌ પ્રથમ આવ્યા ત્યારે મહાપંથ એટલે કે મોટો સંપ્રદાય અને નાથ સંપ્રદાયના સાધુઓ અને સંતોની વાણી સારાષ્ટ્રમાં ગૂંજતી હતી.

નરસિંહ મહેતા ગુજરાતના કોમ આદિકવિ મનાય છે તેમ બાવા સાહેબ સૌરાષ્ટ્રમાં કબીરપંથના આદ્ય સ્થાપક મનાય છે. કબીરપંથના પણ જે પંથ ચાલ્યા એટલે રામકબીરીઓ અને બીજા સંતકબીરીઓ. રામકબીરીઓના ભગવા કપડાં પહેરે, માથે કાનટોપો નાખે, ગળામાં તુલસી-કાષ્ઠની માળા પહેરે બાવા સાહેબ રામકબીરીઓના પંથના હતા.

નરસિંહ મહેતા પછી બસો વર્ષે અને કબીરજી પછી બસોક વર્ષે બાવા સાહેબનો જન્મ સોરઠના કનખોદોક ગામે સવંત ૧૬૫૮ના શ્રાવણ સુદ પૂનમના રોજ થયેલો. જાતિએ સુતારજી, પિતાનું નામ કલ્યાણ કકર અને માતાનું નામ અંબાબાઈ કલ્યાણ કકર પ્રભુભક્ત હતા. જન્મની સાથે જ બાવા સાહેબને આપવા જે દાંત પણ જોયેલા બાલક પિતાને પોતાનો પુત્ર કબીર-કુળનો અવતારી જણાયો અને બાવા સાહેબ બાવા કબીર કહેવાયા. પિતા કલ્યાણ કકરે બાબાકબીરના જન્મનો ઉત્સવ માણ્યો. અને સાત લોકોકોએ ઠીકા બાંધ્યા. નામ એવું પાડ્યું પડ્યું કે આ બાળકકુળને કનખોદોક ઊગ્યું પડ્યું અને પોતાના મૂળ વતન બાબાદી જઈ રહ્યું. લોહાણા મહાજનને સોંપ્યા કર્યા અને બાવા સાહેબની કંગા ચલવી આવી.

ભાણુ સાહેબ કબીરપંથી કેમ થયા એની પૂરી માહિતી મળતી નથી. એમ કહેવાય છે કે ખાંભા છટ્ટા નામના એક ભરવાડને ભાણુ સાહેબે ગુરુ બનાવેલ. કબીરપંથની ગુરુ-પરંપરામાં સદ્‌ગુરુનો મહિમા ઘણો મોટો પ્રબળ છે કે ગુરુરમતુ પ્રભુરમતુ જોડલું જ અદ્વિમાપંત ચાલ્યું આવે છે. જ્યારે ભાણુ સાહેબના એક પણ ભજનમાંથી એમના ગુરુનો નામોલ્લેખ મળતો નથી. સંભવ છે કે આપોઆપ અવતારી પુરુષ ગણાયા તેથી કોઈ ગુરુ પાસેથી દીક્ષા ન પણ લીધી હોય. ભાણુ સાહેબને એમના શિષ્યો જગદ્‌ગુરુ માનતા.

આ રામકબોરીમા પંથમાં ભાણુ સાહેબના સમર્થ શિષ્ય રવિરામે રચેલી સંધ્યા આરતી રોજ થાય છે. એમાંથી ભાણુ સાહેબના ગુરુ-સ્વરૂપનું દર્શન મળી રહે છે :

" શુકદેવ બારમી ધામ, નામ નવખંડમેં પાજા,
ભાણુ જગત ગુરુદેવ, રાવ રંક રાખી માજા.
પલ પલ પરચા દીન, પ્રકાશે પ્રહલાદી,
હું તું દિયા ઉઠાઈ, ઉસ મીઠા કિયા પાની.
તીનલોકમેં સાર, શ્રી રામનામ રટલાયે,
અનહદ ધૂની સુની શબ્દ, પાર પરમાતમ પાયે.
અડસઠ મતા ચાલક અલો, રામ ભાણુ કીરે નહિ,
ભાણુ ગાળગર અલોક મુખ, રવિરામ કહે પ્રભા માંહી.
લોહર વંશ અવતાર, સંતનસે રહે લો લીના,
તન મન ધન અરુ પ્રાણ, સકલ હરિ અર્પણ કીના.
પ્રથમ કહ્યુ કલિયુગ, મંદે જઈ મરછ જિવાયો,
ક્રોધ કિયો હરિકેમ, પાંવ જંઘર તોડાયો.
સેજુમેં ખારો નીર, સોહી મીઠો કર લીનો,
કરી હરિ સંતસમાજ, પરસ્પર નિજહી પીનો.

નરનારી ભક્તિ કરી, હોર હોર ખરચ્યા દિયા,
અનહદ લોહર વંશમેં, ભાણુ સાહેબ ભેસા ભયા."

ભાણુ સાહેબ ગુજરાતમાંથી કયારે સૌરાષ્ટ્રમાં આવ્યા એની ભાળ પણ મળતી નથી રહેતા પણ ભાણુ સાહેબે સંસારમાં પ્રવેશ કર્યો અને એમનાં પત્ની ભાણુબાઈની કૂખે બે પુત્રો પણ અવતર્યા. એમાંથી બીજા પાંચમે વર્ષે અવસાન પામ્યો ત્યારે બીજો પુત્ર ભીમદાસ ભાણુ સાહેબનો પ્રતાપી શિષ્ય નીવડ્યો. ભીમ સાહેબ 'બસક દરિયા ભીમ' કહેવાતા. કહે છે કે એમની આંખમાં નૂરના-તેજના દરિયા ભરેલા.

સૌરાષ્ટ્રના સંતકવિઓની—લોકમાનસમાં સ્થાન પામેલી સંતકવિઓની આ ત્રિપુટી ભાણુ, રવિ અને મોકર એ ત્રણેયનો જન્મ અને ઉછેર સૌરાષ્ટ્ર બહાર જ થયેલ છે. ભાણુ સાહેબ ચરોતરના કનભીલેડા ગામના, રવિ સાહેબ આમોદ તાલુકાના તણછા ગામના અને મોકર સાહેબ ભરવાડના કુટાણ મુલક ખાદના.

ભાણુ સાહેબ આવ્યા અને આ ત્રણેય પંથની અજવાણીનો ત્રિવેણી સંગમ રચાયો. અહીં બહુ ઉપાડનારી વાત છે કે ધર્મના અધિકાર લઈ બેઠેલા ધર્મ સામે અખાપુરુષના ક્રાંતિવાદમાં ઊભા થયેલા સંતો બહુધા નીચલા સ્તરોમાંથી જ આવ્યા છે. સ્વામી રામાનંદના શિષ્યોમાં તેહિદાસ ચમાર હતા, કબીર વણકર હતા, સેના ન્હાવી હતા, ધન્ના જાટ હતા, રજ્જબ દરજી હતા, પીપાજી રજપૂત હતા. ત્યારે ભાણુ સાહેબ પોતે ગુલાબ્રા હતા એમની શિષ્યપરંપરા જોઈએ તો—રવિરામ બારિયા હતા, મોકર રજપૂત હતા, ત્રિકમ ઠેઠ મરેડા હતા, બીબો ચાવડો હતા અને પાછળથી અંત્યજ બનેલા, દામો ઝાલરા ચમાર હતા, હેબો સુમરા સંધી હતા, પ્રેમ સાહેબ કડિયા હતા, જ્યારે બાવા જમાત ઊંચી હતા.

હકીકતમાં અખાપુરુષના પૌરોહિત્યના બાધક સામે ઊભો આત્યંતિક બળવો હતો અને એ જ રીતે વર્ણાશ્રમમાંથી પેદા થયેલી અમાનુષિતા અને ક્રૂરતા તથા જાતિના ઊંચનીચપંક્તિઓ સામેની આસક્ત અસમાનતા સામેનો પણ નીચલા સ્તરનો એ બળવો જ હતો.

સૌરાષ્ટ્રે, કચ્છે કે ગુજરાતે બાબુ સાહેબની એ ઉદાર વિચારધારાને સહેજે નહિ સ્વીકારી લીધેલી. ભાબું સાહેબને અનેક આપદાઓ વેઠવી પડેલી, કારણ કે કોઈ સંપ્રદાયનાં બંધનોને તેઓ માને નહિ, ન કોઈ દેશનાં બંધનોને માને. જ્યાં જ્યા એમનો પ્રભાવ વિસ્તર્યો ત્યાં ત્યાં નાતજાતનાં વાડા-પકરી એક પંગતે ભોજન લેતાં અને એક આરે પાણી પીતાં.

પાખંડ ઉપર પ્રહારો, અનાચાર અને કુરૂઢિઓના ભેદો સામે સમાનતા, શુદ્ધ નીતિ તથા શુદ્ધ આચારનો આગ્રહ, અભેદની ઉપાસના અને પ્રભુમય જીવનની એમની વિચારધારાએ કેમ ખળભળાટ મચાવ્યો તેમ રાજકિય લોકોને પણ જગાડ્યો.

બાબુ સાહેબ પોતે સંસારી છતાં સાધુમય જીવન ગાળતા મહી અને રેવા કાંઠાના લોકોના અત્યંત આગ્રહથી ગુજરાતના ચોરવી ગામે એમણે ગાદી સ્થાપી. પોતાના મોટાભાઈ, પણ શિષ્ય બનેલા કાનદાસજીને એ સોંપીને પોતે વિહાર કરતા જ રહ્યા.

બાબુ સાહેબના શીલમય અને ત્યાગી જીવનનો પ્રભાવ એટલો બધો કે શિષ્યોનાં ટોળેટોળાં એમની આસપાસ ઊભરાતાં. પોતે સાળીસ શિષ્યો સાથે વિહાર કરતા. એ 'બાબુફોજ' કહેવાતી આજેય એ બાબુફોજનું બાવીસું પદ ગવાય છે કે —

"સુખ અનહદકી ઠોર, બાબુફોજ નિરખે ચડી,
પ્રથમ કુંવરજી સરદાર, શુરુએ શુરુગમ જડી.
રવિરામ રણુંકાર, નામકી નોબત ગડી,
જીવણદાસ જુગ જુત, અંછાકી તોડી કડી.
અરેા ખેત ખીમદાસ, સૂરત નિશાણે થડી,
સતનામી સામદાસ, બાજનકી લાગી ઝડી.
ઉદાસી ઓમકાર, સૂરત જઈ પ્રાણમાં બાળી,
રાંકરદાસ સન્મુખ રહેજે, બાબુ બંજાર ગાવે.

થરદુદાસ નિરગુણ, હરિદાસ શૂંભ બતાવે,
દયાલદાસ દિલભાંય, કલમકી નાદ સુનાવે,
અરીબદાસ શુલતાનતે, નિતહી કાવડ ફૂરિસવે,
હરખશોખ દો હારકે, સંત ચરણ રજ જડી.
કર જોડી કૃષ્ણદાસ કે', બાબુ હોજ નિરલે લડી. "

જ્ઞાનવિમુખ લોકોએ અન્યયુગના સંતોમાં પ્રથમ તો પરવા લાવ્યા અને પગે લાગ્યા. બાબુ સાહેબના પણ અનેક પંચા ગણાય છે અનુયાયીમાં અનેકના અન્યને કષ્ટતો કર્યો, કેમ્પના તંબૂમાં બારા પાણીને ભીંત કર્યું અને એવા જ રીતે જનમ બંજારિયામાં પણ એક વીરડાનું પાણી મીઠું કરેલું, જે આજેય 'બાબુ વીરડી' નામે ઓળખાય છે સૌથી મોટો પરચો વડોદરાનો કહેવાય છે.

એક વાર બાબુ સાહેબ વડોદરાના મુખ્યકમાંથી બજાર થઈ જતા. રાતવરત બારી ઓટીને સૂતેલા. એમાં કોઈકના બળદ ચોરીને ચોર લોકો ત્યાંથી નીકળ્યા. એ ચોર લોકોએ બાબુ સાહેબના બળદ છોડી લઈને ત્યાં ચોરાઉ બળદ બાંધી દીધા અને બાબુ સાહેબના બળદ લઈ એ ભાગી ગયા.

બહી બળદનો માલિક ઓધતો શોધતો આવ્યો ને બાબુ સાહેબના બારે પોતાના બળદ જોતરેલા જોઈ વડોદરાના મૂળને કુટિલાઈ કરી, એવો હતો મુસલમાન, જરાય સાંભળ્યા સિવાય એણે બાબુ સાહેબને જેલમાં નાખ્યા. નરસિંહ મહેતાને ન' બાકસિક જેલમાં નાખતા એમણે જેમ કેદરો ગાયો હતો તેમ બાબુ સાહેબે આખી રાત ભજન આલપ્યાં કે—

" અસુરાંને મન દયા આવી
એમ બાંધી લુગાવી બાબુ રે,
મીરાંબાઈને મારવા જે દિ'
ચોકો રાય વિસાવી રે,

કંઠડે બાલા અમૃત કીધાં
તે દિ' વિખનો પ્યાલો પિવાણો રે.
ઢોલો રાણો હરિને ભજતો
યંઢાલની નજરે ચઢાણો રે,
પારાધિને પગે વસીઅલ ઠસિયો
સીર માથેં સીચાણો રે.
નામા ભગતનું નીઝણ કીધું
જે દિ' છાપરો છવાણો રે,
કબીરને માથે કરણા કીધી
અથલલડે છોડાણો રે.
છોંડા જળમા જે દિ' ગજને ગરાયો
તે દિ' ગુડ થયો જમરાણો રે,
વારે ચડી પ્રભુ વેલા પધારો
આંયા આવ્યાનો છે ટાણો રે "

કહેવાય છે કે વડોદરાનો મુસ્લમાન સૂબો ગર્વાલિત બન્યો, જેથી બાપુ સાહેબને પગે પડ્યો અને મુરશિદ કરી માન્યા

કમીજડા ગામમાંથી બાપુ સાહેબ વિદાય થતા હતા ગામલોકો આગ્રહ કરી કરીને રોકતા હતા એમ હતા, આ હતા આ કરતાં બારોબાર ગામના ઝાંપા વચ્ચે આવ્યા એ જ વખતે જેને ઘેર બાપુ સાહેબ ઊતરેલા એ બરવાળુ બાઈએ રામદુહાઈ દીધી કે 'એ બાપુ બાપુ! હવે બધી બોક કલ્પ ય આગળ જાશો તો તમને રામદુહાઈ છે'

બાપુ સાહેબ તો ત્યાંને ત્યાં ખોડાઈ ગયા કહે કે 'બાજણ કપાસુ તો ન જ જાય પણ હવે પાછુ પગલું ય ભરવું નથી.' ગામ લોકો મૂંઝાઈ ગયા બાપુ સાહેબને બધુ વધુ સમજાવ્યા બાપુ સાહેબ કહે, 'હવે વેળા પૂરી રહી છે આરે ને અમુને છેડુ પડી ગયુ છે અહીં

જ આપો પોતાપણું' એવું કહ્યું જ આપો એટલાનો વાક્ય સાહેબે ફરવતાં સમાપ્ત કીધી, સવત ૧૮૧૮માં

સૌરાષ્ટ્રમાં ફરીને પોતાના એ પ્રથમ સતની આજ્ઞાનુસારી બહુ બહોળો નથી સભવ છે કે એમના અપ્રગટ આજ્ઞાનોને સમજ ફેલાવ પડયો પણ હોય એમનાં પ્રયત્નિત એવા તો સચરેક પરો જ મળે છે એમની વાણી અરમાનવાણી પણ લીધી ને સરણ છે રૂપકો તદ્દન તળપદી એમની ભક્તિ પ્રેરે કે બનાવ્યે નહતી વિશુદ્ધ માનવભાવથી તત્પરેણ એમની વાણી સાદ અસારના સદ્ગુણાતિસદ્ગમ જોઈને સરળ ભાવે સમજાવે છે

" ભાણ કહે ભટકીશમા, મથી જોને માહી,
સમજીને સૂઈ રહે તો, કરવુ નથી કાઈ,
જોવા એ કોઈ બીજો નથી, પરમેશ્વર પોતે,
અજાની તે આધળો, અળગો થઈને જોતે,
સાચું નામ સાહેબનું, જૂઠું નહિ જરાય,
ભાણ કહે બીજી જો તો, બારે કામ જ થાય "

ભક્તિને જોતીના તળપદા રૂપકમાં બારે સચોટ રીતે ચડાવતાં કહે છે કે —

" તમે કૂડ કપાતના કાઢો રે, વીરા આવ્યો આષાઢો,
વિધિયાના કૂપ વાઢો
અવસર વાશે તો કાઈ નવ હોશે,
તમે કાલર એતર ભત જોજો રે વીરા,
પાતર જોઈ જોઈ બતર કીજે,
તમે વિધિયા કૂળ મત વેઢો રે વીરા,
આવ્યો અષાઢો

ખોટે મને કહેવું એવું રે કીધી, ખરે બપોરે નાસે રે,
આપ્યાં કરીને પાછાં ફરશે, એનાં કહ્યું કથાયે આશે રે.

વીરા આવ્યો અષાઢો.

વિગત નથ જાણે ને બીજ લઈ વાવે, કાઢી કહ્યારે આવે રે.
ધાઈ પૃથ્વીને માઈઠ નર લાવે, એની આગમ ખાધું માં જાશે રે.

વીરા આવ્યો અષાઢો.

વાવ્યા તણો જે નર વિચાર જાણે, બે તો મૂઠ ભેલે લઈ દાણે રે,
જાણ્યું જાણે નર નીપજ્યા ભલાં, એ તો ગુરુગમરે લઈ માણે રે.

વીરા આવ્યો અષાઢો—

સાંભળો સાધુ - સાઈ કરો, સામાં સદ્‌ગુરુ જાયે,
અરસપરસ હોઈ મેકમેકને, કદિ કાલ ન આયે.
નામ રૂપ જબ નિરખિયા, અનહદ ઘર આયા,
ઉંગલા પિંગલા સુખમના, સેજે સેજ ઘર પાયા.
ભમર ગુફામેં ભાઠી બલે, બારે દેખ ઝાલી,
જુગત જાગીને ત્યાં રહે, બેઠા આસન વાળી.
સદ્‌ગુરુ કેરી સાનમેં, સમજે કોઈક શૂરા,
અમરીને જે સહી કરે, તે પદ પાવે પૂરા.
અગમ જ્ઞાન અવિગત કેરી, વિધિ વીરલે જાણી,
જબ તરંગ જળથી ઉપન્યા, જબ માંહી સમાણી.
એક નિરંતર નિરખિયા, નહિ કાયા, નહિ માયા,
ઓચિંતા બાલુ દેવ બોલ્યાં, ગેબી ગેબ ગુરુ ગાયા.

અને આ પરમપદની પ્રાપ્તિ એટલે જ્યોતમાં જ્યોતનું લય થવું. આ શબ્દ સમજવો એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર થવો—નિર્ગુણ નિરંજનની પ્રેમસાધના વડે પૂર્ણ આનંદની સદ્ગુણવરયા પ્રાપ્ત કરવી અખંડ સુખના સંતોની વધુમાં એને પરમજ્ઞાન કહે છે બાલુ સાહેબ જેવા પરમજ્ઞાની કહેવાતા એમના એક ભજન દ્વારા જ એ જોઈએ :

"સતગુરુ મળિયા સેજમાં, જેણે સતનો શબદ સુણાયો,
ચોરાશીનો રાહુ ચુકાવી, અખંડ ધામ બોળખાયો.
પંચ હતા સો થિયા પરિપૂરણ, નવધા નામ મિટાયો,
ઉલમ દશા આવી દલ ભીતર, એકમેં અનેક સમાયો.
અનેક હતા સો અખંડ સમાયો, નહિ જાયો નહિ આયો,
ફેરફર કરતાં ગઈ ભમિની, સોહં સાહેબ પાયો.
જપ તપ તીરથ જોગ ન ધરતાં, સહજ સેરડો પાયો,

ઘટ દરશનમાં ભોજ કરીને, ફરી ફરી ઘેર જ ગ્રાસે.
અનંત કોડમાં આગે ઊભા, સમસ્યામેં સાધ કહાયો,
કહે ભાણો હુરિ ભીતર જોયા, જ્યોતમેં જ્યોત મિલાયો.''

સાધક પોતાની સાધના માટે જીવનવાણીને સાધન બનાવે ત્યારે એમાં કાવ્યતત્ત્વની ચર્ચા અસ્થાને છે એમણે કવિ હોવાનો કદી દાવો નથી કર્યો, તેમ સાધુતાનો અહંકાર પણ નથી કર્યો અલેખાવતી એમની સાધુના તો સાનમાડી જ હતી.*

''જાત ન પૂછો સાધુકી, પૂછ લિજિયો જ્ઞાન,
મોલ કરો તલવારકા, પડા રહેને દો મ્યાન.''

આજ સાહેબની સૌથી મોટી દેન તો જે સમર્થ શિષ્યોની એક મહાન પરંપરા આપવાની એમણે પાખંડીઓને પવિત્ર બનાવ્યા, ધર્મ-ભ્રષ્ટ લોકોને પ્રભુમય જીવન ગાળતા કર્યા અનેકોનાં જીવનમાં પલટા આણીને ઋતંભરોની એકધારી પરંપરા આપી, જેમાંથી આજી સૈકા સુધી એકધારું પ્રચુર ભજનસાહિત્ય નીપજ્યું

''વારાણ્ડી શહેર લોહડર વશ, પ્રગટે ભાણુ દાણવુ કુંસ,
વાકા બાલકા રવિદાસ, અનભે કરયો દઢ વિશ્વાસ.''

ગુજરાતના આમોદ તાલુકાના તણછા ગામનો ભારાડો બાવજ ખાડિ વાણિયો પિતાનું નામ મકનરામ અને માતાનું નામ કેશવાઈ સંવત ૧૭૮૩માં એનો જન્મ થયો આસપાસના ગામોમાં આ બાવજ ખોર વાણિયા રવજીની હાક વાગે એને ભાણુકુર કહેતા અને રવજી રવિદાસ રૂપે સીધી ગયા

''ચરંકાર કે રૂપસે, ભયા રવિકા અંશ,
કયા જનૂ કબીર હે, કે કબીરકા દંશ.''

ભાણુ સાહેબનો એ સમરસ શિષ્ય એમના સમરસ એવા જ એમની વેરાગ્યવાણી મનોહર, મસ્તાની અને દીવાની. નરસિંહ અને મીરાં પછી

જો કોઈ સંતકવિની વાણી વધુમાં વધુ લોકપ્રિય બની હોય તો તે રવિરામ અને દાસી જીવણની

એમણે કવિ હોવાનો દાવો કદી નથી કર્યો તેમ સંત હોવાનો દાવો પણ નથી કર્યો. ગાયે કર્યું છે માત્ર સંતોના દાસાનુદાસ હોવાનો

" અનુભવ કહિયો રે કરનાર અનુભવ,
કહેવા અનુભવકે રૂપ બડા તુમ સંત કહાવો,
દિલમેં કરો વિચાર ચોંપસે ચરચા લાવો,
આંટી છૂટે મન તણી, ભાંગે દિલકી ભ્રાંત,
પછમ દેશ પરમોદકે કયું બેઠ નિરાંત ? "

અસતનો પાટો તોડીને એને તો એક માત્ર સત્ સ્વરૂપનાં દર્શનની ઝંખના છે પણ એની વ્યાકુળ બોજની વાણી અનેક રૂપ ધરે છે છે તો નિર્ગુણ નિરાકારનો જ ઉપાસક, છતાં સગુણ સાકારની ઝંઝટમાં પડ્યા સિવાય અદ્વૈતને ઉપાસે બસ છે

" કથણી બકણી છૂટી ક્રિયા, કોનાં આવે ગીત,
બોલણહારો બાંહ્યો બોલાવો, આપે રહ્યો અદ્વૈત.
પાલો જાણી પાલી રે, હતો તેમ રહ્યો ઠરી,
ઝૂંગે ચાકર ગણી ઝળાઝા, ચમજ ચમજ ઝુસકાય,
રવિરામ રસ કેવે કુણસે ? પરતુ પીણુ જિણવાય,
ઘટોઘટ બોલે રે, સ્વાંગ અનેક ધરી "

સમાધિ દશામાં આત્માનો આનંદ અને યતો વાક્યોનો અનુભવ રવિ સાહેબની વાણીમાં વ્યક્ત થાય છે એની કહેણી ફકીરની છે, છતાં એનો સખીભાવ તો જુઓ !

" સ્યામલીની રાધા રસબરી હો, અહો મેરે પ્યારે
લાલને ચિત્ત લિયો ચોરે,

બે ગરકો મોતી અતિ સુંદર, લાલ લડુ જોઈ જાત,
ઘર અંગને ન ચુકાત લાલડું, દેખત પનઘટ જાત,
પિયા આઓ હોરી ખેલીએ હો,

અહો મેરે પ્યારે તુમ બિન રહ્યો ન જાય,
પતિયાં લીખું પ્રીતમ અપનેકું, પાવક પ્રગટ્યા આપ,
નેહની સેજ જગત નિસવાસર, છતિયાં જરત દુખાય,
કઠણ લગોન તન અક્ક બોજનકી, પીકત રહે દેહ પ્રાણ,
લીજીઓ આપ ચેન સુધ મેરી, કહા કઠન બાચે કાન !"

....

"મેં આનુની રે, મેં જોકન પનિહાર,
મેં પનિહારી રામકી, છીલર જલે ન જાઉં,
પકડા તોક પિયાકે પહોંચું, નિરમલ જળ ભરી લાઉં."

આ વિરહગીતો નીચે નામ રવિરામ ન આપ્યું હોય તો કોઈ ઔરંગાબાદનું જ વિરહકાવ્યો સમજી લે અને નિર્ગુણ નિરાકારના ઉપાસકનાં આવાં સાખીભાવનાં વિરહકાવ્યો એકલા રવિરામ કે દાસી જીવણની વાણીમાં જ નથી. ખુદ કબીર સાહેબની વાણીમાં પણ એ અઢળક રહ્યાં છે. જુઓ :

વરપે બિન આતમ મોર જિયા.
દિન નહિ ચૈન, રાત નહિ નિંદિયાં,
તલપ તલપકે ભોર ભયા.
બાલમ આયો અમારે ગેહ રે,
તુમ બિન દુખિયા દેહ રે.
સબ કોઈ કહે તુમ્હારી નારી,
મોકો યહ સંદેહ રે.

સારાષ્ટ્રે અઢારમી સદીમાં ઝીલી અને વીસમી સદી સુધી ભક્તિરસનાં સૌરાષ્ટ્રની ધરતીને પાન કરાવ્યાં.

ધરતીને ખોળે બેસનાર આ સંતકવિઓએ એકધારા પાંચસો વર્ષથી અહેડને ઉપાસીને સંસારનાં વેરઝેર નિવાર્યાં જ છે પણ એનો પ્રતિકાર આ સંતકવિઓએ આટલા બેસથી ન કર્યો હોત તો સંભવ છે કે આજના સમાજસુધારકોનું કામ ઘણું કપરું બની જાત.

મધ્યયુગના આ સંતકવિઓએ અજ્ઞાનમાં સબડતી જનતાને ઘરઘરાટ અધ્યાત્મવિદ્યા આપી પાપ અને સંતાપ વચ્ચે શાંતિનો અમીરસ સીંચ્યો. આ સંતકવિઓએ આત્મવિકાસની સાથોસાથ જનતાને સહભાગી બનાવીને અનેક પ્રમાદ માન્યતાનું ખંડન કર્યું. ઊંચનીચના ભેદોને વચ્ચે અને અનેકમુખી દ્વૈધા વચ્ચે અભેદ અને અદ્વૈતનો માર્ગ ચીંધ્યો. હકીકતમાં તો એ એક નીચવા સ્તરમાંથી ઊંચા થતા આત્મ-જાગૃતિના ઉપાસકોનો આધ્યાત્મિક પળનો જ હતો. પણ એમાં જ્ઞાનની કોરવટ ન હતી, એમાં હતી ભાવનાની ઊંડપ, આત્મસાક્ષાત્કારની પ્રબળ અને ભૂતમાત્ર પ્રત્યેનો આદર. સાધકપ્રધાની અભિવ્યક્તિ એમાં ભીંજ-રૂપે રહેલી હતી.

આ ભક્તો અને સંતો જ પ્રજાજીવનના નીતિ અને આચાર-ધર્મની આધારશીલા હતા આજેય આ સંતોની વાણી જ માનવજીવનના નીતિ અને આચારધર્મ માટેનું એક માત્ર આલંબન બની રહી છે એવા સંતો અને ભક્તો આજે નથી રહ્યા. અણપ્રીછયા અનેક હોય એની ઓછી બાજ છે પણ વ્યષ્ટિ અને સમષ્ટિનું જીવનઘડણ જો આધ્યા-ત્મિક ઉલ્લાસ રહેવાનું હોય તો એક યા બીજા સ્વરૂપે આ પરંપરા અણખૂટી જ રહેશે.

મેલમાંથી ગણપતિ સર્જાયા. બોળિયા શંકર તો વરદાન ભૂલી ગયેલા. એક દિવસ પાર્વતીજી નાહવા બેઠાં છે, બહાર ગણપતિજીને બેસાર્યા છે, અચાનક શિવજી તપમાંથી પાછા ફરે છે. ગણપતિ માતાની આજ્ઞાનુસાર શંકરને ઘરમાં જવા ના પાડે છે, શંકર એનું મસ્તક કાપે છે. પાર્વતીજી આવે છે, કલ્પાંત કરે છે. સિંહલદ્વીપમાંથી હાથીનું મસ્તક મંગાવી જોડાવી દે છે મોટા થયે ગણપતિજી માતાપિતાની સેવાથી રિદ્ધિસિદ્ધિ પામે છે. આ કથા જુદાજુદા રૂપોમાં તૂટક રીતે મળી આવે છે.

વણિકો 'શ્રી ગણેશાય નમઃ' કહી ચોપડાની શરૂઆતમાં જેની પૂજા કરે છે તે આ રિદ્ધિસિદ્ધિના દાતાની. કોઈ પણ હિન્દુ મંદિરમાં પ્રવેશદ્વાર પાસે જ ગણપતિ અને હનુમાનજી હોય છે તે પણ આ રિદ્ધિસિદ્ધિના જ દાતા. કરસણતખાધિ કોથી પ્રથમ આરણાએ જેમને કોતરવામાં આવે છે તે આ રિદ્ધિસિદ્ધિના દાતા જ ગણપતિ. જે રિદ્ધિ-સિદ્ધિના દાતા હોય તેવા ગણપતિને આપણા લોકો દુબળા-પાતળા સ્વરૂપે કેમ કલ્પી શકે? આથી તો એમના શરીરને સંપત્તિથી ભરપૂર ઢંકાતું ને ઢંકાતું નહિ કલ્પ્યું હોય? એવા રિદ્ધિસિદ્ધિના દાતાના ભોજનમાં લોકકલ્પના લાડુ સિવાય બીજું કોઈ કેમ મૂકી શકે?

બ્રાહ્મણો પાસે પણ રિદ્ધિસિદ્ધિના દાતાની આ જ કલ્પના છે. પણ એમની કલ્પના એથી આગળ વધી એક તત્ત્વ ઉમેરે છે કે, ગણ-પતિ એટલે વિદ્યાના પતિ. બ્રાહ્મણો એક રીતે વિદ્યા-અજ્ઞાન અંધકારનો નાશ કરનાર જ્ઞાનનું જ આરાધન હોઈ બ્રાહ્મણોએ જે ગણપતિનું સ્વરૂપ વધાર્યું તે યથાર્થ છે. તેઓ ગણપતિને ગુરુ, જ્ઞાતા, વિઘ્નહર્તા અને અક્ષરોની સાથે સ્થાન આપે છે.

એકએક હોય સેજ ન સૂવે,
તમ સંગ કેમે નેહ રે.

અમાં કયાંય રાધાકૃષ્ણનું નામ નથી છતાં આ રામાનંદી કબીર-ભક્તની આરપાર પરીક્ષ સૂફીવાદનો પ્રભાવ આવે છે તો બરીક ઝીણી વેધકતી ભક્તિની વિહ્વ વ્યાકુળતા દેખાય છે સખીભાવે જે આકુળતા વ્યક્ત થાય છે તેને નિર્ગુણ નિરાકારના ઉપાસકો પણ છુપેખી શકયા નથી.

રવિ સાહેબનાં વસંત ગીતોમાં પણ આ સખીભાવ વ્યક્ત થાય છે છતાં એમનું ધ્યાન તો લાગ્યું છે તુર્યાતિત અવસ્થા ઉપર :

"હું નહિ જીવ રે, હું નહિ ઈશ્વર, હું નહિ પંચ તત્ત્વકી જાત,
હું નહિ ગુણ નિરગુણ નેહરા, અકલપૂ તે રૂપ સદા સાક્ષાત,
હું નહિ પરા રે પશ્યતિ મધ્યમા, હું નહિ વૈદ વૈખરી વાણ,
ચાર રે દેહ નહિ મારા વિષે, અકારૂ તે અવિચળ નિર્વાણ.
હું નહિ શબ્દ રે નહિ પંચ આતમા, હું નહિ મનબુદ્ધિ ચિત્તઅહંકાર,
હું નહિ જાગૃત રે સ્વપ્ન સુષુપ્તિ, હું નહિ તુર્યા અતિ ચાર,
રહેણીમાં નહિ રે કરણી કોની કરૂ, સર્વ પ્રકાશિત કેવળ ધામ,
સ્વર્ગ મૃત્યુ પાતાળ રે ત્રણ લોકમાં, હું વિના ઠાલો નહિ કોઈ ઠામ,
ધ્યાતા ધ્યેય ચરતે રે વ્યતિરેક ધામમાં, સોહં, નિરાલંબ તુર્યાતિત,
રવિદાસ શ્રીમુખે રે શ્રીકૃષ્ણ ઉચ્ચર્યા, ભક્તિ મને વશ કરે એહ રીત."

શબ્દાતિતને શબ્દમાં ઉતારનાર આ તત્ત્વદર્શન છે અને પરમ દર્શનને તો આ સંતોએ મોક્ષથી પણ વિશેષ માનેલ છે.

"નિરવાણી નિરવાણી, ત્યાં મુક્તિ કરે છે પાણી—"

આ અલૌકિક દર્શનને લૌકિક વાણીમાં રવિ સાહેબ રજૂ કરે છે.

પ્રીતમદાસ મહારાજના કામણમાં.

" પ્રીતમ પ્રેમ સોહાગણી મીઠા, એવા વીરલા પૃથ્વી મીઠા,
જેનું દર્શન કરવા ઇચ્છે, તમને વિવેકદાસી મીઠે."

કાગળમાં વેણે વેણે પછી આતમ અનુભવનું તત્ત્વદર્શન ઝિલાતું આવે છે પ્રીતમદાસ મહારાજ પણ એનો એવો જ તત્ત્વયુક્ત જવાબ વાળે છે સદ્‌ગતમાં રવિ સાહેબનું રૂપ આપે છે કે

" રવિને રૂપે રબની ભાય, અંતરમાં અજવાળું થાય,
દર્શન કરતાં દુઃખડાં ટળે, સહેજે સુખના સાગર ભળે."

આપણે સાહેબના જ બે શિષ્ય રવિ સાહેબ અને ભીમ સાહેબ વચ્ચે જે તત્ત્વગોષ્ઠિ થાય છે એમાં નાદ બ્રહ્મ, સગુણ, નિર્ગુણ, તત્ત્વ ને સદ્‌ગુરુનો મહિમા લૌકિક વાણીમાં આલેખાયો છે

આવા તત્ત્વદર્શી રવિ સાહેબને કોઈ ગોદાવરબ વહી ગયું હશે તે જાણવા સાધુ સાથે પ્રદાવનની જનતાએ ચાલ્યા કહે છે કે લીંબડીના ઢાઢી સંત મીઠાને આ સાંભળી અચરજ થયું આવા સંતનેય વળી આવાં જતાના આકર્ષણ હોય ? લીંબડીને પાદર રવિ સાહેબના પડાવ સામે મીઠા ઢાઢીએ ભજન ઉપાડ્યું :

" બંસરી વાગી રહી વનમાં, સૂરતા લાગી રહી સૂનમાં."

ભજન તો બધું સાંભળ્યું છે, પણ શ્વાસે શ્વાસે જેની બંસરી વાગી રહી છે એવા કૃષ્ણને શોધવા કે ખરતાં તું વનમાં ભટકવા કયા આવ્યો ? તારા હૃદિયામાં જ પ્રદાવન અડ્યું છે એમાં વાગતી બંસરીનો નાદ સાંભળવાને બદલે તું કોની જતાઓ જઈ રહ્યો છે ?

કહે છે કે આ ભજન સાંભળીને રવિ સાહેબે પ્રદાવન જવાનું માંડી વાળ્યું ને પાછા ફરી ગયા એ પછી પોતાના શિષ્ય મોરારનું વચન પાળવા રવિ સાહેબ બબાણિયે જઈને સમાણા

આ ઘટનાનો પારસ્પર્યથ કેવો છે ? એ જાણે જતો લાગ્યો મારવાડના મરાદ ભામના ભુવાન રાજ વાવેવા માનસિંહજીને—

" રવિગુરુ જ્ઞાન પ્રકાશતે, ત્રિગુણ તિમિરકો નાશ,
આતમ અનુભવકે ઉદય, ભયો સ્વરૂપ સમાસ,
ગુરુ દેવનકો દેવ હો, સમરથ સરજનહાર,
ભાખે વેદ પુરાન અસ, ગાવે ગુન મોરાર."

રવિ સાહેબની વાણીનો વાઘેર રાજા માનસિંહજીને પાસ લાગ્યો. સંસારમાંથી મન ઊઠી ગયું. વિષય માત્રામાં આકર્ષણ રહ્યું પણ જેને સત્ નામનો ચટકો લાગી તે હવે સંસારમાં કેમ પડે !

મૈયા મેરો મનવો હુવો રે વૈરાગી,
આવી દશે તો લાગ્યનમાં લાગી રે.
મૈયા મેરો મનવો હુવો રે વૈરાગી.

સંસાર વેપાર મને સરવે વિસારિયો, જોડો સંસારિયો ત્યાગી.
મૈયા૦—

કામ ને ક્રોધ મને કઠણાં રે લાગે, મારા મનડાની મમતા ભાંગી.
મૈયા૦—

મંત્ર સદ્‌ગુરુ અમથો સાંભળિયો, બાંધી મોરલી મધુરી ધૂન લાગી.
મૈયા૦—

રાજ મોરાર ને રવિગુરુ મળિયા, ભક્તિ ચરણની માગી રે.
મૈયા મેરો૦—

આ વૈરાગી પુરુષની આતમ ઝંખના સામે હારીને છેવટે રાજવાટા પૈતૃક ગોને જામનગર તેડી ગયા અને રવિ સાહેબ પાસે માનસિંહજીને દીક્ષા અપાવી એ જામ બ્રાહ્મણિયે જગ્યા બાંધીને રહ્યા.

મોરાર સાહેબે અસંખ્ય પદો રચ્યાં છે જેમાંનાં કેટલાંક આજેય અતિ પ્રચલિત છે.

" હરિને વિચારી માણી તેં શું કીધું રે,
અમરત મેલીને વખ તેં પીધું રે. "

એવું બીજું અવળવાણીનું ભજન —

" સાધુ જલમાં અજવાત જલાયા,
કોઈ અચરજ નજરે આયા."

એવું જ કળિયુગની નિશાનીઓ બતાવતું —

" એકજ ગુરુજી આંધળો બૂઠો જમાન
કહ્યું કળિયુગ તારો રે. "

(૩)

[આ ભજનમાં લગ્નગીત જેવી જ વાત આવે છે કે કૃષ્ણની જાનમાં ગણપતિને બહલિકજ આની ન લેવાવાથી સકટ આવી પડે છે. ભજનના કર્તા તરીકે તો કાઈ એ નરસિંહ મેતાને જ બેસાડી દીધા છે!]

આ....વેલા પધારો તમે ગવરીના ગણપતિ
તમ આવે રે રથડા ચાલે.... —ટેક
આ....શ્રીકૃષ્ણનો વિવાહ રચિયો ને
નવખંડમાં નોતરાં દીધાં હો....જી
તેત્રીસ કરોડ દેવતા જાનમાં સોંઢિયા ત્યારે
ગણેશ મેલ્યા વિસારી હો જી....આ....વેલા૦ ૧
આ....જાનું જોડાવતાં ને ઘોડલા પાખરતાં
વચમાં તે એક દિન લાંગ્યો હો....જી
જાનું પહોંચી સામે સીમાડે ત્યારે
ઈશ્વરનો રથ ભાંગ્યો હો જી....વેલા૦ ૨
આ....ભાંગી પીંજણિયું, ભાંગ્યા તણાવા
ધરિયું બેનડ બળિયું હો....જી
સાલ સાબેલામાંથી ઘોંસરી ભાંગી ત્યારે
ગણેશને સંભાર્યાં હો જી....વેલા પધારો૦ ૩
આ....સ્મરણ મહુના લાડુડા લાવ્યા ને
ગણેશ મનાવાને થાવ્યા હો....જી
અમે ઢૂંઢણા ને અમે સૂંઢાળા
અમ આવ્યે જાનુ તારી લાજે હો જી....વેલા૦ ૪
આ....ઝમઝુમ ઝમઝુમ ચાલ ચલત હે
ગણેશ નોતરે ચાલે હો....જી

બોલે મળ્યા જે'તા નરસીનો સ્વામી ત્યારે
બાંધ્યા રે રથડા ચાલે.....લેલા પધારેા૦ ૫

[અર્થ:—સોદિયા : જનમાં સાથે સોંપ્યા. પાખરતાં : પલાણતાં. પીંજણિયું, તગારા, ધરિયું : લેકના જુદા જુદા વિભાગ.]

(૪)

[પૂરણપુરવાસીના એલા દેવારામે રચેલા આ ભજનમાં સૌરાષ્ટ્રના સાધુઓ ઉત્તર હિંદુસ્તાની સાધુઓના સંસર્ગમાં આવતાં જે 'બીચરા હિંદી' બોલે છે તેની ઝાંટ છે. આમાં ગણપતિનો ઓચાદ રથળે જ ઉલ્લેખ છે. બાકી તો સાધુઓના મનમાં રમતું યોગ સ્વરૂપ જ આલેખવામાં આવ્યું છે.]

આઠ પહેાર ને રૈન દિવસ, તમે રટજો રટજો ઘડી ઘડી,
રે મનવા જપી લે હરિ હરિ. ટેક
સદ્‌ગુરુ નામ સાહેબને સમરેા, ઉન કિરતારે મારી કાયા ઘડી,
ગવરીના નંદ ગણેશને સમરેા, તો રિદ્ધિસિદ્ધિ દિયે કોડી ભરી.
મનવા જપી લે૦ ૧
પાંચ તંતરા બન્યા પીંજરા, સુંદર સુરતા ગજન ચડી,
મૂરતિમેં સુરતા, સુરતામેં રખ લે તો, પૂરણ કાયા તેની અખર પડી.
મનવા જપી લે૦ ૨
જલ બિચ કમલ, કમલ બિચ કલિયાં, વા બિચ હુવા ભરી,
તતબ શિખર પર ચડિયા ત્યારે, અમર લોકની ચાવી જડી.
મનવા જપી લે૦ ૩
ઈંગલા' પિંગલા, સેવા સાધના, સુખમણા નાડી તારે રાજ ખડી,
ઝલમલ ઝલમલ જ્યોત જલત હે, અમરલોકમેં અખર પડી.
મનવા જપી લે૦ ૪

રામગુરુ સ્વામી પૂરણ મળિયા, અમને દીધેલ અમર છડી,
સતગુરુ ચરણે જોડ્યા દેવારામ, તૂટ ગઈ સંતો એની કર્મકડી.
મનવા જપી લે૦ ૫

[અર્થ:—રૈન : નાત હિન : તે પાંચ તંતારા : પાંચ તત્વની—આકાશ, અગ્નિ, વાયુ, જળ ને પૃથ્વી એ પાંચ તત્વની—આખી સૃષ્ટિ અને દેહ અનેક છે એવી યૌગિક માન્યતા છે. સુરતા : ધ્યાન ગગન : આકાશ, શૂન્યસ્વરૂપ પરમેશ્વર તનજ : તત્વ. ઈગલા, પીંગલા અને સુષુમ્ણા : એ ત્રણ નાડીઓ નાસિકામાં આવેલી મનાય છે. યૌગિક ક્રિયામાં એના પર કાબૂ મેળવવાનો હોય છે. ત્રણમાંથી જ્યારે નાડીઓ પર કાબૂ આવી ગયા પછી નાસિકાના અતિરિક્ત મુખમાં પ્રકાશ દેખાય છે એવી યૌગિક માન્યતા છે કર્મકડી - કર્મરૂપી બંધન]

(૫)

[આ ભજનમાં તો ગણપતિને શુદ્ધ ગુરુસ્વરૂપે જ આવામાં આવ્યા છે. એના રચનાર નારણદાસ તો છેલ્લી પચ્ચીસીમાં જ ચોટીલા પાસેના એક ગામમાં થઈ ગયા કહેવાય છે. એમના પત્ની 'રાઈ' ગણપતિની આરાધનાથી બની એવી એની લોકકહેણી છે]

ગણપતિને ગાવો, સ્વામી શારદાને ગાવો,
મારી અરજ સુણીને વેગ્યા આવો.
આવો તો અંતર ટળે અંધારાં, ભીતર સૂઝે બહુ ભારી,
પ્રેમ ગુણ લઈ નહેલા પધારો, ગાઈને ચરણું ઝિરધારી.
મારી અરજ૦ ૧

તેત્રીસ કરોડ દેવ જપે તમને, એના બનીને કરું અસ્તુતી,
મુજ આંધાને મારગ બતાવો, શુભ રસ્તે ચાલે સુરતી.
મારી અરજ૦ ૨

કરી કરુણા દિયો કૂંચિયાં, તમ તણાં બોલો તાણાં,
તમું આવ્યે અકળ ભાવ ઊખળે, ઘટમાં થાય અંજવાળાં.
મારી અરજ૦ :

ભવસાગરની બે ચકરી હાં, હરિજનની લે લાખી,
લાલગુરુ ચરણે બોલ્યા નારણદાસ, ભમણા ભુવપતિએ ભાંખી.
મારી અરજ૦

[અર્થ :—અરતુની : સ્તુતિ. સુરતી : બુદ્ધિ. તમ : આત્મા. બે : જાપ. બે : બગની.]

(૬)

[આ ભજનમાં પણ ભવપતિ-ઉત્પત્તિની કલ્પનાનું જરા વધ વિશદતાથી તથા રંગાત્મકતાથી વર્ણન કરવામાં આવ્યું છે. વર્ણનમાં કવચ માત્યતત્ત્વ પણ દેખાય છે. આ ભજન પહેલાંના ભજન કરતાં તદ્દ જુદા ઢાળે ગવાય છે. પાર્વતીના પુત્રરૂપે પોતાને ઓળખાવના 'ભોંદુ' જાત લોકવીરોના દાદી હોવો જોઈએ એમ લાગે છે.]

અંગરખાનો ભેખ ઉતારીને તેના ઘડિયા ગણોશ
લઈને બેસાડ્યા ઘરને આંગણે, કોઈને આવવા મત દેજો
ઓ....આ'દેવ બિરાજે છે બારણે હો જી
માતા નાવણે, ખમા માતા નાવણે. ટેક
એવે સમે ભોળો આવિયા, અંગમાં ભભૂત લગાવી,
જાશો તો જાવા નહિ દઉં, માતા મોરી રે લાલે રે;
ઓ....મહાસતી બેઠાં નાવણે૦
તેવે સમે શંકર ઠોકિયા, નાના બાળકની માયે રે,
અકર બકરી શીશ ઉડિયાં, ધડ નાખે નિસાસા રે;
ઓ....મહાસતી બેઠાં નવાણે૦ :

અંબાજમાં અણપતિની સ્તુતિ કરી. પણ એમના જાકત હૃદયને ઓટલામાં જ બેસી રહેવું ન ગમ્યું. એમણે અણપતિને ગુરુસ્વરૂપે કલ્પ્યા. એમણે કલ્પેલા આત્મા અને પરમાત્માના કોઈની પાર જઈને એવી આપણા રહેલા અજેય સ્વરૂપે એમને અણી એ રીતે આપ્યા (જુઓ ભજન ૪–૫). આ રીતે અણપતિ માત્ર મંગળ સ્વરૂપ, માત્ર કૃપાળુ ને કૃપાળુ સ્વરૂપ બની જઈને ભજનિકો પાસે સર્વસ્વરૂપ બની રહ્યા છે.

અણપતિને માત્ર સ્થૂલ દૃષ્ટિથી જોવા ને ચાહવા ને એમના પર વેદાંત જેવાં તાત્ત્વિક ભજનોની કાંઈક અસર પડી છે, તેઓ–કબીર-પંથીઓ, દાદુપંથીઓ વગેરે અણપતિને 'અણપતિ' નથી કહેતા પણ 'ગુણપતિ' કહે છે. અણનો સ્વામી એ તો શાસ્ત્રકારોની કલ્પના. ગામડાંના ભજનિકોને એમાં ગમ ન પડી એમણે તો પોતાની સ્વબુદ્ધિ અનુસાર 'ગુણપતિ' એટલે ગુણોના પતિ–આકાર એવું નામ આપી દીધું. આવા ભજનિકો પાસે આપણાથી બનીએ કે 'અણપતિ' એમ બોલાઈ જાય તો તરત જ તેઓ સુધારી નાખે છે કે–'અણપતિ નહિ, ગુણપતિ.' એમની આગે અણપતિ એટલે શંકર–પાર્વતીનો પુત્ર એ દાક્ષ્યાદિપદ વાત અણાય છે. તેઓ તો 'રામ' ને પણ પરમાત્મા સ્વરૂપે પૂજે છે, દશરથના જે પુત્રે રાવણને સંહારેલો એ રામને નહિ.

આપણા ભજનોમાં કોઈ પ્રથમ આવતી આ સાખીઓ અને અણપતિનાં ભજનોને સંગીતની રીતે પણ જોઈ જેવાં ઘટે છે.

શાસ્ત્રીય સંગીતોના રાતના જલસામાં પ્રથમ જે ગીત આવામાં આવે છે તે મોટે ભાગે 'કલ્યાણ' રાગનું હોય છે અને જો 'કલ્યાણ' રાગનું ગીત મોટે ભાગે અણપતિને જ ઉદ્દેશીને આવેલું હોય છે 'કલ્યાણ' રાગ એટલે કલ્યાણકારી રાગ, શાંતિનો રાગ, દિવસભરના શ્રમને ભુલવેપી જનારાને રાત્રિની શાંતિમાં સહેજ જગાડતો મધુર રાગ. એવા કલ્યાણકારી રાગના અધિકારી તરીકે શાસ્ત્રીય સંગીતકારોએ કલ્યાણકર દેવ અણપતિને કલ્પ્યા છે.

એ જ દૃષ્ટિએ ભજનોમાં આવતી સાખીનો ઢાળ હળવા રાગે અને

દોઈ કર જોડી માળી લખમો બોલ્યા, પ્રભુ ભજે તો થાય ગતિ.
મૂરખ મન બાજ શિવ ઉમિયાપતિ.

[અર્થ:– રટણની ' આગ પીનાર બહુતો બાકી અતિ: મોક્ષ]

(૨)

[આ ભજનમાં ગણપતિને ગુરુની સાથે જ સરખાવવા સાથે એમનું સ્વરૂપવર્ણન થયું છે નામાવરણ ' કનકપરી ' અને ' તાજે ' એમ બે ભક્તોનું મળે છે]

હરિગુણ ગાયો, સદાયે સુખ પાયો રામા, પાર પોંચાડી દિયે પલમાં
શુકપતિ, હરિગુણ ગાયો અકલમાં. ટેક
દેવ દયાળા તને સમરિયે, પરથમ પાળુ પરતમા જી,
(પરથમ સમરું સરસ્વતી, પરથમ મતિ માયાળા જી)
સમરિયો સુખ સંપત્તિ દિયે, એટલા શુકુ તુજમા–શુકપતિ૦ ૧
પોંચો પીતાંબર શાલ દુશાલા, કટાર કસી રયો કમરમાં જી,
રંગમહેલમા આવે છે રમતા, પોટે છે શેજ પલંગમા–શુકપતિ૦ ૨
જ્ઞાન સુનાયા જો બહાનું સમરો, જિયન્યા અલેશ ઈશ્વરમાં જી,
(સાચું નામ સાહેબનું સાચું, જિયન્યા ગલેશ ઈશ્વરમાં જી)
શુકુ ગોવિંદ દોનુ એક રૂપ છે, હિલમિલ દિયા રૂદામાં–ગણપતિ૦ ૩
મેરુ કરોને મોંરબાન મુજ પર, દરશન દિયોને દેવળમા જી,
શુકુ પ્રતાપે ગાય કનકપરી, શુકુજી કેરા ભજનમાં–ગણપતિ૦ ૪
(અરીબ ચરણે શુકુ આવે તારવે, અટી અવે ચોરાશીનો ફેરો–
ગણપતિ૦)

તેવે સમે ઉમિયા બોલ્યાં, શંકર આ શું કૃત્ય કીધું રે,
અમૂલખ હીરો મારો રોળિયો, માર્યો મારો પુત્ર ગણેશ રે,
એ.....મહાસતી બેઠાં નાવણે૦ ૩

તમારે પુત્ર ચાર્વંતી કર્યાં હતો ? હોય તો હું પણ જાણું રે,
સાચું બોલો શાણી સુંદરી, તમને ઘણું વખાણું રે,
એ મહાસતી બેઠા નાવણે૦ ૪

અમારે પુત્ર ઉમિયા એક જ હતો, અજની કેરો જાયો રે,
ગામોગામ તેની સ્થાપના, નામ હનુમાન ઠેરાયું રે;
એ...મહાસતી બેઠાં નાવણે૦ ૫

ત્રિલોચન નાથ તમને વિનવું, મુખ્યા ગણેશ જિવાડો રે,
સીંગલદ્વીપ સોહામણો, મસ્તક હસ્તીના લાવો રે,
એ.....મહાસતી બેઠાં નાવણે૦ ૬

શંકર કહે મારી આશિષ છે, હસ્તી—મસ્તક લાવો છેદી રે,
એમ પુત્ર ચાર્વંતીનો બોલિયો, મીઠો થાય રસ રેલી રે,
એ.....મહાસતી બેઠાં નાવણે૦ ૭

અર્થ :- અમારે પુત્ર ઉમિયા એક જ હતો, અજની કેરો જાયો રે—

અજનીનો જાયો : હનુમાન એ શંકરનો પુત્ર કેવી રીતે ? એ માટે પૌરાણિક કથા આમ કહેવાય છે : અજની ગૌતમમુનિ અને અહલ્યાની પુત્રી હતાં કે જ્યારે છળકપટથી ગૌતમની ગેરહાજરીમાં ઇંદ્રે ગૌતમનો વેષ ધારણ કરી અહલ્યા તથા ઇંદ્રને શાપ આપ્યો ત્યારે ઇંદ્રના આવવા સામે કોઈ વિરોધ ન બતાવવા માટે અજનીને પણ શાપ આપ્યો કે, 'જા, તને કુંવારાં કપિ થશે'

પૌરાણિક કથા અનુસાર, પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા અજની કોઈ સમાધિનો ખાડો જાણી, અંદર ઊતરી, આસપાસ માટી પૂરી તપ

કરતાં હતાં લોકકથા અનુસાર-' હું અહીં સમાધિ કરીને નર્મદામાં દટાઈ રહીશ પછી કલ્પ કેમ કરીને ચડશે ?' એમ વિચારી, આકાશમાં દટાઈ તપ કરતાં હતાં

એ સમયે શંકરનું તેજ ભવન થતાં એના તાપથી ત્રણે લોક કાઝતાં હતાં નારદમુનિ એ તેજપિંડ લઈને એ ફરતી શકે એવાં અંજની પાસે આવ્યા શુકુમંત્ર દેવાને બદલે કાનમાં ફૂંક મારતી વખતે બૂમણા-માંથી તે તેજપિંડ અંજનીના શરીરમાં પ્રવેશ્યું અને તેથી જે પુત્ર અવ્યો તે હનુમાન આ રીતે અંજનીનો બનેલો હનુમાન જોઈએ શંકરના પુત્ર

ગરુડ અને હનુમાનને વિષ્ણુભક્ત અને રામભક્ત તરીકે વડવા થતાં ગરુડે પણ હનુમાનને કહેલું કે—

ત્રણ તાત ને માત કુવારી, એવા કુવર કળિયા,
કોઈ કોઈથી ઓળખ્યા નવ જાયે, એક એકથી મળિયા.

હનુમાનના ત્રણ પિતા તરીકે શંકર, વાયુ અને કેસરીને ગણવામાં આવે છે]

(૭)

[આ ભજનમાં પણ અંજનીને આગળના બીજા ભજનની પેઠે સંકટ સમયે સહાય કરનાર દેવ તરીકે ઉલ્લેખી, જેમનું સ્વરૂપવર્ણન કરવામાં આવ્યું છે આ ભજનમાં પણ બે નામોચ્ચારણ આવે છે પહેલો જેના નામનો ઉલ્લેખ છે તે ઉગમ ગુરુ અને શિષ્ય નારણ. બીજો જેનો ઉલ્લેખ છે તે કુંગરપરી]

આ ...માતા કહીજો રે જેની પારવતી ને
જેના પિતા શંકર દેવ,
આઈ રે માતા કેવલી વેળાના દેવને સમરીએ હોજી
હું છો આવો ચંદુનો (ચાપુનો) નિવાજણહાર,
આઈ રે આવા... કેમની વેળાના વેલા આવજો હોજી, કેક

આ....ધૂપ સિંદૂરની તમને સેવા ચડે રે હો.....જી,
એવા ગળામાં ફૂલડાંના હાર, ભાઈ રે મારા૦ ૧
આ....કાને રે કુંડળ ઝળહળે રે હો.....જી,
મોતીડાં તપે રે લેલાટ, ભાઈ રે મારા૦ ૨
આ....શુધબુધ નારી તને અમર ઢળે રે હો.....જી,
એવી રિદ્ધિસિદ્ધિના દાતાર, ભાઈ રે મારા૦ ૩
આ ...નારદમુનિ તારાં ધ્યાન ધરે હો.....જી,
(કોડ અઠ્ઠાશી ઋષિ ધ્યાન ધરે હો.....જી)
એવા નમાવું કરે રે સત્કાર, ભાઈ રે મારા૦ ૪
આ....ઉગમ ચરણે નાદપુ બોલિયા હો.....જી,
એવા કરોડ તેત્રીસનો આગેવાન, ભાઈ રે મારા૦ ૫
(આ દેવ કુંભરપરી બોલિયા હો.....જી,
સ્વામી આવો તો સુખાન મટી જાય, ભાઈ રે મારા.)

[અર્થ :– દોષની વેળા : દુઃખનો સમય. રાંકનો નિવાજણહાર : ગરીબને નવાજનાર, સંપત્તિ આપનાર. બીજે પાદ–તું છો કોઈ લાખનો નિવાજણહાર : તું લાખોની સંપત્તિ આપનારો છે લેલાટ : લલાટ, કપાળ. નમાવું : નમન કરું. તેત્રીસનો આગેવાન : તેત્રીસ કરોડ દેવતાનો આગેવાન, સૌ દેવોમાં ગણેશની પૂજા અને સ્થાપના પ્રથમ થાય તેથી. કોડ અઠ્ઠાશી ઋષિ : જેમ દેવ તેત્રીસ કરોડ કલ્પાય છે તેમ ઋષિ અઠ્ઠાશી કરોડ કલ્પાય છે]

(૮)

[આ ભજનમાં ગણપતિની પૂજાનું વર્ણન છે. એના રચનાર રોરલપરી છે]

ચલો જાંઉં આજ દિલાજાની ઓલાદ, એસા દુઃખ કવિ કીધ ભાઈ ગણપતિ કાજા, એરે ગાજા.

મૂળ મહેલસે ઊપન્યા અહેશા, શુકુગમસે ગમ પાતા
શુકુપતિ૦ ૧
ઝમઝુમ ઝમઝુમ નેકુલ (નેપુર) બાજે, ઝીણી ઝીણી ચાલ ચલાતા
શુકુપતિ૦ ૨
બાર બીર ને અમૃત ભોજન, શુકુપતિ લાડુ પાતા
શુકુપતિ૦ ૩
ધૂપદીપસે કરુ આરતી, ગુગળના ધૂપ હોતા
ગણપતિ૦ ૪
ગુરુ મેતાપે ઓલ્યા તોરલપરી, ભરજીવા ઓલ્યુ પાતા
(ભરજી ગુજર પાતા)
શુકુપતિ૦ ૫

[અર્થ—બોલતા બાપણા નેકુલ નપુર ઝાંઝર ગૂગળના ધૂપ હોતા ગૂગળનો ધૂપ મુખ્ય તો માતાઓના આદ્યસ્થાન સમયે થાય છે ગણપતિના આદ્યસ્થાન સમયે ગૂગળનો ધૂપ થતો હશે ? કે બ્રહ્મદેવ કોઈ ઇતરજનો બાવા હોઈ એમ કયાંઈ વધુ હશે ? આ બાબતમાં મૂખ્યત્વે ગણપતિપૂજનનું પ્રયોજન છે પણ પહેલી કડી ઓલ્યો પછી બધીને તત્ત્વજ્ઞાન સમજી જાય છે એ કડીમાં બાજનિક કહે છે કે મૂળ મહેલમાંથી, પ્રકૃતિના આધારસ્થંભ મૂળ તત્ત્વમાંથી અહેશની ઉત્પત્તિ થઈ છે એ તો, ગુરુની આજ્ઞાથી જ સમજી શકાય]

(૬)

[દેવાયત પંડિત 'આત્મા' બાબતનાર બાજનિક તરીકે બાજનિ ભેમાં બાબુતા છે ગણપતિએ શૂન્ય રૂપમાંથી સૃષ્ટિને કેમ નિપજાવી તે બતાવવા એમાંથી પ્રયાસ કર્યો છે]

શૂકુ તારો પાર ન પાયો, પૂજ્યોના માલિક તારો પાર ન પાયો.
ચમ૦ ઠાકુરીને ગોળાબો—વારી વારી વારી જેક

ચાવરીના નવ ગણેશને મનાવો, જી ચો જી

સમરું શારદા માતા રે—વારી વારી વારી૦ ૧
જમીન આસમાન બાવે ભૂણ વિના માડિયા જી .ચો જી
બેલ વિના આણ ઠેરાયા રે—વારી વારી વારી૦ ૨
મનમમઠણમા મૌધન વિવાણી જી ..ચો જી
મારબજુ નીરહે માયા રે—વારી વારી વારી૦ ૩
ચાબુકનો ચોલો પડિત દેવાયત બોલિયા જી ચો જી
ચાબુકનો બેડલો સવાયો રે—વારી વારી વારી૦ ૪

[અર્થ વારી વારી વારી : ઓવારી જાઉં, ન્યોછાવર થઈ જાઉં આવે પ્રભુએ ચલ , સ્થલ મૌધન , ગાય બેલ્યો અર્થ સવાયો સેવક વૃદ્ધિ પામતો. (૨) પ્રભુએ જમીન અને આસમાન કશા આધાર વગર, માત્ર પોતાની શક્તિના જ પ્રતાપે માંડ્યાં છે આજને તો ચક્રિનો પણ નથી મૂકવો પડ્યો (૩) મનમમઠણમા મૌધિન વિવાણી સત્સ્વરૂપના ત્રિવેણી આસન પર જ્ઞાનરૂપી ગાય વિલાય છે, પણ એને ભક્તુનાર બીજા બીજા જ હોય છે (૪) ચાબુકનો બેડલો સવાયો ચાબુકનો સ્વર ત્રિનમૂર્તિનો વિશેષ વૃદ્ધિગત થતો જાય]

[૨]

અને અલબાલા પ્યારા પ્રેમના

આપણા સંતોનું ભજન સાહિત્ય એમની જુજવી માનસિક સ્થિતિનું નિરૂપણ બતાવે છે એમાં એમની પ્રેમભક્તિ ભક્તિ દેખાય અને જ્ઞાનમય નિર્લેપ સ્થિતિ પણ દેખાય એમાં તેમની બાનુકતા દેખાય અને ખુમારીભર્યું સ્વયંપ્રભુપણું પણ દેખાય

। એ રીતે 'પ્યારો' એ સર્વોની પ્રેમની ખુમારી સાથે જ્ઞાન મિશ્રિત સ્થિતિનું નિરૂપણ બતાવે છે

'પ્યાલો પાવો' એ 'કંઠી બાંધવી', 'ઝભોરવું' અથવા 'ગુરુ-મંત્ર ફૂંકવા' જેવી જ સંત-સમાજની એક ક્રિયા છે. શિષ્ય ગુરુ પાસે પ્રથમ જાય છે ત્યારે થોડો સમય તેનો કસોટીકાળ ગણી તેને રીત-સરનું કશું જ્ઞાન આપવામાં આવતું નથી. ગુરુનાં પાદી-ચલમ કરી આપવાં અને સેવાપરિચર્યા કરવી, એ એની દીક્ષા માટેની તૈયારીનાં સાધન ગણાય છે. આ સમય દરમિયાન ગુરુ એને કઠણ કામો સોંપે, એના પર વિશ્વાસ કસોટી કરવા કયારેક મારે પણ ખરા.

એમાંથી શિષ્ય પસાર થઈ જાય તો એને ગુરુમંત્ર ફૂંકવામાં આવે છે. બીજું કશું જ્ઞાન કે પોથીની પ્રતિષ્ઠા નહિ, માત્ર જપસાધના જ શિષ્યને અપાય છે શિષ્ય સ્થિર આવે જપસાધના કરી લે ગુરુને એનામાં નિશ્ચિતતા અને સ્થિરતા જણાય તો પછી એને 'પ્યાલો' પાય છે.

જ હોય છે. એ ખુમારી પોતાનો માર્ગ 'પ્યાલા'ના રાગમાં–ઢાળમાં રોપે છે 'પ્યાલા'ના ગાનાર સૌ કોઈ સમજે છે કે 'પ્યાલા'ના રાગ અત્યંત ભાવપૂર્ણ, રસે છેવટા અને કાટકાટ આનંદથી ભરાય છે

'પ્યાલા'ના આ રાગ સંગીતની દૃષ્ટિએ તપાસવા જેવા છે એ ધીમા ગવાતા હોય કે ઉતાવળે, એ રાગમાં હૃદયમાં ઝણઝણાટી પેદા કરવાની શક્તિ છે વિશેષ કરીને એ લય જ્યારે ચકચૂર બનાવતા લાગે છે. પ્યાલાનાં ભજનોમાં પહેલા ભજનનો ઢાળ દીપચંદી હોવા છતાં કડીની દોઢ ચરણને-કડીની જે રીતે ઊપાટ મારવામાં આવે છે તે હૃદયને જાણે આંચકા આપી ઊંચે લઈ જતું હોય તેમ લાગે છે.

પ્રથમ જ કડીમાં ભજનિક 'સદ્‌ગુરુ ચરણે' એટલું આર્દ ઘટકે છે. પણ બીજી કડીમાં એ જ શબ્દો લઈ ને 'સદ્‌ગુરુ ચરણે મે આયો' બોલીને જે ઝટકે મારે છે તે ઠેઠ 'મન મતવાલો પ્યાલો પ્રેમનો' સુધી આવીએ ત્યાં સુધી કાયમ રહે છે આવી ઝટકે લગભગ પચ્ચીસ ઉપરા 'પ્યાલા'માં દેખાય છે. બીજા 'પ્યાલા'નો ઢાળ ધીમાની કાફી જેવો છે. પણ ધીમાની કાફી દીપચંદી તાલમાં–લયની લયમાં ચાલે છે જ્યારે આ ઢાળ ત્રિતાલની ચલતીમાં ચાલે છે એમાંયે સાખી તો ધીમાની કરફરી જેવી હોય છે, પણ ધીમાની કાફીની સાખી પૂરી થતાં મૂળ ભજનમાં દાદરાથી ચાલ્યા કરવાય છે જ્યારે આ ભજનમાં તો સાખી પૂરી થતાં, ચલતી આવીને જાણે ઝટકે મારીને જ ભજનને તોળી દે છે.

એ ઝટકે બીજી વિશેષ કસોરે ચાહેલના 'પ્રેમરસકા ભરપૂર પિયાલા'–માં દેખાય છે. એમાં તો એક સાથે 'હરિરસકા ભરપૂર પીઓ કોઈ ઘટાક, ઘટાક, ઘટાક,—' એમ ત્રણ વખત 'ઘટાક' બોલાઈને છેલ્લી વખત ઊપાટ મારે છે કે 'ઘટાક પીઓ કોઈ'

આમ જુદા જુદા ઢાળમાં એક સરખી ઝટકે મારતા અને નવા નવા ભાવ ઉઠાવતા આ 'પ્યાલા'ઓનું શાસ્ત્રીય સંગીતની દૃષ્ટિએ પણ પરીક્ષણ થવું જરૂરી છે.

'પ્યાલા' કયાંથી આવ્યા ?

પણ આ 'પ્યાલા'ની પ્રથા આપણે ત્યાં પ્રથમ કયાંથી આવી ? આપણા સંતસમાજના ભજનો પર જેની વિશેષ છાપ છે એ કબીર સાહેબનું 'પ્યાલા' વિષયક ભજન છે કે—

"પ્યાલા ભર દેને સૂરત કલાલ,
કબીરાજીને આવી છે મતવાલ"

આમ પ્રેમ-મદનું રૂપક મૂકીને કબીર સાહેબે પ્રેમ પ્યાલાનો ઉલ્લેખ કર્યો છે એમનું એક બીજું ભજન પણ બોલાય છે કે—

"પ્રેમરસકા ભરપૂર પિયાલા,
હરિરસકા ભરપૂર પીયો હોઈ,
ઘટાકે ઘટાકે ઘટાકે, ઘટાકે પીયો હોઈ."

પણ આવા વિશેષ સૌરાષ્ટ્રીય રચના આવી ગઈ છે મૂળ કેવું હતું એ કહી શકાતું નથી તો પણ કબીર સાહેબે આ 'પ્યાલા' કયાંથી અપનાવ્યા ? કબીર સાહેબે સૌ ધર્મોનાં સુંદર તત્ત્વોનું સંમિશ્રણ કરીને પોતાનો પંથ ચીંધ્યો કરેલો, એથી એમણે ઈસ્લામના સૂફીવાદમાંથી તો આ 'પ્યાલા' નહિ લીધા હોય ? સૂફીવાદમાંથી સાકી, શરાબ, સનમની રૂપકથી પ્રભુને ભજવામાં આવે છે. એ ભજનમાં પ્રેમપુલકા ખુમારી હોય છે એ ખુમારી આપણને કબીર સાહેબનાં 'અવધૂવાણી'ના ભજનોમાં ક્યાં નજરે પડે છે

આમ કબીર સાહેબનાં ભજનોમાં જે પ્યાલા પ્રયોગ દેખાય છે એનો તો આપણા સંતસમાજ પર આધાર નહિ હોય ?

આપણા ભજનસમાજના સંતો એક રીતે જોઈએ તો કૃષ્ણભક્ત ધર્મસંપ્રદાયોનો સામો પડઘો છે ધર્મસંપ્રદાયો પોતાના વાડા બાંધી સંકુચિત બનીને બેસ્યા, આ સંતોએ વાડ તોડી નાખી, બંધ બાંધી નાખી, 'સૌ સાથે એક બાવળી બાળવા' તે પ્રમાણે આપણા સંતો મુસ્લિમ સાંઈઓ

અને ઔલિયાઓના સંપર્કમાં આવ્યા હશે, તેમાંથી પણ આ 'પ્યાલો' આવ્યો હોય એવો સંભવ છે; કારણ કે મુસ્લિમ સૂફી ઓ પોતાના શિષ્યોને 'પ્યાલો' પાય એવી પ્રણાલિકા છે તાજિયા વખતે ચકચૂર બનીને ફૂલ લેતાં પહેલાં ફૂલ લેનારા અમુક અમુક 'પીરનો પ્યાલો' પીએ છે. 'પ્યાલા'માં પીરના લોહાનના પૂજવાળી જમૂત નાખવામાં આવે છે. કોઈ વધારે પડતી ફૂલ લે તો કહેવાય છે કે 'એણે કયા પીરનો પ્યાલો પીધો છે એ ખબર છે?

એ 'પ્યાલા'ની પ્રથા દેવી-ભક્તિમાં પણ આવી દેખાય છે. માતાનો નવો જૂનો સ્થાપતી વખતે એ માણસને સિંદૂર અને તેલનો પ્યાલો પાવામાં આવે છે તેમ કહેવાય છે. એ પ્યાલો પીને એ ચકચૂર બને છે, મસ્ત બને છે અને ઊકળતા તેલના તાવડામાંથી પૂરીઓ કાઢે છે.

સફીવાદીનાં ભજનો, કબીર સાહેબનાં ભજનો, ફૂલ લેનારે બનેનો કરનાર વખતની માનસિક સ્થિતિ અત્યંત ભાવપૂર્ણ અને ખુમારીયુક્ત હોય છે. ખુમારીનું આ તત્ત્વ બધે સળંગસૂત્ર ચાલ્યું આવે છે. આ સૂત્રની જળવણી આપણા સંતોનાં ભજનોમાં પણ જળવાઈ રહી છે. આથી એમ કહી શકાય કે 'પ્યાલો' એ પ્રેમની ખુમારીનો આવિષ્કાર કરતાં ભજનો છે.

'પ્યાલા' તો લખીરામના

આપણે ત્યાં ગવિ સાહેબ, ત્રિકમ સાહેબ, દાસી જીવણ, લખીરામ વગેરેએ 'પ્યાલા' આપ્યા છે બીજા સૌએ તો અનેક પ્યાલા આપ્યા છે, પણ જેમ મીરાંની કાવ્યો, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં તેમ 'પ્યાલા તો લખીરામના' એમ સંતસમાજમાં બોલાય છે. લખીરામના 'પ્યાલા'ના રાગમાં એ સમયની મસ્તીની ખુમારી સાથે માનસિક ભાવયુક્ત સ્થિતિનું ચીત્ર કોઈ કરતાં વિશેષ એકધારું વધુ બને છે કહેવાય છે કે લખીરામે આવા છ 'પ્યાલા' ગાયેલ છે. લખીરામ (લક્ષ્મી સાહેબ) ભેખધારણ કરેલ હતા. અટક સાળેકિયા હતી. ભાવનગર તાબાના

ગોરિયાર પાસે આવેલા ગામ દરિયાણામાં થઈ ગયા કહેવાય છે. એમના ગુરુ કરમણ બાવજીના ભેખવાળા હતા.

પ્યાલો ૧

[તાલ દીપચંદી]

પ્યાલો પ્રેમનો, પ્યાલો પ્રેમનો પાયો,
જનમ મરણ પાકો ના આવે,
સદ્‌ગુરુ ચરણે, સદ્‌ગુરુ ચરણમેં આયો,
મનમતવાલો પ્યાલો ચાખિયો, પ્યાલો પ્રેમનો રે.
ગુરુજી ! અકરે નાણે કે દિ' ધમાણું ધખે,
પ્રહ્લ અગનિ, પ્રહ્લ અગનિ પ્રજાળી,
ઉગલા, પિંગલા, સુખમણા,
ત્રિપુટીમા તાળી તાળી—મનમતવાલો પ્યાલો પ્રેમનો૦
ગુરુજી ! શૂન્ય શિખર પર ઝાકી જલે,
વરસે અમીરસ, વરસે અમીરસ ધારા,
અટલ કુવારી પ્યાલો બાર રેચે,
સાન સૂરતાએ ભર પાયો—મનમતવાલો પ્યાલો પ્રેમનો૦
ગુરુજી ! વિના પાટે, વિના કોળિયે,
અગ્ય વિના અગ્ની જ્યોતિ,
સૂરજ ચંદ્ર દોનું સાખિયા,
સનમુખ રેચે સલોતિ—મનમતવાલો પ્યાલો પ્રેમનો૦
ગુરુજી ! ગગન ગાજે ને ધૂણું દિયે,
બીજાય ધરણી, બીજાય ધરણી અકારા,
અગમ વાણી બોલે ઓચર્યો,
ઓચર્યો લધીરામ હસા—મનમતવાલો પ્યાલો પ્રેમનો૦

[અર્થ—પ્રેમહૃદ • પ્રેમનો વાટકો તેને બ્રહ્મનાળ મુલાધી મસ્તક સુધી કરોડરજ્જુમાં આવેલી નાડી, જેના પર યોગી કાબૂ મેળવે ત્યારે તે લાલ પ્રભાવેલા ચાબિયા જેવી થઈ જાય છે એમ યોગીઓ કહે છે આ નાડી આવી લાલ થાય ત્યારે 'પ્રબુદ્ધ અગ્નિ' જાગ્રત્ થયો કહે છે. ઈંગલા, પિંગલા, સુષુમણા ઈડા, પિંગલા અને સુષુમ્ણા નામની કાયા, જમણા નાક અને વચ્ચે રહેવી ત્રણ નાડીઓ ત્રિપુટી એ ત્રણ નાડીઓ ગગન શિખર મસ્તકની અંદર આવેલ સૌથી ઊંચું સ્થાન અકલ-કુવારી • શુદ્ધ બુદ્ધિ સાત સૂરના એક ધ્યાન વિનાપાટ વિના કોણ: પાટ મંડિ ત્યારે ભક્તોને પ્રસાદ આપ્યા છે તેને 'કોણીપાવણ' આપી કહેવાય છે પ્રથ સાધિન સૂરજ ચંદ્ર તેનું સાધિયા • પાટની બે બાજુ બોની બે દાંતીઓ પ્રગટાવે છે તેને સૂરજ ચંદ્ર કહે છે સાધિયા: સાધી જ્યોતિ • જ્યોતિ સહિત ધ્રુવું સ્થિ • અવાજ કરે ત્યારે ત્રણમ કોઈને જણાવે છે તેમ]

ઘાટો ૨

[તાલ–ત્રિતાલ ચાલતીમા]

પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે મહેર કરી,
દેહું માં દરશાવ્યા રે, હુરોહર આપે હરિ

(સાખી)

પહેલો પિયાલો ગણીરામનો, બુજતે પાયો બોધ,
કૂંચી બતાવી બ્રહ્મ કાયા તણી, અને કળા બતાવી કોઈ,
ત્રિકુટી તાળાં ઊઘડ્યા, શૂન્યમાં દરશાવ્યા સોઈ,

(ચાલતી)

એવું નજરે બધુ જ્યાજ્યું રે,
જોયું મેં તો જરાએ જરી-પિયાલો૦

આળપંપાળ બાળકો કરી હંસલા !
દહાડે સંભાળે ધીર,
આવો અવસરિયો ફેર ન આવે,
તું સમજ સમજ મનવીર—તમે પીઓ....૧
સૂકે સરોવરિયે હંસલો શોકે,
ફૂવે છે ઘોર ગંભીર !
બગલાનો ચારો છોડીને હંસલા !
ચૂની લે મુક્તાફળ હીર—તમે પીઓ....૨
ગંગા જમના તણત તરવેણી,
બાકો નિરમળ નીર,
સો પીઓ સંત સુહાગી,
મેલી જમતાને તીર—તમે પીઓ....૩
સો દેવન કો દેવ કનૈયો,
સો પીરન કો પીર,
લખીરામને સંતો કરમનું ગયલું,
સાયબ મલ્યા સધીર—તમે પીઓ....૪

ભાવાર્થ : પ્રેમરસનું પાણી તો ખાલ્યું જ નથી જે. તમે પ્યાલો ભરીને પી લો હે જીવ ! બાળપંપાળને છોડી દઈને હિંમત ધીરજ રાખજો આવો અવસર ફરીથી નહિ આવે, ઓ મન ! તું સમજ. ૧

અહા સરોવરમાં હંસ રડ્યા કરે છે અને ધ્રુસકાં ભરે છે. હે હંસ ! (અહા સરોવરનો બાળહંસ) બગલાનો આહાર તજી દઈને મોતી જ ચણી લે. ૨

તીને બેસીને સૌ સુકાની (સૌકાઓવંતા) સતો જળ પીએ છે ૩.

કૃષ્ણ સૌ દેવનાયે દેવ છે અને બધા પીરનાયે પીર છે. શુક કરમણના ચરણમાં બેસીને લખીરામ કહે છે કે અને તો ધીરજવાળા ગુરુ (સાહેબ) મળ્યા છે. ૪.

પ્યાલો ૪

[રાગ-માંડ]

[આ પ્યાલો રવિ સાહેબનો છે. રવિ સાહેબ તણુજા ગામમાં વિક્રમ સંવત ૧૭૮૬માં જન્મેલા. એમના પિતાનું નામ ખેતારામ. માતાનું નામ કેસીબાઈ. એમના ગુરુ ભાણ સાહેબ. એ ભાણિયામાં એમણે સમાધિ લીધેલી કબીરના એ અવતાર કહેવાતા મુખ્ય શિષ્યો મોગર સાહેબ અને ખાસ સાહેબ.]

પ્યાલો મેં પીધો રે, દીયો હરિએ હેત કરી,
પરિગ્રહ ગાળ્યા રે, શૂન્યમાં સબદ લરી—ટેક
સતગુરુએ પ્રથમે રસ રેડયો, ચોટયો રહિયા માંઈ,
સાંધે સાંધે રસ સાંચર્યો, ઉનમુન રહ્યો ઠેરાઈ,
સૂરતા જેની શૂન્ય થઈ રે, બીતરે નહિ દૂરી—પ્યાલો૦ ૧
કામ ક્રોધ લોભ મદ ભાગ્યા, આપસ્યું પામ્યાં અસ્ત,
નવખંડ અકયાસ અંતરથી, મિટ ગઈ પીડ સમસ્ત,
નગરમાં નાચે રે, વિનો કોઈ કુલે હરિ—પ્યાલો૦ ૨
કરવી થાકણી છૂટી ક્રિયા, કેનાં ગાઈએ ગીત,
બોલણહારો બોલાવણો, આપેં રહ્યો અદ્વૈત,
પ્યાલો, ગળી પાણી રે, હતો તેમ રહ્યો હરી—પ્યાલો૦ ૩
મૂંગે સાકર બળી ગળામાં, સમજ સમજ પસ્તાય,
રવિ રામરસ કેસે કહાવે, વસ્તુ વિણ-નિરખાય,
ઘટોઘટ બોલે રે, સ્વાંગ અનેક ધરી—પ્યાલો૦ ૪

ભાવાર્થ : કુંભિએ હેત કરીને દીધો અને મે એ પ્યાલો પીધો કે મારે બાજુ અવકાશમાં પરિભ્રમને ભરપૂર ભરેલા દીકરા (રેક)

અદ્‌ગુરુએ કાનમાંથી (શ્રુતભક્ત દ્વારા) રસ રેડ્યો પણ એ તો મારા હૃદયમા ચોંટી ગયો પછી તો એ સાથે સાથે (રૂવાડે રૂવાડે) ફરી વળ્યો, અને ઉનમુનિ(આત્યન્તિક ધ્યાનાવસ્થા)માં એ સ્થિર થતાં જેની સ્મૃતા (બુદ્ધિ) શૂન્ય (નષ્ટિતત્) થઈ ગઈ છે એણે પ્યાલો પછી ધરતો નથી ૧.

(પ્યાલો પીધાથી) કામક્રોધ, લોભમોહ વગેરે આવરણ નાશ પામ્યાં છે દેહ તથા મનના ઉત્પન્ન ૨૪ વિકારોના સતત ચિંતનથી બધી પીડા મટી ગઈ છે હવે તો હરિ વિના બીજું કાંઈ નજરે જ આવતું નથી ૨

હરિરસકા ભરપૂર પીલો કોઈ,
ઘટાક ઘટાક ઘટાક, ઘટાક પીલો કોઈ,
લાગી સંતો સદ્‌ગુરુ વચનોકી ચોટ લાગી,
હરિગુરુ વચનોકી ચોટ, કલેજામેં
અટાક અટાક અટાક, અટાક કલેજામેં—ટેક
આપકું ખોલે, તબે દિલકું ખોલે,
આખિર રહ્યો તું ગૂંચવાઈ,
તીરથમાતર, સબ ઘર ભટકયો, મરી ગયો તુ
અટાક અટાક અટાક, અટાક મરી ગયો—હે... જી ધિયાલા૦૧

સાધના વિના કોઈ નવ સિધ્યા,
માયામાં રહ્યા લપટાઈ,
દિલદરિયાને જે નવ સમજ્યા, મરી ગયા એ
કૂટાક કૂટાક કૂટાક, કૂટાક મરી ગયા—હે....જી ધિયાલા૦૨

શૂન્ય શિખરમે ધિયે ધિયાલા,
દિલ દેવે તો કાટ,
ગોરખજ્ઞાનીએ આ ગા ચેરાંયાં, ભૂલી ગયાં જેનાં
કપાટ કપાટ કપાટ, કપાટ ખૂલી ગયા—હે જી ધિયાલા૦૩

કહત કબીર સાંભ સુનો મેરે સાધુ,
ખોડી પદ હે રે અગાધ,
સતે મળીને ગોદડી સિવડાઈ, તમે સિવડાઈ દ્યો
અટાક અટાક અટાક, અટાક સિવડાઈ દ્યો—હે....જી ધિયાલા૦૪

ભાવાર્થ : હરિરસ સ્વરૂપ પ્રેમરસથી ભરપૂર પ્યાલો ઘટાક ઘટાક કરીને પીઓ હે સંતો ! અમારા હૃદયમાં તો સદ્‌ગુરુ-વચનોના બાણની અટાક કરતી ચોટ લાગી છે (ટેક)

આત્માને જ શોધો, દિલને તપાસો, બહાર શા માટે ભટકો છો? બધાં વીર્ય બટકી બટકીને તું મરી જવાનો ૧

સાધના કર્યા વિના કોઈ મોક્ષ નથી પામતા આત્મા જ ખૂટવાઈ રહે છે જેઓ ત્રિગુણી દુનિયાને ન સમજી શક્યા એ (બોદાં મોતીની જેમ) ફટાક કરતા મરી જવા છે ૨.

જેઓ શૂન્ય શિખરમાં, ઊલ્ટી (દશાની) આધ્યાત્મિક સ્થિતિએ પહોંચ્યા છે તેઓ પોતાનું હૃદય પણ કાપીને બાળી દે છે મોરપીંછ રાખીને પોતાના શરીર પર કરવત ફેરવવા દીધી હતી, કારણ કે એના હૃદયનો કમાટ ઊઘડી ગયો હતો ૩

કબીરસાહેબ કહે છે કે હે સંતો! આ પદ ઘણું ઊંડું (કઠિન) છે સંતોએ તો પોતાની ઓઢણી સિફતથી લીધી છે (સ્થાન પ્રાપ્ત કરી લીધું છે) તમે પણ તમારી ઓઢણી ઝટપટ કરતા (આપીને) સિફતથી લ્યો ૪

[૩]

આગમવાણી

ભૂતકાળને જાણવો, વર્તમાનકાળના પ્રકારરૂપ ભૂતકાળને ઉકેલવો એ એક જ્ઞાનવિજ્ઞાન કહ્યું છે સંભવ છે કે ભૂતકાળને જાણવાનું માનવીનું આકર્ષણ પોતાની અને સૃષ્ટિની ઉત્પત્તિની રહસ્યમયતાને કારણે થયું હોય બાળકમાં પણ જોઈ સમજશક્તિનો વિકાસ થતાં એને પહેલો પ્રશ્ન એ જ થાય છે કે 'હું ક્યાંથી આવ્યો?' પછી ક્રમશ માનવીને પોતાની અને સૃષ્ટિની પરિમિત શક્તિ અને સર્જકની અમર્યાદ શક્તિનું ભાન થતાં એણે કોઈ વિરાટ સર્વશક્તિમાન, સર્વવ્યાપી, અજર અમર જેવા સ્વયંભૂની કલ્પના કરી

આ સ્વયંભૂ (ઈશ્વર)ની શોધ કરતા કરતા માનવીને અનેક આધ્યાત્મિક અને નૈતિક સત્યોનો પરિચય થયો આ નૈતિક અને આધ્યાત્મિક

સત્યોના સાક્ષાત્કારની આદિમાનવીઓએ અનેક આખ્યાયિકાઓ બાંધી, જેમાં સૌથી વિશેષ સ્થાન ઉત્પત્તિને આપાયું છે. પુરાણો તો એવી ઉત્પત્તિનાં અદ્‌ભુત રહસ્યોથી જ ભર્યા છે. દશાવતારની કલ્પનામાં ઉત્પત્તિરહસ્ય પણ ઐતિહાસિક સ્વરૂપ પામ્યું છે. આમ માત્ર હિંદુ શાસ્ત્રો કે પુરાણો જ નહિ, પણ જગતના કોકેકોક ધર્મશાસ્ત્રની શરૂઆત સૃષ્ટિની રહસ્યમય ઉત્પત્તિકથાથી જ થાય છે.

ઉત્પત્તિનાં રહસ્યો જાણવાની ઇચ્છામાંથી જ બધા ઇતિહાસોનો ઉદ્‌ભવ થયો છે. પણ માનવીની એ ઇચ્છા પાછળની ભાવના કાંઈક આવી છે. ભૂતકાળને શોધતાં શોધતાં માનવ-ઉત્પત્તિ અને એથીયે આગળ આ પૃથ્વી અને જગતની ઉત્પત્તિ પણ શોધી કાઢવી અને એ શોધના તંતુ પર માનવજીવનનો, સમગ્ર જગતનો સાકલ્ય ગોઠવો આવિ ખ્યાલ પણ બાંધી લેવો. માનવીની આ ઇચ્છા દિવસે દિવસે વિશેષ શાસ્ત્રીય બનતી ગઈ છે અને આજે તો એ ઇચ્છાને પરિણામે માનવીએ ઇતિહાસનાં અજ્ઞાતપ્રદેશો પોતાં ઉકેલી પૃથ્વીના પટ પર અને સમુદ્રને તળિયે પડેલા અગમ્ય અવશેષો (Fossils) વાંચ્યા છે. પૃથ્વીના કણેકણને વૈજ્ઞાનિક રીતે વિચારીને પૃથ્વીનો ઉત્પત્તિકાળ, સૂર્યમાંથી એનો ક્રમ અને સૂર્યની પણ હસ્તી શા કારણે છે એ ઉકેલી કાઢ્યું છે. એ શોધો તો આજે નક્કર સત્યો જેવી થઈને જોઈ છે.

પણ આ બધી શોધનું આદિસ્થાન તો ઉત્પત્તિનાં રહસ્યો ઉકેલવાની માનવ-ઇચ્છા જ. પુરાણોમાં મૂકવામાં આવેલ દશાવતારની કલ્પના—મત્સ્ય, કાચબો, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને નકલંકની કલ્પના—પણ વૈજ્ઞાનિક રીતે ચકાસવામાં આવે તો જગતના આદિકાળથી આજ સુધીના ક્રમિક ઇતિહાસનું આલેખન એમાં ઉકેલી શકાય છે એવા પંડિતોના મત સાથે વૈજ્ઞાનિકોનો મત પણ મળતો થતો જાય છે. દશાવતારથી એ કલ્પનામાં મુકાયેલ દશમા અવતાર 'નિષ્કલંક' તો આવિ આગમવાણીના મૂળ આધારરૂપ બની રહેલ છે. આ દશાવતારની

કાળથી ? પુરુષ અને તું પ્રકૃતિ (પ્રકૃતિ) છે (૧) કબીર ધર્મદાસને કહે છે કે મૂળ ઉત્પત્તિની આ કથા તમે સાંભળો (૭)]

બીજક કોહવાજકનું આલેખન

[આ ભજન મોરબીમાં થઈ ગયેલા કવિજન બાલક બીજકા કોહ વાળે ગાયું કહેવાય છે આ ભજન મુખ્યત્વે 'પાટ' જોસે ત્યારે જ સમાપ્ત છે 'પાટ' સમયની લોકોક્તિ કહેવાનો ક્રમમાં ઉલ્લેખ છે પણ એમાં ઉત્પત્તિકથાનો નિર્દેશ કોઈ આડી લીધું છે ભજન ક્યાં અસ્પષ્ટ છે

પ્રથમની બે કડીમાં તો કમની ઉત્પત્તિનું રૂપક તથા એને ઉપદેશ અપાયો છે

જેમ કબીરના આલેખનમાં 'શબ્દે શબ્દે' ઉત્પત્તિ થઈ તેમ આ ભજનની બીજી કડીમાં 'ચાર કોડયું' માં પૃથ્વીની ઉત્પત્તિકથા વર્ણવાઈ છે એ ચાર કોડ્યુના અર્થનાં તો આદિ શિવ અને શક્તિ વર્ણવાયાં છે શિવ-શક્તિએ પ્રથમ પૃથ્વીના આધારરૂપ મેરુ, પછી ધરતી ને પછી આકાશ નીપજાવ્યાં એ પછી વનસ્પતિ, ચાંદો, સૂરજ અને મેઘમલ્હાર પ્રમાણ પા બીજા ભજનોની રીતે તપાસતાં આ ચાર કોડ્યુની સાંકળ આપણને કદી સાંપડે, કા જુદે જ બીજા બધાં આલેખનોમાં મેરુ, ધરતી કે આકાશ પહેલાં ચાંદા-સૂરજની ઉત્પત્તિ વર્ણવાઈ હોય છે, જ્યારે અહીં ચાંદો-સૂરજ પાછળથી પ્રગટેલા જાણ્યા છે]

સાચા હકોર સોનીચે, જપીચે દેવ ઓકાર ટેક.
બીજ બોતર વાવિયો, ધરણી પાયો ધાર,
ધરણી માથે વરણ મોરીયો, જેને કૂળ લાગ્યાં બ્યુપાર;
ચેતન નગરી ને પ્રેમ રાજા, બોલે મુરિજન ચાર,
મુરિજન ! સ્યામને સમરીજો, તારે તારણહાર
જી રે બોલ્યો । પ્રથમ હુતો આના પેટને ગરણહાર, જી
જેટલાં તીરથ કીજિયે, તીરથ શક્તિ હોય,
તીરથ બોજા બોદાવરી, જેના નરમણાં નીર હોય;

બારાતણાં બાર પૂલે, નૂરત ચાંપો સૂરત,
નૂરતમાળા, સૂરત સમરો, સુખમનાને ઘાટ;
કાયાવાડી હંસ લમરો બેલે અઢ ઓગાર.
જી રે રાણી, તીરથરો આ જીવ છે મેમાન ૨
શિવશક્તિ આદિ ઉપન્યાં, કાંકણ ભરિયાં ચાર,
પેલે કાંકણ મેર (મેરુ) માંડ્યો, ધરણી ને આકાશ;
બીજે કાંકણ પવન પાણી વનસ્પતિ આકાર,
ત્રીજે કાંકણ ચાંદો સૂરજ મેલ્યા મેઘમલ્હાર;
ચોથે કાંકણ ભરમ છાયો શિવશક્તિ મેર વાપ.
જી રે રાણી ! કુરિજન હૈયામાંથી મેલ્ય. ૩
સુરિજન મેળા મેં સુણ્યા, ગાયા અપરંપાર,
પાનાં ફૂલિયાં, ચોક પૂર્યાં, બેઠા રઘુશી રાય;
ધરા ગજમ, આકાશ તંબૂ, બેઠા નકળંક પાટ,
રંભા નાચે, વેદ વાંચે, હુવો જેજેકાર;
કર જોડી ચોય બીમો બોલ્યા સિધ્યા સુરિજન સાર.
બીમો કહે 'આપત હોય તો ચામીએ ૪

[અર્થ:— હે લોકો, સાચા ઠાકોરને સેવો અને મોક્ષરૂપી વડપો. (૨૬) ધરણીનો પારો ધારીને ખેતરમાં બીજ વાવતાં ધરણી માથે ફૂલ મેલ્યું, જેને અનેક ફળ લાગ્યાં આ ચેતન નગરીમાં પ્રેમ રાજા છે અને ચાર સુરિજન બેઠા છે હે સુરિજનો ! રઘુમને સમરો, તારણહાર આપણને તારશે, કારણ કે પ્રથમ તો આપણે માતા ગર્ભદ્વારે પડ્યાં હતાં (૧) જોઈએ તીરથ ધારીએ (સેવીએ) એ બધાં આધાર થશે. ગંગા—ગોદાવરીનાં નિર્મળ નીર અર્પો છે નૂરત-સૂરત સાધીને બારને પૂલે (બાર બીજના ઘણીને—નકળ ગને) આ કાયારૂપી વાડીમાં આત્મા-રૂપી ભમરો ગઢ વચ્ચે બેસી રહ્યો છે પણ એ તો થોડા વખતનો મહેમાન

છે (૨) પ્રથમ સ્તિવસ્તિક ગોપન્યા, ગોખણે ચાર કાંકણ[1] ભરી મેરૂ, પત્થ્વી, આકાશ, પવન પાણી, અઢાર વનસ્પતિ વગેરે સમે સૃજ્ય સજ્ઝ ધર્મ સ્થાપ્યો (૩) સુજ્ઞિજનોની આદી ઉત્પત્તિકથા મે જાણી અને વખાણી છે આજે આપ્ય કુળવાથી ચોક પૂરીને રાવત રમૂલી ગજ્ઞ બેઠા છે ધ્ય। જેની જાજમ છે, આકાશ જેનો તબુ છે એવા પાટ પર નકુગાદ (નિષ્કલંક) પ્રભુ મેરૂ છે વેદ વચન છે જેજેકાર થયો છે મેઘવાળ બીમો આવ છે કે આ સમયે બાર મૂરિજના સુગતિ પામ્યા (૪)]

મેઘ ધારૂનું આગમન

[આ આગમનું આરાધી ગાજન 'મેઘ ધારૂ' નામના મેઘવાળ જાતે ગાયુ કહેવાય છે બાલગણ આમમાં 'માતોત્પત્તિ' ના એ ગુરૂ હતા.

આ ગાજન પણ મોટાપથીઓના 'પાટ'ની ક્રિયા વખતે જ સવિશેષ ગવાય છે પણ એમાં આકર્ષક રીતે પ્રાચીન ઈતિહાસ તથા કાંઈક અંશે એ સમાજની પ્રણાલિકાનો ઈતોસ્તતો નિર્દેશ આવી જાય છે]

પહેલો પહેલો જાજન રચિયો પેલાહરાય,
બરુવે લોગે મારે— ,, ''

[અર્થ:– બરી : છાપ. કુંગણી : ઓઢણી દુલદુલ : ઘોડો. બરુવા : વર-કન્યા વચ્ચેની રમત. શેરા : શરબત.]

આ બધાં વિશેષણો પરણવાની તૈયારી વખતે જ કૌશામકુસેનના ઉદ્ગારો કુદરતી પુરાવો રજૂ થયા જેવું સૂચવે છે શરીરે હળદર તો પરણવા જેવડા, વરઘોડે ચડવા જેવડા, પીઠી ચોળવા જેવડા, મેંદી લગાવવા જેવડા હતા ત્યાં જ તેમને આપ્યો

(૬)

'હાય રે બના કાસમ! અફેરનમેં મારે.
જૈયા બીબીકું દિલ્લમેં પિયારે,
હાય હાય નસીબા કુંચારે!
બના કાસમ અફેરનમેં મારે.
હાય રે બના કાસમ.'

' બદલે તો ' બાબાબીબીકું દિલ્લમેં પિયારે,' ' બેનાં બીબીકું દિલ્લમેં પિયારે ' વગેરે સ્ત્રોતનો મૂળનો એ જ પરિતાપો ઉમદાભાવ છે. બના

એટલે વરરાજા કુંજરને બદલે એક પુલાન સવાર હતા, જેની શાદી થવાની તૈયારી હતી.

(૫)

"મેં કુરબાની ઇમામનું કીધો શહીદો.
મેં કુરબાની સૈયદનું કીધો શહીદો.
મક્કેથી જલપા મગાવ્યા,
મદીને મેં જા કુરબાયો—મેં૦"

પછી તો 'મક્કેથી પીઠી મગાવ્યા,' 'મેદી મગાવ્યા,' 'દૂધદુધ મગાવ્યા' વગેરે.

(૬)

"વા....ય રે જુવાનડા વાય! વાય રે બાલે સૈયદ વાય!
વાય રે હાજી હુસેન વાય! આલા! બાવા! મેં કરું બાવા! દરવાજા બોલ, બાવાએ દરવાજા બોલીયા.
દેખી બોબીડી સોય વાય રે સૈયદ વાય!
બાવાએ ઉતારી સરકી પથરી લીધા પુતરકા સોગ—વાય રે૦
સૈયાએ દરવાજા બોલીયા દેખી પુતરકી સોય—વાય રે૦
સૈયાએ ઉતારી સરકી ચદરી લીધા પુતરકા સોગ—વાય રે૦
સોબુંએ દરવાજા બોલીયા દેખી આબુલા બીરકી સોય—વાય રે૦
આયસાંએ દરવાજા બોલીયા દેખી બાલંદકી સોય—વાય રે૦
આયસાંએ ઉતારી સરકી ચદરી લીધા બાલંદકા સોગ—વાય રે૦"

'આયસાં' એ શહીદની પત્નીનું 'સૈયદ' એવું નામ હશે એમ લાગે છે.

(૭)

" રમુમેં ખેલે ઇમામ હુસેનકી
હુસનકી રે હુસેનકી—રમુમેં૦
રીતાંવાલે ઇમામ ! હુસેનકી૦
કંઅલીવાલે ઇમામ ! ,,
માંડવેવાલે ઇમામ ! ,,
તેલવેચાલે ઇમામ ! ,,
પીઠીવાલે ઇમામ ! ,,
માંડવાવાલે ઇમામ ! ,,
સરબતવાલે ઇમામ ! ,,
સેરવાલે ઇમામ ! ,,
કંઅનાવાલે ઇમામ ! ,,
બરીવાલે ઇમામ ! ,, "

ઇમામ હુસેનના મુખ્ય સાથીઓ રમુમાં હુસનકીઓ ખેલતા હતા, મકકેના બહારવટે ચાલ્યા હતા, શાદીના મંડપને શોભતા હતા, તેલ ચિત્ર આલેખવું આ મૃત્યુ-ગીત જે અનેરી છટાથી મનાય (રોવાય) છે તે વર્ણનમાં ઊતરી શકે નહિ. 'હુસનકિયાં રે હુસેનકિયાં' એ શબ્દમાં મરોડદાર લટકો આવે છે પ્રત્યક્ષ માઈ ભતાવવાથી જ એ મરોડની ખૂબી પરખાય.

(૮)

" હાય હાય રે ઇમામ વાવેલા !
શેરી ખલકત ઇમામ વાવેલા !
ઠરેા ઝમઝમ બિયાન વાવેલા !
સાકે ઘરમેં કંઅનીકી તૈયારી,
માતમ હુલાકી રમુમેં સવારી.

હાય હાય રે ઇમામ વાચેલા !
કુરેા ગામકા બિયાન વાચેલા !
રોઈ બલકત તમામ વાચેલા !
લાસ તડપે મૌલાકી કબર પર,
આગ લગી હૈ મેરે જિગર પર
કુરબાન વાચેલા—હાય૦

આનું કેતે યે કરબલેકે અનમેં,
બહેલા ચૂંગી મેં રોઝે હસરમેં.
કુરબાન વાચેલા—હાય૦

બાબા બીબાકુ કેનેે, રજા હૈ,
ઇનકી રજા સે રણમેં સીધાના.
કુરબાન વાચેલા—હાય૦

જીતે રે'ગે તો સાબસેં મિલેગે,
કતલ હોયગે તો કરબલામેં કરના
મુકામ વાચેલા—હાય૦

સાકે બરમેં રીતુકી તૈયારી,
કાસમ કુલાકી રણમેં સવારી
કુરબાન વાચેલા—હાય૦

અમ્માબીબીકું કે'ને રજા હૈ,
તુમારી રજાસેં રણમાં સિધાના.
કુરબાન વાચેલા—હાય૦ "

એ રીતે એક પછી એક સ્વજનની રજા લેવાનું આવે છે અને તેમની જુદી જુદી વિધિઓની તૈયારી બતાવે છે. સાથોસાથ યુદ્ધમાં

બચાવની રજા માગવા છે : હે પિતા, હે માતા, હે બહેન, હે બીબી (પત્ની), હે દોસ્ત, આપે જીવતા રહેવું તો મને ફરી આવી મારફાડ નહિતર કરવા લડવૈયાને મુકામ કરજો.

(૯)

" હુસરતઅલી કે બાગમેં કયા કયા નિશાન હે,
હુસરતઅલી કે બાગમેં ગિન્નતકા ઝાડ હે.
ચંપા ચંબેલી કેવડો ગુલાબ જાત હે—હુસરત૦
ઇનકા બાબા રૂપે ઝાડ બે ઝાડ લાડ ઘરે હે—હુસરત૦"

એ જ રીતે એક પછી એક કુટુંબીને ઝાડને ઝાડને રડતાં પજવે છે, ને છેવટે તો શહીદની સવારીનો ઘોડો પણ રડતો દેખાડે છે—

" ઇનકા ઘોડા રૂપે ઝાડ બે ઝાડ—હુસરત૦ "

(૧૦)

" હાય હાય હુસેના !
હાય હાય રે હુસેના !
મારફાડમેં હુસેના !
હાય હાય રે હુસેના !

બાંધી છે કમર છેલ સકીના પુકારે !
તો મરને રજા લો
હાય હાય રે હુસેના !

મારમારી રજા લો લખ વીર કટાયે !
તો મરને રજા લો !
હાય હાય રે હુસેના ! "

(૧૧)

" હાથ ચોય રે લીલા રંગા હો કપડે,
લીલા રંગા હો કપડે રે
ખોના પીળા રંગા હો બેસ,
હાથ ચોય રે પાનીએ આમલા અચાયા.
બીબડી જોગા માગિયા રે
એને આપાં બાળુડે વેશ–હાથ ચોય હે૦"

આપણું લોકસંગીત

લોકસંગીત શબ્દ આજે નવો નથી રહ્યો પણ પચાસેક વર્ષ પહેલાં એ શબ્દ નવો જ પ્રયોજાયેલો હતો ત્યારે શિષ્ટ સાહિત્ય અને શિષ્ટ સંગીતની બેચાર બેઠકોથી લોકસાહિત્ય અને લોકસંગીત જેવા પ્રયોગો તરફ પણ કંઈક સૂગથી જોવાતું લોકસંગીતના એક પ્રકારે બાળપ્રત્યે આદરભાવ ખરો પણ બાળપણથી ઉચ્ચ પ્રકારનું સંગીત કોઈ કોઈ એવી કલ્પના પણ ઓછાને હતી લોકસંગીત સંશોધન અને વિવેચનનો વિષય તો વર્ષો પછી બન્યું

એક વાત તો નિર્વિવાદપણે સ્વીકારાઈ કે જ્યાં લોકો હોય, લોકોનું જીવન હોય ત્યાં લોકોનું સંગીત પણ હોય જ એનો આકર્ષણીય ક્રમ થયો અને લોકોનું સંગીત તે સંગીત કહેવાય કે કેમ એ જ એક પ્રશ્ન રહ્યો. કારણ કે શાસ્ત્રીય સંગીત એ શિષ્ટ સંગીત છે શિષ્ટ સમાજ વસ્તીવાસી હોય છે એની પાસે જ્ઞાનને સાચવવાનાં સાધનો અને દૃષ્ટિ હોય છે એટલે શાસ્ત્રીય સંગીતનું મૂળ છેક સામવેદના સામગાન સુધી પહોંચાયું

અનાર્યો પાસે કોઈ સંગીત જ નહોતું ?

જે યુગમાં આર્ય અને રાક્ષસના અધિકારી વર્ગ અને અનધિકારી વર્ગના ભેદ નહોતા પડ્યા ત્યાં સુધી જે કોઈ સાધન, સાધક કે જ્ઞાન મળતું તે લોકસમસ્તની મૂડીરૂપે રહેતું સામાજિક ભેદ વધતાં શિષ્ટ સંસ્કૃતિનું ગર્જન થયું અને વટાવખાસી, આગલીરના વાસી અને બાબ

વાસીઓ—જેઓ શહેરથી દૂર રહેતા એમના લોકજીવન અને લોક વ્યવહારે જુદો ઘાટ પકડયો આર્ય અને અનાર્યના બેદ અધિકારી અને અન અધિકારીના ભારે મોટા બેદ ઊભા થઈ ગયેલા

આર્યોના પહેલાં સંગીત હતું કે કેમ એ પ્રશ્ન સહેજે ઉદ્ભવે. જોકે કિરાત, બર્બર વગેરે જાતિઓ અનાર્ય હતી અને સંગીતનિપુણ જાતિઓ એ જ ગણાતી આવી છે (જોકે બર્બર જાતિ વિષે ઝાઝી વધુ મત છે) કહેવાની જરૂર નથી કે જીવન જીવ્યું જાય ત્યાં સંગીત આપોઆપ જીવ્યું થાય જ, પછી એ આર્ય હોય કે અનાર્ય હોય: કારણ કે સંગીતને કોઈ પણ જાતિ સાથે તો એના સરજનાર પૂરતો જ સંબંધ રહે છે બાકી ઊર્મિ અને આવેશ તો પશુપંખીથી માંડીને માનવી સુધી એક સરખાં કામ કરે છે

સંગીતનું આદિસ્વરૂપ

શાસ્ત્રીય સંગીતમાં નાદ એ જ પ્રથમ કહેવાય છે આ નાદની ઉત્પત્તિ સાંયોગિક ગાયકસંઘ, વનરચના, મીડ, કંપ વગેરે તો નહિ જ રહ્યે થયાં હોય માનવીની નાભીમાંથી જે દિવસે નાદ પેદા થયો હશે તે દિવસે એ કોઈ સુખ કે દુઃખના આવિર્ભાવરૂપે જ હશે અને જો એમ માનીએ કે આદિ માનવમાં ક્રમશઃ વિકાસ થઈને આજનો સંસ્કૃત માનવી સર્જાયો છે તો સંગીતનું આદિ સ્વરૂપ પણ દુઃખના ઉદ્ગાર, હર્ષના ઉદ્ગાર અને જયના ચિત્કારરૂપે જ હોવું જોઈએ. શાસ્ત્રીય સંગીત સ્વયંભૂ કે ઈશ્વરપ્રણીત હોવાનો જે એક દાવો થાય છે તે બુદ્ધિગમ્ય તો નથી જ.

ઊર્મિ અને આવેશ જેમ અવાજને આંદોલન અને ગતિ આપે છે તેમ શરીરને પણ આંદોલન અને ગતિ આપે છે કોઈપણ નાદ અને શરીરની આવેશમય ગતિ સાંયોગિક સર્જાય છે પણ માનવીમાં બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ તેમ એના ઊર્મિ અને આવેશો ઉપર વિવેકનો અંકુશ આવતો ગયો અને પ્રાથમિક સ્થિતિના નાદ અને શરીરના વિવિધ

લક્ષણગ્રન્થોમાંથી ધીમે ધીમે સંગીત-નર્તનનું સ્વતંત્ર શાસ્ત્ર થયું એમ માની શકાય.

માર્ગી અને દેશી સંગીત

અનાર્યોનો સંગીતસંસ્કાર આપણને મળ્યો છે કે નહિ એ ગવૈયાઓનો વિષય રહ્યો છે. ઇતિહાસને બાજુએ મૂકીને આપણે જ્ઞાનમાર્ગ આગળ આવીને જ અટકવું પડે છે. જ્ઞાનમાર્ગથી આગળ શ્રુતિ-સ્મૃતિઓ અને ઇતિ પુરાણકથા સુધી ઊતરી આવીએ ત્યાં સુધીના ગાળામાં ક્યાંય આ લોક-સંગીતનો ઉલ્લેખ નથી, પણ ઈ. સ પૂર્વેની બહેળી સદીમાં ભારતીય સંગીતશાસ્ત્રોનો આધિપત્ય ભરતનાટ્યશાસ્ત્ર રચાયો ત્યારે એમાં ગ્રામ ગાન, જાતિ અને અલ્પા જાતિ, મૂર્છના ગાન, માર્ગી અને દેશી માનના ક્રમબદ્ધ વિભાગો કરેલા મળે છે. એમાં લોકસંગીતનો કોઈ ઉલ્લેખ નથી.

શાસ્ત્રીય સંગીતકારોએ માર્ગી ઓલ્યે શાસ્ત્રીય અને દેશી ઓલ્યે જે વિભાગનું બીજું બધું ગયેલો અર્થ ઘટાવ્યો છે. ૧૬મી સદીમાં રચાયેલા 'સંગીતસમયસાર'માં માર્ગી અને દેશી એવા જે ભેદ પાડ્યા છે, માર્ગી સંગીતને નાદ સ્વરની આરાધના વડે મુક્તિપ્રાપ્તિનું દિવ્ય સંગીત કહેલામાં આવ્યું છે, અને દેશી સંગીત માટે 'સંગીતરત્નાકર' કહે છે કે—

> यत्तु भरतेनाद्यैः रचितं लक्षणान्वितम् ।
> देशिरागादिषु प्रोक्तं तद् ज्ञात जनरञ्जनम् ॥

ગ્રન્થકારોએ લક્ષણયુક્ત જનરંજન કરનારું જે ગાન રચ્યું તે દેશી સંગીત.

ગ્રન્થકાર ઓલ્યે વાણી અને ગીત બન્નેનો રચનાર. સ્વ સમય-નારાયણ ભાટક પ્રેમાનંદ વગેરે કવિઓને વાગ્ગેયકાર કહે છે.

દેશી અને લોકસંગીત

આમ સંગીતના શાસ્ત્રીય ભેદો પડ્યા ત્યાં સુધી સ્પષ્ટ એવા બે જ ભેદ આપણને મળે છે એક તો માર્ગી સંગીત અથવા અધિક માન

અને બીજું જનમનરંજનના હેતુથી જે રચવામાં આવ્યું તે દેશી લોકસંગીત એવો ઉલ્લેખ તો ભરત પણ શાસ્ત્રીય ગ્રંથમાં નથી. પણ દેશી ભાષામાં રચાયેલું તે દેશી સંગીત, અને લોકસંગીત તે પણ દેશી સંગીત છે એવો અર્થ સૌ ઘટાવતા આવે છે. આમળ કર્તા 'સંગીત રત્નાકર' કહે છે કે—

देशको जनचित्तानाम् रागः कथ्यते बुधैः ।

મનરંજનના હેતુ માટે રચાયેલ સંગીત તે સર્વને પ્રિય છે અને તેથી જ તે દેશકાલ પ્રભાવે પરિવર્તનશીલ છે.

આમ લોકસંગીત પરિવર્તનશીલ ખરું છતાં લોકોના રંજનના હેતુથી જ કોઈ વાગ્ગેયકારે એને રચ્યું કે નિયમબદ્ધ કર્યું હોય એવું નથી. પ્રેમાનંદ સમા કવિઓ એ વાગ્ગેયકાર હતા. અને પદ, કડવાં, લાવણી, દેશી, ગરબીઓ, ચોપાઈ, છંદ વગેરે બધેરેને બધા દેશી સંગીતમાં મૂકી શકીએ. એમાં એના રચયિતા, રચના અને રચનાનો હેતુ અજ્ઞેય જળવાય છે. બધારે લોકસંગીતમાં નથી રચનારો, નથી નિયમબદ્ધ રચના, નથી લોકોનો રંજન કરવાનો કે કોઈ પ્રકારના છુપસ્થાનો હેતુ. જેને રઢ રામનારાયણ પાઠકે દેશીમાં ઘટાવેલ છે એમાંના લોકલય માત્રામેળવાળો છંદ, ચોપાઈ ને રાસને બોહું બંધન છે. એ લોકગીતોનો પ્રકાર અજ્ઞાત છે ખરો. અને એવાં માત્રામેળવાળાં ગીતોને દેશીમાં જ ઘટાવાય. પણ લોકસંગીતમાં એ માત્રામેળ કરતાં લયમેળ વિશેષ છે.

અને સાંભળનારું મોટે ભાગે ગાનાર પોતે જ હોય છે. ત્યારે લોકસંગીત એ કોઈ લોકોને રીઝવવા હેતુપૂર્વક કોઈ એ રચેલું સંગીત નથી. પણ લોકોના જીવનવ્યવહારમાંથી નીપજેલું સાહજીનું સંવેદન છે. લોકગીતો એ આજે સમારંભ અને મેળાવડાઓનો વિષય બનેલ છે. પણ ૨૫-૫૦ વર્ષ પહેલાં એ જીવનથી જુદું પાડીને સાંભળવાનું નહિ જેવું લોકોનું જીવનસંગીત જ રહ્યું છે. રાગની બંધનવાળાં કે માત્રામેળવાળાં ગીતોનું સ્વરૂપ બહુ ફેરવ્યું નથી ત્યારે એકના એક લોકગીતનાં અનેક ઢાળમાં અનેક સ્વરૂપો સાંભળવા મળે છે. એ કોઈ એકનું નહિ પણ સૌનું છે. માનવ કે એમાં સમષ્ટિજીવનના પડેલ પડે છે. એના ચઢતરમાં, ઢાળમાં, લલકમાં અને હિલોળામાં લોકસંગીત એ રીતે સાર્વજનિક ને સહિયારી મિલકત છે. લોકોના જીવનમાંથી નીપજેલું, લોકો થકી લોકો માટે જ બનાવું તે લોકસંગીત. લોકસંગીત પણ આપોરૂપેણ હોતું નથી જ. કોઈ એક અનામી લોકકવિને હૈયે કડી બે કડી કે આખું ગીત ચડી આવ્યું હશે. પણ એ ગીતને લોકોએ ઉપાસનાનું એનું સૂમસ્વરૂપ કરી જાણ્યું હશે. અને માનવીના સનાતન ભાવોના પડેલ પકડીને લોકકંઠે જન્મ્યા કરતું હશે.

આજે લોકગીતો વિશાળ અર્થમાં બધાંય છે. જેમાં આખ્યાન, કથા, છંદ, ચોપાઈ વગેરેનો અને આજ કરીને જનગીતોનો સમાવેશ થાય છે જીવનવ્યવહારમાંથી નીપજેલું સંગીત એ સહજપણે ઉપરના તમામ પ્રકારોથી જુદું છે. પ્રસંગે પ્રસંગે સંવેદન અનુભવતાં જે સ્વરો નીપજ્યા એવા પ્રાકૃતિક સ્વરોનું એ સંગીત છે. કોઈ પણ લોકસંગીતની ઉત્પત્તિ લોકોના માનસિક વિકાસના આદિ સ્થાનમાં રહેલી છે. વાગ્વૈખરીનાં વાણી અને ગીત પણ એના આધારે રચાયાં છે.

સંગીતનું આકરસ્થાન લોકસંગીત

બીજાવાદન સાથે ગવાતું સામવેદની ઋચાઓવાળું સામગાન પણ વિસ્તૃત પટ પર પથરાયેલા લોકસંગીતના પાયા ઉપર ઊભું જ ન રહી શકે સંગીતને શાસ્ત્રીય સ્વરૂપ આપનારા મૂળ રચયિતાઓએ આકાશ-માંથી નહિ પણ લોકસમુદાયના કંઠમાં ઘૂંટાતા સ્વરોને પકડીને એની

ભૂમિકા ઉપર જ સામમાનની રચના કરી હશે. સંગીતમાર્તંડ પંડિત ઓમકારનાથજીએ પણ આ વિધાનનો સ્વીકાર કરતાં કહેલું કે "શિષ્ટ સંગીતનું આદિકારણ લોકસંગીતમાં છે....મારાં ઘણાં ચયનો અનુભવ અને ચિંતન પછી હું કહું છું કે શિષ્ટ સંગીતનાં મૂળ લોકસંગીતમાં રહેલાં છે."

ફરક ત્યાં પડ્યો કે શિષ્ટ સંગીતને ધર્માશ્રય અને રાજ્યાશ્રય મળી રહ્યો હશે, જ્યારે લોકસંગીત તરફ કદી જઈ કોઈ સુધી હતી એવી સૂગ વધતી જઈ હશે—એ આભીણ, અશિષ્ટ અને અરૂપ જેવું રહ્યું હશે પણ મંદિરો અને રાજપરિવારો કરતાં લોકસંગીતને જનસમુદાયનો જબરો આધાર મળી ગયો. આવું લોકસંગીત લોકોના સમસ્ત જીવન-વ્યવહારમાંથી ઉત્પન્ન થયું અને જીવનવ્યવહારમાં જ વણાયું. પહેલી સવારનાં પ્રભાતિયાંથી માંડીને આગલી રાતનાં જાગરો સુધી લોકોએ સંગીતનો પુલ સાધી દીધો છે. બાળજન્મના હાલરડાંથી માંડીને મૃત્યુ બાદ થતા મરસિયા અને રાગિયા સુધી લોકસંગીતની ત્રિજાત ખિલાવી દીધી છે

લોકસંગીતના બાવતીય પ્રકારો

માનવજીવનનો કોઈ પણ મહત્ત્વનો પ્રસંગ કે ઉત્સવ જુઓ. રોજ-બરોજના સામાન્ય વ્યવહાર જીરવો. સમગ્ર કાર્યવ્યવહાર સાથે સંગીત સંકળાયેલું. લોકસમુદાયે પોતાના સતત અતિરીક્ત કાર્યક્ષમતાનાં ચક્રોને બળે લોકસંગીતનું રસાયન કરીને ગતિને સરળ બનાવી દીધી છે. જોના તાલે તાલે તાલ દઈ ઝીલીએ એવું એ તાલપક્ષ ને લયપક્ષ હોય છે.

આવા તાલપક્ષ અને લયપક્ષ લોકસંગીતના પ્રદેશે પ્રદેશે કંઈ કંઈ પ્રકારો સર્જ્યા છે. બંગાળે ભાટિયલ, ભટિયાલી, ઝુમુર અને કીર્તન આપ્યાં છે, તો પંજાબે ભટિંડા, હીર, ઘોરી અને ગીદ્દા આપ્યાં, તો મહારાષ્ટ્રે પોવાડા, અભંગ, લાવણી અને પદ આપ્યાં. ઉત્તર હિંદના હિંદીભાષી બનારસ પરગણાના પૂરબ વિસ્તારે કજરી ને હોરી આપ્યાં, ઝૂલા, સોહર ને સાવન આપ્યાં, નૌટંકી, ચૌકડિયા અને સાખા આપ્યાં. સિંધે

કાઢી ને સુરી સંગીત આપેલું. સાસરે નીસરાઈ, લોકો અને સાસરાના પ્રકાર આપેલા

એ જ રીતે તાપીલ, તેતુરુ અને કર્ણાટક વિસ્તારે પણ વિવિધ લોકસંગીત સચવાયું છે જ્યારે પાડાઓ અને જંગલોમાં વસતી અનેક આદિવાસી આદિ જાતિઓએ હવે દૃશ્યમય સંગીત આપીને પોતાની વિશિષ્ટતા નોંધાવી છે જુદા જુદા પ્રદેશો તો ઠીક પણ તે તે પ્રદેશની જુદી જુદી જાતિઓએ પણ પોતપોતાનાં દેવતા અને ભાવને અનુરૂપ સંગીત સર્જ્યાં છે

લોકગીતનું અજોડ લાલિત્ય

સપ્ત સાગરની જેમ હજુ મેઘ નવીન ભાતો નવીન રંગો અને નવીન માનવને પોતાનામાં સમાવ્યે જાય છે કલ્પ સંગીત લોકવ્યાપી બની રહ્યું કોઈ અજાયબ કદ પણ એ સંગોને, આસાનીથી આપનાવી લે એવી એની સ્વરરચના સરળ અને ટૂંકી હોય છે ભાવને અનુરૂપ રાગ રાગને અનુરૂપ સ્વરો અને સ્વરોને અનુરૂપ શબ્દો એમાં હોય છે એને ઉપાડવી ને ગોઠવે તો ભાવને અનુરૂપ શબ્દો, શબ્દોનો ભાવ પ્રગટ કરતા સ્વરો અને સ્વરોનું આકર્ષણ ઝીલાવતા લય એમાં વહે છે

લોકસંગીતની ઢબ અને લહેકા અન્ય તમામ સંગીત પદ્ધતિઓ કરતાં વધુ લાલિત્યમય હોય છે આ ઢબમાં ગાતા અને લહેકા લેતા જતા જનસમુદાયના કંઠ એક સ્વરથી બીજા સ્વર પર જતાં બચ્ચા સ્વરોને મૃદુતાથી સ્પર્શ કરતા જાય છે એમ કરીને વચ્ચના સ્વરોનું અપ્રગટ લાલિત્ય ઉમેરતા જાય છે આવા લાલિત્યમય લહેકાને શાસ્ત્રીય સંગીતકારો કાકુસ્વરસંચિત સંગીત કહે છે પ્રબળ પ્રયાસથી જ જેના પર પ્રભુત્વ મેળવી શકાય છે એવા કાકુસ્વરસંચારને લોકકંઠમાં આપોઆપ સ્વાભાવિકતાથી રમતું જોઈને તેઓ તાજુબી અનુભવે છે

ગૌરવપૂર્ણ સાહચર્ય સાધ્યું

લોકસંગીતે ધીરે ધીરે રાગોનો વળોટ પણ લીધો છે આ રાગો એણે શાસ્ત્રીય સંગીત પાસેથી નથી લીધા પણ કુદરત વિકાસ પામતા

ગયા છે અને એની એની આકર્ષક રજૂઆતવિશેષોથી રાજ્યો સુસજ્જ થયા છે. જેમ નર્તન માટે તેમ સંગીત માટેનું પણ સૌરાષ્ટ્ર કેન્દ્ર બનેલું. આપણે જોઈ ગયા કે સોલંકી કુળના રાજાઓ ઉપરાંત નર્તનની જે કેટલી વિકાસ પામી તેનો ખ્યાલની ચાર પ્રમુખ રાણીઓની જોડે સોલંકી સૌથી તરીકે 'ભારત ભાષા'માં ઉલ્લેખ થયો છે. એ જ રીતે આરંભ રાજ પણ પટ્ટણીજાતિ કુળે આપ્યો છે. રાણીવાસ અને સારંગના મિશ્રણમાંથી જે રાગ ઉત્પન્ન થયો તે આજનો શાસ્ત્રીય સોરઠ રાગ. એ જ રીતે ગિરિયલ રાગ પણ વેરાવળ કુળમાંથી ઉત્પન્ન થયો છે. મૂળ નામ વેરાવળી, પાર્શ્વ ગાઢ વેરાવળી અને એનું કોરાયું રૂપ વેરાવળ. પણ મીઠા લોકો પછી મુસ્લિમોએ પોતાના ઉચ્ચારોથી આ રાગનાં ઘણાં નામ બદલી નાખ્યાં છે. અદ્રિક જેવા પણ સૌરાષ્ટ્રમાં ઉત્પન્ન થયો એમ કહેવાય છે. સંગીતનિપુણ રાજાનો વાદ્યવિનોદ સૌરાષ્ટ્રમાંથી જોવા જ રાગો ઉત્પન્ન થયાનું જણાવે છે.

સૌરાષ્ટ્રનાં મંદિરોમાં સંગીત

સૌરાષ્ટ્ર વેદાગ્રણી તીર્થસ્થાન રહ્યું છે. પ્રભાસ, સોમનાથ, ગિરનાર, શત્રુંજય, વલભી અને દ્વારિકા તો ખરાં જ. પણ વૈષ્ણવ સંપ્રદાયે પણ શાસ્ત્રીય સંગીતને સૌરાષ્ટ્રમાં ઠીક ઠીક જાળવી રાખ્યું છે. પ્રસિદ્ધ દેવાલયોમાં તો આપણો વિશાળ વિભાગ નક્કી થતો તે આપણે સોમનાથનાં વર્ણનોમાં વાંચીએ છીએ. અલબેરૂની કહે છે તે પ્રમાણે સોમનાથમાં સંધ્યા-આરતી વખતે ૩૦૦ દેવદાસીઓ નૃત્ય કરતી. સોમનાથમાં સામગાન તો છેક અલ્લાઉદ્દીનના સમય સુધી ગવાતું. એ સામગાન સોમનાથના ગાયકોના વારસદારોમાં પરંપરાગત ઊતરી આવ્યું હોવાનું કહેવાય છે. શાસ્ત્રીય સંગીતે ભારતમાં બે જ સ્થળે સુવર્ણકાળ જોયો છે: એક દક્ષિણ ભારતનાં મંદિરોમાં અને બીજો સોમનાથ અને વલભીનાં મંદિરોમાં. શાસ્ત્રીય સંગીતની આ પરંપરા રાજ્યના મુખમાં આત્મા કરી છે. રાં કલાદ બીજાના દરબારમાં મોટો અજંપો હતો. પણ લોકોના જીવનમાં છેલ્લાં પાંચસો વરસમાં સંગીતના જે પટ્ટેક પડ્યા તે નરસિંહ, મીરાં,

સાધુ સંતોની જાજનવાણી અને વૈષ્ણવ તથા સ્વામીનારાયણ સંપ્રદાયને લીધે જ.

લોકસંગીતના રાગ અને ઢાળ

આ રીતે સૌરાષ્ટ્રમાં સંગીતનો વારસો છે જ. જે પ્રદેશનું લોક-સંગીત ઉન્નત હોય એ પ્રદેશનું શાસ્ત્રીય સંગીત પણ ઉન્નત બને. દક્ષિણ ભારતે અને બંગાળના દાખલા આપણી સામે છે. એમ કહેવાય છે કે સૌરાષ્ટ્રમાં લોકસંગીતનો જેટલો વિકાસ થયો છે એટલો ભારતના અન્ય પ્રદેશો બાબતે જ થયો હશે. સંગીતની દૃષ્ટિએ જોઈએ તો લોકસંગીતમાં પ્રધાન રાગ સામંતી, ભિક્ષાવલ, આશાવરી, માર, સિંહાલ, કાફી, સારંગ, મલ્હાર, ધનાશ્રી અને ભીમપલાસી જેવા રાગો અનેક ઢાળમાં ગવાય છે. લોકસંગીતની ખૂબી એ છે કે એકાદ જ સ્વરની રમતમાં જેવે ઢબના ઢાળ આપ્યા છે. એમાંનો એક એક ઢાળ પોતાનું આ સ્વરૂપ ધરાવીને પોતાના ભાવ સચોટ રીતે રજૂ કરે છે. પોથડા ને સિંધુડો ગુદ્ધાવેશ જાગે કરે તો મરસિયા ને રાજિયા શોકની છાયા ઢાળે છે પંજાબી ઢંગ પ્રેમની ઉન્મત્તતા આપે તો ભજનો પારિજ્ઞ ભાવના વિલસદ્ભક્તિ સાન્નિધ્યતા ને શાંતિ પ્રસારે. અરધી રાતનો ગજર જાગતાં ગવાતાં આરાધનાં ભજનો ઇષ્ટની આરાધનામાં એકાકાર કરે તો વહેલી પરોઢનાં પ્રભાતિયાં ઈશ્વરની લીલાનો પ્રસન્નમધુર આસ્વાદ આપે. સાંજની બપોરે ગામડને હિંચોળતાં હિંચોળતાં પ્રલય સૂરે ગવાતાં હાલરડાં વાત્સલ્યનું મીઠું ઘેન આપે તો ઋતુઓમાં લોવાતા રમઝટ રાસડા રસની છોળો છલકાવે.

લોકસંગીતનાં તાલ ને તાલગી

તદ્દન નિયમબદ્ધ બારતના શાસ્ત્રીય સંગીતની Melody અને નિર્બંધપણે પોતાનો હેતુ ધરતા પાશ્ચાત્ય સંગીતની Harmony વચ્ચેની કડીરૂપ જ બનશે આ સંગીત છે બન્ને સંગીતની શક્તિ-અશક્તિ મૂલ્યવાન અભ્યાસીઓએ લોકસંગીતનો આ દૃષ્ટિએ અભ્યાસ કરવાની જરૂર છે. લોકસંગીતના તાલ પણ સાદા જ. હીંચ, કેરવા કે ધમાર, ત્રિતાલ દીપચંદી કે દાદરા. રાસમાં હીંચ ને કેરવા વિશેષ પ્રચલિત છે, બાકી

આજનાં ત્રિતાલ, દીપચંદી ને દાદરા કરતાં વધારે સ્વતંત્રતા હોવાથી એમાં મસ્તી ભરી છે પણ ગજબ તો દીપચંદીનો છે. ૧૪ માત્રાનો આ તાલ આપણા લોકસંગીતની એકરૂપતા સર્જીને મુક્ત સ્વરૂપ નીપજાવે છે. માત્ર ગજલમાં જ નહિ પણ લોકગીતોમાં પણ કારણ કે દીપચંદી તાલ લોકગીતોમાં જ અને લોકસંગીતના ગરબાગીતોમાં આ દીપચંદી જેવો ભાસે છે એવો આખે જ સંગીતની કોઈ બીજી પદ્ધતિમાં ભાસે છે

લોકગીતોની રચના મોટે ભાગે પાંચ સ્વરોની હોય છે જેમાં વચ્ચની હોય છે પણ અંતરો નથી હોતો. પણ સ્વરની રચના એવી રમ્ય ને મનોહારી હોય છે કે તરતજ દિલ ઉપર કાબૂ કરાવે છે લોક સંગીતના સ્વરો અને સ્વરસ્થાન બહુ સ્પષ્ટ હોય છે ઓછા સ્વરો, ભરપૂર ભાવ અને સ્વરની આક્ષેપિક કરકસર. ઓછા સ્વરોને કારણે ગતિવેગ ખૂબ આપી શકાય છે ને ગીતને ચલતી શકાય છે લોકસંગીતની બીજી મોટી ખાસિયત ચલતાં ગીતોની છે. આખામાં ચલતાં ગીતોનો તાલ પકડવા ટેવાયેલા તબલચીને લોકસંગીતમાં ગોથાં ખાય છે. અર્ધી અર્ધી માત્રાઓ મૂકીને અને બબ્બે માત્રાઓ મૂકીને અર્ધી માત્રાને સ્પષ્ટ કરી લોકગાયક આખે રંગત જમાવે છે.

લોકસંગીતનાં વાદ્યો

ભાવને અનુરૂપ સારાં રાગ, તાલ અને એવાં જ સારાં વાદ્યો હોય છે ખરી, પાવો ને ઝરણાંઃ હોલ, હોબાઈ, પખવાજ અને મોરલા-નગારાં, રાવણહથ્થો, એકતારો ને ઝાંઝરીઃ કરુણ, આકર્ષક, ખમાજ અને આજકાલ બહુ, પખો ને ઘૂઘરઃ આ છે લોકસંગીતનાં વાદ્યો લોકકવિ ગીતના રચરે પોતાં કહેવાતા કેટલીક વાર સિતારનો ઉપયોગ કરે છે. પણ સિતાર ઉપર ગોકવા આવા જ બનાવટા બાજ છે આવા સારા રાગ, સારા તાલ અને સારા વાદ્યો વડે આદિવાસીઓ અમુક ઋતુમાં, ઉત્સવની બીજોએ કજરી ઋતુમાં અને ગુજરાતના લોકો ગરબીમાં અને રાસમાં ઋતુમાં ધરતીને સાક્ષીએ ગાતાં હોય છે.

લોકસંગીતમાં પ્રેરણા-પાન

ભાવનાના સનાતન ભાવો વ્યક્ત કરનારાં લોકગીતોમાંથી કવિકુલ-ગુરુ કાલિદાસથી માંડીને ગુરુવર ટાગોર સુધા સમર્થ કવિઓએ પ્રેરણા પીધી છે આ લોકસંગીતમાંથી જ પ્રેરણા લઈને રચાયેલા ભજનોએ લોકસંગીત જેવી જ ચિરંજીવિતા પકડી લીધી છે ઉત્તર હિંદના નાનક, કબીર ને તુલસીદાસ; ગુજરાતના નરસિંહ, મીરાં અને સતપર પરાક્ષ મહારાષ્ટ્રના જ્ઞાનેશ્વર અને તુકારામ; દક્ષિણના ત્યાગરાજ અને બંગાળી અને બંગાળના વિદ્યાપતિ, ચંડીદાસ તથા રામપ્રસાદ જેનાં સમર્થ દૃષ્ટાંતરૂપ છે.

આપણી નજર સામે જ કવિવર રવીન્દ્રનાથે બાઉલ, ભાટિયાલી, ઝુમુર અને કીર્તનમાંથી પ્રેરણા પીને જે રવીન્દ્ર સંગીત રચ્યું છે તેણે બંગાળમાં અનેખું સ્થાન મેળવી લીધું છે. આપણે ત્યાં ગુજરાતમાં પ્રેમાનંદ, દયારામ અને બીજાઓએ એ કામ કર્યું. ગરબાઓનાં ગીતોની લોકલલિત ઢબની પકડ એમનાં ગીતોમાં રહેલ લોકસંગીતના તત્ત્વોને જ આભારી છે કવિ નાનાલાલે લોકઢાળના જે ગીતો આપ્યા તે સહેજે લોકકંઠે જઈને વસ્યાં. જ્યારે સ્વ મેઘાણીનાં ગીતોએ લોકહૃદયમાં જે સ્થાન મેળવ્યું છે તે પણ લોકગીતોની ઊર્મિ, સરળતા, સચ્ચાઈ અને લોકસંગીતનાં તત્ત્વોને જ આભારી છે શ્રી દુલાકાજી કાગનાં ગીતોની લોકપ્રિયતાનું પણ એ જ કારણ છે

ફિલ્મોએ અને સંગીતજ્ઞોએ પણ

ફિલ્મોએ પણ વાચા મેળવી ત્યારે રંગદર્શક નાટકોના સંગીતનું અનુકરણ કર્યું. એ રસ્તેથી ખસ્યું ત્યારે રાગોના સંગીતનો આશ્રય લઈ જોયો. એમાં પણ પૂરી સફળતા ન મળી ત્યારથી લોકસંગીત પાસેથી ભાથું મેળવવું શરૂ કર્યું છે -શ્રી વિષ્ણુપંતના રામચંદ્ર ચોરાડે, પ્રભાત વિષ્ણુપંતના શ્રી કૃષ્ણરાવે, પૂરવના પંડિત ઓમકારનાથે અને પંજાબના ગુલામ હૈદરે પોતપોતાના પ્રદેશના લોકસંગીતમાંથી સૂરો પકડી પકડીને ફિલ્મી સંગીતમાં પહેલ કર્યું. એની લોકપ્રિયતાને કારણે ધીરે ધીરે બધાએ

ને આપણાં લોકગીત બહેકાવતા હાળા ફિલ્મોમાં વહેતાં મુકાયાં છે ફિલ્મોને પ્રસ્તરજની બનાવવામાં આ સૂરોએ અજબ ફાળો આપ્યો છે આમ છતાં પાર્શ્વસંગીતની પીઠ ઉપર ઊભું રહેલું ફિલ્મી સંગીત માનવજીવનના સનાતન ભાવોને પકડવામાં નિષ્ફળ ગયું છે ને માનવીની ક્ષુદ્રતક વૃત્તિઓને તીવ્રતર બનાવીને પામર રસો પીરસતું હોવાથી ક્ષણજીવી જ બનતું રહ્યું છે ફિલ્મી સંગીત સુતેલા કૂતને અને સુતેની લિપ્સાઓને સાથોસાથ જગાડવાનું કામ કરે છે આવું સંગીત લોક ના જીવનવ્યવહારનું સાથી કદી ન બની શકે

આવું અદ્‌ભૂત લોકસંગીત આપણા સંગીતની એક એક શાખા માટે પુરાણકાળથી પ્રેરણારૂપ રહેતું આવ્યું છે ને રહેશે ભારતીય શાસ્ત્રીય સંગીતે આ લોકસંગીત પાસેથી જ ગાયન, વાદન અને નર્તનનું વિભાગી કરણ તેમજ સમય સમયના અને ઋતુ ઋતુના ભિન્ન ભિન્ન રાગોના ખ્યાલ મેળવ્યા છે સ્વ૦ પંડિત નારાયણ મોરેશ્વર અને તો શાસ્ત્રીય સંગીતની કેટલીક ખૂટતી કડીઓ લોકસંગીતમાંથી જ મેળવી શકાય એમ એમના લોકસંગીતના ઊંડા અભ્યાસ બાદ માનતા હતા સ્વ૦ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરને સાયમાનની અને સંગીતના અંધશિક્ષણની પ્રેરણા ઔરંગઝેબમાંથી જ મળેલી.

શાસ્ત્રીય સંગીતનો મૂળ ઉદ્દેશ શો ?

આજે તો લોકસંગીત, આધુનિક સંગીત અને શાસ્ત્રીય સંગીતને સરકાર તેમજ પ્રજા તરફથી પૂરતું પ્રોત્સાહન મળી રહ્યું છે. સરકારના ઘણા ઘણા પ્રયત્નો છતાં શાસ્ત્રીય સંગીત હજુ લોકપ્રિય બની શકયું નથી આ માટે એમ કહેવામાં આવે છે કે શ્રોતાઓએ પણ શાસ્ત્રીય સંગીત અંગેની પોતાની સમજ વધારવી જોઈએ શાસ્ત્રીય સંગીતનો પ્રચાર વધુ પ્રમાણમાં થવો જોઈએ વગેરે. કંઠ સંગીતની સામે વાદ્ય સંગીત પ્રમાણમાં વધુ લોકાદર પામે છે, કારણ કે શાસ્ત્રીય સંગીતમાંથી લોકો સામે એ બે રજૂ થાય છે, અને એમાંથી લોકોએ એક પસંદ કરવાનું હોય છે અને લોકો સ્વાભાવિકપણે જ વાદ્ય સંગીત પસંદ કરે છે

શાસ્ત્રીય સંગીત એટલે—

यो मार्गितो विरिञ्च्यादैः प्रयुक्तो भरतादिभिः ।
देवस्य पुरतः शंभोर्गीतसाम्युदयप्रदः ॥

બ્રહ્મા, ભરત વગેરેએ શંભુની સભામાં જે પ્રયોગોમાં પ્રયોજ્યું અને જે અભ્યુદય આપનારું છે તે માર્ગી સંગીત. વળી—

अनादि सम्प्रदाय वद् गन्धर्वं सम्प्रचक्षते ।
निश्चित श्रेयसो हेतुस्त्व गान्धर्व मयुक्तधा ॥

આદિકાળથી પ્રયોગમાં પ્રયોજ્યું, અનાદિ સંપ્રદાયવાળું, નિશ્ચિત શ્રેયના હેતુવાળું તે ગાંધર્વ ગાન. આ ગાંધર્વ ગાન એટલે જ માર્ગી સંગીત જે ઈશ્વરની આરાધના દ્વારા શ્રેયને જ સાધનારું હતું. અપૌરુષેય હતું કે નહિ તેની ચર્ચા કરવા દઈએ, એટલે આ ગાંધર્વ ગાનનો હેતુ નિશ્ચિત છે. આ ગાંધર્વ ગાનને—જેને આપણે માર્ગી સંગીત કહીએ છીએ તેને—શાસ્ત્રીય સંગીત આજકાલ કહેવામાં છે. શાસ્ત્રીયતા તો સ્વર-તાલને માપવાની એક દૃષ્ટિ છે જેથી ગાંધર્વ ગાન-માર્ગી સંગીતનો મૂળભૂત હેતુ બદલાતો નથી.

આ ગાંધર્વ ગાન પહેલાં આપણે ગોપવોકારની દિશામાં જોઈએ છીએ પણ એ પહેલાં સામગાનમાં ઈશ્વરની આરાધનારૂપે જોઈએ છીએ. સંતો, ભક્તો અને મંદિરોમાં થતી ઉપાસનામાં આપણે એ જોઈએ છીએ. પણ ધર્માશ્રયમાંથી સરીને એ ક્યારે રાજાશ્રય પામ્યું એના ક્રમિક ઈતિહાસમાં ઊતરવાનું આજે પ્રયોજન નથી પણ છેલ્લે કુપદ ધમારની ગાયકી ઘણી દુર્બોધ અને કર્કશ બની ત્યારે. લોકાદર ઘટવા લાગ્યો ત્યારે અમીર ખુશરૂ નામના એક વિદ્વાને ખ્યાલની ગાયકી આપી અલ્લાઉદ્દીન ખીલજી બાદશાહના સમયમાં.

ખ્યાલની ગાયકીનો ક ઠ કેસરેત

રાજદરબારોની લહેજતમાં આ ખ્યાલની ગાયકી પણ ધીરે ધીરે કંઠની કસરત બની ગઈ. તાનપલટાની એકધારી કર્કશતા અને રુક્ષતામાં સરી

પડી એના ચાહકો શ્રોતા જ રહ્યા, પણ દરબારીઓની જેમ દાદ આપતા રહ્યા. રાગનું સ્વરૂપ અને માનનો ભાવ રેલવેટે નીકળી ગયા જેમ જેમ આ માયકી લોકાદર મુખાવતી ચાલી તેમ તેમ એમાં રંજનનું તત્ત્વ ઘુસેલાનું ગયું જે ગાન ઈશ્વરની આરાધના માટે કે ચિત્તને એકાગ્ર કરીને ઉપાસના માટે હતું તે પ્રેમની વેતવાહિમાં સરી પડ્યું. પછી તો ગીતના શબ્દો ઉપાસનાના હોય કે પ્રભુપ્રેમ, વિરહ કે વેદનાની વ્યથાના હોય તો પણ કંઠ અને સ્વરને છોડીને ભાવ શરીરના અભિનય દ્વારા વ્યક્ત થવા લાગ્યો. એ ગાન થોડા રંગીલાઓનું બન્યું, અને જોને એ કંઈક, પણ પડતું આવડતું કે ભાવહીન જડબાતોડ એને અશ્લીલભાષુ કહીને હસી કાઢવામાં આવ્યા. આમ ખ્યાલની આવડી આસપાસ એક એવો ભાગ ઊભો થઈ ગયો કે જે વર્ગ અને પ્રજા વચ્ચેનું અંતર ન પુરાય એટલું વધતું ગયું છે.

શાસ્ત્રીય સંગીતના આવાજાવ

ગાનની શિક્ષા-દીક્ષાની જે તાલીમ આપણે ત્યાંની હોય છે એ તાલીમના લાનપણદ્ધાની દરકાર જ ગાનમાં પ્રાધાન્ય મેળવી બેઠી છે અને એની ટેકનિકમાં આવતા કોઈ વિશિષ્ટ સ્થાનનું સ્વરૂપ જે તે વર્ગની પ્રશંસા અને પુરસ્કારનું સ્વરૂપ લઈ બેઠેલ છે. ભાવનાં સ્વરૂપ નાદમાંથી પેદા થતાં જોઈએ એ તો અપવાદો સાદ કરતાં ભાવ વીસરાઈ ગયું છે. આવી આવડીને પણ આ જ શાસ્ત્રીય સંગીતને નામે વિદ્વાનોના ઘણા ઘણો પ્રયત્નો સરકાર અને સંગીતસંસ્થાઓ તરફથી થઈ રહ્યા છે, પણ લોકો વચ્ચે આવીને મેદાન મારી લઈ જેવું બળ એનામાં નથી રહ્યું. પહેલાં રાજ્યાશ્રય મેળવીને જીવેલું, અને આજેય એક યા બીજે પ્રકારે રાજ્યાશ્રય મેળવીને જ જીવવા મથી રહેલ આ સંગીતની આવડીએ જીવવું હશે તો એક જોર રાગને ભાવ પ્રમાણે ગાતાં શીખવું પડશે. ખોટી ઉચ્ચતાનું અભિમાન છોડીને એ તો ઉચ્ચ કાવ્યતત્ત્વો ધરાવતા ભાવવાહી લોકોનો આશ્રય લેવો પડશે અથવા જનસામાન્યના દિલમાં રસ ઉત્પન્ન કરવાની ખૂબી અને તાકાત મેળવવાં પડશે. સિનેમા સંગીતની જેમ નીચે તે નીચે ઊતરતા જઈ ને એ ખૂબી ને એ તાકાત નહિ મેળવી શકાય પણ

લોકસંગીત પાસેથી જ એણે એ તાલીમ મેળવવી રહેશે, અમર તો નાદ-બ્રહ્મની આરાધના માટે તપશ્ચર્યા દ્વારા દરકોઈ ને અસર કરે એવાં સ્વરનાં ભાવવાહી સ્વરૂપો અર્પી કરવાની તાકાત કેળવવી રહેશે.

પ્યાલની બાયકોની કહે—પ્રકરણના કંઠણાઓથી જ આપણું ઘણું સંગીત ઉત્પન્ન થયું છે. દુહા, ટુમરી અને ઠારાઃ પદ, ભજન કે બારમાસીના ઘણા રાગોએ લોકસંગીતની જ મીઠાશ અને ભાવનો રસ ઉમેરીને શાસ્ત્રીય સંગીત કરતાં વિશેષ પ્રદેશ સર કર્યો છે. બોલતા પ્યાલો ઠોકી, બદ્ધ દીવાલો બેદીને મેદાન વચ્ચે આવવાની તાકાત જે કોઈ બાયકો મેળવશે તે જ આ સંઘર્ષમાં ટકી શકશે.

લોકસંગીતમાં બાયરેખાનો

લોકસંગીતમાં કલાવિરત બળો પડ્યાં હોવા છતાં શાસ્ત્રીય સંગીત જેવાં અને જેથી વિશેષ બાયરેખાનો લોકસંગીત માટે સૂચવ્યાં થયાં છે. લોક-સંગીતને પ્રકાશમાં-પ્રચારમાં આણી પ્રતિષ્ઠિત બનાવ્યું સ્વ૦ મોહમ્મદી, સ્વ૦ રાજચુરુ, શ્રી. કુલાબાઈ કાગ અને શ્રી. મેરૂભા ગઢવીએ. એ પછી લોક-સંગીત ઘણું પ્રચાર પામ્યું છે. બાગો જ કોઈ મેળાવડો કે સમારંભ એના વિનાનો હોય છે. એ જ રીતે રેડિયો, રેકર્ડ, ચિત્રોમાં અને નાટકો, સંગીતરૂપક અને નૃત્યરૂપકો, કાવરા અને ઉત્સવો પણ આજકાલ લોકસંગીતનો આશ્રય લઈ રહ્યાં છે. પણ અધિકારીજનોથી યોગ્ય રજૂઆત પામતું ન હોવાથી લોકસંગીતમાં કોઈ ચાણોદાણો નથી થયો.

શાસ્ત્રીય સંગીતમાં ઘણું પડતી અદા, આબકલાઈ, નજાકત અને ઘણું બધું રંજન તત્ત્વ આવી જવા છતાં જેને સમજણનારો અને રસ લેનારો એક વર્ગ છે જે તે માણસો એને સમજી શકતા નથી અને ઘણું વાર સમજણી શકતા નથી. બીજું શાસ્ત્રીય સંગીતના નિશ્ચિત માર્ગો હોવાથી બધે તે માણસ ગાઈ શકતો નથી. જ્યારે લોકસંગીતના એવા નિયત માર્ગો કોઈ શકે નહિ. પરિણામે બધે તે માણસ બધે તેમ જે ગાઈ શકે છે. શહેરી સમાજ પાસે આ લોકસંગીતનું કોઈ સ્પષ્ટ સ્વરૂપ

ન જ હોય જે કાંઈ ઊભું કરી શકેલા તે મેઘાણીભાઈ જતાં જેને ભગવાને કોઈક મણ આપ્યું છે એના કારણે આજ લોકસાહિત્યને નામે અને લોકગીતોને નામે લોકગીતોને મજાકરીનું બાજન બનાવી રહ્યા છે.

લોકસંગીતની વિકૃત રજૂઆત

લોકગીતોને નામે જ્યે તે ગીત ગાઈ જે, વગાડીને, વિકૃત હાવભાવ કરીને લોકોને રીઝવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે પરિણામે ગ્રેજ્યુએટો પણ લોકસંગીત અને લોકસાહિત્યને દિવસે દિવસે મનોરંજનનું જ એક સાધન માનતા થયા છે જેમાં લોકસાહિત્ય અને લોકસંગીતનો વિવેક વીસરાતો જાય છે લોકસાહિત્યમાં પણ ખાસ કરીને લોકોને આકર્ષતો વિષય લોક સ્ત્રીઓનો છે વાર્તાકારો શોધ્યા જડતા નથી. જે કાંઈ જડે છે એની કરુણતા બનાવવી લાગે છે હવે જરૂર છે કે આ લોકગીતોને, દુહા-ઓને, છંદોને, ભજનોને અને રાસડાને અથવા એમાંના કોઈ એકને લોકસાહિત્યના પ્રતિનિધિ તરીકે ઓળખાવાય છે આ લોકગીતો અને દુહાઓની જેવી તો વિચિત્ર રજૂઆત કરવામાં આવે છે કે લોકસાહિત્યની સરકારી બાબત જ ન હોઈ પરિણામે લોકસાહિત્ય એટલે ગ્રામ્ય-ગાર્મેન્ટ્સ, બજારુ, બીભત્સ અથવા તો નવરાશના સમયે સહેર કરવા જેવું જેવી એક અજબ શિષ્ટ મનાતા સમાજ સુધી પહોંચી ગઈ છે

લોકગીતોનું નાટક

લોકગીતોને નામે જે પ્રકારનાં ગીતો જ મોટે ભાગે રજૂ થાય છે : એક તો ભજનો, અને બીજા મેઘાણીભાઈએ સંપાદિત કરેલા ચારણી છંદ થી કુરબાણીનાં જે ગીતો ગવાય છે તે પણ મોટા ભાગનાં ભજનો જ હોય છે મોટા કલેશમાં કહેવાતા લોકગાયકો થી કુરબાણીના નવા ગીતની રાહ જોઈને બેઠા હોય છે જેવું આવે કે ઉપાડે એમાં અર્વાચીન સંગીતની છાંટ ભેળવે પછી એને નાટકીય ઢબે રજૂ કરે મૂળ લોકગીતો તો ક્યારની ભણી દૂર રહી ગયાં એ જ ગીતે ચારણી છંદમાં પણ ગાતાં ગાતાં ઠેકડો કરે, 'છે' ને બદલે 'એ' નો ઉચ્ચાર કરે, 'જ' ને બદલે 'ઝ' બોલે અને છંદ કે ગીતનો જેટલો બનુક અશુદ્ધ ઉચ્ચાર કરી

સ્વરૂપ તોડવો કરીને રજૂ કરે એવી સમજથી કે લોક સંગીત તો કાંઈ શુદ્ધ હોય ? એ તો અશુદ્ધરીતે જ રજૂ કરાય આ સ્થિતિ 'પ્રકિયા' દ્વારથી રજૂ થતા લોકગીતોના કાર્યક્રમમા વિશેષ પ્રવર્તે છે એના ઉપર આપણી આ નૂતન સ્વરકૃતિનું મંડાણ થયું છે એવા એ લેખકની અને સંગીત સંગીતની સરાસર ઉપેક્ષા કરવા જેવું જ આ છે દૃષ્ટાંતો સ્વરકારમાં તો એવા દેખાતા કરે છે કે માનુસો બાઇડોને ભામી જાય અથવા સમજ હોય તો હાસ્યમિશ્રિત આનંદ મેળવે આને પરિણામે લોકસાહિત્યને નામે બગીર વાત સાંભળવાની લોકોની ટેવ છૂટી જાય છે

લોકગીતોને નામે એક બીજો ગોટાળો એ થાય છે કે અર્વાચીન કાવ્યો સિવાયનું જે કાંઈ છે તે સઘળા લોકગીતો ઢહો મીર સવા, રાવજીકુંવાદાળા અને ગવૈયાના ગીતો પણ લોકસાહિત્યમા ગણના થાય છે ખૂની ડાકુઓનાં કરપીણ કૃત્યોનાં ગીતોને પણ લોકસાહિત્યમાં અપાય છે આ ગઢવી મીર, સવા, રાવજીકુંવાદાળા અને રાવળો વગેરેના જે કાંઈ ગીતો છે તે તો ખાસ્સુ આજીવિકા રળવા માટે ગેવાયેલાં છે એ સમાજશાસ્ત્ર કે સંશોધનનો વિષય જરૂર ગણી શકાય પણ એ ખરું લોકધન નથી એમાં લોકોર્મિનો પડઘો પડતો નથી તેમ એમાં કવાચેક રાવજીકુંવાદાળા જે કવાગીતો ઉપાડે છે તેને બાદ કરતાં સાચા લોકસ્વરકાર પણ નથી

લોકસાહિત્ય અને ચારણીસાહિત્ય

એ જ રીતે ચારણીસાહિત્ય જે ઘણુંખરું જોવા છે ને છપાયું છે તે પણ લોકસાહિત્ય નથી ચારણીસાહિત્ય માત્ર ગાનારાઓએ જ નહિ પણ વિદ્વાનો અને પંડિતોની પાઠશાળાઓમા પ્રોત્સાહન પામેલું અને વ્યાપક પરાગત ઊતરેલું વિદ્વત્ત પામેલું લોકસાહિત્યથી અલગ એવું સાહિત્ય છે એની ભાષા જુદી કેમી પણ જુદી અને ગાવાની પણ જુદી જ છે એ વિશે સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ અને જૂની રાજસ્થાની ઢોગણોમા ઉતરેલું પામવું છે આ ચારણીસાહિત્યના પણ બે પ્રકાર છે • એક તો રાજાઓની કે દાતાઓની કૃપાપાત્રો સર્જાયેલું ખુશામદ

પરાવણ અને બીજા કુટુંબની પ્રેરણામાંથી સર્જાયેલું ભક્તિપરાયણ, પ્રકૃતિપરાયણ ને આત્મલક્ષી પણ છતાંને બાદ કરતાં છેલ્લી સદીઓમાં ચારણોએ પણ લોકો વચ્ચે રહ્યાં લોકજીવન પકડ્યો, લોકજીવનનાં સુખદુઃખના પડઘા ઝીલ્યા અને લોકોની ભૂમિકાઓના પડઘા પાડતાં ગીતો રચ્યાં તારે કર્યાં એ ગીતો છંદોથી જુદાં જ તરી આવે છે ચારણી છંદની ભાષાની રચના પણ સહેલી નથી અને એને સમજવું પણ સહેલું નથી આજકાલ એ છંદોમાં નિ:સત્ત્વ જોડકણાં લોકોને એને લોકગીતને નામે જ્યૂ કરવામાં આવે છે

આ બેદ સમજવા અપવાદ બાદ કરતાં કોઈ ગાયક થોડાનો નથી પરિણામે લોકસંગીતમાં અનવસ્થા જોખમી થતી જાય છે આ લોકસંગીત ઉપર પણ આપણે પહેલા નાટકની અસર થઈ આમ કરીને રામલીલા ગરબીઓ ઓપેરાઓમાં જઈને રામલીલાને નામે અમે તેનાં નાટકોને જાળવીને બેસી રહ્યા ત્યારે જલાર્ઈને તો પોતાનું આગવું સંગીત છે, કાન્હા કે જવાઈ એ લોકજીવનનું જ એક અંગ છે જવાઈના ડેરા અને સહેડાથી તો ઘણાં લોકગીતો રોળે છે ને આપે છે ત્યારે નાટકોના ગીતો પણ નરસંત જ ફિલ્મી માણસની અસર થઈ પણ લોકોને શુદ્ધ નકલીને શુદ્ધ લોકસંગીતને પ્રતિષ્ઠા મળતાં યુગની રજૂઆત પણ આ કારણથી બનતા લોકસંગીત અશુદ્ધિઓથી ઘેરાઈ ગયું ત્યાં શાસ્ત્રીય સંગીત અને ફિલ્મી સંગીતના મિશ્રણમાંથી ઉપજતું—જેને આધુનિક સંગીત કહે છે તે આજના બધા પણ લોકપ્રિય બનવાના પ્રયત્નોનું જ એ પરિણામ છે

મૂળ ચિંતાનું બીજ

આધુનિક ઉપરનું સંગીત બધી રીતે આવકારદાયક છે, પણ ફિલ્મી અસરની મુક્તિ તો જરૂરી છે આધુનિક સંગીત શુદ્ધ શાસ્ત્રીય સંગીત પણ નથી અને લોકજીવનમાં ચાલતા રચનાના આધારોમાંથી પણ એ જીવ્યું નથી એ તો સંગીત પદ્ધતિએ મિશ્રણનું એક લોકપ્રિય અનુકરણ માત્ર છે આજકાલ આ આધુનિક સંગીત એના રંજન અને મનોરંજક તત્ત્વને કારણે અને બીજી કોઈ લોકપ્રિય સંગીત પદ્ધતિના અભાવે

આપણા આપ્યું છે. આ આધુનિક સંગીતે લોકસંગીતને ઘણી પેઢી અસર પહોંચાડી છે. લોકગીતોના ઢાંચાના મૂળ તો આ આધુનિક સંગીતના જ ગાયકો હતા, પણ લોકસંગીત પ્રત્યેની લોકોની રુચિ જોતાં આધુનિક સંગીતના દુનિયામાં લોકગીતોને પેસારીને માથા સાટ્યા છે.

આધુનિક સંગીતમાં હિન્દી સંગીત ઉપરાંત બંગાળી બાઉલની અસરો, પંજાબી ઢંગ અને મરાઠી ભાવગીતોની પણ અસરો છે આ આધુનિક સંગીતમાં શબ્દના ભાવ અને સ્વરની ઊર્મિબાહકતા વચ્ચે કોઈ સંબંધ હોવો જોઈએ એનો વિચાર કરવો હોતો નથી. એ જ રીતે આધુનિક સંગીતની રજૂરચના બાબતો વિશેષ હોય છે. આ આધુનિક સંગીત આજે પ્રચાર પામી રહ્યું હોવાનું એક કારણ એ છે કે આજે રાષ્ટ્રીયો, ક્લોકેટો, સમારંભો, મેળાવડા અને રેડિયોમાં નાના મોટા ગાયકોની જરૂર ઊભી થઈ છે. બાળકોને સુવડાવે આજે કોઈ ગાતાં આવડે તો ઝડપથી પ્લેટફૉર્મ મળી જાય છે, ત્યારે આધુનિક સંગીત જ એક એવું સંગીત છે કે જે અઠવાડિયે શીખી શકાય ને અઠવાડિયે માર્કી શકાય. એ કારણે સંગીતશાળાઓમાં પણ એ શીખવાય છે અને ઠેરઠેકાણે એ રજૂ થાય છે. આમ આ આધુનિક સંગીત, હિન્દી સંગીત અને અતિ રંજનાત્મકતાના ત્રિભેટે આજે લોકસંગીત ઊભું રહ્યું છે.

શુદ્ધ લોકસંગીતનો અભ્યાસ

એની બીજી બાજુએ લોકસંગીતની શુદ્ધિનો અભ્યાસ પણ ચાલી રહ્યો છે. મૂળના સ્વરૂપે એને ઓળખી લેવા, સંશોધકો દ્વારા અને સંસ્થાઓ દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે. પ્રભાતિયાં, અષાઢીનાં ગીતો, હોળીનાં, બાળકૃષ્ણનાં ગીતો, ગમતોનાં ગીતો, કન્યકાઓનાં ગીતો, ગોત્રિગીતો, ભજનગીતો, રાસ, ગરબા, ગરબા, ગરબી, લગ્નગીતો, સંસારનાં સુખદુઃખનાં ગીતો, દયાગીતો, શૂરાગીતો, ઋતુનાં ગીતો, સાત-ગાતો, ઋતુગીતો, પશુપંખીનાં ગીતો, પ્રકૃતિનાં ગીતો અને બાળનો બધેથી રેકોર્ડિંગ કરી લેવાના પ્રયાસો શરૂ થયા છે. એટલા પૂરતું તો એ કામ સારું છે. પણ લોકસંગીત એ કાંઈ બદ્ધ સંગીત નથી. એ તો સ્વયં ગતિ-

પાતળાં પણ ઘખતાં નાનકડાં મેદાનો અને વચ્ચે નિર્જળા કુંગરા અને ટેકરીઓની હારો ચાલી જતી હોય

ઉનાળે સૌરાષ્ટ્રની ધરા પરિણત રૂપ ધારણ કરે છે; પણ અષાઢથી માંડીને આસોના સુધીનો ધરતીનો ખૂબનો બટ્ટો એ પરિણત ધરતી માથે લીલુડા પાલવ જેવો સોહી રહે છે એવી પરિણત ધરતી અને લીલુડા પાલવની વચાળે કુદરત કેશકોરની કેવી રૂપાળી કૂખજૂથણી કરે છે ?

" ઘર કુંગળ્યુ ધણુકે ઝાંખર, ઘોપત ઘાર અઢાર,
સોળસે વચ્ચે સામરો, રંગ ભેલો કરતાર. "

હેમાળાની ઝાળ ઊતરે ને વાયરાના ઝપાટા શરૂ થાય, ઝાડની ડાળીઓ ઢીંચણના ખાતી રજકણકણના પીંજણા પીંજાતી હોય, ખાલ જેવો કોપટ ધરતી માથે આખે અકલા રજકણકણના થીજીયા રચાઈ ગયા હોય, એમાં બપ્પરના ચિલ્લણુંદની ભાળ કાઢવી મુશ્કેલ બને. નદી-કૂવાનાં તળ કુંવરીના મથીરા જેવા કાળા દેખાતા હોય અને ધરતી માથે મૃગજળનાં મોજાના ઊછળાટનો અવાજ બપોર તાપે માનવીનાં હૈયાં પેઠાં પલવલતાં હોય ?

" જો વિસારું બલહા, રૂદિયામાંથી રૂપ,
તો લાગે ઉતરહી લૂક, ઘર આવીડી બધ્ધ કુરાં. "

ચારપાંચહરના રણની બાગ ઝળી લૂકી જેમ હોઠાં ધ્રુવધ્રુવે જેમ આનની બલવલતાં હોય, ત્યારે બાવી ઊભરની અમાર ઝરતી લૂકી કવિતાને પણ કાંચબી બધાઈ જાય છે વર્ષામાં અનરુદ્ધ ધારાઓ વરસેલાં લોકગીત પણ ઉનાળામાં ઝળની જેમ જ પી જાય છે, પણ દિવસ પૂરતાં જ, રાત તો ઉનાળાની બારી રશ્મિમાળથી સજ્જ હોય અને ફરફર-ફૂંકપ વગતાં જ ધીમેધીમે ઝાડો પવન શરૂ થાય જોતજોતામાં તો સૂરજના તાપથી બળેલી ધરતી ઠરીને ઠીબ જેવી દેખી દેતી હોય. બફારાના દિવસો બાદ કરતાં સૌરાષ્ટ્રની ઉનાળાની રાત માનવીને હાશકારો દીધેલાવતી હોય એવું બીજું

ધારણ વાળી રે છે પણ દિવસ ઊગતાં સરજ રાતનું સાટું વાળતો હોય એમાં ઘણેય ફિક્કોનાં બાવાં વછોડે છે. ફિક્કોનાં ભાથોડાંથી વીંધાતી ધરતી ફાટીને હૈયાની વરાળ કાઢે છે પછી તો—

" અડ સૂકેથાં ધણ વલૂકિયા, વહાલા મિયા વિદેશ. "

ગોપબાનો વાસપાણીના પ્રદેશમાં દોર ઢાંઢી જાય છે, અકાળ ઉપર બેસે અને ગોકુળ લોક મજૂરી શોધવા પરપ્રદેશમાં પથ્થા જાય છે. એવો જેઠ બાતાં બાના તો આકાશના રંગ પલટવા માંડે છે, વાદળની દોટાદોટ મંડાય છે ઉન્મત્ત વીજળીના ચમકારા સાથે આભમાં કડેડાટી બોલે છે અને—

" ગાજેકે મોરાં ભરવરે, સજે વાદળ સામાઢ,
ધર ઉપર બાધુ ધણી, બાકી રત આષાઢ "

પછી કેવો વરસે છે આષાઢ ?

" આષાઢ વરસે ઓલીએ, ગાજવીજ ઘમઘોર,
તેજી બાધ્યા તરૂવરે, મધરા બોલે મોર.
મધરા બોલે મોર તે લાગે મીઠાં,
ધણ મૂકી ગ્યાજન સપનામાં દીઠાં.
કહે તમારી સૂમરો, રિસાણી ઢેલ ને મનાવે મોર,
આષાઢ વરસે ઓલીએ, ગાજવીજ ઘમઘોર "

આકાશની ઝેરી મંડાય, નદીનાળા ઊભરાઈ ઢાંસે અને પશુ પંખી અને માનવીનાં ઢેબાં પણ ઊભરાય પતિના બોપથી બિજાતી પત્નીનું હૈયું કયાં હરે છે ?

' વરસજે વરસજે હો મેહુલા ધારાળુ થે દેશ,
જ્યેરે માડી રો જણ્યો હળ ખેડે,

ભીને ભીને હોઠ બાંધવ મારા પાયડી આરોપેય,
બાલજરે ભીને રે ચૂડો વળી ચૂંદડી."

પિત્ત વધ્યું ધ્રુજારી-ધ્રુજારી સાજ સજે, ધ્રુજતીના રંગ કરે, ગાનારીનાં મન ફરે, પ્રભોમ ગયેના માનની પણ પાછાં ફરે. ઢોર ઢીંઢારાં કરે અને પંખીના કિલ્લોલ સાજે સાંજે જોનારી હોય, ગરી હોય તો પણ સૌરાષ્ટ્રને વહાલી લાગતું તો વર્ષા જ

કુટુંબના કોમળ ભાવોની સાથોસાથ ધર્મના ભાવની પણ ભરતી ચડે રામમંદિર અને રોગ, શિવાલય અને દેવાલય માનતી મંત્રો અને કથા-આખ્યાનથી માજના બાપ વરતવસ્તુનિનો એક સેતુ સધાઈ જાય. અને વસ્ત પણ કોનાં ?

" ગાય ગાય તું મોરી માય,
નિતનિત કુગરે ચરવા જાય."

એમ બાપ અને વાછરડાનાં, સસલાં અને સસલીના (સફેદબોદ પંખી), ઝાડ અને પાંદડાં પૂજન થાય :

" ઓરડી રે ઓરડી, મારા વીરની ગા ગોરડી,
હું પૂજું આકડો, મારા વીરનો ઢાઢો વાંકડો."

એ જ રીતે નાગનાં બચ્ચે નોળિયાનાં મન અને પૂજન થાય, તુલસી અને પારસ પીપળાના વનપૂજન થાય ગ્રામ પ્રકૃતિ અને માનવી એકાકાર બની જાય આકાશ-ધરતીને તો રાસડાની ભાષામાં બોલવા લાગે :

" રમિયા મોરા ચાલલિયો છોગલો રે,
કે રાજ અને સૂરજ જઈ લાગ્યો."

વિદેશ ગયેના પતિની વાટ જોતી વિરહિણી આકુળવ્યાકુળ થાય છે ચાંદાની શીતળતા એને સૂરજ જેવી લાગે છે સાંજ પડે અને સીમખેતરે ગયેથી ગુવાલ ઢોરને પાછી ફરે છે પણ એનું દિલ કર્યા હોય છે ?

" મારી મુને વાણુદિયાં પીરસાવો,
દિવડિયો પછે વાહો રે લોલ "

પણ આટલી ઉતાવળ શીદને ?

" રોકિયુમાં થાય છે હાલકડોલ,
કે જીવડો મારો તિયા ભામે રે લોલ "

પત્ની દાયકોલક થઈ ગઈ છે, નાસ્તાનો સમય ભળાવે ચાલ્યો છે :

" કે વનમાં જોવે બીજા મોર,
કેયકલાણી કિલ્લોલ કરે રે લોલ;
બીજા કરમાં વરસે મેઘ,
વાદળાડી વાયે વળે રે લોલ. "

બધાયે પાછાં વળે છે :

" વરસ્યા વાદળાં, વાદળ વલ્યા, ધરતી લીલાણી—"

ત્યારે ગાયેયાની જેમ ખુશી થિરિણી એના પર્યા પિયુની પાછા વળવાની વાટ જોતી રાસડે રૈયુ ઠાલવી રહે છે.

લોકગીતોમાં વર્ષાનાં ગીતો બે પ્રકારનાં છે : એક તો પ્રકૃતિ પ્રત્યેના મૂલ્ય ભાવનાં અને બીજાં વિરહના. બારમાસી ગીતોમાં પણ કેટલાંક ગીતો તો આ વર્ષાનાં જ, પણ વર્ષાનાં લક્ષણોથી વિશેષ આગળ કશે નથી વધ્યાં.

જેવા કોલતા કુંજારા, ખળખળતી નદીયુ, વરસી ગાજિયુ અને વંકી રાત્વાણી, જેવી નીકળ્યો ધરતીને ઉંચે ખૂલ્લા સોનેરી મોજ માંથેથી વાદળ વીખાતા જાય, લહેરિયાં લેતો પવન જોર કોકીને શીતળ પવનો જાય અને ઝિંગાળાની રત જેમે અંધકારના ચાલોદિકર ગોર પાંખા પડતા જાય અને નીચવર્ણો ધરતી રેલમિયો રમ ધારણ કરે તેઓમાંય તરફ એનાં સોનેરી પ્રતિબિંબની ઝલક ઊપડે. આવાસ જોતાં જોતાંનો લોકનો સૌંદરતો જોયે :

" શિયાળે ટાઢકુ સોપટે, હાલે હેમાળા,
વસતા ઘર વસિયેા નહિ, કે ઘી કુવાળા ! "

આમ ઋતુઓ ઋતુઓ ધરતી રંગ બદલતી રહે છે અને ઋતુઓ પણ જેની ! શિયાળે ટાઢનો સોપરડો બેસતો હોય અને ઉનાળે બોમ્બ તાપ પડતો હોય ત્યારે ચોમાસે વેરાયેલુ જોવી નદીઓમાં ધસમસતાં પૂરે પાણી પ્રચંડ પછાડાટા મારતાં હોય આવી વિવિધ ઋતુઓવાળી સોરાષ્ટ્રની પ્રકૃતિ ઉગ્ર, અક્કર આવેશમય, કલ્પનારમ્ય અને કાવ્ય રસળતી બની રહી છે

ગિરનો ગાળિયો અને બરડાનાં બેડા બાસને બાદ કરતા સૌરાષ્ટ્રમાં કુદરતે અપરંપાર ખીલીને ચમકારાક ઊભેલા ડાકરાં નહિ કુણાય ભેાકાનોમાં ભરી, પણ હાથવાળી દઈને ઢાકવા જાય એવી બેપૂર પનરપતિ કોઈ સાસણ કોઈ કનકાઈ કે કોઈ તુલસીશ્યામમાં જ મળશે.

ગિર, કાંઈક બરડો, કાંઈક ચુનરવ અને કાંઈક ગાળોચ સિવાય બાકીબધાનાં વૃક્ષો બીજે બાજે જ જોવા મળશે બાકી તો બાવળ, બાવળ ને બોરડી, લીમડો, પીપર ને પીપળો કે બીજરો જ જોવા મળે કુદરતનો વિદ્વાન અને રસીલો રાજન લાખો પુસ્તકો જે કિ બદલામાં આપીને ખાવી લઈએ તે કિ—

" બાવળ, બાવળ, બોરડી, બાવર, બીજરીઆ,
લાખે ધન લોકાડીઆ, પીરી પાળરીઆ. "

એના એક એક ઝાડીદારને કહે દોસ્તો ! ભારી રૂડ બાવળો બા વન, ઓલાડી કયો તમારી પૂળો બાબરિયુ એક એક ઝાડવાનિ ! બૂને એ ઝાડ તે કેવાં ? બાવળ, બાવળ, બોરડી, બબૂચરો અને બીજરો બાકી રહે છે બધુ ઝાડ એક બાબિ, બીજા બાકળો અને ત્રીજો લકડો. એમ તો બીજડાનો ને લીંબડાનો પણ ગીતો છે

" બેતર વચાળે બીજડો રે, હુંચિકેરું નાનેરું બાળ,
વીરા એક હુંચિકડો નાજ રે, પરબુયો પીંગલે રે.
હુંચિકેરું નાનેરું બાળ. "

પણ પારસ પીપળો, અશ્વિ અને વાલેા તેા લેાકજીવનમાં કુટુંબના વડીલનું સ્થાન પ્રાપ્ત કરી ગયા છે પીપળા એ તેા પૂજનીય વૃદ્ધા, વેદકાળથી માંડીને અત્યાર તથાગત પીપળા હેઠળ બુદ્ધ બન્યા અને એ બેાધીવૃક્ષ કહેવાયું ત્યારથી તે આજ લગાણ. નાનામેાટાં તરતરતુલાંથી માંડીને, લગ્નગીતેાથી હેઠ આઠનાં પાણી પાવા સુધી એનેા મહિમા. કાની વાત કહેવી પણ કેને ?

" પીપળાને પાન કહેવી, કુંવારીને કાન કહેવી,
તુલસીને કયારે કહેવી, સૂરજની સાખે કહેવી. "

અને લગ્નગીતેામાં પણ એ કેવેા લહેરાય છે ?

" આઠરા આઠરા પીપળેા, મેવાડમ્બર ગાજે,
કૂલી કૂલી ડેટા થિયેા, મેવાડમ્બર ગાજે. "

કેટલાંક ગીતેામાં પૂજા પામતા પારસ પીપળાનેા લેાકેાને ઘણેા લહાવેા તેા આમંત્રણ—આપવા. લેાકેાનેા લાડીલેા અશ્વિલેા, અશ્વિલીએ :

" સરેાવર પાળે અંબલીએા,
અંબે ઝાઝા મેાર મલૂકાર અંબલીએા,
એક તેા મેારલેા ઊડી ગિયેા,
ગિયેા કાનાને દેવા મલૂકાર અંબલીએા. "

અરેરાટકર મેારલાનું એકલવું, મેાસલના કલરેાર મચવાનું આકાશી ઓરડાનું, આખાયનેા ટહેકેા અને આમંત્રણની મેાકળા ચમાં આસેાપાલવ તેા બબ્બે જ જરૂરે. એનાં ગીત પણ એવાં રચાંખડયાં :

આંસુડે ભિંજાઈ કાંચળી રે,
મૂસકે તૂટ્યો હાર બા'લા !"

એવું અપરૂપ અપરૂપ લોકજીવન અને અપરા એના ભાવ. પ્રકૃતિનું કેવું ભાવોદ્દીપન સ્વરૂપ ! આ કલ્પ ને ઉદાત્ત કલ્પના તો લોકગીતોમાં જેમ જેમ ઊતરી છે એકની બાવળ, બોરથી ને બાવળ જ નથી ઊતર્યાં.

એના દાંપત્યજીવનમાં નટનરીઓનાં નખરાં ન હતાં પણ કૃષ્ણ-રાધા અને રામ સીતાના સહચાર હતા. અને રામને વરસે ત્યારે અયોધ્યાના આકાશ પોકારી ઊઠ્યા :

" વનની ચોરી ચીતરી, ધરતીના ફીધા ભાલેઠ,
આભનો નાખ્યો આડસો, વીજળીની ફીધી વરમાળ,
નવ લાખ તારા જોઈ રહ્યા, પરણે પરણે સીતા ને શ્રીરામ."

લગ્નનું કેવું ભવ્ય અને પ્રકૃતિપરાયણ ચિત્ર ! એમાં જેનાં દાંપત્ય-જીવન એના વધામણા કેવાં !

" આજ મારે વધામણાં થાય છે રે લોલ,
સાત સાત સમદરની ગોળી રે ફીધી,
મેરુનો ફીધો રવૈયો રે લોલ,
નવકુળ નાગનાં નેતરાં રે ફીધાં,
મારકી ફીધી ધરતની રે લોલ. "

રીઝવવા એણે શું શું વાનાં નથી કર્યાં ! માત્ર બે જ લીટીમાં એના બળીરિયા પણ નિષ્ફળ પ્રયાસનું કેવું કરુણ ચિત્ર !

" મેં તો કુંભર કેરીને ઘર કર્યાં,
મેં તો આવાંનાં કર્યાં રે કમાડ,
સાયબા અબોલા બહુ કિયા. "

સ્નેહ કે સંસારનાં જ આવાં ઊંચાનીચાં ચિત્રો નથી બેચારાં, એ ચિત્રો તો આત્માની અજ્ઞાતા સુધી ઝપટ્યાં છે

" મેરુ રે ડુંગે ને મારુ મન નો ડગે રે,
મર ભાંગી પડે બ્રહ્માંડ,
શીશ તો પડે ને મારું ધડ તો લડે રે,
શરીર કરું કુરબાન. "

એવા અન્યોન્યાશ્રિત જીવનની પ્રેરણા લોકજીવનને ખપપૂરતી પ્રકૃતિ-ખીલી લીધી છે. જેમાં આત્માનો ઓજસ્વી ક્ષોભ, સ્નેહજીવનના રસ નિર્ઝરતા હોય, હૈયાનો હેતાળવો રૂપ હોય ત્યાં રસ અને સુગંધ ન હોય એ કેમ બને ? આજે દિયે તો સૌરાષ્ટ્રમાં આવળ, બાવળ અને ખાંકરા સિવાય બીજું ફૂલ ન મળે; પણ કોઈ કોઈ વાડીઓમાં, કોઈ કોઈ બગીચામાં, કોઈ કોઈ કુંજરની ક્યારીઓમાં, કોઈ કોઈ ઘરને આંગણે ને કંઈક ઘરમાંના રંગાનદામાં પુષ્પપ્રેમીઓ અને રસિકજનો ફૂલઝાડવા જતને કરીને ઉછેરે છે. ચિત્રની પૂજા ફૂલ વિના થાય જ નહિ. કરેણ નહિ તો, છેવટ ધતૂરાનાં ફૂલ પણ ભગવાનને ચડે. વૈષ્ણવોની હવેલીમાં લાલજી મહારાજ દામણો મારના અતિ રોમાંચ. જ્યારે જૈનોના ગુલાબથી મઘમઘતાં દેવળો કોણે નથી જોયાં ? સૌરાષ્ટ્રના એ રસિકજનો લાખા ફુલાણીથી ઓળખ ઊભરે એવા નહિ તો ! એનાં લોકગીતોમાં ફૂલડાંઓની કોરમ ફૂટે છે—લાખેણા ગીતોમાં.

ફૂલનાં તો ગત. 'ફૂલકાજળી.' એમાં ફૂલ સંધીને પાણી પિવાય.

કેવાં કેવાં ફૂલ : ગલ ને ગરો મોગરો ને મરવો ગુલાબ ને કેવડો, જૂઈ ને ડમરા ફૂલણ તો કહે ફૂલડાં કેરો હાર કેડલરી કન્યાને રમવાં આવે છે રમવાનાં સાસુરગૃહની ચિંતાવલીઓ ફોડે છે કેરી મધુર ને મોહક !

" આજ રે સપનામા મે તો ગુલાબ ગોટો દીઠો જો,
ફૂલડીઆની કેરુ , સાહેલી મારા સપનામા "

વધામણી કેતી સખી કેાતી આવી કે

" વા'લો આવ્યા અમારી કોરી,
ફૂલડા મેલ્યા વેરી રે,
વા'લો આવ્યા અમારે ઓટે,
કે ફૂલડા નાખ્યા ગોટે રે "

પણ આટલાં બધાં ફૂલડાં આવ્યાં કયાંથી ?

" મારા ઘર પછવાડે રે વાડિયું,
એના ફૂલડા લેવે જાય રે, વાએ છે વેરણ વાસળી "

એ વેરણ વાંસળીએ બે જણને વિસારી મેલ્યાં એક તો રાધિકાજીને અને બીજા ગોપીઓએ જગતા જાગને

" ઓક ચરો ને મરવો કોલરિયો,
આવી કેાપ્યો રખમાબાઈને આગણિયે,
એના ફૂલ થયા હસ પાખડીઓ,
વા'લે માળા ભરી ફૂલ વેડિયા,
વા'લે સોને આદયા સ ભારી,
રાણી રાધાજીને મેલ્યા વિસારી "

કેટલાંની આજીજીઓ વ્યર્થ ગઈ ? કેટલાંનો કરમરાઠ ? કેટલાં કામો ચાલ્યાં ?

" ફૂલડિયાં વેરાયું ફાટે ફાટે રે,
એ બાવ બશુદાની વાટે રે. "

પણ એ તો ગયા. વિરહની તીવ્ર વેદના મૂકતા ગયા :

" વા'લે આરે ફૂલના પછેડા ઓઢાડી
રમાડેલ અમને રે,
એવા ઓઢાડી ગેંયો આ આંધાજ !
. ઘટે ના આવું તમને રે. "

જીવનનાં દીર્ઘાંતરમાં પ્રકૃતિનાં આભલાં દરદર પ્રતિબિંબ પાડી રહ્યાં છે. ડોલે નદી, નાળાં, ઝરણ, જંગલ, ડુંગર, જંતુઓ, પક્ષો ને વનસ્પતિથી જીવનને જડી દીધું છે. ધરતી માથે ઝળુંબતા આભને પણ એ કેમ વીસરે ? આભના તો તારલે તારલે કથા માંડી દીધી છે અને ગ્રહો તથા નક્ષત્રો તો જીવનનાં જ તત્ત્વો એટલે એની હારે તો અદ્વૈતનો સબંધ સાંકળ્યો છે ગ્રહો અને નક્ષત્રોની અસર ઉપર તો પત્રિકા ગંડાય, મૌહૂર્તિકો જોવાય, શુકન અને અપશુકનની દિશાઓ સધાય. બાઈબલ ને પોપીપૂતમ જેવાં આકાશનાંય પ્રવચનગ્રંથો લોકો ભરી જ. પણ એ લોકપ્રીતિમાં ઓછાં પ્રોતર્યા છે. આજે તો એ નથી રહ્યું, એક દિવસ તો સંધ્યાઆરતી થાય અને બાળકો આભ સામે મીટ માંડે :

" આઠ વાગે ઘંટ વાગે,
ઝાલરના ઝણકાર વાગે,
આકાશે આ ઊગ્યા તારા,
મૌન છોડે મુનિ બારા.
ચાંદરડું, ફેરફરડું,
પહેલું પહેલું મેં પૂજ્યું,
બીજું મારા વીરે પૂજ્યું,
આભલું..... ડાભલું.... "

અને એમ આકાશની ફૂલવાડી નીચેની નીચેના અણમની સાથે ગોળીબાણ માંડતા લોકકવિને સૃષ્ટિ સજાવવા પાછી તો પ્રકૃતિનાં લોકકથાનાં પંખીઓમાંથી લોકગીતોમાં આ પંખીઓનું સ્થાન પ્રકૃતિના બીજા એક પણ પાસાએ નથી લીધું જીવનમાંથી અળગા કરીને જુઓ તો જ એનું સાચું સ્થાન સમજાય એવાં એ લોકજીવનમાં આત્મ સાત્ થઈ ગયાં છે જન્મથી માંડીને મૃત્યુ સુધીનાં બધવહાર-રીતોમાં એવાં ઓતપ્રોત થઈ ગયાં છે

લોકજીવને એમાંથી શું શું નથી લીધું ? પંખીઓમાંથી બોલ અને આનંદ લીધાં છે, કૌતુક અને જ્ઞાન લીધાં છે સંવેદન અને કલ્પના લીધાં છે, મુક્તતા અને નિર્ભયતા લીધાં છે કાવ્ય અને ગેય પદ્ય લીધાં છે રમ અને શણગાર પણ લીધાં છે લોકસમાજ પ્રકૃતિપ્રેમનું સિંચન તો બાળકને હાલરડાંથી જ કરે કેવું એ હોકિયું-પારલિયું ?

" કેડું કેપાળું પારલિયું ને માથે ટોકે મોર "

મોરપાંખ ઉપરે મોર અને માથે ઝૂલતો ચોપટ કોઈને, પાંખુડાંથી પગલીઓ ઉપાડતું બાળક જોઈવાનો આખાડા કરતું ટહુકા કરતું હોય બોળામાં રહેલ અનાજ વીણતી માતા કે ઝપત ભરતી બહેન બોલાવે તો પગના અંગૂઠે પાંખુડાંની હારી બાંધીને બાલસ્વપ્નમાં પ્રવાસ શરૂ કરે છે

" હાલ્ય બાલ્ય ને હેલ,
પગડે વહુતી રે હેલ,
હેલના પગલા છે ઘાલા,
બાઈના કાકા મામા છે બાલા
હા-હું-હું-આ... "

ને બાળક એ હાલરડાના પ્રવાસ સૂરે પોતાનું પંખીઓના અભ્યાસ સહકારો કીલ્લુ નીરખ્યા કરે છે.

બાળક મોટું અનાયાસમાં તે કથા, વાર્તા, ઉખાણાં, ગીતો ને રમતો દ્વારા મોટા ને થઈ, કુમાવા નીકળેલો પોપટ, કોટીબદ્ધ ભાતો કાપડો, મેઘ કરતી કાવડ, હોલો ને હોલી, પારેવાં ને પારેવીનો પરિચય મેળવી લે છે. કોકીલાબહેની બન્ને નીકળે તે પણ પંખી વગર કેમ ગોમે?

" હાલો કોકીલાબહેની જાનમાં,
રે બાજુ થોપા ને બાંડ,
મોરે પખીડે વીંવા આદર્યો,
મોરે તે માંડવા રોપિયા રે,
તેતર તોરણ બાંધે—હાલો૦
વઈ બેઠી વડ કરે,
રે કાબર સીંચે છે તેલ—હાલો૦
ચકલો તો આવ્યો આભથી,
રે મીઠું મોરેનું માસ—હાલો૦
સમળી તે બેઠી સૂસવે,
રે અને ઘરનોકું આપ—હાલો૦
બગલો ચાલ્યો રિસામણે,
રે બેઠો દરિયાને બેટ—હાલો૦
પોપટડે જાનું જોડિયું,
રે બૂડ્યાં પારેવાં ચાર—હાલો૦
તેતરે તલવાર તાણિયું,
રે આજે આંધી અપૂઠ—હાલો૦
રમી જમીને પેર આવિયા,
રે લાવ્યા નાનકડી વહુ—હાલો૦ "

આ ગીત કોકીલાબહેની જાનમાં જ કેટકેટલાં પંખી સોંદાડ્યાં છે! મોર, વૈયા, કાબર, ચકલો, સમળી, બગલો, પોપટ, પારેવાં, બાજ અને

તેવર રમતાં જમતાં ને મીઠાં ગાતાં ગાતાં જ એ સરકાર સાંપડે

કન્યા મોટી થાય ને દેહેા ફૂટવા લાગ્યા આ અસરકારી અને અરૂચિકર લાગતી પ્રથાનાં ગીતોમાં સમાજજીવનની કેટકેટલી વિષમતાઓને નિવારી નાખવામાં આવતી છોકરીઓ દેહેા ફૂટતી લાગ્ય અને ગાતી લાગ :

" ભગલેા આવે ને ઊડી જાય રે,
હાય ઓલી લીલડીને લઈ જાય રે,
હાય ઓઢયેા રંગીલેા પાલે થાય રે,
હાય મારી કાચની પૂતળી જાય રે. "

કાળે કાળે દેશમાં ધુતારા પાકતા આવે છે પણ એને પહેલી ઓળખી કાઢે છે બાલિકાની ઓટલે જ ગવાયું કે—

" મન મેલા તન ઊજળા, બગલા સુંદર રૂપ,
તેથી તેા કાગા ભલા, તનમન એક જ રૂપ. "

કુમારીના કલ્પનાવિહાર નભમાં ચડે છે પેાતાને ઢળકતી દેહ માનતી કન્યાને કેાડ જાગે છે વાડી આંબલેા સૌંદર્યમહિમા મેારલેા મેઘવર્ષાના :

" દાદા વર જો કો મ્હાંઈ વાડી આંબલેા મેાર,
અને કન્યા ઢળકતી દેહડી..... ... ... "

દેહનાં રૂપ તે કાંઈ જોઈને આંખે વળગે એવાં નથી એ જ રીતે એનેા રસ પણ વરસે છે પણ દેહની ઢળકતી ચામડી ઉપર સેાનચંપાવરણીનાં મન મેહ્યાં છે

" ઝાડીઆવી કનક પાતળી, ઝુલકે માથે હેલ,
ભરયૌવની ખભારમાં, ઢળકતી લાલે દેલ. "

ખાળપણમાં ખરણીને ઘૂંટણ પડી ગયેલા પતિ-પત્ની ઓકમીલને ઓળખતાં નથી કેાઈક વનને આંબે કારણવશાત્ વરઘેાડા આવે છે ત્યારે

બહુ બોલકણી સ્ત્રી પતિને અળખામણી માનવી માનીને ફટકાળી નાખે છે. બોલી તો બાણુાત બહુ ઘેર આવે છે પતિ તો એને ઓળખી જઈને મેડીનાં બારણાં બંધ કરે છે પત્ની બારણે ટકોરા મારે છે પણ પતિ બારણાં ઉઘાડતો નથી. પત્ની બહુ બહુ મનામણાં કરે છે ત્યારે પતિ બોલે છે કે—

" વનના તે વનને બારણે રે,
ઓરી તારા ઓલડીઆ ચૂંબાય. "

પત્ની વાતને પામી ગઈ કોઈ રસ્તો ન રહ્યો. જ્ઞાન ભૂલીને ઠપકો પડી :

" તમે તે વનના મોરલા,
અમે કળાકળી હેલ "

અને ફટાક બારણાં ઊઘડી જાય છે બોલાં બોલ્યા કેવાનાં કમાડ બધાં ઊઘડી જાય છે અને અંતરને ઓરડે ઉતારા થાય છે. પછી કુમારિકાને કળાકળી હેલના કોડ થાય જ ને ?

દાદાએ તો લગ્ન લીધાં એથી તો અંતર આખું થઈ પડ્યું અને દિન દોહ્યલા થઈ પડ્યા કોની સાથે મોકળો બોલાવો ?

" મોર બાજે ઊગમણે દરબાર,
મોર બાજે આથમણે દરબાર,
અમને વળતો બાજે રે
દેવાયુ ને બાંહડલે હો રાજ. "

મોરને મનામણાં ય શેનાં કર્યાં છે ?

" મોર તારી સોનાની ચાંચ,
મોર તારી રૂપાની ચાંચ,

સોનાની ચાંચે રે
મોરલો મોતી ચણવા જાય.”

પણ મોર તો રહ્યો રણનિકુંજ વસવાટી. એ તે કાંઈ યાયાવર પક્ષી થોડું છે કે જઈને સંદેશો આપવા જાય ? એટલે હંસને સંદેશવાહક બનાવ્યો :

“ આભર ઉપર બેઠો હીલો હંસ રે,
આ હંસ કેણે ઉડાડ્યો રે. ”

લાડે કોડે પરણીને પાછાં ફર્યાં. બે આત્માનું મિલન થાય છે. નવયૌવનના સોહામણા હૈયરતા નિત્યનૂતન અંકુરાલાપો દિવસ પછી રાત અને રાત પછી દિવસ આખાના પલકારામાં પસાર થાય છે. દિવસો નાઠાં ન નાઠાં અને પતિ પરદેશ ઊપડે છે. પ્રગાઢ સંયોગ પછીના વસમા વિયોગનો આકુલ વિરહ શરૂ થાય છે. જતાં જતાં ય પતિને બીકો બેપાં આપ્યાં સિવાય પત્ની રહી શકતી નથી :

“ તમથી ભલાં ઓલ્યાં પંખીડાં રે,
માળો મેલી નવ જાય વા'લા,
પારેવડાં પણ દૂંઠડા રે,
બેસંતાં બેલાડ્ય વા'લા. ”

માળો મેલીને પતિ તો પરદેશ ઊપડે છે. વિરહિણીને નીંદર નથી આવતી :

“ મોર બોલે અધુરી રાત રે નીંદરા ના'યે રે,
હું તો સૂતી'તી સોંન પલંગ રે ઝબકીને જાગી રે. ”

તરફડી તરફડીને રાત વિતાવી. પળે પળે પ્રેમવિયોગે ઝૂરતી વિરહિણીના કપિલામાં કાગડો આવીને કરાં કરાં કરે છે. હૈયાના ધબકારા વધે છે. પતિભ્રાતમનની ખબર લેવા કાગડાને વિનવે છે :

" કેટલા આજ રે જનકપુરમાં
રઘુવીર પધારે હોડી જાને. "

પણ પ્રિયતમનું આગમન થતું નથી ને કાગડાનો કકળાટ ચાલુ રહે છે. વૈધવ્ય કલ્પાઈને કાગડાને કહે છે કે—

" ખિવે નિમાણી આંખડી, બોલે કાગ નિલજ્જ,
સો કોસાં સાજન વસે, સો કિમ આવે અજ્જ ? "

હે નિર્લજ્જ કાગડા ! તું બોલાવે તો આવે છે પણ સો સો કોસ દૂર બેઠેલો મારો સાજન આજ. અહીં કયાંથી આવી શકે ?

અતિ પરિમિત હોવાને કારણે કે પછી કોણ જાણે કેમ લોકગીતોમાં આપણાં આ અણમાનીતા અને અપશકુનિયા પંખી કાગડાને વધાઈનો સંદેશવાહક કલ્પવામાં આવ્યો છે. બીજાં પંખી કરતાં માથાકૂટિયો પણ ને ? એટલે જ નારીહૃદયના વ્યાપુળ ભાવો કલ્પવામાં લોકકવિએ કહ્યું કે—

" કાગવા દિકું વધાઈયાં પ્રીતમ મિલવે મુજ,
કાઢ કલેજાં આપણો, લોજન દિકું હી તુજ,
કાગા ચૂન ચૂન ખાઈયો, સબ માંસ જાણો ખાઈ,
પર દો નૈનાં મત ખાઈયો, મોહે પિયા મિલનકી આશ.
કાળા નૈન નિકાસ હું, પિયા પાસ લે જાએો,
પહલે દરસ દિખુ લાયકે, પિછું લેજો માય. "

વિરહિણીઓના આ વિલાપ વચ્ચે કોઈક વિરહિણીને સુખદ ઘડી આવી ગઈ ને લોકકવિની સંયોગ-વિધાનની કલ્પના રમવે ચડી :

" કાગ ઉડાવણ પદ્મખડી, આયો પિવ ભડકે
આધી ચૂડી કાજ ગઈ, આધી ગઈ તડકે. "

પ્રિયતમની વધાઈ લેવા વિરહિણી કાગડાને ઉડાડવા કાજ ઉપાડે છે. એ જ વખતે પ્રિયતમ આવ્યાની વધાઈ મળતાં જ ચમકદાર લોખંડી

યુરોપ, ઉત્તર અને મધ્ય એશિયામાંથી કોળાની ઝાળથી પાંખોની લાદ ઉડાડીને સૌરાષ્ટ્રના કાંઠેથી અરબી સમુદ્રના ઠેઠ ઉપરથી છોટી જતાં જોઈને જ આમનારીએ આવું કહ્યું કે—

" કુંજલડીને વા'લો મીઠો મેરામણ, મોરને વા'લુ મોમાળું રે. "

તો કોઈ બીજી આમનારીએ ઝગમગીનમાં બે સાગર ઉકૂપનને ઉતાર્યું.

" લાંબી ડોકે કુંજડરાણી, "

અને

" તારાં અધદરિયે અનડાં મોહ્યાં રે, કુંજડરાણી. "

કુંજડીનાં તો અધદરિયે મન મોહ્યાં પણ આ આમનારીનાં મન તો પરદેશ ગયેલા પતિમાં મોહેલાં છે અને આ કુંજડી તો જોડીને હાલી પરદેશ સ્વાર્થે રે સ્વાર્થે ! પ્રેમ કાંઈ મોટો સ્વાર્થી છે ! કુંજડી આવે સંદેશો કહેવરાવ્યો ત્યારે કુંજડી જવાબ આપે છે કે—

" માણસ હોય તે મુખોમુખ બોલે,
લખો અમારી પાંખડિયાં રે. "

આમનારીને થયું કે પાંખ માથે સંદેશો લખી મોકલવો એનો કરતાં કુંજ પાંખે ચડીને જાઉં તો શું ખોટું ?

" કુરજાં ઘોને પાંખડી, આકો લિનો બદેચ,
સાયર લંઘી પિય મિલું, પિય મિલ પાછી દેસ. "

એક ઘડીક તારી પાંખો દઈ દે, કુંજડી ! પાંખો સજ્જની, સાગર ઓળંગીને મારા પ્રિયતમને જઈ મળું. પછી તરત જ તને પાછી આપી દઈશ. કુંજડી કહે કે હું કોને આપું ?

" મ્હેં કુરજાં સરેવર તજ્યો, પાંખાં કિણહી ન દેસ,
જાવિયા સર દેખી રહાં, ઉડ આવેરી અદેસ. "

હું તો સરવરની કુંજડી, તને પાંખ આપીને પછી સરવર સામે મારે તો ટગર ટગર જોયા જ કરવું ને ? જરાકે ય બાવી ઊડી ન શકું. અને કુંજડી તો પાંખો ફફડાવતી ઊડી. આમનારી અણસમજપણે ઝેરના ઉકાળાને જોઈ રહી એ બાપ, એ બાપ !

" ઊડી કુંજ૬ ઉલટી ભાંગ્યુ રાત,
દિનહો ઉગાયો આરૂઢના દેશ મેં. "

